શ્રીમદ્

જગદ્ગુરુ

શ્રી શંકરાચાર્ય અને દ્વાદશ જ્યોતિર્લિંગ

સંશોધક

મુ. ગ. પંડ્યા.

રૂા. ૧.

શ્રીમજ્જગદ્ગુરુ

શ્રી શંકરાચાર્ય

અને

દ્વાદશ જ્યોતિર્લિંગ

शंकरं शंकराचार्यं केशवं बादरायणं
सूत्र भाष्य कृतौ वंदे भगवंतौ पुनः पुनः ।
अज्ञानातिमिरान्धस्य ज्ञानांजन शलाकया
चक्षुरुन्मीलितंयेन तस्मै श्रीगुरवेनम ः ॥

કિંમત રૂ. ૧—૦—૦

: : સંશોધક-પ્રકાશક : :
મુરલીધર ગણપતરામ પંડ્યા.
(પુજારી. નિર્મળ.)
માલાડ (જિ. થાણા.)

સંવત્ ૧૯૯૪.

: મુદ્રક :
જાદવજી પીતાંબર ઠક્કર,
આનંદ પ્રિન્ટિંગ વર્કસ, દેવકરણ
મેન્શન, વિઠ્ઠલદાસ રોડ,
મુંબાઇ, ૨.

પુરસ્કરણ.

શ્રી મુરલીધર ગણપતરામે શ્રી શંકરાચાર્ય સંબંધે ભેગી કરેલી માહિતી તેઓ સમગ્ર સ્વરૂપમાં રજુ કરવાનું જે સાહસ ખેડે છે તે ખરેખર પ્રશંસનીય છે. શ્રી શંકરાચાર્ય વિષે ઉપલબ્ધ માહિતી મેળવી છે, તે બધીને સરળ રીતે વાચકો પાસે મૂકવાને તેમણે જે ખંત અને ઉત્સાહ બતાવ્યાં છે એ વખાણવાલાયક છે. શાંકરમતવાળાઓને ઉપયોગી થઇ પડે તેવી બાર જ્યોતિર્લિંગની માહિતી પણ આજના જમાનામાં માર્ગદર્શક થઇ પડે તેવી સફળ રીતે તેઓએ આપી છે. ધર્મરાગી જનતાને વાંચતાં આનંદ થાય, ધર્મભાવ પોષાય, અને પૂરતી માહિતી મળી જાય તેવી જાતનો આ પ્રયાસ ગુજરાતી જનતામાં અવશ્ય કદર પામશે એવી આશા છે.

પોતાના શિક્ષકના ધંધામાં ઉદ્યમી અને આગ્રહી હોવા સાથે એક ધુન તરીકે અને એક પવિત્ર કર્તવ્ય તરીકે તેમણે આ સેવા બજાવી છે એ બીજા ભાઇઓને માર્ગદર્શક અને પ્રેરણારૂપ બનવી જોઇએ.

સામાન્ય સ્વરૂપમાં, સરળ ભાષામાં, બધા સમજી શકે તેવી શૈલીમાં, આવી ઉપયોગી હકીકત પૂરી પાડવામાં શ્રી મુરલીધરે જે શ્રમ લીધો છે તે શ્રમ સારી પેઠે સફળ થયો છે એમ દરેક વાચક પોતા-થીજ ખાતરી કરી શકશે. આવી જાતના શ્રમમાં તેઓ સંતોષકારક ઉદ્યુક્ત રહી શકે એવી તેમના આ શ્રમની કદર થાઓ એ પ્રાર્થના છે.

ચૈત્ર વદ ૭ સંવત્ ૧૯૯૪. હિ. મ. અંજારિયા.

નિવેદન

ભારતખંડના પ્રાચીન અને અર્વાચીન આચાર્યોની યાદીમાં શ્રી શંકરાચાર્ય જ્ઞાનશ્રેષ્ઠ તરીકે એટલા બધા પ્રસિદ્ધ છે, કે તેમનાથી કોઇ ભાગ્યેજ અપરિચિત હશે. વેદ ને પુરાણ કાળમાં અનેક પરાક્રમી રાજા અને તપસ્વી ઋષિઓ થઇ ગયા છે જેમનાં નામો આપણે જાણીએ છીએ. ઉપનિષદ્, પુરાણ, રામાયણ, મહાભારત જેવા પ્રાચીન જ્ઞાન વિષયક પુસ્તકો, ઇતિહાસો અને હજારો મહાત્માઓનાં ચારિત્ર્યો આપણે જાણીએ છીએ. પરંતુ વર્તમાન યુગના આચાર્યોનો મહિમા આપણી નજર આગળ ખડો થાય તેવાં સરળ ચારિત્ર્યો જૂજ માલમ પડે છે. દરેક મહાપુરૂષ ઓછાવત્તા પ્રમાણમાં ઇશ્વરાંશજ છે. આર્યાવર્તમાં ધાર્મિક પરિવર્તન કરનાર તરીકે શ્રી શંકરાચાર્યને શંકરનો અવતાર માનવામાં આવે છે.

શ્રી શંકરાચાર્યનાં કાલ, અને જીવન સંબંધે ઘણા મતભેદ છે. સર્વ મુદ્દાનું જોઇએ તે પ્રમાણમાં સંશોધન થયું નથી એમ કહીએ તો ચાલે. આચાર્યશ્રીના શિષ્યો અને સાંપ્રદાયિકોએ લખેલા કેટલાક ગ્રંથો છે, પણ તે ભાવિક લોકોની જિજ્ઞાસા તૃપ્ત કરવા પૂરતાજ છે.

પાશ્ચાત્ય તત્ત્વવેત્તાઓએ પણ શ્રી શંકરાચાર્યના વેદાંત જ્ઞાનની ઉત્તમતાનાં બહુ વખાણ કર્યાં છે, ને જગતમાં અદ્વિતીય તત્ત્વવિશારદ તરીકે તેમને ગણ્યા છે. આ ભારત વર્ષમાંજ માત્ર તેમના જીવનનો પરિચય અપૂર્ણ છે. તેનું કારણ પૂરતી શોધખોળનો અભાવ છે, એ ખરેખર અત્યંત ખેદજનક છે.

આચાર્યશ્રીનાં ચારિત્ર, તેમનો સમય, સમયની પરિસ્થિતિ, જીવન વૃત્તાંત, દિગ્વિજય, ધર્મસંસ્થાપના, ગ્રંથ, સંપ્રદાય વગેરે વિષયપર જો વિસ્તારપૂર્વક લખવામાં આવે, તો તે સ્વતંત્ર લેખો માટે પૂરતા પ્રમા-

ણમાં ઉત્તમ રીતે લખી શકાય એવું મારૂં માનવું છે. પણ સર્વજ્ઞ જગદ્‌ગુરૂના ચરિત્ર વિષે સંપૂર્ણ નિરૂપણ કરવાનું કાર્ય મારા જેવા અલ્પજ્ઞથી બનવુ કઠણુ છે. મહાત્માનાં જીવનચરિત્રો અને મહા વાક્યો આ જગતનું શ્રેય કરનાર છે. તેઓના ઉપદેશનું નિત્ય મનન, અધ્યયન, થતું રહેવું જોઇએ. તેમના વચનાનુસાર વર્તવાથી મનુષ્ય આ વિશ્વમાં સન્માર્ગ તરફ વળી સદ્ધર્મમાં તેમજ સત્કાર્યમાં દોરવાશે, તેમનામાં નવીન ઓજસ્, હિંમત, ધૈર્ય, શ્રદ્ધા, વગેરે જાગૃત થવા પામશે અને તેઓ ઉચ્ચ ભૂમિકા પર જવા માટે પ્રેરણાબળ મેળવશે. આ પુસ્તક આલેખવાનો પ્રસ્તુત પ્રયાસ ઉપરોક્ત ઉદ્દેશને અંગેજ છે.

મુંબઇ મ્યુનિસિપલ ગુજરાતી શાળાના રિટાયર્ડ સુપરિન્ટેન્ડન્ટ સાહેબ પૂજ્યશ્રી સાક્ષરરત્ન હિમ્મતલાલ ગણેશજી અંજારિયા એમ. એ. એલ. એલ. બી. એઓએ પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી આ પુસ્તક સાદ્યંત અવલોકયું છે. તેઓશ્રીએ આપેલી સૂચના અનુસાર યોગ્ય સુધારણા કરી છે. વિશેષમાં 'પુરસ્કરણ' લખી આપી મારા ઉત્સાહને પ્રોત્સાહન આપ્યું છે. જેમના પ્રતાપથીજ આ પુસ્તક આપના હસ્તકમળમાં આપી શકયો છું, તે બદલ તેઓનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછોજ છે.

મુંબઇ મ્યુનિ. ગુજરાતી શાળાના હાલના સુપરિન્ટેન્ડન્ટ સાહેબ શ્રી છગનલાલ લાભશંકર બક્ષી બી. એ. એલ. ટી. અને શ્રી રામભાઇ પી. બક્ષી બી. એ. એસ. ટી. સી. ડી. પ્રિન્સિપલ, શેઠ આનંદીલાલ પોદાર હાઇ સ્કુલ, શાંતાક્રુઝ, એઓએ આ પુસ્તક વાંચી મને યોગ્ય સલાહ આપી આભારી કર્યો છે. વળી આ પુસ્તક રચવામાં તથા છપાવવા અંગેના સર્વ કાર્યમાં મારા સ્નેહી શ્રી હરિપ્રસાદ મણિલાલ પંડયાએ સંપૂર્ણ સહાય કરી છે હું તેમનો પણ આભાર માનું છું. તેમજ સહાયક અન્ય મિત્રોનો ઉપકાર ન માની હું કૃતઘ્ન નહિ થાઉં.

અત્યાર સુધીમાં શ્રીમજ્જગદ્દગુરૂ શ્રી શંકરાચાર્યના જીવન પર ઘણા વિદ્વાનોના લેખ પ્રસિધ્ધ થયા છે. તેમાં જે ગ્રંથોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેનાં નામો નિર્દેશ કરી તેના કર્તાઓનો અત્રે હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

૧ 'श्री शंकराचार्य व त्यांचा संप्रदाय.' महादेव राजाराम बोडस्
एम. ए. एल. एल. बी.

૨ 'શ્રી શંકર દિગ્વિજય.' શ્રી માધવાચાર્ય.

૩ શ્રી આદ્ય શંકરાચાર્ય અને જગદ્દગુરૂ જીવન કથા.'
પુરૂષોત્તમ શીવરામ ભટ્ટ.

૪ 'શારદા પીઠના શંકરાચાર્ય અને ના. ગાયકવાડ સરકાર.'
મનુભાઇ ચંદ્રવિજ્ઞાનંદ પંડયા, સોલીસીટર્સ હાઇકોર્ટ મુંબઇ.

૫ 'શ્રી શંકરાચાર્ય.' નર્મદાશંકર ત્ર્યમ્બકરામ ભટ્ટ ખંભાત.

૬ 'श्री निर्मळ क्षेत्र वर्णन.' कवि हरिदास.

૭ 'श्री कल्याण मासिक शिवाङ्क.' प्रकाशक गीताप्रेस.

૮ 'धार्मिक विचाराचें कार्य.' प्रकाशक गुंडो सखाराम पिसवकिर.

૯ 'बुद्धिप्रकाश मासिक.' અંક ૧૧-૧૨ (બુદ્ધનું પાત્ર.)

શ્રી શંકરાચાર્યનું ચારિત્ર્ય વધુ પ્રમાણમાં વંચાય એ સેવાધર્મથી લખવા પ્રેરાયો છું. તેમાં જે ખુબી છે તે ગુરૂદેવની છે, અને ખામી જણાય તે આ સંશોધકની છે, તો વાચકવર્ગ હંસક્ષીર ન્યાય આપશે, એજ વાંછના.

મુ. ગ. પંડ્યા.

અનુક્રમણિકા.

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ.
૧૧	૧૦	वितं	वित्तं
૧૩	૧૦	सतुष्टा	संतुष्टो
૧૩	૧૦	मर्त्रा	मर्ता
૧૪	૧૬	ैवल्य	कैवल्य
૧૬	૨૪	રહ્યું	કહ્યું
૪૬	૨૧	પ્રશ્રોત્તરો	પ્રશ્નોત્તરો
૪૮	૬	જમિનિ	જૈમિનિ
૫૪	૧૦	સજીસન	સજીવન
૫૬	૧૮	तत्त्वमास	तत्वमासि
૭૩	૨૨	ભરવ	ભૈરવ
૯૨	૮	आदवाराह	आदिवाराह
૯૪	૧	विभगत :	विभागत :
૯૬	૩૪	૩૪	૪૩
૧૧૦	૧૨	અયત્નના	અગત્યના
૧૧૨	૧૫	ફકત વિરોધી નથી	નથી. ફકત વિરોધી
૧૧૨	૧૫	કાચી	કાંચી
૧૧૮	૨૧	किंचिदस्त	किंचिदस्ति
૧૨૧	૨	घास्त्र	शास्त्र
૧૨૭	૨૦	परमान्मानं	परमात्मानं
૧૨૮	૧૬	સકાના	સૈકાના
૧૩૦	૧૭	ર્ણું	પૂર્ણું
૧૩૨	૧૮	નિયન	નિયમ
૧૩૬	૧	ઘમટ	ઘૂમટ
૧૩૬	૧	ળે	બે
૧૩૯	૭	ચુકયાં	મૂકયાં
૧૪૧	પ્રકરણ મથાળું	વજેશ્વરી	વજ્રેશ્વરી
૧૫૯	૧૬	'ગ્રૃપતન'	[illegible]



श्रीशंकराचार्य और उनके चार शिष्य

કુમારિલ ભટ્ટ.

સિકંદર બાદશાહની હિન્દ ઉપરની ચઢાઇની પહેલાંના ભારતવર્ષના ઇતિહાસના શોધકોને બીજી ઐતિહાસિક બાબતોમાં ગમે તેવા મતભેદ અને શંકાઓ હોય, તોપણ એક વાત તો સર્વમાન્ય છે કે બુદ્ધ (ગૌતમ) ના પહેલાં આપણા ભારતવર્ષમાં સનાતન વૈદિકધર્મ અર્થાત્ વર્ણાશ્રમધર્મ સર્વત્ર પ્રચલિત હતો. આ મતને ખુદ હિન્દુઓમાં પરંપરાથી ઉતરી આવેલી માન્યતાથી પણ ટેકો મળે છે. પણ બુદ્ધના થયા પછી વૈદિકધર્મને ધીમે ધીમે પણ વધારે ને વધારે ધક્કો પહોંચતો ગયો. તે એટલે સુધી કે બૌદ્ધધર્મ એ રાજ્યકર્તાઓનો ધર્મ થઇ પડયો. ત્યારથી લોકપ્રવાહ બૌદ્ધમતમાં થોડે કે ઘણે અંશે તણાયો.

એવા સમયમાં પણ વેદધર્મને માટે મમતા અને ટેક ધરાવનારો થોડો સમુદાય અને થોડીક મર્મજ્ઞ વ્યક્તિઓ હતી ખરી. વેદ ધર્મનું મૂળ ગયું નહોતું. તોપણ સમ્રાટ અશોકના વખતમાં બૌદ્ધધર્મના જે ખરા બપોર થયા તેનો પ્રભાવ જેવો તેવો ન હતો. વીર વિક્રમના નવમા પૂર્વજના પહેલાના સમયમાં બૌદ્ધધર્મનો પ્રતાપ ઘણો પ્રખર હતો. વીર વિક્રમના તે નવમા પૂર્વજ તે સમયના ઉજ્જયનના મહારાજા સુધન્વા સમ્રાટ ચંદ્રવંશી રાજા હતા. તેઓ બૌદ્ધ રાજકુળમાં જન્મ્યા હતા. તેઓના તરફથી બૌદ્ધો, જૈનો વગેરેને આશ્રય મળતો હતો. તેમના સમયમાં કુમારિલ ભટ્ટ કે જે ભટ્ટપાદ નામે પ્રસિદ્ધ થયા છે તેઓ બિહાર પ્રાંતમાં મહાનદીને કિનારે જયમંગલ નામના ગામમાં, પિતા યજ્ઞેશ્વર ભટ્ટ ને માતા

ચંદ્રગુણાને ત્યાં જન્મ્યા હતા. તેમણે બાલ્યાવસ્થામાં ગુરુને ઘેર રહી વેદ વેદાંગાદિ ગ્રન્થોનો અભ્યાસ કર્યો હતો. પોતાનો જન્મ બૌદ્ધધર્મના ખંડન અને કર્મકાંડના મંડન કરવાના હેતુસરજ થયેલો હોય એમ તેઓએ કરેલા બૌદ્ધધર્મના ગ્રન્થોના અભ્યાસ પરથી સમજી શકાય છે.

એ સમયમાં બૌદ્ધધર્મ ભારતવર્ષમાં અત્યંત પ્રબળ થઇ પડયો હતો. એવું કોઈ ગામ કે નગર નહોતું કે જ્યાં બૌદ્ધધર્મ ન હોય. એવા પ્રસરાએલા પ્રબળ સંપ્રદાયની વિરૂદ્ધ ભટ્ટપાદે અભ્યુત્થાન કર્યું.

બૌદ્ધમાર્ગીઓ પોતાના શિષ્યો સાથે લઇ તે ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા. તેઓ વેદધર્મની નિંદા કરતા ને કહેતા, કે વૈદિકમાર્ગ ઉપર આદર કે શ્રદ્ધા રાખો નહિ. વેદધર્મ છોડી દો. વૈદિક વાક્યનું કોઇ પણ જાતનું પ્રત્યક્ષ પ્રમાણ નથી એટલે કે અપ્રમાણ છે. એમ અનેક રીતે વેદ વિરૂદ્ધ ઉપદેશ પ્રવર્તાવી રહ્યા હતા.

બૌદ્ધધર્મીનું આ પ્રકારનું પ્રચાર કાર્ય જોઇ ભટ્ટપાદને બહુ ખેદ થતો. વેદનું ખંડન કરવામાં આતુર એવા એ બૌદ્ધો સામે વાદ કરવામાં તેમના સિદ્ધાંતોનાં રહસ્યો જાણ્યા વગર કંઇ વળશે નહિ એમ લાગતું. માટે ભટ્ટપાદને બૌદ્ધાચાર્ય પાસે રહી તેમના ગ્રન્થોનું અવલોકન અને જ્ઞાન મેળવવું પડયું.

ભટ્ટપાદ દિગ્વિજય કરતા કરતા સુધન્વા રાજાની નગરીમાં આવી પહોંચ્યા. વેદધર્મના પ્રતિપાદનાર્થે શાસ્ત્રાર્થ કરવાની રાજા પાસે આવી ઇચ્છા દર્શાવી. રાજાએ આદરપૂર્વક ભટ્ટપાદનું સ્વાગત કર્યું, અને પોતાની પાસે આસન પર તેમને બેસાડ્યા.

રાજાએ બેઉ પક્ષના આચાર્યોની સભા એકત્ર કરી. વેદ-ધર્મ અને બૌદ્ધધર્મનો શાસ્ત્રાર્થ કરવા જાહેર કર્યું. ભટ્ટપાદ બૌદ્ધ સિદ્ધાંતોને યુક્તિ વડે ખોટા ઠરાવવા લાગ્યા, અને ખોટા ઠરાવવાના પ્રમાણો પણ તેમનાજ ગ્રન્થોમાંથી આપવા માંડ્યા. બેઉ પક્ષ વાદ કરવામાં એક બીજા પર આક્ષેપો મૂકતા, અને પોતાના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતા. આવા પ્રકારના વાદવિવાદમાં ભટ્ટપાદે પ્રબળ તર્કવાદથી બૌદ્ધોને પરાસ્ત કર્યા. જેથી બૌદ્ધો વાદમાં નિરૂત્તર થયા. તેઓએ વિચાર્યું કે, આ શાસ્ત્ર-નિપુણ ભટ્ટપાદ સાથે આમ શાસ્ત્રાર્થ કરવાથી આપણાથી જીતાય તેમ નથી. માટે તેનો કોઇ બીજી રીતે વિનાશ થાય તેવો કોઇ ઉપાય યોજવો જોઇએ. બૌદ્ધોએ વેદ પ્રામાણ્યની પરીક્ષા કરવા એક શરત કરી કે, જે પર્વતના શિખર પર ચઢી પડતું મૂકે, તેમાં જેનો નાશ થાય તેનો ધર્મ ખોટો સમજવો. જે જીવતો રહે તેનો ધર્મ સાચો માનવો. આ પ્રકારની યોજના થયા પછી બૌદ્ધો એક બીજા સામું જોવા લાગ્યા.* પણ ભટ્ટપાદાચાર્ય તરત ત્યાંથી ઉઠ્યા. બ્રાહ્મણોમાં અતિ શ્રેષ્ઠ એવા ભટ્ટપાદને વેદમાર્ગ પર સંપૂર્ણ શ્રદ્ધા હતી, તેથી તેમણે તે શરતનો સ્વીકાર કરવા જરાપણ આનાકાની કરી નહિ. અને પર્વત ઉપર ચઢીને વેદોનું સ્મરણ કર્યું, કે "જો વેદો પ્રમાણ-ભૂત હોય તો હું જીવતો રહીશ." એ પ્રમાણેનું વાક્ય બોલી એ સમર્થ મહાપુરૂષે પર્વત ઉપરથી પડતું મૂકયું ને જીવતા રહ્યા.‡

---

*ટીપ :—કોઇ મત પ્રમાણે કોઇ ઉંચા મહેલ ઉપરથી પડતું મૂકયું હતું એમ દર્શાવે છે.

‡ટીપ :—"જો વેદો પ્રમાણભૂત હોય તો" એમ સંદિગ્ધ વચન બોલ્યા, જેથી ભટ્ટપાદની એક આંખ ફુટી હતી. 'હોય તો' ને બદલે 'છેજ' એમ ચોક્કસપણે બોલવામાં ભૂલ કરી એમ મનાય.

જે પોતાને શરણે આવે છે તેનું વેદો અવશ્ય રક્ષણ કરે છેજ. ભટ્ટપાદનું આવું અદ્ભુત કાર્ય જોઇ બૌદ્ધો બોલ્યા, કે પર્વત ઉપરથી પડીને જીવતા રહેવું એ કાંઇ મતનો નિર્ણય કરવામાં પ્રમાણ રૂપ ગણાય નહિ. શું આવી રીતે ધર્મના શાસ્ત્રનો નિર્ણય હોઇ શકે? મણિ, મંત્ર, અને ઔષધિ પ્રયોગથી પણ દેહનું રક્ષણ થઇ શકે છે. જેથી આ યુક્તિનો અમે સ્વીકાર કરશું નહિ.

પર્વત ઉપરથી પડીને પણ એ સમર્થ પુરૂષે વેદ વાણીની પ્રમાણતા સિદ્ધ કરી બતાવી. બૌદ્ધોએ તે ન સ્વીકારી એટલે રાજાને તેમના પર અત્યંત ક્રોધ ચઢયો. બૌદ્ધોના કહેવા પ્રમાણે કર્યા પછી પણ એ શરતનો અનાદર થયો આથી રાજાને બહુ ખોટું લાગ્યું. હવે રાજાએ પોતાની મેળેજ છેવટનો નિર્ણય આપવાનો નિશ્ચય કર્યો. બન્ને પક્ષને જણાવી દીધું, કે હું જે છેવટનો નિર્ણય આપીશ તે સર્વને માનવો પડશે.

રાજાએ પોતાના પ્રધાનને બોલાવ્યા ને ગુપ્ત સંજ્ઞા યુક્ત વાત કરી, કે 'શિકારખાનામાં જઇ એક તાંબાના ઘડામાં સર્પ પૂરી તેનું મુખ મજબુત રીતે બંધ કરાવી તે ઘડો એવી રીતે અહિં લાવો, કે તેની અંદર શું છે તે તમારા ને મારા સિવાય ત્રીજું કોઇ જાણે નહિ.' સંકેત પ્રમાણે રાજાની આજ્ઞા અનુસાર પ્રધાન ત્યાંથી નીકળી શિકારખાનામાં ગયા. ત્યાં સર્પને પૂરી તે ઘડાનું મુખ બરાબર બંધ કરાવ્યું અને ઘડો લઈ સર્વ સભા સમક્ષ લાવી મૂકયો. રાજાએ સર્વ પક્ષના આચાર્યો સમક્ષ જાહેર કર્યું, કે આ તાંબાના ઘડામાં જે ગુપ્ત વસ્તુ રખાવી છે તે જે સત્ય કહી બતાવશે તેનો મત સાચો માનીશ; અને તેનું હું શિષ્યત્વ ગ્રહણ કરીશ. જે અસત્યવાદી ઠરશે તેનો હું

નાશ કરાવીશ. એ મારી છેવટની પ્રતિજ્ઞા છે. તે તમારી રૂબરૂમાં હું જાહેર કરૂં છું. આ સાંભળી બૌદ્ધો અને બ્રાહ્મણોએ વિચાર્યું, કે આવતી કાલે નિર્ણય કરી જવાબ આપીએ તો ઠીક. કારણ કે, આ બાબતનો નિર્ણય આપવામાં અંત આવશે જેથી બન્ને પક્ષ તરફથી જાહેર કરવામાં આવ્યું કે આ બાબતનો નિર્ણય આવતી કાલ પર રાખવો એ સારૂં. રાજા પ્રત્યે આ હકીકત નિવેદન કરી. રાજાએ તે મંજુર રાખી. આ રીતે રાજાને પ્રસન્ન કરી સર્વ પોત પોતાના સ્થાન તરફ પ્રયાણ કરવા લાગ્યા. આ પ્રશ્નના ઉત્તર માટે બૌદ્ધો બહુ વિચારમાં પડી ગયા ને ગભરાવા લાગ્યા. ત્યારે બૌધ્ધો પૈકી એક પંડિત કહેવા લાગ્યો 'ભાઇઓ' તમે શું કરવા ગભરાઓ છો? મારો એક મિત્ર ક્ષપણકમાર્ગી છે તે તાંત્રિક વિદ્યા બહુ સારી જાણે છે. તે પ્રેતાદિ મંત્રો વડે ઘડાની અંદરની વાત પણ જાણી શકશે, અને જે પ્રમાણે આપણને કહેશે તે મુજબ આપણે રાજા પ્રત્યે કહીશું એટલે આપણું કાર્ય સિદ્ધ થશે અને આપણો જય થવાનો.

બીજે દીવસે નિયત સમયે સભા મળી. સર્વ પોત પોતાના આસને બેઠા પછી પેલો ઘડો સભા સમક્ષ લાવવામાં આવ્યો. રાજાએ પુનઃ યાદ કરાવી સંભળાવ્યું, કે 'આ ઘડાની અંદરની ગુપ્ત વસ્તુ વિષે અત્યારેજ નિર્ણય થવો જોઇશે.' આ સાંભળતાંજ બૌધ્ધ પૈકી એક પંડિત–જેણે ક્ષપણક પાસે જાણી લીધું હતું તે–કહેવાને આતુર થયેલ હોવાથી બોલી ઉઠયો 'હે રાજન! એમાં તે શું કહેવું છે? એ ઘડામાં મોટો સર્પ છે. રાજાને આ વચન સાંભળતાંજ મનમાં થયું કે આગળ બનેલા પ્રત્યક્ષ પ્રમાણથી જે બૌધ્ધો પર તિરસ્કાર થયો હતો

ને વેદ ધર્મ પર શ્રધ્ધા ઉત્પન્ન થઇ, તે વચન હવે અસ
પડવાનો સંભવ જણાય છે. ઘડામાં સર્પ છે એવો રાજા
નિશ્ચય હતો તેજ પ્રમાણે બૌધ્ધ પંડિતે કહી સંભળાવ્યું.

બ્રાહ્મણોના અગ્રેસર એવા ભટ્ટપાદે રાજાને કહ્યું, કે '
રાજન ! આપ જરાએ વિચાર વમળમાં પડશો નહિ. બૌધ્ધો
કહેવું ફેરફારવાળું છે. એમાં શેષના શરીર પર શયન કરે
એવા 'શેષશાયી' શ્રી વિષ્ણુ ભગવાન છે.

બન્ને પક્ષ તરફથી ઉત્તરો મળ્યા પછી રાજા ઘણા
આશ્ચર્ય સાથે સભા સમક્ષ ઘડો ખુલ્લો કરે છે. ને સર્વ
બતાવે છે તો માંહે શેષશાયીની મૂર્તિ જોવામાં આવી. રા
પ્રસન્ન થાય છે. પોતે મૂકાવેલ વસ્તુનું દ્વિતીય સ્વરૂપ 'વિષ્ણુરૂ'
જોવાથી તેમના સમગ્ર સંશય દૂર થયા અને વેદ ઉપર શ્ર
અડગ થઇ. સુધન્વા રાજાએ પ્રતિજ્ઞાનુસાર ત્યાં એકઠા થયે
સંખ્યાબંધ બૌધ્ધો અને જૈનોને પોતાના રાજ્યમાંથી ચા
જવા કહ્યું.

ભટ્ટપાદે આ રીતે કર્મમાર્ગની પ્રવૃત્તિ કરી. બાકી રહે
કેટલાક બૌધ્ધો વેદધર્મને માનવા લાગ્યા, ને અવશેષ રહે
કેટલાક ચીન, ટીબેટ, બ્રહ્મદેશ અને સિંહલદ્વીપમાં જઇ વસ્
પછી દિન પ્રતિદિન પંડિત ભટ્ટપાદ વેદાંત કેસરી વેદધર્મ
પ્રચારને વૃદ્ધિંગત કરતા રહ્યા.

આલોકશંકર અને સહાયક દેવો.

ભારતવર્ષના દક્ષિણ વિભાગ—કેરલ (મલબાર) પ્રાંતમાં પૂર્ણા નદી નજીક આવેલા કાલટી નામના નાનકડા પવિત્ર ગામમાં તૈત્તિરિય શાખાનું અધ્યયન કરનાર નંબુદિરી ઉર્ફે નંબુરી જ્ઞાતિમાં પવિત્ર બ્રાહ્મણ વિદ્યાધિરાજ હતા. તેઓ શિવના પરમભક્ત હતા. વિદ્યાધિરાજને સદાશિવની ભક્તિના પ્રભાવે એક બહુ કાન્તિમાન પુત્ર થયો. તેનું નામ શિવગુરુ હતું. તે એકનો એક લાડકવાયો પુત્ર હતો. તેને યજ્ઞોપવીત આપી વિદ્યાભ્યાસ માટે ગુરુગૃહે મોકલવામાં આવ્યો. ગુરુને ત્યાં વિદ્યાભ્યાસ કરવા માંડયો વિદ્યાદાતા ગુરુની સેવા કરી તેમની પ્રીતિ સંપાદન કરી. શિષ્યોએ પાળવાના બ્રહ્મચર્યાદિ નિયમોનું પાલન કરી છ અંગ સહિત વેદાધ્યયન કર્યું. એ રીતે ગુરુ પાસેથી સંપૂર્ણ વિદ્યા ભણ્યા પછી ગુરુએ તેને પોતાને ઘેર જવાની રજા આપી. વિદ્યાધિરાજે પુત્ર પાસે ગુરુદક્ષિણા અપાવી અને પુત્રને ઘેર આણ્યો. શિવગુરુનું બુદ્ધિચાતુર્ય જોઇ વિદ્યાધિરાજ પ્રસન્ન થયા.

વિદ્યાધિરાજ કાલટી ગામમાં વિદ્વાન અગ્રેસર અને ઇનામદાર ગણાતા. તેમના પુત્ર શિવગુરુની વિદ્વત્તા, બ્રહ્મતેજ અને સદ્ગુણોને લઇ ઘણા લોકો જોવા તથા મળવા આવતા. વળી કેટલાક બ્રાહ્મણો પોતાની કન્યાનો વિવાહ તેની સાથે કરવાના હેતુએ પણ આવવા લાગ્યા. વિદ્યાધિરાજ ઉતાવળા ન થતાં તે સર્વમાંથી પવિત્ર કુળની પરીક્ષા કરીને મઘપંડિતની પુત્રી સતી (આર્યામ્બા) સાથે પાણિગ્રહણ કરાવ્યું. શિવગુરુ અને સતીએ ગૃહસ્થાશ્રમ ધારણ કરી ગૃહસ્થધર્મનું યથોચિત પરિપાલન

કરવા માંડયું. શિવગુરુ યજ્ઞયાગાદિક પવિત્ર કાર્યો નિરંતર કરતા. જીંદગી પાણીના પ્રવાહ પ્રમાણે વહી જવા લાગી. છતાં એ દંપતિને પુત્રસુખ મળ્યું નહોતું. પુત્ર વિનાનું જીવન વ્યર્થ છે, એવા વિચારો આવતાં શિવગુરુ અને આ સતી દંપતી કઠણ તપશ્ચર્યા કરીને કલ્યાણકારી કલ્પવૃક્ષ સમાન ભોળાશંભુને શરણે ગયાં. તેમની અચળ ભક્તિથી ભક્તવત્સલ સદાશિવ પ્રસન્ન થયા. સતીના ઉદરથી દિગ્વજયી પણ અલ્પાયુષી પુત્રનો જન્મ થયો. ભારત વર્ષના મહાન તત્ત્વવેત્તા, પરિવ્રાજકોના શિરોમણિ અને જગદ્‌ગુરુના બિરૂદને શોભાવનાર સાક્ષાત શંકર કે શ્રી શંકરાચાર્ય તે એજ.

તેઓશ્રીના જન્મથી શિવગુરુ અને સતીનું અંતઃકરણ હર્ષાનંદથી ઉભરાવા લાગ્યું. તેઓ પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યા. બ્રાહ્મણો વગેરેને દાન ધર્મથી સંતુષ્ટ કર્યા. શંકરના પ્રસાદથી તેમનો જન્મ થયો હતો તેથી શિવગુરુએ એ બાલકનું નામ શંકર રાખ્યું હતું. તેજ સમયે મંડનમિશ્ર નામના બીજા સમર્થ પંડિત પણ થઇ ગયા.

મંડનમિશ્રના પિતાનું નામ હિમમિત્ર. મંડનમિશ્રનું બીજું નામ 'વિશ્વરૂપ' અને એમની જન્મભૂમિ રાજગૃહનગરમાં હતી. (રાજગૃહનગર તે મગધ વા બિહાર પ્રદેશનું પાટનગર.) મંડનમિશ્ર અસાધારણ પ્રતિભાશાળી વિદ્વાન હતા. તેણે બાલ્ય કાળમાં શાસ્ત્રાધ્યયન કરી જુદા જુદા શાસ્ત્રોના વિષયોમાંથી ઘણુંજ જ્ઞાન સંપાદન કર્યું હતું.

એ સમયે શોણ નદીને કાંઠે આવેલા ગામમાં વિષ્ણુમિત્ર બ્રાહ્મણને ત્યાં એક કન્યા જન્મી હતી. તેનું નામ ઉભયભારતી

પાડવામાં આવ્યું હતું. તે કન્યાએ પણ બાલ્યાવસ્થામાં સર્વ પ્રકારની વિદ્યામાં ખ્યાતિ મેળવી હતી. સાંખ્ય, પાતંજલ, વૈશેષિક, ન્યાય, મિમાંસા અને વેદાંત એ છ શાસ્ત્ર તથા શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ એ છ અંગ, કાવ્ય, નાટક, ઇતિહાસ, આખ્યાયિકા ઇત્યાદિ, તદુપરાંત બીજું પણ જ્ઞાન મેળવ્યું હતું. આવી ગુણીયલ સરસ્વતીના પાંડિત્યની પ્રશંસા મંડનમિશ્રે સાંભળતાં તેની તરફ તેનું મન આકર્ષાયું. સરસ્વતીએ પણ પ્રબળ લોકવાયકાથી સાંભળ્યું હતું કે વિશ્વરૂપ નામે પંડિત છે. જેનું નામ મંડનમિશ્ર છે. તે ગુણવાન અને વિદ્વાન છે. તેથી તે મંડનમિશ્ર ઉપર અનુરાગવાળી થઇ. પરસ્પર એકબીજાને જોવાની ઇચ્છા પ્રદીપ્ત થતાં એકબીજાનું ચિંત્વન થવા લાગ્યું. આ ચિંત્વનની અસર તેમના બન્નેના શરીર પર થઇ. તે જોઇ તેમનાં માતાપિતા વિચાર કરવાં લાગ્યાં, કે બાળકનાં શરીરમાં કોઇ પણ જાતનો વ્યાધિ દ્રષ્ટિગોચર થતો નથી છતાં આમ કેમ. આનું ગૂઢ કારણ શું હશે? તે અવશ્ય જાણવું જોઇએ. એ પ્રમાણે મંડનમિશ્રનાં તથા ઉભયભારતીનાં માતાપિતાએ પોતાનાં વહાલાં બાળકને ઘણા દિવસ સુધી આગ્રહથી વારંવાર પૂછ્યા કર્યું. પણ વડિલોની મર્યાદાને લીધે એ હકીકત અપ્રકટ રહી. જ્યારે અતિ આગ્રહથી વારંવાર દુઃખનું કારણ કહેવાને દબાણ થયું ત્યારે તેમણે સ્નેહજન્ય કૃપાવાળાં પોતાનાં માતા-પિતા પ્રત્યે કહ્યું, એ વાત કહેવાને શરમ ઉપજે છે. પછી અત્યાગ્રહને વશ થઈ સત્ય હકીકત નિવેદન કરી.

વિશ્વરૂપના પિતા હિમમિત્રે પુત્રનો મનોભાવ સમજી વિષ્ણુમિત્રને ઘેર બે બ્રાહ્મણોને મોકલ્યા. તે બન્ને બ્રાહ્મણો

વિષ્ણુમિત્રને ત્યાં આવ્યા. અહિં તેમનું સ્વાગત થયું અને આવવાનું કારણ પૂછતાં બ્રાહ્મણોએ નમ્રતાથી હિમમિત્ર તરફથી નિવેદન કર્યું, કે વિશ્વરૂપના પિતા હિમમિત્રે આપની પુત્રીની ખ્યાતિ સાંભળીને વિશ્વરૂપ માટે કન્યાનું કહેણ કરવા અમોને મોકલ્યા છે. તેમની આજ્ઞાનુસાર આપને ત્યાં આવવું થયું છે. હિમમિત્ર રાજગૃહ નિવાસી બ્રાહ્મણ છે. તેનો પુત્ર વિશ્વરૂપ સમર્થ વિદ્વાન હોવાથી તે વિદ્વાનોની પંક્તિમાં પૂજાય છે. આપની પુત્રી તેને યોગ્ય છે. જેથી આપની પાસે મોકલ્યા છે. આપ હિમમિત્રનો અભિલાષ પૂર્ણ કરશો.

વિષ્ણુમિત્રે પોતાની કન્યાનો મનોભાવ પ્રથમથીજ થોડો ઘણો જાણી લીધો હતો. એટલે તેણે કહ્યું, “વિપ્રો! તમે જે અભિલાષ જાહેર કર્યો તે ઠીક છે. પરંતુ એ બાબતસર અમારે વિચાર કરવો પડશે; કારણ કે કન્યાદાન કોને આપવું, તે વ્યક્તિ કેવા પ્રકારની છે. તેનું વય, યથાર્થ ગુણદોષ વિગેરેથી અમારે બરાબર ખાતરી કરવી જોઇએ ને તે સંબંધી મારી પત્નીની સંમતિ લીધા પછી કહી શકાય, કેમકે કન્યાદાન કરવું એ સ્ત્રીઓની સ્વાધીનતાની વાત છે. એમાં તેમની સંમતિ સિવાય કરવાથી તેમાં કાંઈ દુઃખ ઉત્પન્ન થવા પામે તો તેથી પાછળથી નિરંતર અશાન્તિ રહે છે.” આવેલા બ્રાહ્મણોએ વિશ્વરૂપના વિષે સંપૂર્ણ ખાત્રી આપી ને તેમના મનનું યથેચ્છ રીતે સમાધાન કર્યું. ત્યાર પછી વિષ્ણુમિત્રે પોતાની પત્નીને સલાહ પૂછતાં નીચેની શંકાઓ ઉદ્ભવી.

તે ઘણે દૂર રહે છે અને તેના શાસ્ત્ર શ્રવણ, વય, કુલ, વૃત, જન્મ વગેરેથી આપણે અજ્ઞાત છીએ, તેથી તમને હું શું સલાહ આપી શકું. પણ દ્રવ્યવાન, કુળવાન તથા સદા-

ચરણી વરની વય તપાસી કન્યા આપવી જોઇએ. એ પ્રમાણે વેદમાં અને લોકમાં પ્રસિદ્ધ છે. કન્યા દુ:ખી ન થાય એ વિષે વરની પરીક્ષા કરી, પછી કન્યાદાન દેવાની આવશ્યકતા છે. પછી ભાવિ આગળ કોઇનું કશું ચાલતું નથી, પણ આપણા અજાણપણામાં કન્યાને દુ:ખ સહન ન કરવું પડે, એ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ. એ રીતે તેણીએ પોતાનો મનોભાવ જણાવી દીધો.

ત્યારપછી વિષ્ણુમિત્ર પોતાની કન્યાને અર્થે પસંદ કરેલા પુરૂષને વિષે પત્નીને સમજાવે છે:—

कुलं च शीलं च सनाथता च विद्या च वित्तं च वपुर्वयश्च ।
एतान्गुणान्सप्त विचिन्त्य देया कन्या बुधैः शेषमचिन्तनीयम् ॥

કુળ, વર્તણુક, ઓથ, વિદ્યા, ધન, શરીર તથા અવસ્થા, એ વરના સાત ગુણ જોઈ કન્યા દેવી, અન્ય માટે વિચાર ન કરવો. તે અત્યંત વિદ્વાન બ્રાહ્મણ છે અને આપણી પુત્રી માટે સર્વ રીતે યોગ્યજ છે એમ મારૂં માનવું છે.

ઉભયભારતીનાં માતા પિતાએ વિચાર કરી એજ વર યોગ્ય છે એમ નક્કી કર્યું. એ બ્રાહ્મણને આપણી કન્યા આપવાથી ભાગ્યશાળી થશે એમાં સંશય નથી. આમ નિશ્ચય કર્યા પછી વિવાહ સંબંધી વાતચિત કરવા માટે આવેલા બ્રાહ્મણોને પ્રત્યુત્તરમાં કહ્યું, "વિપ્રો! આપના કહેવા મુજબ આપની વાત અમને માન્ય છે." આવેલા બ્રાહ્મણો આ વાત સાંભળતાંજ ઘણાજ પ્રસન્ન થઇ ગયા. ત્યાર પછી એ બન્ને બ્રાહ્મણો સાથે પોતાના તરફથી એકબીજા બ્રાહ્મણને લગ્નપત્રિકા આપી મોકલવામાં આવ્યો. હિમમિત્રે દૂરથી

આવતા બ્રાહ્મણોના મુખ સામું જોઇનેજ પોતાની અભિલાષા સિદ્ધ થઇ છે એમ માની લીધું. વિષ્ણુમિત્ર તરફથી મોકલવામાં આવેલા બ્રાહ્મણે લગ્ન પત્રિકા અર્પણ કરીને હિમમિત્રને નમસ્કાર કર્યા. પત્રિકા વાંચી મુહુર્ત પ્રમાણે હિમમિત્રના પુત્ર વિશ્વરૂપ સાથે ઉભયભારતીનાં લગ્નની ક્રિયા વિધિપુરઃસર થઇ અને દ્વિજોને સંતુષ્ટ કર્યા. ત્યાર પછી પોતાની વાત્સલ્યવતી પુત્રીને જ્યારે સાસરે વળાવવાનો સમય થયો ત્યારે વિષ્ણુમિત્ર પોતાના વેવાઇ પ્રત્યે પ્રાર્થના કરે છે, કે આ પુત્રીને અમારા તરફથી જે ઘરકામ સંબંધી યોગ્ય શિક્ષણ મળવું જોઇતું હતું, તે અમે આપી શક્યા નથી. તેથી તેમાં તે હજી અજ્ઞાન છે. માટે એ બાબતમાં તેની જે ન્યૂનતા દેખાઇ આવે તે દોષને પાત્ર અમે છીએ, માટે તેના અપરાધની ક્ષમા કરશો. તદુપરાંત કોઇ એક સમયે એક પ્રશંસાપાત્ર બ્રાહ્મણે આ કન્યાનાં લક્ષણો જોઇ, તેના ભવિષ્યની હકીકત અમને કહી હતી તે તમારી પાસે નિવેદન કરૂં છું.

सर्वज्ञता लक्षणमस्ति पूर्ण मेषा कदाचिद्वदतो: कथ.याम् ।
तत्साक्षिभावं व्रजिताऽनवद्या संदिश्य नावं बमसौ जगाम् ॥

'આ કન્યાનો જન્મ માત્ર મનુષ્યનો છે; વસ્તુતઃ તો એ નિરંતર દેવ સ્વભાવવાળી છે' "એનામાં સર્વજ્ઞતાનું સંપૂર્ણ લક્ષણ છે; કોઇ કાળે આ અનુપમ કન્યા એ મહાન વાદ કરનારાઓની વાદવિવાદ પ્રસંગે તેમના સાક્ષીપણાને પામશે. વાદમાં હારજીતનો નિર્ણય કરનારી થશે." એ પ્રમાણે અમોને કહીને તે બ્રાહ્મણ વિદાય થયો.

આ હકીકત નિવેદન કર્યા પછી સાસરે જતી પોતાની પુત્રીને માતા પિતા તરફથી નીચે પ્રમાણે શિખામણ અપાય છે.

'હે વત્સે! આજથી હવે તને [1]અપૂર્વ દશા પ્રાપ્ત થઈ છે; માટે તે નૂતન દશાનું રક્ષણ કરવાને સદૈવ તું કુશળ બુદ્ધિવાળી થજે. મનુષ્ય સમુદાય જેથી હાસ્ય કરે એવી બાળપણની ચેષ્ટા કરીશ નહિ; કેમકે બાળપણાની ચેષ્ટા હવે અમને તેમજ બીજાને પણ સંતોષ ઉપજાવનારી થશે નહિ. જ્યાં સુધી કુમારી બાળકીનું પાણિગ્રહણ થયું નથી ત્યાં સુધી તેના માતાપિતા અધિપતિ છે પણ તે પછી તેનો અધિપતિ સ્વામી થાય છે. માટે નિરંતર તે એક પતિનેજ તું શરણે જા, કે જેથી દુર્જય એવા આલોક અને પરલોક, બન્નેમાં તું જય પામશે.

सतुष्टा भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्रवै ध्रुवम् ॥

જે કુળમાં સ્ત્રીથી પુરૂષ અને પુરૂષથી સ્ત્રી સંતુષ્ટ રહે છે અર્થાત્ બન્નેની પરસ્પર પ્રીતિ હોય તો તે કુળનું સદા કલ્યાણ થાય છે. હે પુત્રી! ગૃહકાર્યમાં નિત્ય તત્પર રહેવું. સદ્આચરણ તથા સદ્વિચારો રાખવાં. સગાં સંબંધીઓનું આતિથ્ય કરવું. વડીલ પ્રત્યે માતા પિતાવત્ સ્નેહ રાખવો. તેઓની આજ્ઞામાં રહેવું, તેમને કોઇ પણ રીતે અપમાન ન લાગે તેમ વર્તવું. કોઇ પ્રસંગમાં પોતાનો મત જુદો હોય તો તે પણ તેમની ધ્યાનમાં ઉતરે તેવી રીતે નમ્રતાથી સમજાવવા પ્રયત્ન કરવો પરંતુ ઉદ્ધતાઇ ભરેલું આચરણ ન કરવું. પતિ લાંબે પ્રવાસે જાય ત્યારે શૃંગારિક અલંકારો ધારણ કરવામાં મર્યાદિત રહેવું. અનુભવિ વૃદ્ધ, વિદ્વાન યુવાનથી પણ ચઢે છે. યુવાન ભણ્યો હોય પણ ગણ્યો ન હોય એ જુની કહેવત

ટીપ: (૧) અર્થાત પિતાના ઘરની પુત્રી મટીને હવે તું સસરાના ઘરની વહુ થઇ છે.

કેટલાક સંજોગોમાં અક્ષરશઃ સત્ય નીવડે છે. ન્હાના તરફ તિરસ્કારથી ન જોતાં પ્રેમથી જોવું; કારણકે કેટલીક વેળા તિરસ્કારને લીધે પરિણામ ઉલટું નીપજે છે, તો તેને એકાંતમાં સમજાવી તેવી ભૂલ ફરી ન થાય તેવું સૂચન કરવું. જાહેરમાં સમજાવવાથી પોતે અપમાનિત થયો માની આપણી સોનેરી શિખામણને નથી માનતો તેથી અફળ જાય છે. પરિણામે ભૂલ સુધારવાને બદલે વારંવાર તે માણસ તેજ રસ્તે વળે છે. નાના મોટા પ્રત્યે માયાળુપણે વર્તવું અને પ્રાણીમાત્ર તરફ દયાભાવ રાખવો. એ પ્રમાણે હિતોપદેશ આપ્યો ને પોતાની કન્યાને સાસરે વળાવી. મંડનમિશ્રે પોતાની પત્ની ઉભયભારતી સહિત રાજગૃહ તરફ પ્રયાણ કર્યું ને બાંધવવર્ગથી સન્માન પામ્યાં. આ દંપતીએ ઉત્તમ રીતે ગૃહસ્થાશ્રમ ધર્મનું યથોચિત્ પરિપાલન કરવા માંડયું, ને દિનપ્રતિદિન તેમની સુખ્યાતિ ચોતરફ ફેલાવા લાગી.

શ્રી શંકરાચાર્યનું બાલચરિત્ર.

સાક્ષાત્ કૈવલ્ય નાયકે શંકરરૂપે મનુષ્ય કોટિમાં જન્મ લીધો, એટલે તેમના બાલપણાનાં લક્ષણ મનુષ્યકોટિ કરતાં ઉચ્ચાં હતાં.

પ્રથમ વર્ષે અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરીને ભાષા બોલતાં શીખ્યા, બીજા વર્ષે લખતાં વાંચતાં શીખ્યા. ત્રીજા વર્ષે કાવ્ય, પુરાણો વિગેરે શાસ્ત્રોનું અધ્યયન કર્યું. આ પ્રકારે શંકર

અભ્યાસ કરતા હોવાથી ગુરુને તે અત્યંત પ્રિય થઇ પડયા.

ત્રીજે વર્ષે બાલશંકરને વિધિપૂર્વક ચૌલ સંસ્કાર કરાવ્યા પછી શિવગુરુ પુત્રને ઉપવિત આપવાને મનોરથ સેવવા લાગ્યા. તે મનોરથ મનમાંને મનમાંજ રહી ગયો અને શિવ-ગુરુનું અવસાન થયું. સતીને વૈધવ્ય થતાં તે ઘણાં શોકમગ્ન રહેવા લાગ્યાં. શ્રી શંકરને ઉછેરી ભણાવવાનું કામ માતા સતી પર આવી પડયું. પાંચમે વર્ષે શંકરને ઉપનયન વિધાન કર્યું. ઉપનયન સંસ્કાર થયા પછી તેઓ પોતાને ગુરુને ઘેર ભણવા ગયા. [1]છ અંગ સહિત ચારે વેદોનું અધ્યયન કર્યું, તર્કશાસ્ત્ર, સાંખ્યશાસ્ત્ર, યોગ વગેરેનું જ્ઞાન મેળવ્યું, અને સર્વ વિદ્યામાં નિષ્ણાત થયા. બ્રહ્મચારી શંકર ગુરુને ત્યાં રહેતા, અને ભિક્ષાન્નથી ઉદર-નિર્વાહ કરતા. અભ્યાસમાં તેમની અપૂર્વ બુદ્ધિમ-તા, તથા અદ્ભુત સ્મરણશકિતથી સહાધ્યાયીઓનેજ નહિ પણ ગુરુને પોતાને પણ આશ્ચર્ય લાગતું.

એક વખત બ્રહ્મચારી શંકર ભિક્ષાર્થે એક બ્રાહ્મણને ઘેર ગયા. બ્રાહ્મણ બહુ દરિદ્ર હતો. તે વેદાધ્યયન અને ઇશ્વર સ્તવનમાં કાળ નિર્ગમન કરતો, ને જે સમયે જે મળતું તેનાથી પોતાનો નિર્વાહ ચલાવતો, અને સંતોષ માનતો. તેની સ્ત્રી પતિવ્રતા હતી. તે બેઉ જણાની આચાર વિચારમાં એકતા હતી. બેઉનો મેળ સારો હતો, અને તેઓ મર્યાદિત જીવન ગુજારતાં હતાં. તે બ્રાહ્મણને ત્યાં જઇ બ્રહ્મચારી શંકર "ભવતિ! ભિક્ષાન્ન દેહિ," એમ બોલ્યા. બ્રાહ્મણપત્ની બહાર ઉભેલા પવિત્ર વિદ્યાર્થીને જોઇ સમજી ગઇ કે, પોતાને ત્યાં બ્રહ્મચારી આવેલ છે. તેના હૈયામાં હેત ઉભરાવા લાગ્યું. પણ પોતાની

૧ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, છંદ અને જ્યોતિષ.

નિર્ધનાવસ્થાને લઇને તે ઘણું મુંઝાઇ. ઘરમાં અન્ન નહોતું અને પોતાના પતિ બહાર ગએલા હોવાથી ગૃહસ્થાશ્રમ ધર્મ પ્રમાણે આંગણે આવેલ અતિથિનો સત્કાર કર્યા સિવાય એમને એમ કેમ જવા દેવાય? તેને સત્કાર કરવાની ઘણી ઉત્કંઠા થઇ, પણ શું કરે. એવામાં તેને યાદ આવ્યું, કે ઘરની પાછળ આમળાનું ઝાડ છે. તરતજ તે વાડામાં જઇ એક સારૂં આમળું લઇ આવી ને તે બ્રહ્મચારીને ભિક્ષામાં આપ્યું. બ્રહ્મચારી શંકરે સાચા પ્રેમથી અપાયેલ આમળાનો તરત સ્વીકાર કર્યો, અને આશીર્વાદ આપ્યો 'કલ્યાણ.' બાઇ શંકર પ્રત્યે કહેવા લાગી 'હે મહારાજ' દ્વાર આગળ ઉભા રહેતાંજ આપ જાણી શકયા હશો કે, આ ઘર દરિદ્રીનું છે; કારણ કે છત અને અછત કંઇ છાની રહેતી નથી. આજે આપને આપવા જોગ ઘરમાં કંઇ નહોતું. વળી તેઓ ઘરમાં નહિ ને તમારા જેવા બ્રહ્મચારીનો સત્કાર મારે કરવાનો. જો ઘરમાં કંઇ આપવા જેવું હોત તો આપી કૃતાર્થ થાત. શંકર એ બ્રાહ્મણ પત્નીનું હૃદય સમજી ગયા, અને આવી દુઃખદ સ્થિતિ નિહાળી કહેવા લાગ્યા 'માતા! આપે આપેલું આમળું મારે મન ઘણું આપ્યા સમાન છે. અપાયલી વસ્તુની કિંમત નથી; પણ આપનારના હૃદયની લાગણીની કિંમત છે. તમારા જેવી ચારિત્ર્યશાલી સ્ત્રીઓ આ ભારત ભૂમિમાં છે, ત્યાં સુધી આ ભારત ભૂમિની ઉન્નતિ છે.' એટલું કહી શંકર ત્યાંથી ચાલી નીકળ્યાં.

શંકરે શ્રી લક્ષ્મીજીની ઉપાસના કરી. દેવી પ્રસન્ન થઇ કહેવા લાગ્યાં; "ઇચ્છાનુસાર વરદાન માંગો." શંકરે કહ્યું, મારે કંઇ જોઇતું નથી. પણ પેલાં બ્રાહ્મણ દંપતી બહુ દરિદ્રી

અવસ્થા ભોગવે છે તેના ઉપર પ્રસન્ન થાઓ. લક્ષ્મીજી કહેવા લાગ્યાં "આ બ્રાહ્મણે પૂર્વે પૂણ્ય કર્યું નથી, તે આ જન્મે મારી કૃપાને પાત્ર શી રીતે થાય?" શંકરે ઉત્તર આપ્યો, કે "જો હું તમારી કૃપાને પાત્ર હોઉં તો આજે તેણે મને આમળાનું ફળ આપ્યું છે તેનું ફળ તેને તમે આપો." દેવીએ "તથાસ્તુ" કહી આશીર્વાદ આપ્યો. શંકરના વચન ખાતર દેવીએ તે બ્રાહ્મણની દરિદ્રતા દૂર કરી.

સાત વર્ષની વયમાં સઘળાં શાસ્ત્રોનો અભ્યાસ કરી શ્રી શંકર ગુરુને ઘેરથી પોતાને ઘેર આવ્યા. માતાને પ્રણામ કરી ચરણારવિંદમાં પડયા, ને આશીષ લીધી. ઘેર આવ્યા પછી વેદોક્ત ધર્મને અનુસરી નૈમિત્તિક કર્મ કરતા, ને માતાની સેવા કરી દિવસો નિર્ગમન કરવા લાગ્યા. માતાને પોતાના સ્વામીના મરણનું હંમેશાં સ્મરણ થતું, ને ચિંતાગ્રસ્ત રહેતાં. આ રીતની માતાની વખતો વખત થતી સ્થિતિ જોઇ, ઘણી વખત ઉપદેશ આપતા, કે "હે માતા આ સંસાર ક્ષણભંગુર છે. કાળે કોઇને છોડયા નથી, ને તે છોડવાનો પણ નથી. પૃથ્વી ઉપર જેની ઉત્પત્તિ છે, તેનો લય પણ થવાનોજ છે. તો પછી શોક કરવો ઉચિત નથી." એવી રીતે આશ્વાસન આપતા.

શંકરનાં માતા નિર્બળ અને વૃધ્ધ હતાં. નદીએ જઇ સ્નાન કરવાનો તેમનો નિત્ય નિયમ હતો. ઉનાળાનો દિવસ હતો. તાપને લીધે પગ બળવા લાગ્યા અને તેમને આવતાં ઘણું કષ્ટ થયું. ત્યાં તેમને ઘણો સમય થયો જાણી, શંકરને ચિંતા થવા લાગી, ને પોતે તપાસ કરવા નીકળ્યા. ત્યાં જઇ જુએ છે તો ઉનાળાના સખત તાપથી માતા તદ્દન બેભાન અવસ્થામાં નજરે પડ્યાં, ઘટિત ઉપચારો વડે સ્વસ્થ કરી તેમને ઘેર

આણ્યાં. પડેલા શ્રમને જોઇ, શંકરે તેમનું હંમેશનું દુઃખ દૂર કરવા નદીની સ્તુતિ કરી. તેમની નિર્મળ વાણીથી જળદેવી પ્રસન્ન થયાં. શંકરે વિનીત શબ્દોએ કહ્યું, "હે દેવી! મારા ઘરની પાસે થઇને વહો." બીજે દિવસે તેમના આંગણામાંથી નદી વહેવા લાગી ને માતાનું હંમેશનું દુઃખ દૂર થયું.

કેરલાધીશનું શ્રી શંકરને આમંત્રણ.

શ્રી શંકરની આવી અદ્દભુત શક્તિનાં વખાણ ચારે બાજુએ ફેલાતાં કેરલ દેશના રાજા રાજશેખરને શંકરને મળવાની જીજ્ઞાસા થઇ, તેથી પોતાના પ્રધાનની સાથે ભેટ મોકલી, અને આદર સહિત તેમને તેડી લાવવાને કહ્યું. પ્રધાને એ હાથ જોડી શંકરને વિનંતિ કરી કે મહારાજા રાજશેખરે આ બધું આપને માટે ભેટ મોકલ્યું છે. તો આપ તેનો સ્વીકાર કરશો, અને અમારી સાથે પધારશો.

શંકરે પ્રત્યુત્તરમાં કહ્યું, "અમાત્યવર, હું તો બ્રહ્મચારી છું. ભણવું ભણાવવું એ કર્તવ્ય છે." 'ભિક્ષાન્ન એજ ભોજન છે.' 'મૃગચર્મ પહેરવું એજ વસ્ત્ર છે.' 'કુશાસન મારી શય્યા છે.' 'ત્રિકાળ સંધ્યાકર્મ એજ પૂર્ણ કર્તવ્ય છે.' શાસ્ત્ર-યુક્ત કર્મ તજી હાથી, ઘોડા, સુવર્ણમુદ્રાથી છલકતો થાળ અને આભૂષણોનું અમોને શું પ્રયોજન છે? માટે તે બધું પાછું લઇ જાઓ. હું અહીંજ ઠીક છું. રાજદરબારમાં આવવાનું પ્રયોજન નથી. કેરલાધિપતિને જઇ કહેશો, કે આપે ભેટ રૂપે મોકલેલી વસ્તુઓ તેમને બીલકુલ ઉપયોગી નથી."

પ્રધાને તેમને ઘણા સમજાવવા માંડયા, પણ શ્રી શંકરે પોતાનો નિશ્ચય ફેરવ્યો નહિ. આખરે પ્રધાન પાછો ગયો, અને શંકર સાથે બનેલી સઘળી હકીકત રાજાને કહી સંભળાવી. આથી શંકરના તીવ્ર વૈરાગ્ય પર અને વિદ્વત્તા પર રાજા મોહ પામ્યો, ને જાતે શંકરના દર્શન કરવા આવ્યો.

શંકરે રાજાનું કુશળ પૂછી સત્કાર કર્યો. આવવાનું પ્રયોજન પૂછયું. રાજા વિદ્વાન અને કવિ હતો. તેણે શાસ્ત્ર-ચર્ચા કરી, અને પોતે રચેલાં ત્રણ નાટકો શંકરને વાંચી સંભળાવ્યાં. શંકર એ ત્રણે નાટકો સાંભળીને કહેવા લાગ્યા 'હે રાજન! આપે રચેલાં નાટકો સાંભળી આપની કવિત્વશક્તિ અને વિદ્વત્તાથી હું પ્રસન્ન થયો છું. દ્રવ્યની મને જરાએ અપેક્ષા નથી માટે એ દ્રવ્ય કોઈ દરિદ્રીને આપશો અગર દ્રવ્યનો ઉપયોગ ગમે તે સન્માર્ગે કરશો. એ સિવાય તમારી બીજી જે કંઇ ઇચ્છા હોય તે જણાવો.''

રાજા રાજશેખરે નમ્રભાવે કહ્યું, મહારાજ! મારે કોઇ રીતે ખોટ નથી. હું સર્વ રીતે સુખી છું. ખોટ માત્ર એકજ છે અને તે એ કે अपुत्रस्य गृहं शून्यं. મને સંતતિ નથી. પુત્રકામનાની ઇચ્છાએ કરી ઘણાં ઘણાં વ્રતો કર્યાં, ઉપવાસો કર્યાં, જપો જપાવ્યા, યજ્ઞ યાગાદિક કાર્યો કર્યાં, પણ અત્યાર સુધી મારે ત્યાં સંતતિ નજ થઇ. હે દયાસિન્ધો! આપના આશીર્વાદથી મારે ઘેર પુત્ર થાય એ મારી અભિલાષા છે. મારા મનના મનોરથ પૂર્ણ કરી કૃતાર્થ કરશો.

રાજાનાં કરુણ વચનો સાંભળતાં શ્રીશંકરે કહ્યું, હે રાજન! તમે તો સમજુ છો. પુત્ર, ધન, કે દુનિયામાં પ્રતિષ્ઠા મેળવવાનાં

વચનો તમારા જેવા જ્ઞાનીએ ન ઉચ્ચારવાં જોઇએ. આ વચનો તો અજ્ઞાની બોલે. કોણ કહે છે કે પુત્રથી સુખ ઉત્પન્ન થાય છે! નિર્બળ અને મૂર્ખ સંતતિ માબાપનું નામ બોળે છે. સુપુત્ર હોય તોજ માબાપને તે પ્રકારની શાંતિ રહે છે, નહિં તો સુખ કરતાં દુઃખજ થાય છે. ગરજવાનને બોધ આપવો નકામો છે. રાજા રાજશેખરને એકજ ઇચ્છા હતી. તેણે તો હઠ પકડી. છેવટે શ્રીશંકરે વરદાન આપ્યું. આશીર્વાદ ગ્રહણ કરી રાજા પાછો ફર્યો. શંકરના આશીર્વાદથી તેને ત્યાં પુત્રનો જન્મ થયો.

શ્રી શંકરાચાર્યના દર્શનાર્થે મુન્યાગમન.

એક વેળા કેટલાક ઋષિમુનિઓ શ્રી શંકરના દર્શનાર્થે આવ્યા. શંકરે તેમનું સ્વાગત કર્યું. તેમની સાથે મોક્ષ સંબંધે વાતચીત કરવામાં પ્રવૃત્ત થયા. શંકરનાં માતા સતીએ પોતાના પુત્રના ભવિષ્યની બાબતમાં પ્રશ્નોત્તર કરી જાણવા માગ્યું. અગસ્ત્યમુનિએ કહ્યું, ‘હે દેવી! આ સાક્ષાત શિવ છે. પૂર્વે પુત્રની ઇચ્છાએ તમો દંપતીએ મહાદેવને પ્રસન્ન કર્યા. તેમના વરદાનથી શંકર પરિમિત આયુવાળા પેદા થયેલ છે. આ સર્વજ્ઞ પુત્ર અલ્પાયુષી છે. આ સાંભળતાં ઘણાં આકુળવ્યાકુળ થઇ કંપતાં કંપતાં આતુરતાપૂર્વક માતા પૂછવા લાગ્યાં, કે આ પુત્રનું આયુષ્ય કેટલાં વર્ષનું છે? અગસ્ત્યે કહ્યું, ‘તમારા પુત્રનું આયુષ્ય સોળજ વર્ષનું છે. એટલાં વર્ષમાં જે કાર્ય માટે તેમણે જન્મ ધારણ કર્યો છે તે પરિપૂર્ણ ન થતાં બીજાં

સોળ વર્ષનો વધારો થશે એટલે કે તે ૩૨ વર્ષ સુધી આ પૃથ્વી પર રહી કાળ નિર્ગમન કરશે.' પછી ઋષિમુનિઓએ શ્રી શંકરની આજ્ઞા લઇ પોતપોતાના સ્થાન ભણી પ્રયાણ કર્યું.

શંકરનાં માતાને એકના એક પુત્રનું ટુંકું આયુષ્ય સાંભળી અત્યંત ખેદ થયો, જેથી શોકાતુર સ્થિતિમાં રહેતાં. માતાને આ પ્રકારે રહેતાં જાણી શંકર કહેવા લાગ્યા, 'જનની! આ સંસાર ક્ષણભંગુર છે એ વાત મેં પહેલાં તમને સમજાવેલી છે. સૌ સગાંવહાલાં, માતા, પિતા, પુત્ર, પત્ની, પરિવાર વગેરે ઋણાનુબંધે આવી મળે છે. આ સંસારમાં સ્ત્રી, પુત્ર વગેરેનો સંબંધ વટેમાર્ગુના સમાગમ જેવો છે. અજ્ઞાનથી આ સંસારમાં જેઓ નિયત પરિભ્રમણ કરી રહ્યા છે, તેમને હું જરાએ સુખી જોતો નથી. જીવ કર્મ પ્રમાણે જન્મમરણના સ્થૂળ દેહમાં વિચર્યા કરે છે, વા યોગ્ય ગતિને પામે છે, જેથી શોક કરવો મિથ્યા છે. આ એકજ જન્મમાં માતા પુત્રનો સંબંધ છે. પણ એવા તો અનેક જન્મો ભિન્ન ભિન્ન પ્રકારની સ્થિતિ પામી, અનેકાનેક આત્માઓ સાથે વાસના અને ઋણાનુબંધ પ્રમાણે સંબંધથી થાય છે. તે સંબંધ આ મિથ્યા જગતની માયાજાળ પુરતોજ છે. માટે શોકનો ત્યાગ કરો. સંસારની આવા પ્રકારની દુર્દશા જોઇ હું સંસારનાં બંધનમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરીશ.

શ્રીશંકરે બાલ્યાવસ્થામાં પિતૃવિયોગ, અને સંસાર વિરક્તતા થવાથી, બ્રહ્મચર્યાશ્રમમાંથી એકદમ સંન્યાસ લેવાની ઇચ્છા માતાને દર્શાવી.

શંકરાચાર્યનાં માતુશ્રી પોતાના પુત્રને પંડિત થયેલો અને રાજમાં સન્માન પામતો તથા પાંચ માણસમાં પૂછાતો

જોઈ, એવા પુત્રને વિષે કંઇ કંઇ પ્રકારની ઐહિક અભિલાષા રાખતાં હતાં. એવામાં શંકરે સંન્યાસ લેવાની આજ્ઞા માગી. આ વાગવજ્રથી કદલીવત્ માતા હતહૃદય થઇ પૃથ્વી પર તૂટી પડી બેભાન બની ગયાં. શુદ્ધિમાં આવતાં માતાને વિચાર આવ્યો, કે એકનો એક લાડકવાયો પુત્ર આ શું કહે છે! પછી શંકરને પૂછયું, પુત્ર! તને આવું ખોટું જ્ઞાન કોણે આપ્યું? કોણ કહે છે, કે આ સંસાર ખોટો છે. સંસારને સ્વપ્ન સમાન સરખાવનાર માણસો મૂર્ખ છે. જો સંસાર ખોટો છે એમ કહેનાર કહે છે, તો સંસારની વસ્તુઓ ખાવાનું ખાવા છતાં પેટ ન ભરાત. આપણે હરીએ ફરીએ છીએ, ખાઇએ છીએ, પીએ છીએ, એ બધું ખોટું કેમ કહેવાય? હા, મોતથી સર્વ ઐહિક સુખનો અંત આવે છે, પણ તેથી કંઇ એમ ન કહેવાય કે સંસાર ખોટો છે. વળી સંસારમાં રહી એકેએક પળ અમૂલ્ય હોવાથી સત્કાર્ય કરવું, અને પ્રભુનું સ્મરણ કરવું." વળી વિશેષમાં કહ્યું:– "હે પુત્ર! તું અત્યંત કોમળ છે; શીતોષ્ણાદિ દ્વન્દ્વના કલેશથી અજ્ઞાત છે; ક્ષુધા તૃષાની સહિષ્ણુતાની તને ખબર નથી. હે પ્રિયતમ પુત્ર! આશ્રમધર્મ પ્રમાણે ગૃહસ્થાશ્રમી બની પછી વૃદ્ધાવસ્થામાં સંન્યસ્ત ગ્રહણ કરજે. તું આવો જ્ઞાની છતાં મને વૃદ્ધાવસ્થામાં આમ એકલી રખડતી મૂકી સંન્યાસ લેવાનો વિચાર કેમ કરે છે? શું સંન્યાસી થવાથીજ પ્રભુ સ્તવન કરાય છે? શંકરે વિનયપૂર્વક જવાબ આપ્યો–"હે માતર્! તમે નિપુણ અને દ્રઢ છતાં આમ કેમ કહો છો? શીતોષ્ણાદિ કલેશ અને ક્ષુધા તૃષાનો ત્રાસ હું પોતે સહન કરવા તૈયાર છું. એ બંને મારા મનથી કલેશ કે ત્રાસ કંઇજ નથી. એ તો મનનાં કારણ છે. દૈવાધીન જીવ

દુઃખમાંજ સુખ અને સુખમાંજ દુઃખ કલ્પે છે. આપ નિર્દોષ છો, કશી ચિંતા કરશો નહિ. અનેક મતો અને અનેક સંપ્રદાયો ભારતીય એકતાનો વિચ્છેદ કરી રહ્યા છે. ભારતીય પ્રજાની બુદ્ધિ ભ્રાન્ત અને ચલિત કરી દીધી છે. અત્યારે એ ભારતીય પ્રજા અવળે રસ્તે દોરવાઇ ગએલી છે. એને એક અને અવિભક્ત ઓજસ્ અને બળ આપવાની જરૂર છે. હું આત્માની એકતા અને અમરતાનો બોધ આપી તેમનામાં ધાર્મિક જુસ્સો ઉત્પન્ન કરી નિર્ભય બનાવવા માગું છું, અને વેદ વિરોધી માર્ગીઓનો બહિષ્કાર કરી અદ્વૈતવાદની પ્રબળતા વધારી ભારતીય કલ્યાણ કરવા ઇચ્છું છું. શું આપ આવા કલ્યાણકારી માર્ગમાં વિક્ષેપ કરશો ? હું નથી માનતો." માતાએ કલ્પનામાં અસંખ્ય આબાલવૃદ્ધ સ્ત્રી પુરૂષોને, પોતાની સન્મુખ ઉભાં રહી યાચના કરતાં નિહાળ્યાં. માતા! તારો પુત્ર આપ. અમારો ઉદ્ધાર કરવા માટે એની જરૂર છે.

શ્રી શંકરે માતાને જુદી જુદી રીતે સમજ આપી તેમના મનનું સમાધાન કર્યું, અને સાંત્વના આપી. શંકર વિચારવા લાગ્યા કે માતાજીનો વાત્સલ્યપ્રેમ અનહદ છે, તેથી મને સંન્યાસ લેવા ના પાડે છે, ને ના પાડશે. જો તેમના સ્વમુખેજ આજ્ઞા આપે એવો પ્રસંગ પ્રાપ્ત થાય તો સારો.

ત્યાગમાર્ગે.

શંકર નદીએ સ્નાન કરવા ચાલ્યા. રસ્તે જતાં વિચાર-માળાના મણુકા એક પછી એક ફેરવવા લાગ્યા; છેવટે નિશ્ચય કર્યો કે માતાની આજ્ઞા મેળવ્યા પછીજ સંન્યાસ લેવો. એવો સંકલ્પ કરી વસ્ત્ર નદીને કાંઠે મૂકી જળમાં સ્નાન કરવા ઉતર્યા. દૂર જતાં મગર નજરે પડયો તેનાથી બચવા નાસવા લાગ્યા, પરંતુ મગરે પગ પકડયો જેથી કારમી ચીસ પાડી અને માતાને બોલાવવા લાગ્યા. નદી ઘરની નજીકમાં હોવાથી તેમનો અવાજ સાંભળતાંજ માતા ગભરાતાં ગભરાતાં એકદમ દોડતાં આવ્યાં. જુએ છે તો શંકર જળની અંદર દુઃખદ સ્થિતિમાં હતા. માતાને આવેલાં જોઈ શંકર કહેવા લાગ્યા, કે મગરે મારો પગ પકડયો છે, ને મને જળમાં ખેંચે છે. મને જલદી છોડાવો, નહિ તો મારી બચવાની આશા નથી. આ સાંભળી માતા કંપી ઊઠયાં. તેમને બચાવવાને માટે દોડાદોડ કરી મૂકી. નાના તરેહના ઉપાયો યોજ્યા, પણ શું વળે! કોઇ ઉપાય કામ ન લાગ્યો. પછી માજી હતાશ થઇ એકદમ બૂમો પાડવા લાગ્યાં, કે મારો એકનો એક પુત્ર વૃદ્ધાવસ્થાએ મારૂં જીવન અપુત્ર કરી દેશે. ભારતમાતાની નજર પુત્ર પર હતી, અને તેના દ્વારા અનેકોનું કલ્યાણ આ બાળકના હાથેજ થવાનું હશે. એ સંન્યાસ લઈ ઉદ્ધાર કરવાનો વિચાર રાખતો હતો. જો સંન્યાસ લેવા દઇ ભારતમાતાને અર્પણ કર્યો હોત તો, આમ ન થાત. અરેરે હે શંભો! હે મહાદેવ! આ પુત્રના મરણ પહેલાં મારૂં મૃત્યુ થાય તેમ કરો, અને મારા પુત્રને બચાવો. જોત જોતામાં શંકર

પાણીમાં ડુબકાં ખાતા હોય તેમ નજરે પડ્યા. શંકરે પાછી ચીસ પાડી અને માતાને પોકારવા લાગ્યા. તમને મારી દયા નથી આવતી? આવાં દુઃખભર્યાં વચન સાંભળી કઇ માતાનું હૃદય ન પીગળે? માતા અતિશય આકુળવ્યાકુળ થઇ બોલ્યાં, "હે દીનવત્સલ શંભો! આપની આરાધનાથી પુત્ર પ્રાપ્ત થયો. હવે એ પુત્રના જીવનની રક્ષા કરવા મને નિરાધારને આધારરૂપ જે કંઇ ઉપાય હોય તે બતાવો." શંકર ત્રિકાળજ્ઞાની હોવાથી તે સમયે ઉંચા સ્વરથી બોલ્યા "માતા! મારા જીવનની રક્ષા કરવાનો એકજ ઉપાય છે. જો હું સંન્યાસ લઇ સમસ્ત વિષયમાં ઔદાસિન્ય રાખું તો મગરથી મુક્ત થઇ શકું એમ મારૂં માનવું છે."

માતા પુત્રના પ્રાણની રક્ષા કરવા ઉપર મુજબના ઉદ્‌ગારો સાંભળતાંજ બોલી ઉઠયાં, " ભાઇ! તું મગરથી બચશે, તો તારી ઇચ્છાનુસાર જગતના કલ્યાણ અર્થે સંન્યાસ લેવાની મારી અનુમતિ છે." માતાની અનુમતિ મળતાં શંકરે માનસિક સંન્યાસ ગ્રહણ કર્યો. કુદરત પણ સાનુકૂળ થઇ, ને તરતજ મગર પણ તેમને છોડી ચાલ્યો ગયો. શંકર તેનાથી મુકત થતાં જળ બહાર નીકળ્યા ને માતાની સમીપ આવી પહોંચ્યા. પછી શંકર પોતા પર પડેલી વિટંબના બતાવવા લાગ્યા. આથી માતા બહુ દુઃખિત થયાં. માતા શંકરને ઘેર લાવે છે, ત્યારે શંકર કહેવા લાગ્યાઃ—"માતાજી! સંન્યાસ લેવાની તમારી અનુમતિ મને મળી છે, તો હવે હું સંન્યાસાશ્રમ ગ્રહણ કરવાની ઇચ્છા રાખું છું. તમે અનુજ્ઞા આપો પછી મારે જે કર્તવ્ય કરવાનું છે તે શરૂ કરી શકું.

શંકરનાં વચન સાંભળતાં માતા બોલી ઊઠયાંઃ— હે પ્રિય પુત્ર! જતાં પહેલાં એટલો તો વિચાર કર, કે આ તારી ઘરડી

માતા તું કોને આશરે છોડી જશે? આ અવસ્થામાં મૂકીને જઇશ તો પછી મારૂં કોણ? ભાઇ! મેં તારા જીવનની રક્ષા કરવા ખાતરજ સંન્યસ્ત લેવા દેવા સંકલ્પ કર્યો હતો. પણ તું તો હમણાંને હમણાંજ સત્ય કરી બતાવવા તત્પર થયો છે. મારો એકનો એક આધાર તે શું છોડી જવાનો! મારો જીવનનો નિર્વાહ અને અંત્યેષ્ટિક્રિયા કોણ કરશે?

શંકરે ઉત્તર આપ્યો, હે માતર્! મારા પિતાનું સઘળું ધન આપના જીવન નિર્વાહને માટે ઉપયોગમાં લેશો અને તેથી આપનો નિર્વાહ થશે. આપણાં સગાંસંબંધીઓ તમારી સેવા ચાકરી કરશે. બાકી કોણ કોનું રક્ષણ કરે છે? અનેક જીવો જન્મ પામે છે, અને તેનું રક્ષણ શ્રીહરિ કરે છે. તમારૂં રક્ષણ પણ તેજ કરશે. હું ઘણાનું રક્ષણ કરૂં છું, મારા પર ઘણાનો આધાર છે, એમ માનવાવાળા માણસો શ્વાનવત્ ગણાય છે; કારણ કે વર્તમાનકાળમાં રક્ષણ કરવાવાળા આગમચ કોઇ હતા કે નહિ? ભવિષ્યકાળમાં રક્ષણ કરનાર હશે કે નહિ? કોનાથી કોનું રક્ષણ થાય છે? એ કેવી રીતે કહેવાય. બાળક જન્મ પામતાંજ શ્રીહરિને તેની ચિંતા થાય છે. માતાના સ્તનમાં પય ઉત્પન્ન થતાં તે પયદ્વારા બાળકનું પોષણ થાય છે. એ પય કોણ પેદા કરે છે? તેની ચિંતા કોને રહે છે? ઘણાં માબાપો બાળકને જન્મ આપી પંચત્વ પામે છે. જે નિરાધાર કહેવાય છે, છતાં તેવાં બાળકોનું ભરણપોષણ થાય છે ને ઉછરે છે. તો પછી 'હે જનની! તમારૂં રક્ષણ કરવાવાળો હજાર હાથવાળો સમર્થ છે.'

માતા બોલી ઊઠ્યાં, 'હે પુત્ર સ્વરૂપ પ્રભો! મારા દેહાંત સમયે તો મારી પાસે હાજર રહી વિધિપૂર્વક મારા દેહનો

અગ્નિસંસ્કાર તારેજ કરવાનો. જો મારા દેહની અંતિમક્રિયા તારે હાથે ન થાય તો પછી મેં તને જન્મ આપ્યો તે શા કામનો? તું કહીશ, કે હું સંન્યાસી છું. જેથી તે સંસ્કાર કરવાનો મારો અધિકાર નથી, પણ તે બાધ તારે માટે નથી; કારણ કે તારા જેવા દેવાંશી પુત્રના હાથે મારી ક્રિયા થાય તો મારૂં આત્મ કલ્યાણ થશે એવી મારી વાંછના છે, માટે તને બીલકુલ દોષ લાગવાનો નથી. માતાની આગ્રહભરી લાગણીથી શંકરે કહ્યું, 'માતા! તમોને જ્યારે એવી જરૂર જણાય ત્યારે મારૂં ચિંત્વન કરજો. હું તે સમયે મારા આશ્રમધર્મનો પરિત્યાગ કરી તમારી પાસે હાજર થઇશ.' પુત્રનું મન પવિત્ર અને દ્રઢ જોઇ માતાએ આશીર્વાદ આપ્યો.

વાંચક! વિચારવાનું છે, કે એકના એક પુત્રને પોતાની સમક્ષ બ્રહ્મચારીમાંથી એકદમ સંન્યાસ લેવા રજા આપતાં જનનીનું હૃદય શું કહેતું હશે? વળી પોતાની વૃદ્ધાવસ્થાના કાળની કલ્પના કરવી એ પણ કઠિન છે.

બ્રહ્મચારી શંકરે જાણી લીધું, કે માતા પોતાના સ્વમુખે કદી 'જા' એમ તો કહી શકશે નહિ, માટે દંડવત્ નમસ્કાર કરી ચાલી નીકળ્યા. આંગણું છોડતાં પાછળ નજર કરી, તો માતાની આંખમાંથી અશ્રુપાત થતો જોયો. માતાને આશ્વાસન આપવાની તીવ્ર વૃત્તિ થઇ આવી, પણ તે બાબતમાં સંયમ જાળવ્યો.

જગતમાં કેટલાંક દુઃખો એવાં છે, કે દિલાસો આપવાં જતાં વિશેષ દુઃખદ થઇ પડવા સંભવ છે. પછી સંસારની મોહજાળમાંથી બહાર નીકળી નિવૃત થઇ હૃદયપ્રદેશમાં પરમાત્માનું ધ્યાન ધરતા, નિર્જન–સ્થાન ભણી પંથે પડ્યા.

ગુરૂ ગોવિંદનાથ પાસે ઉપદેશ

શ્રી શંકર ફરતા ફરતા નર્મદા તટે એક અતિ ગાઢ અરણ્યમાં આવી પહોંચ્યા. ત્યાં એક ગુફા જોવામાં આવી. તેમાં મહાત્મા ગોવિંદનાથ વસતા હતા. જઈને જુએ છે, તો ગોવિંદનાથને સમાધિ અવસ્થામાં નીહાળ્યા. શ્રી શંકર ત્યાં રહેલા યોગી પુરુષોના સમુદાયને મળ્યા અને મધુરવાણીથી સ્તુતિ કરી. તે સાંભળી ગોવિંદનાથે બહાર આવી પૂછયું, કે તું કોણ છે?

શ્રી શંકરે ઉત્તર આપ્યો, "હે સ્વામી! પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, આ પાંચે તત્ત્વો. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ ગુણો કે જેને ગ્રહણ કરનાર આંખ, કાન, નાક, જીભ અને ચામડી એ પાંચે ઇંદ્રિયો એમાંનું કંઈ નથી. તે બધાથી પર જે પરમ સર્વોત્તમ ચિદાનંદ શિવતત્ત્વ તે હું છું."

આવાં જ્ઞાનમય વચનો સંભળાવ્યાં ને આત્મ પરિચય કરાવ્યો. તે જાણી ગુરુ ગોવિંદનાથ પ્રસન્ન થયા અને તેમણે શંકરને આવવાનું પ્રયોજન પૂછયું. શ્રી શંકરે કહ્યું, 'ગુરુ મહારાજ! હું સંન્યસ્ત દીક્ષા લેવા આવ્યો છું.' પછી શંકરે સેવ્યભાવે પૂજા–અર્ચા કરી, ને ગુરુ ગોવિંદનાથ પાસે ચાર વેદના સાર રૂપ ચાર મહાવાકયોનો ઉપદેશ ગ્રહણ કર્યો. એ ચાર મહાવાકયો આ પ્રમાણે છેઃ—

ઋગ્વેદ મહાવાક્ય **प्रज्ञानंब्रह्म** જ્ઞાન એ બ્રહ્મ છે.

યજુર્વેદ ,, **अहं ब्रह्मास्मि** હું બ્રહ્મ છું.

સામવેદ મહાવાક્ય तत्त्वमसि તે (બ્રહ્મ) તું છે.
અથર્વવેદ ,, अयमात्माब्रह्म આ આત્મા બ્રહ્મ છે.
ब्रह्मसत्यं जगन्मिथ्या બ્રહ્મ સત્ય; જગત્ મિથ્યા.

જેને ઉપદેશ લેવાની જરૂર ન હતી. પરંતુ ગુરુ કરવા જોઇએ, એવી પરંપરાની પ્રથા પ્રમાણે શ્રી ગોવિંદનાથ પાસે શંકરે ઉત્તમ દીક્ષા લીધી. પછી શંકર ગુરુની સેવામાં રહી પોતાનો સમય નિર્ગમન કરતા હતા.

એક સમયે મહાત્મા ગોવિંદનાથે શંકરને બોલાવીને કહ્યું, કે વૈદિકધર્મની સ્થાપના કરવા માટે તમારો જન્મ હોવાથી પરિભ્રમણ કરતાં કરતાં ધર્મોપદેશ આપવાનું કાર્ય શરૂ કરો. ગુરુના આદેશાનુસાર શંકરે કાશી તરફ પ્રયાણ કર્યું.

શ્રી શંકર કાશીમાં આવી પહોંચ્યા. ત્યાં તત્ત્વજ્ઞાનનો લાભ લેવા એક બ્રાહ્મણકુમાર શંકરને ચરણે આવી પડયો. શ્રી શંકર તેનો અપૂર્વ વિનય જોઇ સંતુષ્ટ થયા, અને સત્વર ચરણમાંથી ઉઠાડયો. તે બાળકનું નામ સનંદન હતું.

સનંદનના માતપિતા, માધવ અને લક્ષ્મી નામે હતાં. તે સનંદનને બાલ્યાવસ્થામાં મૂકી પંચત્વ પામ્યાં હતાં. આથી સનંદનને તેના મામા દિવાકરે ઉછેર્યો હતો. દિવાકર પ્રખ્યાત મિમાંસક હતો. સનંદનને તેના મામા દિવાકરે ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. જેથી વિદ્વાનોની પંક્તિમાં શોભતો. પરંતુ જેનું મન સંપૂર્ણ વૈરાગ્ય તરફ વળેલું છે એવા સનંદનને તે વિષયમાં મામા સાથે મતભેદ થવાથી તે હંમેશાં કોઇ અન્ય ઉચ્ચકોટિના ગુરુની શોધમાં હતો.

પવિત્ર એવા કાશીક્ષેત્રમાં શ્રી શંકરાચાર્યનું આગમન જાણી વૈરાગ્યવૃત્તિવાળો સનંદન ભક્તિભાવપૂર્વક આચાર્યના ચરણમાં

પડયો. શ્રી શંકરાચાર્યે પૂછ્યું કે, "कस्त्वं शिशो कस्य कुतोऽसि गन्ता। किं नाम ते त्वं कुत आगतोऽसि" ॥ "હે બાળક! તું કોણ છે? તારૂં ઘર કયાં છે? હાલ તું કયાંથી આવે છે, અને આવવાનું પ્રયોજન શું છે? તારામાં લેશ પણ અહંભાવ જણાતો નથી. આ પ્રમાણે પૂછવાથી બ્રાહ્મણકુમાર બે હાથ જોડી વિનયપૂર્વક ઉત્તર આપે છે:—

'હે ગુરો! હું બ્રાહ્મણ છું. પવિત્ર કાવેરીના ચોલ પ્રદેશનું અહોબલ ગામ એ મારી જન્મભૂમિ છે. મહા પુરૂષોનાં દર્શન કરવાની ઇચ્છાવાળો હું પૃથ્વી ઉપર ભ્રમણ કરતો કરતો આ સ્થળમાં આવી પહોંચ્યો છું. મને આ સંસાર સાગરમાં ડુબી જવાનો મોટો ભય રહે છે, માટે કૃપા કરીને મને ડૂબતો બચાવો એ મારી પ્રાર્થના છે. આપના ઉપદેશથી પ્રાપ્ત થયેલો વૈરાગ્ય મોટા દૈવાદિકથી પણ ચલાયમાન થવાનો નથી. પૃથ્વી ઉપરની સ્ત્રી આદિક વિષયોમાં મને આદર નથી. શંકર તેની આ રીતની વૈરાગ્યવૃત્તિ જોઇ અત્યંત પ્રસન્ન થયા. તત્ક્ષણ કરૂણાવડે વિધિપૂર્વક સંન્યાસ દીક્ષા આપી. આ બ્રાહ્મણકુમાર 'સનંદન' નામથી પ્રસિદ્ધ થયો. મહાપુરુષો તેને શ્રીશંકરાચાર્યનો પ્રથમ શિષ્ય કહે છે. સંસાર-સમુદ્રની પાર ઉતરવા માટે તે શંકરની પ્રાર્થના કરતો હોવાથી તેને સંન્યાસરુપી વહાણમાં બેસાડી આચાર્ય તેને પેલી મેર લઇ ગયા.

કેટલાક સમય પછી ચિત્સુખ, આનંદગિરિ, વગેરે બીજા જે દેવતાઓના અંશ શ્રીશંકરનું સેવન કરવા આવેલા તેમણે શ્રીશંકરનું શિષ્યત્વ ગ્રહણ કર્યું. એ રીતે કાશીમાં શંકરના ઘણા શિષ્યો થયા. જ્ઞાની શંકર પણ શિષ્યોની પંક્તિવડે શોભતા હતા.

ચાંડાલરૂપે શિવજીએ ભેદબુદ્ધિ ટાળી.

એક વેળા મધ્યાહ્ન સમયે શ્રી શંકરાચાર્ય પોતાના શિષ્યો સહિત ગંગા કિનારે સૃષ્ટિ સૌંદર્ય નિહાળતા હતા. માર્ગમાં એક ચાંડાલ ચાર ભયંકર કૂતરા સહિત પાસે આવતો જોયો. શ્રી શંકરાચાર્યે આ અપવિત્ર ચાંડાલના સ્પર્શથી બચવા માટે રસ્તો બદલ્યો પણ ચાંડાલે કેમ જાણે તેમની સાથે અથડાવું હોય તેમજ સામેજ આવવા માંડયું. આ જોઈ શંકરે કહ્યું, કે "અરે ચાંડાલ, દૂર જા."

ચાંડાલે ઉત્તર આપ્યો કે—"હે વિદ્વાન ! તમે મારા દેહને દૂર જવા કહો છો કે આત્માને ? આત્મા એક અને અદ્વિતીય છે, પાપશૂન્ય છે, નિરંજન છે, અસંગ છે, સત્યજ્ઞાન અને આનન્દસ્વરૂપ છે. આપ જેવા અદ્વૈતવાદીએ તેજ આત્માની ભેદ કલ્પના કરવી ઘટે છે ? જેણે હાથમાં દંડ અને કમંડળ ધારણ કરેલ છે, ભગવા રંગના વસ્ત્ર પહેરેલાં છે, અને બુદ્ધિમાં ચતુર એવા કે જેણે જગતને બ્રહ્મબોધ આપવાને કમર કસી છે. તે શું હજી ઉંચ અને નીચ એવા ભેદભાવને તજી શક્યા નથી ? તો તેટલો તમારો સંન્યાસ અધુરો કહેવાય. મહાપુરુષ લૌકિક કુસંસ્કારનો પરિત્યાગ કરે છે. મહાશય ! તમે મને 'દૂર જા' એમ કહો છો, તો શું દૂર કરૂં તે કહો."

આચાર્યશ્રીને ચાંડાલની દલીલો સાંભળતાં મનમાં સંશય ઉત્પન્ન થયો, કે આ કોઇ જ્ઞાની પુરુષ છે; કારણ કે ચાંડાલને આવું જ્ઞાન હોઇ શકે નહિ. પછી શ્રી શંકરાચાર્ય તે ચાંડાલ પ્રત્યે બોલ્યા, હે માનવબંધુમાં દેહધારી શ્રેષ્ઠ પુરુષ, આપે

હમણાં જે સંભાષણ કર્યું તે પરથી સિદ્ધ થાય છે, કે આપ ગમે તે હો, પણ બુદ્ધિ ચાતુર્યમાં કોઇ મહાન સમર્થ પુરુષ છો. જે દૃઢ બુદ્ધિવાળા પુરુષો સઘળું જગત્ નિરંતર આત્મવત્ જુએ છે તે ગમે તે હોય, બ્રાહ્મણ હોય કે પછી ચાંડાલ હોય, તથાપિ તે મારા ગુરુ સમાન છે ને વંદનીય છે.” તેમની ભેદબુદ્ધિ ટળેલી જોઇ ચાંડાલ રૂપે આવેલા શ્રી મહાદેવે પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કર્યું. જેના મુગટમાં ચંદ્ર શોભી રહ્યો છે એવા શ્રી શિવજી ચાર વેદો સહિત શંકરની સન્મુખ આવ્યા. શ્રી શંકરે તેમનાં દર્શન કર્યાં. સ્તવન કર્યું, હે શંભો! જીવ દૃષ્ટિએ કરી હું તમારો અંશ પ્રકટ થયો છું. શુદ્ધાત્મ દ્રષ્ટિએ તો તમે એજ હું છું. તમારાથી હું જુદો નથી. શ્રીમહાદેવજીએ શ્રીશંકરાચાર્યને ઘણા માન સાથે કહ્યું, કે તારી અભેદ ભાવની પરીક્ષા કરી છે ને હવે તું મોટા દેવોની પદવીને પામ્યો છે. આ રીતે શ્રીમહાદેવે શ્રીશંકર ઉપર અનુગ્રહ કર્યો, અને આજ્ઞા કરી, કે મહર્ષિ વેદવ્યાસે વેદ સમુદાયના વિભાગ કરીને બ્રહ્મસૂત્રની રચના કરી છે. તેના ઉપર કલિદોષને લીધે કેટલાક મૂઢ બુદ્ધિવાળાએ કુત્સિત ભાષ્યો રચ્યાં છે. તું વેદાંતના અર્થદ્વારા તે દુર્બુદ્ધિવાળાના મતોનું ખંડન કરી, શ્રુતિવચનોથી યુકત સૂત્રભાષ્ય રચ. તારૂં રચેલું ભાષ્ય બ્રાહ્મસભામાં પણ ઉત્તમ સ્થાન પામશે. વળી ભેદાભેદ વાદી ભાસ્કર, શાક્તમતનો અભિનવગુપ્ત આદિ આચાર્યો તથા નીલકંઠ, પ્રભાકર, તથા ભટ્ટમતનો અનુયાયી મંડનમિશ્ર વગેરેના સિદ્ધાંતોનો પરાજય કરી અદ્વૈત તત્ત્વનો પ્રકાશ થશે. શિવજી આ પ્રમાણે આજ્ઞા કરી અંતર્ધ્યાન થયા.

અદ્વૈત શાસ્ત્રોના આચાર્યોના મુગુટમણિ શ્રી શંકરાચાર્યે અવિલંબે વારાણસી છોડી બદરીકાશ્રમ તરફ પ્રયાણ કર્યું. કંદમૂળ ખાતાં, મીઠા ઝરણોનું પાણી પીતાં, શીતળ છાયા નીચે વિસામો લેતાં, પ્રવાસીઓની માફક લાંબો વિકટ માર્ગ કાપી, બદરીકાશ્રમમાં આવી પહોંચ્યા. ત્યાંની શાંત અને અતિ મનોહર જગામાં રહી સમાધિષ્ઠ બ્રહ્મર્ષિ લોકો વેદાંત શાસ્ત્રની આલોચના કરવા લાગ્યા. ત્યારપછી ઇશ, કેન, કઠ, પ્રશ્ન, મુંડક, માંડુકય, તૈત્તિરિય, ઐતરેય, છાંદોગ્ય અને બૃહદારણ્યક, એ દશે ઉપનિષદો ઉપર ભાષ્ય રચ્યાં. વળી સુંદર સૂત્રભાષ્ય, મહાભારતમાં સારભૂત એવી ભગવદ્ ગીતા ઉપર, અસત્ પુરુષોને અત્યંત અપ્રાપ્ય એવા સનત્સુજાતીય અધ્યાત્મ ભાષ્ય તથા નૃસિંહ તાપનીય ભાષ્ય રચ્યાં. તદુપરાંત બુદ્ધિમાન પુરૂષોએ પ્રશંસા કરવા યોગ્ય ઉપદેશ સહસ્રિકા આદિ અનેક ગ્રન્થો લખ્યા. આથી કુબુધ્ધિવાળાઓએ રચેલી વિકૃત વ્યાખ્યાઓ લય પામી.

સંન્યાસીઓમાં શિરોમણિ એવા શ્રી શંકરાચાર્ય કેટલાક શિષ્યોને વેદશાસ્ત્રનું અધ્યયન કરાવતા. તે સમુદાયમાં સનંદન ગુરુનો આજ્ઞાનુવર્તી અને એકાંત પરમભક્ત હતો. તેણે સમગ્ર વેદોનું અધ્યયન કર્યું હતું, તેથી પાછળથી તેને પટ્ટ શિષ્યોમાં સ્થાન મળ્યું હતું.

આચાર્યશ્રીએ પોતાના શિષ્યોને ઉપરના ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો. તેમાં પ્રથમ શિષ્ય સનંદન (પદ્મપાદ) અત્યંત વૈરાગ્ય વૃત્તિવાળો હોવાથી, તેમજ વેદાંતના રહસ્યને સંચય કરવાના પાત્રરૂપ હોવાથી પોતાના સઘળા ભાષ્યોનો ત્રણ વાર તેને અભ્યાસ કરાવ્યો. તેના ઉપર ગુરુની અસાધારણ મમતા જોઇને અસૂયાથી ભરપૂર શિષ્યોને બોધપાઠ આપવા વિચાર કર્યો.

એક સમયે આચાર્યશ્રી શિષ્ય સમુદાયને સાથે લઇ પર્યટન કરવા નીકળ્યા. સનંદન તેમજ અન્ય શિષ્યવર્ગ આચાર્યશ્રીથી છૂટા પડી ગંગાને સામે કિનારે ફરતા હતા. તેમને સામે કિનારે જોઇ આચાર્યશ્રીએ સમયાનુકૂળ વિચાર કર્યો, કે પરીક્ષાનો આ સમય સાનુકૂળ છે. સઘળા શિષ્યોને પોતાની સાન્નિધ્યમાં આવવા બૂમ પાડી. એકાએક બૂમ સાંભળી બધા શિષ્યો વિચારમાં પડી ગયા કે ગુરુશ્રીને આમ બોલાવવાનું શું પ્રયોજન હશે? ગંગા નદીના વિશાળ પ્રવાહમાં થઇને શી રીતે જવાય? આમ કેટલાક શિષ્યો વિચાર કરવા લાગ્યા ને કેટલાક હોડી ઇત્યાદિ સાધનોની શોધખોળ કરવા મંડી ગયા. પરંતુ સનંદનને તો ગુરુશ્રીનો અવાજ કર્ણ પર પડતાં વિચાર આવ્યો, કે "ગુરુનાં વચનો તો સંસાર સાગર તારે છે, તો પછી તેમનાં વચનો શું આ નદી નહિ તરાવે?" અવાજ કર્ણ પર પડતાં જરા પણ વિલંબ ન કરતાં પૂર જોશથી વહેતી નદીના પ્રવાહમાં ગુરુના નામનું રટણ કરી ઝંપલાવ્યું, અને તેજ ધ્યાનમાં તેણે ગંગાજીમાં આગળ વધવા માંડયું. તેની અતુલિત્ ગુરુભક્તિએ કરી જેવો પાણીમાં પગ મૂકયો કે એક આશ્ચર્યકારક ઘટના બની. તેના માર્ગમાં ખીલેલાં કમળ પુષ્પો જણાવવા લાગ્યાં. સનંદન તે પદ્મપત્રો પર પગ મૂકતો મૂકતો ચાલીને સામે કિનારે જઈ ગુરુની સમીપ ઉપસ્થિત થયો, અને આજ્ઞાની રાહ જોવા લાગ્યો. સનંદનની આવી ગુરુભક્તિ જાણી ગુરુ તેને ભેટયા ને બોલ્યા, 'ધન્ય છે તારી શ્રદ્ધાને. આજથી તારૂં નામ સનંદનને બદલે પદ્મપાદ પાડું છું. તું પદ્મપાદાચાર્ય તરીકે જગમાં પ્રસિદ્ધ થશે.' થોડી વારે હોડી ઇત્યાદિ સાધનો વડે બીજા શિષ્યો આવ્યા અને સનંદનની ગુરુભક્તિ જોઇ તેમની ઇર્ષ્યાબુદ્ધિ નાશ પામી.

ભટ્ટપાદ તુષાગ્નિ પ્રવેશ.

શ્રી શંકરાચાર્યે દિગ્વિજય કરવાનો નિશ્ચય કર્યો. પોતાના રચેલા શારીરક ભાષ્ય ઉપર વાર્તિક કરાવવાની ઇચ્છાએ કર્મ-કાંડના પ્રતિપાદન કરનારા વેદજ્ઞ મહાપંડિત (કુમારિલભટ્ટ) ભટ્ટપાદ પાસે પ્રયાગમાં આવવા નીકળ્યા. જ્યાં ગંગા, યમુના અને સરસ્વતીનો પવિત્ર સંગમ છે એવા ત્રિવેણી તીર્થનું સ્તવન કરી સ્નાન કર્યું. જે માતાના ઉદરથી પોતાનો જન્મ થયો હતો તે માતાનું પણ ત્યાં શ્રી શંકરે ધ્યાન ધર્યું. સ્નાના-દિકવિધિ સમાપ્ત કરી આચાર્યશ્રી શિષ્યો સહિત પવિત્ર જાહ્નવી તટે વિસામો લેવા બેઠા. તેવામાં લોકવાયકા તેમના સાંભળવામાં આવી કે:—

"જેણે સર્વ શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું, જેણે વેદ વાકયનું પ્રામાણ્ય સિદ્ધ કરવાને ઘણે ઉંચેથી ઝંપલાવ્યું હતું, છતાં જે જીવંત રહ્યા હતા એવા મહાપુરૂષ શ્રી કુમારિલભટ્ટ, પોતાના ગુરુના મતની વિરૂદ્ધ વર્તવાથી ગુરુના આદેશમાં ક્ષીણતા આવી. એક એ દોષ અને ઇશ્વરનું નાસ્તિત્વ પ્રમાણ સિદ્ધ કર્યું એ બીજો દોષ. એ બંને દોષના પાપ નિવારણાર્થે તુષાગ્નિ કુંડમાં પ્રવેશ કરે છે." આ લોકવાયકા સાંભળતાં તત્ક્ષણ શ્રી શંકરાચાર્ય ત્યાં જાય છે ને, જુએ છે તો તુષાગ્નિ-કુંડ (ડાંગરના ફોતરાંનો અગ્નિ) માં તેઓ નિર્વિકારપણે બિરાજ્યા હતા. તેમના પ્રખ્યાત શિષ્ય પ્રભાકર તેમજ અન્ય શિષ્યો અશ્રુપૂર્ણ નયને પાસે ઉભા રહ્યા હતા. તુષાગ્નિકુંડમાં ભટ્ટપાદના

કેટલાક અંગોને આંચ લાગવાથી બળ્યાં હતાં. તેજ સમયે શ્રી શંકરાચાર્ય ત્વરાથી તેમની સમીપ આવતા જણાયા. આ જોઇ ભટ્ટપાદને ઘણો હર્ષાનંદ થયો. સમીપ આવી પહોંચતાં નમન કર્યું. પછી ભટ્ટપાદ કહેવા લાગ્યા, કે "તમારા જેવાનું દર્શન આવા સમયમાં થવું દુર્લભ છે. મેં પૂર્વે ઘણાં પુણ્યો કર્યાં હશે, જેથી મારા જીવનના અંત સમયે મને આપના દર્શનનો અલભ્ય લાભ થયો. હું મને ધન્ય માનું છું. મેં કર્મમાર્ગનો નિર્ણય કરી આપ્યો છે, ને હું વૈદિક આચારની રક્ષા કરવા કર્મમાર્ગમાં પ્રવૃત્ત થયો છું. હે વિદ્વદ્વર્ય ! આપનાં પૃથ્વી પરના આગમન પૂર્વે સઘળું જગત્ બૌદ્ધોથી છવાઇ ગયું હતું. બૌદ્ધ મતાવલંબીઓ રાજા, રાજકીય દૂતો અને અન્યને વશ કરવા બૌદ્ધ શિષ્યો સહિત બૌદ્ધ માર્ગ પ્રચાર કરતા ને વૈદિક વાકયનું કોઇ રીતે પ્રત્યક્ષ પ્રમાણ નથી, તેથી તેના પર આદર કે શ્રદ્ધા રાખો નહિ ને અમારા શાસ્ત્રોનો આશ્રય કરતા રહો' એવી ઘોષણા કરતા. આ પ્રકારનાં તેમનાં વચનો સાંભળતાં મને બહુ દુઃખ થતું. વેદ માર્ગ વિચ્છિન્ન થતો હતો. આવી પરિસ્થિતિના પ્રસંગે મેં બૌદ્ધોની સાથે વાદ વિવાદ કર્યો. પણ તેમના સિદ્ધાંતોના રહસ્યથી અજ્ઞાન હોવાને લીધે હું તેમાં ફાવી શકતો નહિ, ને શાસ્ત્રવાદમાં તેઓનો પરાજ્ય પણ કરી શક્યો નહિ. આખરે તેમના શિષ્ય થઇ રહેવાનો પ્રસંગ આવ્યો, ને તેમનો ઉપદેશ ગ્રહણ કરવાની મને ફરજ પડી. મેં બૌદ્ધાચાર્ય પાસે રીતસર શાસ્ત્રોપદેશ ગ્રહણ કર્યો, તેથી તેઓ મારા ગુરુ. પણ એ ગુરુમત મને યોગ્ય ન લાગવાથી તેની વિરૂદ્ધ આચરણ આદર્યું. તેથી તેમના આદેશમાં ક્ષીણતા આવી, ને બૌદ્ધોનો વિનિપાત થયો. તે મોટું પાપ થયું.

મહર્ષિ જૈમિનિના મીમાંસક દર્શનનો અભ્યાસ કર્યો. તે ઉપરથી ઇશ્વરનું નિરાકરણ કર્યું. ઇશ્વરનું નાસ્તિત્વ પ્રમાણ સિદ્ધ કરવાથી પણ પાપ લાગ્યું. એ બે પ્રકારે પાપ થયાના દોષ નિવારણાર્થે આ તુષાગ્નિકુંડમાં બળી મરવું છે."

આચાર્યશ્રીએ તેમનો સઘળો વૃત્તાંત જાણી લીધા પછી પોતે રચેલું શારીરક ભાષ્ય ભટ્ટપાદને દેખાડયું, ને તે ઉપર તેમને વાર્તિક કરવાની ઇચ્છા પ્રદર્શિત કરી.

ભટ્ટપાદ કહેવા લાગ્યા, 'હે વિદ્વાન! આપે બ્રહ્મસૂત્રનું ભાષ્ય રચ્યું છે એ વાત મારા સાંભળવામાં આવી હતી. એ ભાષ્ય ઉપર વાર્તિક કરવાની મને ઘણીજ ઉત્કંઠા હતી. જો તુષાગ્નિમાં પ્રવેશ કરવા પૂર્વે આપનો સાક્ષાત્કાર થયો હોત તો હું અવશ્ય આ ભાષ્ય ઉપર વાર્તિકરૂપ નિબંધ રચત, પણ થયેલા અપરાધોને લઇ મેં મારો છેલ્લો નિર્ણય કર્યો છે, તે ફેરવી શકું તેમ નથી.'

શ્રી શંકરાચાર્યે પુનઃ ભટ્ટપાદને કહ્યું, 'હું સમજું છું, કે તમે વેદોક્ત કર્મના શત્રુરૂપ બૌદ્ધોનો પરાસ્ત કરવા માટે આ પૃથ્વીપર અવતર્યા છો. બૌદ્ધ માર્ગ પ્રબળ થતાં વૈદિક-ધર્મની મહાહાનિના પ્રસંગે જે બૌદ્ધ સંપ્રદાય વૈદિક સંપ્રદાયનો વિનાશ કરવા તત્પર થએલો તેના શાસ્ત્રોનું રહસ્ય જાણી લેવા તમને એ માર્ગ અનુસરવો પડેલો માટે તમને પાપ લાગવાનો સંભવ નથી. છતાં સજ્જન પુરુષથી પાપ થાય તો તે પાપનું પ્રાયશ્ચિત કરવાનું શીખવવા આપ પ્રાયશ્ચિત કરો છો. હું મારા કમંડલુમાંથી જલ છાંટીને આપને તુષાગ્નિ-

માંથી પાવન કરી પુનર્જીવન અર્પું છું, અને આપ મારા ભાષ્ય ઉપર વાર્તિક રચો.'

ભટ્ટપાદ નમ્રતાથી કહેવા લાગ્યા, "હે મહાત્મન્! મરણની દીક્ષા લીધા પછી આપના કહેવા પ્રમાણે જો જીવતો રહી વાર્તિક કરૂં, તોપણ એ લોક વિરૂદ્ધજ કહેવાય. એમ કરવાથી પંડિતોના મંડલમાં હું નિંદાને પાત્ર થાઉં, માટે સંકલ્પ કરી લીધેલી ઉત્તમ દીક્ષા છોડી દેવાને હું જરા પણ ઈચ્છા રાખતો નથી. આપના પ્રભાવને હું સારી રીતે જાણું છું. આપ મૃત પામેલાને સજીવન કરવા સમર્થ છો, તો પછી મને જીવતો રાખો તેમાં શું આશ્ચર્ય છે! આપના કહેવા અનુસાર ન કરી શકવા માટે મને ઘણો પરિતાપ થાય છે તેની હું ક્ષમા યાચું છું. હવે મારા ઉપર અનુગ્રહ કરીને વારાણસી ક્ષેત્રમાં આપે જે તારક બ્રહ્મનો ઉપદેશ આપ્યો છે તે તારક બ્રહ્મનો ઉપદેશ મને આપી કૃતાર્થ કરો."

"અદ્વૈત મત સ્થાપવા અને તેનો પ્રચાર કરવા આપ પૃથ્વી ઉપર વિચરો છો તો મારા પ્રખ્યાત પટ્ટશિષ્ય મંડનમિશ્ર જેની કીર્તિ ચારે બાજુએ પ્રસરી રહી છે અને જે રેવાતીરે માહીષ્મતિ નગરીમાં રહે છે તેના પર શાસ્ત્રવાદથી જય મેળવો. એ પંડિતના ઉપર જય મેળવવાથી સઘળું જગત જીતાએલું ગણાશે. આપનું ધારેલું કાર્ય તે પાર પાડશે, એટલે કે આપે કરેલા ભાષ્ય ઉપર વાર્તિક કરવાનું કામ પણ તેનેજ સોંપશો. કર્મમાર્ગના સિદ્ધાંતનેજ સાચો કહેનાર મંડનમિશ્ર મહાપંડિત છે, અને પૃથ્વી પર 'વિશ્વરૂપ' નામથી પ્રસિદ્ધ છે. એ અતિ વિદ્વાન ને સમર્થકર્મકાંડ ઉપાસી હોવા ઉપરાંત સુજ્ઞાતા

છે. વળી તે ગૃહસ્થાશ્રમી છે. તેની પત્નીનું નામ ઉભયભારતી છે. તે પૃથ્વી પર સાક્ષાત્ સરસ્વતી દેવી સમાન છે. બુદ્ધિ, ચાતુર્ય, લાવણ્ય, વિવેક, વિદ્વત્તા, ન્યાય અને શીલતા વગેરે સદ્ગુણોથી તેમની કિર્તિ યશવંતી છે. તેને વાદવિવાદના પ્રસંગે મધ્યસ્થ તરીકે નીમશો, તો નિષ્પક્ષપાતે ન્યાય મેળવી શકશો. હે યતિવર! હવે આપ વિલંબ ન કરતાં મને તારક બ્રહ્મનો ઉપદેશ દઇ કૃતાર્થ કરો. એ ઇચ્છું છું." કુમારિલભટ્ટની વિજ્ઞપ્તિ સાંભળી આચાર્યશ્રીએ તારક બ્રહ્મનો ઉપદેશ કર્યો. પછી ભટ્ટપાદે તુષાગ્નિમાં પોતાના સ્થૂલ શરીરનો ત્યાગ કર્યો."

મંડનમિશ્રનો મેળાપ.

કુમારિલ ભટ્ટાચાર્યના પટ્ટ શિષ્ય મંડનમિશ્ર સાથે વિવાદ કરવાની ઇચ્છાએ શ્રી શંકરાચાર્ય રેવા તટે માહીષ્મતિ નગરીમાં આવી પહોંચ્યા. બીજે દિવસે પોતાના શિષ્યોને લઇ મંડન-મિશ્રના ઘર તરફ જવા માંડયું. માર્ગમાં મંડનમિશ્રના ઘરની દાસીઓ જળ ભરવા સારૂ જતી હતી. તેમને **કુત્રાऽऽलयो मंडन पंडितस्य** (મંડન પંડિતનું ઘર ક્યાં છે?) એ સાંભળી દાસીઓ માંહોમાંહે વિચારવા લાગી, કે ઓહો, કેવું અલૌકિક સ્વરૂપ! છતાં દંડકમંડલુ હાથમાં કેમ ધારણ કર્યું હશે? વૈરાગ્યપ્રતિ અનુગમો દર્શાવતી હોય તેવા ઉદ્ગારો બોલવા લાગી, અને તે પૈકી એક દાસીએ સંસ્કૃત ભાષામાંજ મંડન-મિશ્રના ઘરની ઓળખ આપી.

स्वतः प्रमाणं परतः प्रमाणं कीराङ्गना यत्र गिरं गिरंति ।
द्वारस्थनीडांतरसंनिरुद्धा जानीहि तन्मंडन पंडितौकः ॥

"જે ઘરના દ્વારે પાંજરાઓમાં રહેલી મેનાઓ વેદવાક્ય સ્વતઃ ઉચ્ચારે છે, જગત્ નિત્ય છે કે અનિત્ય એવા શાસ્ત્રાર્થ સંબંધી વચનો બોલ્યા કરે છે, તેને મંડનમિશ્ર પંડિતનું ઘર છે એમ જાણજો."

બીજી દાસી બોલી, "જે ઘરનાં દ્વાર પાસે નાનાં બાળકો પણ 'વેદનું વચન પોતાથીજ પ્રમાણ છે કે બીજાં શાસ્ત્રોનાં વચનોથી પ્રમાણ બને છે' એમ બોલતા જણાય તે પંડિત મંડનમિશ્રનું ઘર છે એમ સમજજો."

દાસીએ સંસ્કૃત ભાષામાં વચન કહેતાં શ્રી શંકરાચાર્યને બહુ આશ્ચર્યકારક લાગ્યું. મંડનમિશ્ર શું એવો અસાધારણ પંડિત છે, કે તેને ત્યાં પાંજરામાં પુરેલ પક્ષીઓ પણ વિચારક પ્રશ્નો ઉઠાવી તર્કવિતર્ક કરી જાણે છે? દાસીઓએ કહેલી નિશાની પ્રમાણે આચાર્યશ્રી પંડિત મંડનમિશ્રને ઘેર આવ્યા. તે દિવસે મંડનમિશ્ર પિતૃશ્રાદ્ધ કરતા હતા. તેથી ઘરનાં દ્વાર મજબૂત બંધ કર્યાં હતાં.

શ્રી શંકરાચાર્યે તે ઘરમાં પ્રવેશ કરવાનો વિચાર કર્યો. પરંતુ ઘરનાં દ્વાર બંધ હોવાથી આચાર્યશ્રીએ એકલાએજ યોગશક્તિથી તેમના ઘરમાં પ્રવેશ કરવાનો નિશ્ચય કર્યો, અને શિષ્યોને દેવાલયમાં વિશ્રામ લેવાનું કહ્યું. પોતે યોગશક્તિથી ઘરમાં પ્રવેશ કર્યો.

મંડનમિશ્ર પ્રવૃત્તિ શાસ્ત્રમાં આસ્થાવાન અને વૈદિક કર્મકાંડ ઉપર ઘણા આસક્ત હતા. તેથી તપના ભંડાર રૂપ

જૈમિનિમુનિને અને વ્યાસમુનિને પોતાને ત્યાં શ્રાદ્ધ ક્રિયા યથાવિધિ કરવાને નિમંત્રણ આપ્યું હતું. ત્યાં યોગીઓમાં ઉત્તમ એવા શ્રીશંકરાચાર્ય અંતરિક્ષથી ઉતરી વ્યાસ તથા જૈમિનિમુનિને મળ્યા. તેમને જોઇ એઓને આનંદ થયો. શ્રાદ્ધકાળે શ્રાદ્ધ કરનારે ક્રોધ ન કરવો જોઇએ એમ ધર્મ શાસ્ત્રમાં છે, તથાપિ શિખા અને યજ્ઞોપવીત વિહીન, મુંડિત મસ્તકવાળા શ્રી શંકરાચાર્યને નિહાળી મંડનમિશ્રને અત્યંત ક્રોધ થયો. શ્રાધ્ધકાળે મુંડિત મસ્તકવાળા સંન્યાસીનું દર્શન શાસ્ત્રમાં નિષિધ્ધ છે, એમ માન્યતા હોવાથી ક્રોધાવેશમાં આચાર્યશ્રીનો સત્કાર ન કરતાં કટાક્ષવાળા વચનોનો પ્રહાર કરવા માંડયો. આચાર્યશ્રીએ પણ તેમને મર્મભેદક ઉત્તરો આપ્યા. મર્મભેદક ઉત્તરોથી મંડનમિશ્રને વિશેષ ક્રોધ ઉત્પન્ન થયો. જેથી કહ્યું, જાઓ હું મૂર્ખની સાથે વાતચીત કરી મારો સમય વ્યતીત કરવા નથી ઇચ્છતો. એમ બોલી પોતાનું બોલવું બંધ કર્યું. તે સમયે નિમંત્રેલા પંડિતો વ્યાસ અને જૈમિનિએ મંડનમિશ્રને કહ્યું, કે "જેને આત્મતત્ત્વનું સંપૂર્ણ જ્ઞાન છે, જે અદ્વૈતમતને સ્થાપન કરનાર છે, તેવા આ સંન્યાસીઓમાં ઉત્તમ પુરુષ તરફ દુર્વચનોનો પ્રહાર કરવો એ સજ્જન પુરુષનું ભૂષણ નથી. એ વ્યકિત યતિ છે એટલે તે નારાયણ સ્વરૂપ છે. તેથી તેમની સાથે આદરથી ભાષણ કરી તેઓને ભિક્ષાનું નિમંત્રણ કરો. શ્રાધ્ધકાળે ક્રોધ કરવો ઇષ્ટ નથી. મધ્યાહ્ન સમયે કોઇ અતિથિ ગૃહસ્થને ઘેર આવે, તો ગૃહસ્થાશ્રમધર્મ જેણે ધારણ કરેલ છે તેણે તેનો યોગ્ય સત્કાર કરવો ઘટે છે." એ રીતે બુદ્ધિશાળી પુરુષોમાં અગ્રણી એવા વેદ વ્યાસે વિધિને જાણનાર અને પોતાની આજ્ઞામાં રહેનારા એવા મંડનમિશ્રને ઉત્તમ પ્રકારની

શિખામણ દીધી, અને ગૃહસ્થાશ્રમ ધર્મ સમજાવ્યો. એ પ્રમાણેનાં વચનો શ્રવણ કરી મંડનમિશ્રે પોતાને ત્યાં આવેલા અતિથિને વેદ વ્યાસની આજ્ઞાથી આદરપૂર્વક ભિક્ષાને માટે નિમંત્રણ કર્યું.

શ્રી શંકરાચાર્યે કહ્યું, "મંડનમિશ્ર! મારે અન્ન ભિક્ષા લેવા માટે અહિં આવવું થયું નથી. પરંતુ શાસ્ત્રવિવાદ-રૂપી ભિક્ષા લેવાની ઇચ્છાએ તમારી પાસે આવવું થયું છે, માટે તમારે મને એ ભિક્ષા આપવી જોઇએ. આપણામાંથી જે પરાજય પામે તે શિષ્યત્વ સ્વીકારે. એ સિવાય બીજી ભિક્ષાની મને ઇચ્છા નથી. વેદાંત શાસ્ત્રના માર્ગનો વિસ્તાર કરવાની મને ઇચ્છા છે. તમે કે જે યજ્ઞ કાર્યમાં શ્રદ્ધા રાખનાર માત્ર કર્મકાંડનાજ ઉપાસક હોઇ જે સંસારનો તાપ મટાડવાવાળા વેદાંત માર્ગ પ્રત્યે તિરસ્કાર બતાવો છો, તેનોજ હું હમણાં જગત્‌માં વિસ્તાર કરવા પ્રયત્ન કરી રહ્યો છું; તમે એ મારા ઉત્તમ માર્ગનો આશ્રય કરો અગર મારી સાથે વિવાદ કરો, નહિ તો ઋષિમુનિઓ સન્મુખ પરાજિત થએલા ગણાશો." આ પ્રમાણેનું અર્થયુક્ત શ્રી શંકરાચાર્યનું વાક્ય સાંભળી અપૂર્વ તિરસ્કારથી વિસ્મય પામેલા મહાપંડિત મંડનમિશ્ર પોતાની પ્રતિષ્ઠાનું ગૌરવ ધરાવી બોલ્યા, "આ મંડનમિશ્ર (હું) કદી પણ 'પરાજય' એમ કહેનાર નથી. તેમ શ્રુતિઓએ સ્વીકારેલા કર્મકાંડના સિદ્ધાંતને છોડી વેરાગીઓના કપોલ કલ્પિત મતમાં પડનાર નથી. હું કે જે 'કોઇ સમયે મહાપંડિત ઉદય પામશે અને તેમની સાથે મારે રસમય વિવાદ થશે' એવી અનેક દિવસોથી મારા હૃદયમાં અભિલાષા ધરાવી રહેલો છું.

તે આજ મારી ઇચ્છા પુરી થવાનો સમય આવી પહોંચ્યો જાણી મને સંતોષ થાય છે."

"હે મુનિ! 'વાદરૂપી ભિક્ષા આપો' એમ કંગાલપણે માગવાની કંઇ જરૂર ન હતી; કારણ કે હું વાદની વાત સાંભળું છું ત્યારે સદા સજ્જ રહું છું અને વિવાદ કરવા તત્પર થાઉં છું. પણ આજ લગી મને વાદ કરનારો કોઇ મળ્યો નથી. હું કોઇ પણ સારા વાદકર્તાની રાહ જોઇ બેઠો છું. કોઇ સમર્થ મહાપંડિત સાથે શાસ્રાર્થ થાય તો પૃથ્વી ઉપર વસનારા બીજા મહાપંડિતોને મારો બુદ્ધિપ્રભાવ કેવો છે તે જોવાની ને જાણવાની તક મળે. પરંતુ એ મારી ઇચ્છા પાર પાડનાર આપ મારે ઘેર પધારેલા હોવાથી હું તેને ઉત્સવ સમાન ગણું છું. હું સારી રીતે જાણું છું, કે આપ સર્વ વિવાદકોમાં ઉત્તમ વિવાદક છો, વળી ભિક્ષુ છો, જ્યારે હું ગૃહસ્થાશ્રમીઓમાં ઉત્તમ ગૃહસ્થાશ્રમી છું. અહો આ પ્રસંગ પ્રાપ્ત થવાથી હું આજ મને ભાગ્યશાળી થયો માનું છું. આપ જેવા મારી સાથે શાસ્રાર્થ સંબંધી ચર્ચા કરવા પધાર્યા છો, તો વિવાદની ચર્ચા આવતી કાલથી ચલાવીશું- હાલ હું શ્રાદ્ધાદિક કર્મ પૂર્ણ કરવાની વાસના રાખું છું. નિમંત્રેલા પંડિતોએ પોતાના સમયનો આજે ઘણો ભોગ મારે ખાતર આપ્યો છે, અને હજી પણ શ્રાદ્ધાદિક ક્રિયામાં સમય વ્યતીત થવાનો, એટલે વિવાદને માટે અવકાશ રહેશે નહિ. શ્રી શંકરાચાર્યે તે વાતનો સ્વીકાર કરતાં આવતી કાલે વાદ સંબંધી ચર્ચા ચાલશે એમ નકકી કરી મંડનમિશ્રે વેદવ્યાસ તથા જૈમિનીમુનિને મધ્યસ્થ રહેવા વિનંતિ કરી. મંડનમિશ્રનાં ધર્મ-

પત્ની સરસ્વતીનો અવતાર છે એ બંને મુનિઓ જાણતા હોવાથી મંડનમિશ્રને કહ્યું, કે તમારાં પત્ની જે મહાપંડિતા છે તેનેજ મધ્યસ્થ રાખવાં, એમ અમારી સંમતિ છે. તેજ તમારા વાદનો છેવટનો નિર્ણય આપશે. અમને ખાતરી છે કે વિવાદના મધ્યસ્થ કાર્યમાં તે શાંત રહી નિષ્પક્ષપાતે વાજબીજ રહેશે. આ શરત શ્રી શંકરાચાર્યે સ્વીકારી. વિવાદના નિરાકરણનું કામ મંડનમિશ્ર પ્રતિપક્ષી હોવા છતાં તેમનાં પત્ની ઉભય ભારતીના હાથમાં સોંપવું એ એમના હૃદયની કેટલી વિશાળતા દેખાડે છે.

ભારત વર્ષના બે મહાન્ સમર્થ વિદ્વાનોના શાસ્ત્રાર્થનો નિર્ણય આપવા એક સ્ત્રીને નીમવામાં આવે, ત્યારે એ સ્ત્રીની યોગ્યતા કેવી હોવી જોઇએ અને ભારતીય સ્ત્રી વર્ગની સુશિક્ષિતતા પ્રત્યે કેટલું માન હતું, તે આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે. મંડનમિશ્ર મુનિઓની એ આજ્ઞાને પત્નીની સંમતિ લઇ સ્વીકારી શ્રાદ્ધાદિક ક્રિયા પૂરી કરવા તત્પર થયા. શ્રી શંકરાચાર્ય રેવાજીના તટે દેવાલયમાં જ્યાં શિષ્યોને વિશ્રામ લેવા કહ્યું હતું ત્યાં આવ્યા. શ્રી શંકરાચાર્ય વેદ વ્યાસ અને જૈમિનિમુનિ જેવાનાં દર્શન થવાથી બહુ રાજી થયા. પોતાના શિષ્યોને અમૃતતુલ્ય વચનોનો બોધ આપી રાત્રી વ્યતીત કરી.

મંડનમિશ્ર અને શ્રી શંકરાચાર્ય.

બીજે દિવસે પ્રાતઃકાળ થતાં શ્રી શંકરાચાર્ય સ્નાનાદિ નિત્ય કર્મથી પરવારી ઉત્તમ શિષ્યગણુ સાથે પંડિત મંડનમિશ્રને ત્યાં આવી સભાના મધ્યભાગમાં બિરાજ્યા. આચાર્યશ્રીના આગમન અગાઉ આ વિવાદ સાંભળવાની ઉત્સુકતાવાળા મોટા મોટા પંડિતો આવીને શાંતિથી બેસી ગયા હતા. મંડનમિશ્ર સઘળી વિદ્યાઓમાં પારંગત થએલાં પોતાનાં પત્ની ઉભયભારતીસહ સભામાં ઉપસ્થિત થયા, અને પોતાનાં પત્નીને યથાસ્થાને બેસવા સૂચન કર્યું. એ પતિવ્રતા ઉભયભારતીએ પોતાના તથા શ્રી શંકરાચાર્યના શાસ્ત્રાર્થમાં ન્યૂનાધિકપણુાના નિશ્ચય માટે મનોહર પુષ્પમાળા લાવીને બન્નેના કંઠમાં એકેક માળા પહેરાવી, અને કહ્યું, કે 'જેના ગળાની માળા કરમાઇ જશે તેનો પરાજય થયો ગણુાશે.' એટલું બોલીને ગૃહકાર્યમાં આસક્તિવાળાં, તે પોતાના પતિ માટે માધ્યાન્હિક ભોજન, અને અતિથિ શ્રી શંકરાચાર્ય સારૂ ભિક્ષા તૈયાર કરવા પ્રવૃત થયાં. પરસ્પર એક બીજાને જીતી લેવાની ઉત્કંઠા ધરાવતા શ્રી શંકરાચાર્ય અને મંડનમિશ્ર પંડિતોએ શાસ્ત્રાર્થ શરૂ કરવા અગાઉ શરત કરી. જે વાદમાં પરાજય પામે તે જીતનારનું શિષ્યત્વ સ્વીકારે. અદ્વૈતવાદી શ્રી શંકરાચાર્યે કહ્યું, "ब्रह्म सत्यं" બ્રહ્મ સત્ય છે, એવો જ્ઞાનમાર્ગ હું સિદ્ધ કરી બતાવીશ. જો હું તેમાં પરાજય પામું તો ભગવાં વસ્ત્રનો પરિત્યાગ કરી તમારા જેવાં ધોળાં વસ્ત્રો પહેરી ગૃહસ્થી થઇશ. જો તમે આ વાદમાં પરાજય પામો તો ભગવાં વસ્ત્ર પહેરી મારા શિષ્ય થાઓ."

મંડનમિશ્રે કહ્યું 'વેદના કર્મકાંડરૂપ ભાગ છે તે સત્ય છે. જ્યાં સુધી જીવન રહે ત્યાં સુધી એટલે કે મનુષ્યે જીવનનાં અંત પર્યંત અગ્નિહોત્રાદિ કાર્યો કરવાં જોઈએ. ફલદાતા કર્મ છે. એમ હું સિદ્ધ કરીશ. આ વિષયમાં જે પરાજય પામે તેણે શિષ્યત્વ સ્વીકારવું.' એમ કહી વિવાદ વિષય અસંખ્ય પંડિતો સન્મુખ મૂકી પોતપોતાના મતો સિદ્ધ કરવા ઉપર દ્રષ્ટિ રાખીને વાદ કરવા લાગ્યા. તે સમયે સાંભળવાની અને જાણવાની ઉત્સુકતાવાળા મોટા મોટા પંડિતો આ સભામાં હાજર હતા. તેઓ આ બે મહા સમર્થ વિદ્વાનો પરસ્પર એક બીજાના ઉત્તરોનું કેવી રીતે ખંડન કરતા ને પોતાના પક્ષનું કેવી રીતે મંડન કરતા તે જોઇને એઉની વિદ્વતાની વાહવાહ પોકારતા. એથી બન્નેનો જયાભિલાષ વધવા લાગ્યો. મંડનમિશ્ર કર્મમાર્ગનું પ્રતિપાદન કરતા અને જ્ઞાનમાર્ગનું ખંડન કરતા. જ્યારે શ્રી શંકરાચાર્યે જ્ઞાનમાર્ગનું મંડન કરીને કર્મમાર્ગનું ગૌણપણું બતાવવા માંડયું. આ પ્રકારે બન્ને વચ્ચે દરરોજ વિવાદ ચાલતો, પણ એ બન્ને બુદ્ધિમાન પુરુષમાંથી કોઇને ક્ષોભ થતો નહિ. તેમજ કોઇના મુખ ઉપર આવેશનાં ચિહ્નો પણ જણાતાં નહિ. ફક્ત પોતાના મતની વિરુદ્ધ જે શાસ્ત્રીય દલિલ હોય તે વડે તેનું ખંડન કરતા. આવી રીતે કેટલાક દિવસો સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. કોણ હારશે અને કોણ જીતશે તે સમજવું પણ મુશ્કેલ થઇ પડતું. શાસ્ત્ર સંબંધી ઘણાજ કૂટ પ્રશ્નોત્તરો થતા. અંતે શ્રી શંકરાચાર્યે શ્રુતિઓના પ્રમાણ સિદ્ધ શાસ્ત્રાર્થ વડે કર્મમાર્ગ કરતાં જ્ઞાનમાર્ગનું શ્રેષ્ઠત્વ બતાવ્યું અને મંડનમિશ્રને નિરુત્તર બનાવ્યા. જેથી મંડનમિશ્રના કંઠની પુષ્પમાળા કરમાઇ. મંડનમિશ્રનું વદન નિસ્તેજ જણાવા લાગ્યું.

ઉભયભારતી (સરસ્વતી) સમજી ગયાં. શ્રી શંકરાચાર્યનો જય થયેલો જાહેર કર્યો.

દરરોજ મધ્યાહ્ન સમયે મંડનમિશ્રને ભોજન માટે પધારો અને શ્રી શંકરાચાર્યને ભિક્ષા લેવા પધારો. એમ કહી બોલાવતાં પણ આજે મંડનમિશ્રના પરાજયથી પોતાના પતિ તથા શ્રી શંકરાચાર્ય બન્ને માટે સામાન્ય આમંત્રણ આપી કહ્યું, કે "સમય થયો હોવાથી ભિક્ષા લેવા પધારો" આથી મંડનમિશ્ર પણ ભિક્ષાના અધિકારી થયા. એવું અર્થયુક્ત વાક્ય ઉચાર્યું.

મંડનમિશ્રનો પરાજય.

મંડનમિશ્રનો પરાજય જાહેર થયા પછી સંન્યાસીઓમાં સર્વોપરી શ્રી શંકરાચાર્ય મંડનમિશ્રના મનની અન્ય કંઈ શંકા હોય તે જાણવા ઉત્સુક થયા. તેથી મંડનમિશ્ર આચાર્યશ્રી પ્રત્યે કહેવા લાગ્યા, કે "મારો પરાજય થવાથી મને જરા પણ ખેદ થતો નથી, પણ મહર્ષિ જૈમિનિના વચનોનું ખંડન થવાથી મને બહુ પરિતાપ થાય છે." આચાર્યશ્રીએ તેમને કહ્યું, "મહર્ષિ જૈમિનિમુનિના મતનું જરા પણ ખંડન થયું નથી, પણ જૈમિનિમુનિના અભિપ્રાયનું યથાર્થપણું સમજી શકાયું નથી. તેમના મતનું સત્યાસત્ય સમજવામાં તમારી સમજફેર હતી. જૈમિનિમુનિએ અનુમાનથી પરમેશ્વરનું નિરાકરણ કર્યું છે, પણ વેદ વચનના બળે પરમેશ્વરનું નિરાકરણ કર્યું નથી.

જૈમિનિમુનિનો સૂત્રાર્થ સ્પષ્ટ કરી સમજાવ્યો. આ જગત્‌નો કર્તા પરમેશ્વર ને પરમેશ્વરથીજ જગત્‌ની ઉત્પત્તિ છે, એમ આચાર્યશ્રીએ યોગ્ય રીતે એનું નિરાકરણ કર્યું. તો પણ મંડનમિશ્રના મનનું સમાધાન થયું નહિ. પછી ઉક્ત સ્થાન પર જૈમિનિમુનિ સમાન એક મીમાંસક પંડિતે ઉપસ્થિત થઇને કહ્યું, 'હે વત્સ! શ્રી શંકરે જમિનિ સૂત્રનો જે અર્થ કર્યો છે, તે યથાર્થ છે. હવે દૂરાગ્રહ છોડી દો, અને તેમનોજ તમારે સ્વીકાર કરવો. હવે મનમાં કોઇ પણ જાતનો સંદેહ ધરશો નહિ. શ્રી શંકરાચાર્ય ત્રિકાલવેત્તા છે. સતયુગમાં કપિલમુનિએ સાંખ્ય મતનો પ્રકાશ કર્યો છે, ત્રેતાયુગમાં ગુરુદત્તાત્રયે યોગમાર્ગ બતાવ્યો છે, દ્વાપરયુગમાં વ્યાસજીએ વેદાંત દર્શન કરાવ્યું છે, તેમ આ કલિયુગમાં અદ્વૈતમતનો પ્રચાર કરવાના હેતુએ શ્રી શંકરનો અવતાર થયેલો છે. તેમના અભિપ્રાયનો તમે શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરજો. તેથી આ ભવસાગર તરી જશો એમાં સંદેહ ધરશો નહિ. એટલું કહી ઉક્તસ્થાન પર ઉપસ્થિત થયેલ પંડિત વિદાય થયા. મંડનમિશ્રે નમ્ર ભાવે પોતાનો પરાભવ સ્વીકારી લીધો. સભામાં બિરાજેલા સર્વ અત્યંત સંતુષ્ટ થયા. મંડનમિશ્ર દંડવત્ પ્રણામ કરી સ્તુતિ કરવા લાગ્યા, "હે પ્રભુ! આપના ખરા સ્વરૂપથી અજ્ઞાત હોવાને લીધે મારાથી જે અવિનય થયો હોય તેને માટે હું આપની પાસે ક્ષમા યાચું છું. આપે કૃપા કરી મારો ઉદ્ધાર કર્યો. આપના પવિત્ર દર્શનથી હું કૃતજ્ઞ થયો છું. મારા સર્વ સંશયો દૂર થયા છે. હું આપની સર્વ આજ્ઞાઓ શિરસાવંદ્ય ગણી તે પ્રમાણે વર્તવા તૈયાર છું. હવે સ્ત્રી, પુત્ર તથા ગૃહસ્થોચિત્ કર્મનો પરિત્યાગ કરી આપને શરણ થાઉં છું."

શ્રી શંકરાચાર્યે મંડનમિશ્રનાં વચન સાંભળી તેને સંન્યસ્તદીક્ષા આપવાનું નક્કી કર્યું. આચાર્યની ઇચ્છા પોતાના સ્વામીને સન્યસ્તદીક્ષા આપવાની જાણી ઉભયભારતી બોલ્યાં, "હે યતિવર! આપે મારા સ્વામીનો પરાજય કર્યો તેથી મારા પતિ નિશ્ચય આપનું શિષ્યત્વ ગ્રહણ કરશે, પણ સ્ત્રી એ પુરુષની અર્ધાંગના કહેવાય છે માટે જ્યાં સુધી હું પરાજીત થાઉં નહિ ત્યાં સુધી મારા પતિ પરાજીત થયા ગણાય નહિ. આપ મારી સાથે શાસ્ત્રાર્થ કરી મને વાદમાં પરાજય કરો, પછી મારા સ્વામીને શિષ્ય કરો."

શ્રી શંકરાચાર્યે કહ્યું, 'તમે બોલો છો તે સત્ય છે પણ અમારાથી સ્ત્રીની સાથે વાદ થાય નહિ. તેથી તમારી સાથે વાદ કરવા ઇચ્છતો નથી.' આચાર્યશ્રીનાં ઉત્તરમાં સરસ્વતીએ જણાવ્યું, 'કે આપ તો મહા જ્ઞાની છો. પૂર્વે ગાર્ગી અને યાજ્ઞવલ્કયે શાસ્ત્રાર્થ કરેલો તથા મહદ્જ્ઞાની રાજર્ષિ જનકે સુલભા નામની અબલા સાથે સંવાદ કરેલો છે. આપ પણ મહા જ્ઞાની છો, મારી સાથે શાસ્ત્રાર્થ કરવામાં કાંઇ હરકત નથી.' ઉભય ભારતીનાં યુકિતપૂર્વક વચનો સાંભળી આચાર્યશ્રીએ તેમની સાથે વાદવિવાદ કરવાનું સ્વીકાર્યું. પછી ઉભયભારતી અને શ્રી શંકરાચાર્ય વચ્ચે વિવાદ શરૂ થયો. બંનેનું બુદ્ધિચાતુર્ય જોવા મોટા પંડિતોની સભા એકત્ર થએલી. સભામાં બેઠેલા પંડિતો વિસ્મિત થયા. એ રીતે બંનેના વિવાદમાં સત્તર દિવસો વહી ગયા, પણ કોઇનો જય કે પરાજય થયો નહિ. ત્યારપછી ઉભય ભારતીએ શંકરને પરાસ્ત કરવા માટે એક વિકટ માર્ગ આદર્યો.

આ યતિવરે બાળપણથીજ સંન્યસ્ત ધારણ કરેલ છે, એમણે ગૃહસ્થાશ્રમ બીલકુલ ભોગવ્યો નથી, તેથી તે કામશાસ્ત્રના પ્રશ્નોના ઉત્તરો આપી શકશે નહિ, માટે તેવા ગુંચવાડા ભર્યા પ્રશ્નોદ્વારા તેમનો પરાજય થઇ શકશે, એમ કલ્પી કામશાસ્ત્ર સંબંધિ પ્રશ્નો પૂછવા શરૂ કર્યા. શંકરાચાર્ય તે પ્રશ્નોના ઉત્તરો આપવા અસમર્થ બન્યા. તેમણે વિચાર્યું, કે જો હું એ કામશાસ્ત્રોના પ્રશ્નોના ઉત્તરો આપીશ તો સંન્યાસી ધર્મનો ભંગ થયેલો ગણાશે અને નહિં આપું તો અસર્વજ્ઞપણું માલમ પડશે. હવે મારે શું કરવું? આ પ્રશ્નોના ઉત્તરો અપાય તોજ સંપૂર્ણ જય કહેવાય. શંકર વિચાર કરવા થોડો સમય શાંત રહ્યા. પછી કહ્યું, 'હે દેવી! આ પ્રશ્નો મારા સંન્યાસીપણાના અનુભવ બહારના પૂછયા છે, માટે આ પ્રશ્નોના ઉત્તરો દેવાને મને એક માસની અવધિ આપશો. અવધિમાં એ સઘળા પ્રશ્નો સંબંધિ મારે વિચાર કરવો પડશે. સરસ્વતીએ કહ્યું, વારૂં. પણ પછી ઉત્તરો નહિ આપી શકો તો તમારો પરાજય થયેલો ગણાશે.

આચાર્યશ્રીએ તે વિષે કબુલાત આપી ને શિષ્યો સહિત ત્યાંથી પ્રશ્નોના અભ્યાસાર્થે પ્રયાણ કર્યું. સર્વજ્ઞપણે ઉત્તરો આપતાં સંન્યાસીપણાનો ભંગ થવાનું ધર્મસંકટ તેમના પર આવી પડયું. સંકટ સમયે સુજ્ઞ અને ધૈર્યવાન પુરુષો આવી પડેલી મુંઝવણનો ઉકેલ લાવવા પ્રતિકાર કરે છે. તે અનુસાર શ્રી શંકરાચાર્યે યોગસિદ્ધિના પ્રભાવે જગત્ તરફ દ્રષ્ટિ કરી તો અમરક નામે એક રાજાને પૃથ્વી પર અંતકાળની સ્થિતિએ જોયો. રાજાની રાણીઓ, મંત્રીઓ, આપ્તજનો અને નોકરો

વગેરે અત્યંત શોકમગ્ન સ્થિતિમાં જોયાં. તેવો પ્રસંગ જોઇ શ્રી શંકરાચાર્ય પોતાના શિષ્યો પ્રત્યે કહેવા લાગ્યા, કે 'હે શિષ્યો ! હું મારી સર્વજ્ઞતા સિદ્ધ કરવા આ અંતકાળ સ્થિતિને પામેલા રાજાના શરીરમાં થોડો વખત યોગથી પ્રવેશ કરી રાજ્ય ભોગવી તે રાજાની રાણીઓથી કામશાસ્ત્ર જાણી તેના પુત્રનો રાજ્યાભિષેક કરાવી પાછો આવીશ અને વાદના ઉત્તરો આપવા હાજર થઇશ.'

ગુરુશ્રીની આ વાત સાંભળી પદ્મપાદે કહ્યું, "હે ગુરુ ! આપનાથી કશું પણ અજાણ્યું નથી. આપ મારો અવિનય ક્ષમા કરશો. પૂર્વે મત્સેંદ્ર નામના મહાત્માએ પોતાના શરીરની રક્ષા કરવા કોઇ એક રાજાના મૃત શરીરમાં પ્રવેશ કર્યો હતો. એ યોગી મહાત્માએ પોતાના શિષ્યોને સ્થૂલ શરીરની રક્ષા કરવા આજ્ઞા કરી હતી. પછી તે રાજાના દેહમાં રહેલા મહાત્મા પોતાના અસલ સ્વરૂપને વિસ્મૃત થઇ ગયા હતા. વિસ્મૃત થયેલી વાત યાદ આપવા શિષ્યને તેમની પાસે જવું પડયુ હતું. હે ગુરુજી ! આ પ્રસંગ પણ એવા પ્રકારનો છે. તેનો આપે વિચાર કરવાનો છે. આપ નિંદિત કામશાસ્ત્રનો અભ્યાસ કરવા જતાં જગત્ આપને દોષ દ્રષ્ટિએ નહિ નિહાળશે ?" શ્રી શંકરાચાર્ય પદ્મપાદ પ્રત્યે બોલ્યા, કે 'તમે જે કહ્યું તે યોગ્ય છે, પણ સાંભળો:—શ્રી કૃષ્ણ સાથે ગોપીઓ સંગિની થવા છતાં કામકૃતનો દોષ લાગ્યો નથી. જે વ્યક્તિને વૈષયિક પદાર્થ ઉપર વીતરાગ થયો છે, તેનું મન વિષયવાસના કરી શકતું નથી. મનના સંકલ્પજ સઘળી અભિલાષાનું મૂળ છે. સંસાર અનિત્ય છે, ખરાબ છે, દુઃખરૂપ છે, એવું ચિંતવન

જેને થયા કરે છે, એ પુરુષને સંસારનો પાશ લાગતો નથી. સારાંશ કે આ શરીરથી કદી કામશાસ્ત્રનો અભ્યાસ કરવામાં આવે તોપણ મને કોઇ જાતનો દોષ લાગી શકે તેમ નથી. છતાં શિષ્ટ લોકોની મર્યાદાના રક્ષણાર્થે બીજા શરીરમાં પ્રવેશ કરી અભ્યાસ કરવાનો મેં પ્રયત્ન આદર્યો છે.' આ પ્રમાણે પદ્મપાદનો સંશય દૂર કરી એક તળાવ આગળ પોતાના સ્થૂલ દેહને એક ગુફામાં સાચવી રાખવાનું કહી આચાર્યશ્રીએ સૂક્ષ્મ દેહથી અમરક રાજાના દેહમાં પ્રવેશ કર્યો.

અભ્યાસી શંકર.

આચાર્યશ્રીએ યોગબળે અમરક રાજાના મૃત દેહમાં મસ્તકના રંધ્ર માર્ગમાં થઈ અગ્ર ભાગ સુધી ધીરે ધીરે પ્રવેશ કર્યો. જેથી મૃત પામેલા રાજાના શરીરમાં ચેતના આવી, અવયવો હાલતા થયા, નેત્ર ઉઘડ્યાં ને આળસ મરડીને ઊઠ્યો. આ રીતે થવાથી રાજાની આસપાસ બેઠેલી રાણીઓ, મંત્રીઓ વગેરે આશ્ચર્ય પામ્યા અને સૌને આનંદ થયો. ચારે તરફ વિજળીક વેગે રાજા પુનઃ જીવંત થવાના સમાચાર ફેલાઇ ગયા. રાજાના કલ્યાણાર્થે ધાર્મિક ક્રિયાઓ થવા માંડી. નગરમાં જુદી જુદી જાતનાં મંગળ વાદ્યો વાગવા માંડ્યાં. એમ આખાએ નગરમાં આનંદ આનંદ છવાઇ રહ્યો. આ દેવાંશી રાજા રાજ ચલાવે એટલે તેમાં કાંઇ પૂછવાપણું હોય? સઘળી પ્રજાને દિન પ્રતિદિન

અત્યંત સુખ મળવા લાગ્યું. મંત્રીઓ પણ એમના રાજ્ય-કારભારથી આનંદ–સુખ ભોગવવા લાગ્યા.

રાજા મૃત પામીને ઉઠતાં અગાઉ માફક ન જણાતાં ઉત્તમ દિવ્ય ગુણોથી ભરપૂર શોભવા લાગ્યો. આવો અસાધારણ એકાએક ફેરફાર જણાવાથી મંત્રીઓ કાંઇક સંદેહવાળા થયા, અને પરસ્પર કહેવા લાગ્યા, કે "નિશ્ચય કોઇ મહા યોગી પુરૂષે રાજાના દેહમાં પ્રવેશ કર્યો છે. હવે તે પોતાના અસલ દેહમાં ન જઇ શકે, તેવો ઉપાય યોજવો જોઇએ." એ પ્રમાણે ગુપ્ત સંકેત કર્યો. રાજસેવકોને આજ્ઞા કરી, કે "જો કોઇ સ્થળે મૃત દેહ માલમ પડે તો કંઇ પણ વિચાર કર્યાં વિના તત્ક્ષણ બાળી નાંખજો."

આ રીતે શંકર કામશાસ્ત્ર વિષે જ્ઞાન મેળવવાની ઇચ્છાએ, વિશ્વાસુ મંત્રીઓ ઉપર રાજ્યભાર નાંખી, પોતે ભોગ વિલાસ ભોગવવા લાગ્યા. સ્ત્રીઓના સમાગમમાં રહીને નાના તરેહની રમત ગમતો રમી, રાણીઓની સાથે રહી દુર્લભ સુખનો ઉપભોગ કરી કામદેવની કળા[1] વગેરેનું સંપૂર્ણ જ્ઞાન મેળવ્યું.

અભ્યાસી શંકરે પોતાના સ્થૂલ શરીરની રક્ષા શિષ્યોને સોંપી હતી. એ કાળને મહિનો થવા આવ્યો. તેઓ વિચારવા

---

[1] કામદેવની સોળ કળાઓનાં નામ :—

૧ શ્રદ્ધા, ૨ પ્રીતિ, ૩ રતિ, ૪ ધૃતિ, ૫ કીર્તિ, ૬ મનોભવા ૭ વિમલા, ૮ મોહિની, ૯ ઘોરા, ૧૦ મદનોત્યાદિની, ૧૧ મદા, ૧૨ મોહિની, ૧૩ દીપની, ૧૪ વશકરી, ૧૫ રંજની અને ૧૬ મદના. શુકલપક્ષમાં અને કૃષ્ણપક્ષમાં કામકળાની અવસ્થિતિનો નિયમ કેવો હોય છે, ઇત્યાદિ અનેક વિષયોમાં પ્રવીણ થયા.

લાગ્યા, કે ગુરુશ્રીએ એક માસની મુદત નિર્ધારિત કરેલ છે. છતાં સ્વદેહમાં હજી આગમન થયું નહિ. તેથી કેટલાક એમના સ્થૂલ દેહના સંરક્ષણાર્થે રહી, અન્ય શોધ કરવા નીકળી પડ્યા. ક્યાં જવું? કઇ બાજુ જવું? કોની પાસે જવું? શું કરવું? કેવી રીતે ગુરુદેવનો પત્તો લાગે? વળી હાલ બીજા દેહમાં ગુપ્ત રીતે છે. આપણો ત્યાગ કરી ગયા છે એટલે પૂછવું પણ કોને? આથી પદ્મપાદે કહ્યું, 'ભાઇઓ! હવે ખેદ કરવાથી કે વિચારો કરવાથી શું થાય? આપણે બધા હવે તેમની તપાસ કરવાને યત્ન કરવા લાગીએ, તો અતિ દુર્લભ પદાર્થ પ્રાપ્ત થાય. વળી તેઓ જે દેશમાં હશે તે દેશમાં અતિ આબાદી હશે, અને સર્વ પ્રજા સુખી હશે. મનુષ્યો પોત પોતાના ધર્મમાં આસક્ત રહેનારા અને રોગ રહિત હશે. તેમની પ્રશંસા ચોતરફ ફેલાતી રહી હશે.' આવા પ્રકારની વાત પદ્મપાદના મુખમાંથી સાંભળી સઘળા શિષ્યોએ ખેદ કરવો છોડી દીધો અને ગુરુદેવની શોધમાં નીકળી પડયા, તેઓ સર્વે જુદીજુદી દિશાએ મોટાં નગરોમાં તપાસ કરવા લાગ્યા. તપાસ કરતાં કરતાં અમરક રાજાના રાજ્યમાં આવી પહોંચ્યા. જ્યાં નગરવાસીઓની વાત ઉપરથી જણાયું, કે અહીં અમરક રાજા મૃત્યુવશ થયેલો પુનઃસજીસન થઇ રાજ્ય કરે છે. તે સાંભળી પોતાના ગુરુ હોવાનું સંભવતાં પદ્મપાદાદિ શિષ્યોએ ગાયકનો વેશ ધારણ કરી રાજ્યસભામાં રાજા સન્મુખ માર્મિક ગાયન ગાયું. રાજાએ આવેલા ગાયકોને આશ્વાસન આપી વિદાય કર્યા. પછી આચાર્યશ્રીએ જે રીતે રાજાના દેહમાં પ્રવેશ કર્યો હતો તેજ રીતે પોતાના અસલ સ્થૂલ શરીરમાં પ્રવેશ કરવા વિચાર કર્યો. ત્યાં પોતાનું શરીર

અગ્નિથી બળતું હોવાનું યોગ દ્રષ્ટિથી જણાયું. મંત્રીઓએ મને આ શરીમાંથી નહિ ખસવા દેવાને મારા આ સ્થૂલ શરીરને શોધી અગ્નિ મૂકાવ્યો છે. એમ જાણી પોતાના બળતા શરીરમાં પ્રવેશ કરી દીધો. શ્રી શંકરાચાર્યના આત્માનો પ્રવેશ થતાં એ સંન્યસ્ત આશ્રમવાળો સ્થૂલ દેહ ચૈતન્ય દશાને પ્રાપ્ત થઇ આગળ માફક ઉભો થયો. પછી અગ્નિની શાન્તિ માટે નૃસિંહ ભગવાનની બાર શ્લોક વડે શ્રી શંકરાચાર્યે સ્તુતિ કરી, (શંકરાચાર્યકૃત લક્ષ્મી નૃસિંહ સ્તોત્ર) એટલે નૃસિંહ ભગવાનની કૃપાથી પ્રબળ અગ્નિ શાંત થયો, અને પર્વતની ગુફામાંથી શ્રી શંકરાચાર્ય બહાર આવ્યા. ત્યાર પછી પોતાના શિષ્યો સહિત મંડનમિશ્રને ઘેર પધાર્યા. મંડનમિશ્રે અગાઉ માફક ન રહેતાં ગર્વ રહિત થઇ શ્રી શંકરાચાર્યનું પૂજન કર્યું, અને નમ્રભાવે કહ્યું, "હે યતિવર, આ શરીર તથા ઘર આદિ જે કંઇ છે તે સઘળું આપનુંજ છે." એમ બોલતાં બોલતાં ચરણકમલમાં પડયો.

ઉભયભારતીએ પ્રેમથી પોતાનું શરીર નમાવી કહ્યું, કે 'હે બ્રહ્મન્! આપ કોઇ રીતે અજ્ઞાત નહોતા, છતાં મને સભામાં નહિ જીતતાં સંન્યાસપણાનું રક્ષણ કરવા એમના એમ જઇ બારોબાર કામશાસ્ત્રનો અભ્યાસ કર્યો, એ કેવળ આપે આ લોકમાં મનુષ્ય લીલાનું અનુકરણ કર્યું છે. હવે મને મારા પ્રશ્નોના ઉત્તરો મળી ચૂકયા. આપ તો સર્વજ્ઞ છો. પૃથ્વી પરના સમગ્ર મહાપંડિતો એકત્ર થઇ આપની સાથે વિવાદ કરે તોપણ ફાવી શકે નહિ, તો અમારો પરાભાવ થવાથી અમને કંઇ લજાવું પડે એમ નથી. સૂર્યના તેજે ચંદ્ર વગેરે જ્યોતિર્મય

પદાર્થોનો પરાભવ થાય તેમાં ચંદ્રાદિની અકીર્તિ થાયજ નહિ. આ મારા સ્વામી આપને સ્વાધીન છે. આપની મરજી મુજબ હવે એમને સંન્યસ્ત આપશો.

હે મહાત્મા! એ સંન્યસ્ત ગ્રહણ કરે, તે અગાઉ મારે અહિંથી પ્રસ્થાન કરવું યુક્ત છે; કારણ કે પતિથીજ સ્ત્રીની શોભા છે, માટે આપે મને આજ્ઞા આપવી યોગ્ય છે. એટલે શ્રી શંકરાચાર્યે તેમને કહ્યું, કે 'હે દેવી! તમો વાક્યની અધિષ્ટાત્રી દેવી અને ચિત્સ્વરૂપા છો તે મારા જાણવામાં આવ્યું માટે મારી એક પ્રાર્થના છે, કે 'તમો શારદા નામ ધારણ કરી બ્રહ્મર્ષિ ઋષ્યશ્રૃંગમાં અમોએ બનાવેલા સ્થાનકમાં અવસ્થાન કરો. તેમ થવાથી મારા જેવા માણસના મનોરથો સિદ્ધ થાય. મારા શિષ્યદ્વારા અદ્વૈતમાર્ગનો પ્રવાહ પરંપરા વહેવો જોઇએ અને મારા શિષ્યોમાં તમારૂં તેજ સ્થપાવું જોઇએ. જેને લઇ અદ્વૈતમાર્ગનો પ્રચાર કરનારા શિષ્યો તમારી ઉપાસના કરશે.' ઉભયભારતી રૂપિણી સરસ્વતી તેઓનું કહેવું માન્ય કરી અદૃશ્ય થઈ ગયાં. મંડનમિશ્રે ગૃહસ્થાશ્રમ છોડી દઇ ધર્મશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શ્રી શંકરાચાર્ય પાસે સંન્યસ્ત દીક્ષા લીધી. આચાર્યશ્રીએ તેમને **तत्त्वमसि** મહાવાક્ય બરાબર સમજાવ્યું, ને મંડનમિશ્રનું નામ સુરેશ્વરાચાર્ય પાડયું. તેમને વાર્તિકકાર પણ કહેવામાં આવે છે.

શ્રી શંકર મંડનમિશ્રને વશીભૂત કરી મુમુક્ષુજનોને સદ્બોધામૃતનું પાન કરાવતા દક્ષિણ તરફ શ્રી શૈલ પર્વત ઉપર પધાર્યા.

કાપાલિકનો સમાગમ.

શ્રી શંકરાચાર્ય શૈલ પર્વત પર આવી પહોંચ્યા. એ પર્વતનાં સઘળા શિખરો ઉંચા છે. કૃષ્ણા નદીનો પ્રવાહ વહી રહ્યો છે. મલ્લિક પુષ્પોની ખુશબો ચોતરફ ફેલાઇ પ્રાણીઓના હ્રદય સંતુષ્ટ કરે છે. કુદરતી સૌન્દર્ય પણ ખીચોખીચ જેથી લીલોતરી નેત્રને ઠારે છે. પરંતુ માર્ગ અતિ વિકટ, જંગલોમાં ભયંકર જંગલી પ્રાણીઓનો ત્રાસ, માર્ગમાં પીવાના પાણીનો ત્રાસ, આવા વિકટ સ્થાનમાં એક પુરાતન શિવ મંદિર એ શિવ–મંદિરના મહાદેવ દ્વાદશ જ્યોતિર્લિંગમાં મલ્લિકાર્જુન નામથી સુવિખ્યાત છે. તેના ડાબી બાજુએ જગદમ્બા શ્રી પાર્વતીજી 'ભ્રમરામ્બા' તરીકે પ્રસિદ્ધ છે.

એ સ્થાનમાં શ્રી યોગીન્દ્ર શંકરાચાર્ય બિરાજ્યા. ત્યાં કાપાલિક નામનો એક ભૈરવ ઉપાસક આવી પહોંચ્યો. અત્યંત વિનયપૂર્વક આચાર્યશ્રીને કહેવા લાગ્યો, કે 'હે કૃપાનિધાન્! આપની સર્વજ્ઞતા, દયાળુતા વગેરે ગુણોની વાત સાંભળી આપનાં દર્શન સારૂ મારૂં ચિત્ત ઉત્કંઠિત થયું તેથી હું આવ્યો છું. જગત્‌ના કલ્યાણ માટેજ આપે આ શરીર ધારણ કર્યું છે, એટલે જે જે જનો મનોરથો સેવતા આપની પાસે આવે છે, તેમના મનોરથો આપ પૂર્ણ કરો છો. મેં આ દેહે સ્વર્ગમાં જવા સારૂ ઘણાં વર્ષ સુધી ભૈરવની ઉપાસના કરી, તેમણે પ્રસન્ન થઇ મને કહ્યું, કે "જો કોઇ સર્વજ્ઞ પુરૂષનું અથવા રાજાનું મસ્તક તું અગ્નિમાં હોમીશ, તો તારો અભિલાષ પૂર્ણ

થશે. તેમના આ વચનથી હું ઘણે સ્થળે રખડ્યો. ફરી ફરીને થાક્યો, પણ હજુ સુધી કોઇ સર્વજ્ઞ પુરૂષ જોવામાં આવ્યો નથી. વળી મારા જેવા માણસને રાજાનું મસ્તક મળવું મુશ્કેલ. પરંતુ મારા સદ્‌ભાગ્યે આપ મારી દ્રષ્ટિએ આવતાં ઇષ્ટ કામના પૂર્ણ થવાની આશા બંધાઇ છે. જીભ ઉપડતી નથી, પણ સ્વાર્થીજનોને પારકાની કંઈ પડી હોતી નથી. આપને આ શરીર ઉપર કંઇ બહુ આસક્તિ નથી. આપે કેવળ પરોપકારનાંજ કર્મ કરવા શરીરને ધારણ કર્યું છે, એટલે આપ મારી ઇચ્છિત્ વસ્તુ આપી મારૂં કાર્ય પૂર્ણ કરો, ને આપની કીર્તિને અમરત્વ આપો." એમ બોલી કાપાલિક શ્રી શંકરાચાર્યના ચરણમાં પડ્યો.

આચાર્યશ્રીએ પોતાનું મસ્તક આપવાનું વચન આપ્યું, પણ એવી રીતે કે જે વખતે હું એકાંતમાં હોઉં તે સમયે તારે મારૂં મસ્તક લેવા આવવું. હું આવી અવસ્થામાં મારૂં મસ્તક આપી શકું તેમ નથી; કારણ કે મારા શરણાપન્ન શિષ્યો પોતાના દેખતાં ગુરુનો ત્યાગ સહન કરી શકશે નહિ, જેથી તારા કાર્યમાં વિઘ્નરૂપ થઇ પડશે. કાપાલિક આચાર્યશ્રીનાં વચન સાંભળી આશાભર્યો આનંદમાં આવી ગયો, અને તેઓનો એકાંત સમય શોધવા લાગ્યો. એક સમયે શિષ્યવર્ગ સ્નાનાદિ નિત્યકર્મ કરવા ગએલા. આચાર્યશ્રીનો અનુરક્ત શિષ્ય પદ્મપાદ કોઇ દિવસ તેમનાથી વિખુટો પડતો નહિ. આજ દૈવયોગે તે પણ ત્યાં હાજર નહિ. તે સમયનો લાભ લઇ કાપાલિક હાથમાં ખડ્‌ગ લઇ આવી ઉભો. કાપાલિકને આવેલો જોઇ યોગેશ્વરે પ્રણવમંત્રથી પરમાત્મા સાથે એકતા સાધી. સ્વાર્થાંધ કાપાલિક એકાંતનો લાભ લઇ ખડ્‌ગ ઉગામવા તૈયાર થયો.

ભગવાનની લીલા કોણ કળી શકે? આ વખતે પદ્મપાદના હૃદયમાં અકસ્માત આચાર્યશ્રીનું ચિંત્વન થયું. ચિંત્વન થતાં જ મનમાં ભણકારા થયા, કે તેઓ મહા વિપદગ્રસ્ત હોય તેમ જણાય છે. તેઓ એકદમ તે સ્થળે આવી પહોંચ્યા. એક તરફ ગુરુશ્રી સમાધિસ્થ થયા છે. જ્યારે બીજી તરફ ઘોર કર્મ કરવાવાળો ઘાતકી કાપાલિક સ્વકાર્યમાં ગુંથાયલો નજરે પડે છે. ભગવાનેજ તેને ભૂલથાપ આપી જેથી તેને ભૈરવની ઉપાસનામાં વિલંબ થયો. કયે પ્રકારે દુષ્ટના કાર્યમાં વિઘ્ન નાખવું? સાધુજનોનું રક્ષણ અને દુષ્ટોનું દમન. ધર્મનો જય અને અધર્મનો ક્ષય. એજ પ્રભુની લીલા. જે કાર્ય જેવું હોય તેવી તેની વ્યવસ્થા થવી જોઇએ. કળના પુતળાને ચાવી આપવાથી ચાલે તેમ પદ્મપાદનું હૃદયચક્ર ફેરવાઇ ગયું. ગુરુ ભક્ત પદ્મપાદે ક્રોધાગ્નિથી વ્યાપ્ત થઇ અન્ય શિષ્યોને બૂમ પાડી બોલાવ્યા અને સર્વ વાત નિવેદન કરી. આથી સર્વ શિષ્યો આકુળવ્યાકુળ થઇ ગયા. પદ્મપાદની નિરાશા જેટલા અધિકપણામાં હતી તેટલાજ પ્રમાણમાં ભગવત્ શરણની આસ્થા હતી. તેણે દિવાના મનનો નિરોધ કરી અન્તર્યામીના ચરણદ્વયને હૃદયમાં જકડી રાખ્યા. આચાર્ય દેવના રક્ષણ માટે પદ્મપાદને ઉત્તમ પાત્ર જાણી પદ્મપાદના પૂર્વારાધ્ય દેવ નૃસિંહ ભગવાને પોતાનું ઓજસ્ પદ્મપાદમાં દાખલ કર્યું. આથી પૂર્વનો પદ્મપાદ રહ્યો નહિ. તેના અભૂત મુખનો અવાજ સિંહ ગર્જના સમ લાગવા માંડયો અને અપૂર્વ બળ દેખાવા લાગ્યું. ચકિત થઇ ઉભેલા અન્ય શિષ્યો તેની સ્થિતિ સમજી શક્યા નહિ. આમ થવાનું કારણ શું હશે? પદ્મપાદ પૂર્વે નૃસિંહનો ઉપાસક હતો તે ઉપાસ્ય દેવ આ સંકટ સમયે શિષ્યનું કાર્ય

કરવા તેના શરીરમાં તો નહિ ઉતરી પડયા હોય? એમ અન્ય શિષ્યો વિચાર કરે છે. એટલામાં તો પદ્મપાદે કાપાલિકનો વધ કર્યો. આથી શંકરાચાર્યની સમાધિ ભંગ થઇ. તેમનાં નેત્રકમળ ઉઘડયાં અને પદ્મપાદમાં ભયંકર રૂપવાળા નૃસિંહ ભગવાનના દર્શન થયાં. આચાર્યશ્રીએ તેમની પ્રાર્થના કરી, કે "હે ભગવંત! મારા દેહના રક્ષણ માટે આપ પ્રકટ થયા. હવે આપનું કાર્યપૂર્ણ થયું માટે આપ આ સ્વરૂપને અંતર્હિત કરો." તરતજ નૃસિંહ સ્વરૂપ લોપ થતાં પદ્મપાદ જોવામાં આવ્યા. પછી પદ્મપાદે સર્વ હકીકત ગુરુશ્રી પ્રત્યે નિવેદન કરી. નૃસિંહ ભગવાનની આરાધના કરતાં તેમની કૃપા મેળવવા હું ભાગ્યશાળી થયો છું. તેમની કૃપાએજ આજે ગુરુદેવના જીવનનું રક્ષણ થયું. શ્રી શંકરાચાર્યએ ધીર ગંભીર સ્વરે પદ્મપાદને કહ્યું, કે "વત્સ! મારા તુચ્છ જીવનને ખાતર કાપાલિકને સિદ્ધિ પ્રાપ્ત થવામાં તમે વિઘ્ન કર્યું અને તેની નરહત્યા થઇ. આ કાર્યથી હું કોઇ રીતે સંતુષ્ટ થતો નથી. આવું કામ હવે પછી ન કરવું." પદ્મપાદ નમ્રભાવે કહેવા લાગ્યા, "પ્રભુ! આપનું જીવન તે શું તુચ્છ ગણાય? જેનું જીવન લાખો માનવના જીવન-ધર્મનું રક્ષણ કરવા સમર્થ છે, જગત્માંથી અધર્મનો વિનાશ અને ધર્મની સંસ્થાપના કરવી એજ જેના જીવનનું ધ્યેય છે, તે જીવન શું આ પાપિષ્ઠની સ્વાર્થમય પાપવાસના પૂર્ણ કરવા માટે છે? પ્રભો! હજી દિગ્વિજય સંપૂર્ણ થયો નથી." પદ્મપાદની હકીકત સાંભળી આચાર્યશ્રી હસી પડ્યા, ને કહેવા લાગ્યા, "વત્સ! તેં કહ્યું તે સત્ય છે. પરંતુ તું કોણ? હું કોણ? અને આ કાપાલિક કોણ? શા માટે આત્મતત્ત્વ વિસ્મૃત થાય છે? કોણ કોનો વધ કરે છે, અને

કોણ કોનું સંરક્ષણ કરે છે? અધર્મનો વિનાશ અને ધર્મની સંસ્થાપના એ કોની લીલા છે? આપણે સર્વ કળનાં પુતળાં છીએ. ભગવાન જે કરાવે છે તેજ આપણે કરીએ છીએ, એમ હું ધારૂં છું." ગુરુદેવના ઉપરોક્ત વચન સાંભળી પદ્મપાદે સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

હસ્તામલક.

આચાર્યશ્રી શૈલ પર્વત પરથી ગોકર્ણ ક્ષેત્રમાં થઇ પ્રયાગ પાસે પ્રતિષ્ટાનપુરી ઉર્ફે 'શ્રી વલ્લી' નામના ગામમાં પધાર્યા. આહું પ્રભાકર નામે એક પ્રખ્યાત મીમાંસક બ્રાહ્મણ રહેતો હતો. તેણે ઉત્તમ પ્રકારે શાસ્ત્રોનું અધ્યયન કરી જ્ઞાન સંપાદન કર્યું હતું. તે સર્વ રીતે સુખી હતો. તેને એક પુત્ર હતો તે પુત્ર નિરંતર ધ્યાન મગ્ન અવસ્થામાં જડવત્ નિશ્ચેષ્ટ રહેતો. આ બાળકની આવા પ્રકારની પરિસ્થિતિથી કેટલાંક બાળકો તેની છેડ કરતા, મારી જતા. એમ અનેક રીતે પજવતા પણ તે તેમને કંઇજ કરે નહિ. દિનપ્રતિદિન અન્ય બાળકોની પજવણી વધતી છતાં તેની તેને જરાપણ અસર ન થતી. તે બાળક વિષે પ્રભાકરને બહુ ચિંતા રહેવા લાગી. શું કરવું તે સુઝે નહિ. ગામમાં કોઇ બહુશ્રુત લોકો આવે તો તેઓને એ વિષે તેના રીતસરના ઉપાયો લેવા માટે પૂછપરછ ચાલુ રાખતો, પણ કોઇ તેનો નિર્ણય કરી શકતા નહિ. આમ ઘણા સમય સુધી કર્યા કર્યું. એક સમયે તેના સાંભળવામાં આવ્યું, કે 'કોઇ પૂજ્યપાદ

મહાત્મા અનેક શિષ્યો તથા પુસ્તકોનો સંગ્રહ સાથે લઇ આ ગામમાં પધાર્યાં છે. તેઓ સમર્થ વિદ્વાન છે.' એવું સાંભળવામાં આવતાં પ્રભાકર પોતાના તે પુત્રને તેમની પાસે લઈ ગયો અને એમને સાષ્ટાંગ પ્રણામ કર્યા. જડભાવાપન્ન પોતાના પુત્રને તેણે આચાર્યશ્રીના ચરણારવિંદમાં નમાવ્યો. એ જડવત્ પુત્ર પાછો ન ઉઠતાં નમન સ્થિતિમાંજ પડ્યો રહ્યો. પછી આચાર્યશ્રીએ તેનો હાથ પકડી ધીરેથી ઉઠાડતાં તેના પિતાએ આચાર્યશ્રીને બે હાથ જોડી પૂછ્યું, કે "પ્રભો! આ પુત્ર આમ જડવત્ રહેવાનું શું પ્રયોજન હશે તે કહો.

આચાર્યશ્રીએ તે જડવત્ બાળકને પૂછ્યું:—कस्त्वं किमेवं जडवत्प्रवृत्तः स चाब्रवीद्बालवपुर्महात्मा ॥ તું કોણ છે અને આમ જડની પેઠે શા માટે ચેષ્ટા કરે છે?" એ બાળકરૂપે મહાત્માએ આચાર્યશ્રી પ્રત્યે અતિ વિનીત શબ્દે કહ્યું :—

नाहं जडः किंतु जडः प्रवर्तते मत्संनिधानेन न संदिहे गुरो ।
षड्र्मिषड् भाव विकार वर्जितं सुखैकतानं परमास्मि तत्पदम् ॥
ममेव भूयादनुभूतिरेषा मुमुक्षु वर्गस्य निरूप्य विद्वन् ।

"હે ગુરો! હું જડ નથી પણ જે (દેહાદિક) જડ છે તે મારા સામીપ્યને લીધે પ્રવર્તે છે, એ વાતમાં મને જરાપણ સંદેહ નથી. છ ઉર્મિઓ તથા છ ભાવવિકારોથી રહિત અને કેવલ સુખસ્વરૂપ જે પરમપદ છે તે હું છું. હે વિદ્વાન! આ મુમુક્ષુ લોકોને મારા જેવો અનુભવ થાય એમ એમ હું ઇચ્છું છું." એટલાં વચન બોલીને એ જડે બાર શ્લોકથી નિષ્પ્રપંચ પરમાત્માના તત્વનું નિરૂપણ કરી પોતાનું આત્મસ્વરૂપ પ્રકાશિત કર્યું. એ બાળકનું નામ પૃથ્વીધર ઉર્ફે પૃથ્વીધવ હતું. પણ તેણે કહેલા બાર શ્લોક હસ્તામલ (હાથમાં રહેલા

આમળાં) ની પેઠે પરમાત્માના તત્ત્વને પ્રકાશિત કરે છે, માટે તે શ્લોકો ત્યારથી હસ્તામલક એ નામથી પ્રસિદ્ધ થયા, અને તે શ્લોકોને બનાવનાર તરીકે એમનું નામ હસ્તામલક પ્રસિદ્ધ થયું. આચાર્યશ્રીએ આ વિપ્રકુમારના મસ્તક પર કૃપા દ્રષ્ટિવાળો હાથ મૂકી આશીર્વાદ આપ્યો. ત્યારપછી શ્રી શંકરાચાર્યે તેના પિતાને કહ્યું, કે "આ બાળક તમારી સાથે રહેવાને યોગ્ય નથી. આ તમારો પુત્ર પૂર્વજન્મના અભ્યાસને લઇ સર્વ કંઇ જાણે છે, પરંતુ કાંઇ બોલતો નથી. નિરક્ષર છતાં આવા ઉત્તમ શ્લોકો કેમ બોલી શકે? તે આત્મજ્ઞાની છે. તમારા જેવા સંસારીઓ સાથે રહી શકે તેમ નથી; કારણ કે સંસાર વાસના વિરહિત છે. તેને કંઇપણ આસક્તિ નથી. દેહનું પણ તેને અભિમાન નથી, તો તેને ઘરની કે બહારની વસ્તુમાં મમતા કયાંથી જ હોય? તેના પર બળાત્કાર કરી તમે કંઇ કરાવવા કે બોલાવવા ધારો તો તેથી કશું વળશે નહિ. આ જડને તમારે ઘરમાં રાખી મૂકવાથી પણ કાંઇ પ્રયોજન નથી, માટે એ તમારો પુત્ર મને સોંપી દો. મારા સહવાસથી તે ઉત્તમ કક્ષાએ પહોંચશે." પ્રભાકર બહુ સમજુ ને જ્ઞાની હતો. તે પુત્રની અવસ્થા તથા ભાવના તરત સમજી ગયો. તેમજ જે પ્રત્યક્ષ નિહાળ્યું તે પરથી સંપૂર્ણ વિચાર કરી જડવત્ પૃથ્વીધરને આચાર્યશ્રીને અર્પણ કર્યો. જ્યારે આચાર્ય-શ્રીએ શ્રીવલીથી પ્રયાણ કર્યું, ત્યારે સ્નેહને લીધે પુત્રને કેટલાક પ્રદેશ સુધી વળાવવા ગયો. એ વિપ્રકુમારને અન્ય શિષ્યોની પેઠે ભાષ્યાદિ ગ્રંથોનો અભ્યાસ કરાવ્યો. પછી તે પણ મુખ્ય શિષ્યોની ગણતરીમાં ગણવા લાગ્યો.

સેવાભાવી તોટકાચાર્ય.

શ્રીવલ્લીમાંથી નીકળી તુંગભદ્રા નદીને કાંઠે આવેલી શૃંગેરી નામની પુરીમાં આચાર્યશ્રી આવી પહોંચ્યા. કેટલાક સમયે એક તત્ત્વજીજ્ઞાસુએ શ્રી શંકરાચાર્યનું શિષ્યત્વ ગ્રહણ કર્યું. તેનું નામ ગિરી. તે આચાર્યશ્રીના પવિત્ર અંતઃકરણને અનુરૂપ થઇ એમની પવિત્ર સેવામાં નિમગ્ન રહેતો. સઘળા શિષ્યોમાં તે આચાર્યશ્રીની અધિક સેવા કરતો. પ્રાતઃકાળે ગુરુશ્રીના ઉઠવા અગાઉ ઉઠતો, સ્નાન કરતો ને પછી આચાર્યશ્રીની સેવામાં તત્પર રહેતો. તેમને માટે પવિત્ર વસ્રોનું ઉંચુ કોમલ આસન પાથરતો. સ્નાન સમયે અંગ લુછવા વસ્ત્ર લઇ ઉભો રહેતો, અને સ્નાનાંતે તેમનાં કપડાં ધોઇ લાવતો. આ પ્રકારે તે સેવાભાવી અને વિનયશીલ શિષ્ય આચાર્યનું જે કાર્ય હોય તે કરતો.

> गुरुर्ब्रह्मा गुरुर्विष्णु गुरुर्देवो महेश्वर।
> गुरु साक्षात् परब्रह्म तस्मै श्री गुरवेनमः॥

તે ગુરુભક્તિને મોક્ષદ્વાર માનતો.

એક સમયે ગિરી આચાર્યશ્રીનું વસ્ત્ર લઇ નદીએ ધોવા ગયો હતો. એવા સમયમાં શિષ્યો શાંતિપાઠ કરવા તૈયાર થયા તે વખતે આચાર્યશ્રીએ કહ્યું, "જરા થોભો." હમણાં ગિરી આવી પહોંચશે પછી આરંભ કરો. શિષ્યોમાં પદ્મપાદે જરા ગર્વયુક્ત વાક્ય ઉચ્ચાર્યું, ગુરુજી! એ ગિરી તો મંદબુદ્ધિવાળો છે અને કશું સમજતો નથી, માટે તેની રાહ શા

માટે જોવી." પદ્મપાદનું આ અભિમાનપૂર્ણ વચન આચાર્ય-શ્રીને ન રૂચ્યું. તેમને લાગ્યું, કે આ બધાને પોતાની વિદ્વતાનો ગર્વ છે ને તેથી ગિરીને તુચ્છ ગણે છે. આથી તેઓના ગર્વનું ખંડન થાય ને તેઓ સમજી શકે એ હેતુથી શ્રી શંકરાચાર્યે પોતાની શક્તિના પ્રભાવે સંસ્કૃત ભાષાનું જેને બીલકુલ જ્ઞાન નથી એવા ગિરીના હૃદયમાં એકદમ ચતુર્દશ વિદ્યાનો સંચાર કરાવ્યો. ઓછી આવડતવાળો છતાં ગુરુકૃપા વડે એ મંદબુદ્ધિવાળો બ્રહ્મતત્ત્વના બોધવાળા સુંદર તોટકવૃતો બોલતો બોલતો આચાર્યશ્રી પાસે આવ્યો. પદ્મપાદાદિ શિષ્યો તેની મધુર વાણીથી વિસ્મય પામ્યા, ને તેઓ ગર્વ રહિત બન્યા. ત્યારબાદ શ્રી શંકરાચાર્યે સર્વ શિષ્યો સમક્ષ તેને તોટકાચાર્ય નામ આપ્યું, અને પોતાના પટ્ટ શિષ્યોમાં સ્થાન આપ્યું.

જનની પ્રત્યે.

એક દિવસ શ્રી શંકરાચાર્ય ધ્યાન ધરી બેઠા હતા. ત્યાં તેઓશ્રીએ યોગશક્તિના પ્રભાવે જાણ્યું, કે માતાજી માંદાં છે ને તે મને યાદ કરે છે. એટલે સર્વ કામ પડતું મૂકી તરતજ પોતાના ગામ કાલટી તરફ પ્રયાણ કર્યું. જન્મભૂમિમાં જનની પાસે આવ્યા. માતા રોગથી પીડા ભોગવી રહ્યાં છે, માતા પાસે આવી ચરણકમલમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. નિરાધાર માતા પોતાની માંદગી વખતે પુત્રને આવેલો જોઇ હર્ષિત

બન્યાં, જેથી પોતાનું દર્દ ભૂલી ગયાં. માતાએ શંકરને કહ્યું, મારી આ દશામાં તમને કુશળ જોઈ હું મારૂં અહો ધનભાગ્ય સમજું છું. શંકર પૂજ્ય માતાની પ્રેમ ભક્તિથી સેવા ચાકરી કરવા લાગ્યા. શ્રી શંકરાચાર્યે માતાને કહ્યું, 'હે માતુશ્રી! હવે સઘળી ચિંતા છોડી દેજો. તમારે જે કાર્ય મને કહેવાનું હોય તે સુખેથી કહો.' માતા કહેવા લાગ્યાં, 'હવે મને કશાની ઇચ્છા નથી. હવે આ દેહ દુઃખ સહન કરી શકવા સમર્થ નથી. અંતકાળ સમીપ આવતો જાય છે, માટે તમે આ શરીરના શાસ્ત્ર પ્રમાણે દૈહાદિક ક્રિયા કરીને મને પરલોકમાં પહોંચાડશો.' માતાનો અંતકાળ સુધારવા શ્રી શંકરાચાર્ય તેમને જ્ઞાનોપદેશ આપવા લાગ્યા. નિર્ગુણ બ્રહ્મનો ઉપદેશ કર્યો. પરંતુ માતાના ખ્યાલમાં તે બોધ થવો કઠણ હતો, જેથી માતાએ સગુણ બ્રહ્મનો બોધ આપવા કહ્યું.

શ્રી શંકરે સદાશિવની સ્તુતિ કરી. સદાશિવે પોતાના દૂતો મોકલ્યા. પણ તે દૂતોની સાથે જવાની માતાએ અનિચ્છા બતાવી કહ્યું. તેમના રૂપથી મને ભય લાગે છે. ત્યારે શ્રી શંકરે કહ્યું તમે પ્રસન્ન થાઓ તેમ કરવા હું ધ્યાન ધરૂં છું. પછી તેમણે શ્રી વિષ્ણુની સ્તુતિ કરી. નારાયણનું ધ્યાન ધરતા ધરતાં માતા સતીએ પ્રાણ ત્યાગ કર્યો.

આચાર્યશ્રીએ માતાજીના મૃત દેહને અગ્નિદાહ દેવા માટે પૂર્વાશ્રમના કુટુંબીઓને બોલાવ્યા. પરંતુ તેઓ આવ્યા નહિ. ઉલટું 'સંન્યાસીથી અગ્નિસંસ્કાર થાય નહિ' એવાં વિરોધી વચનો કહેવા લાગ્યા. શ્રી શંકરાચાર્યે તેમને અત્યંત કાલાવાલા કરવાં છતાં તેઓ આવ્યા નહિ. શંકરે માતાજીને

અગ્નિદાહ દેવા માટે અગ્નિ માગ્યો, પણ કાલટીના કોઇ બ્રાહ્મણે તે આપ્યો નહિ. આથી શ્રી શંકરાચાર્યને વિટંબણા થઇ અને ધર્મસંકટ આવી પડયું. આચાર્યશ્રીએ પોતાનાજ ઘરની પાસે કાષ્ટની ચિતા તૈયાર કરી. હાથમાં જલપાત્ર ધરી માતાના જમણા હાથને મસળીને અગ્નિ પ્રગટ કર્યો અને તે અગ્નિથી પોતે માતાના દેહને દાહ દીધો. સંન્યાસી હોવા છતાં શંકરે અગ્નિનો સ્પર્શ કર્યો, તેથી સગાં વહાલાંઓ તથા અન્ય બ્રાહ્મણો તેમનો તિરસ્કાર કરવા લાગ્યા. આચાર્યશ્રીને કોઇપણ જાતની મદદ ન આપતાં ઉપરથી તિરસ્કારયુક્ત વચનો સંભળાવવાથી શ્રી શંકર ક્રોધાયમાન થયા. તેમણે શ્રાપ આપ્યો, કે "હે બ્રાહ્મણો આજથી તમો વેદથી બહિષ્કૃત થશો. તમારે ત્યાં સંન્યાસીઓ ભિક્ષા લેશે નહિ અને તમારા ઘરોની સમીપમાંજ શબ દહન કરવામાં આવશે." આ શાપને લીધે હજુ સુધી તે દેશના બ્રાહ્મણો વેદ વિહીન છે. તેમજ તેમને ત્યાં સંન્યાસી ભિક્ષા લેવા જતા નથી, ને તેમનાં શબ તેમના ઘર સમીપમાંજ બાળવાનો રિવાજ ચાલે છે. શ્રી શંકરાચાર્યની નજીવી માંગણીનો ઇન્કાર કરવાથી તેનું તેમને કેવું ફળ મળ્યું?

પદ્મપાદની તીર્થયાત્રા.

આચાર્યશ્રીની આજ્ઞા લઇ પદ્મપાદ તીર્થયાત્રા કરતા કરતા દક્ષિણ દિશામાં સેતુબંધ રામેશ્વરની યાત્રા જવા નિકળ્યા. માર્ગમાં પોતાના પૂર્વાશ્રમના મામાનું ઘર આવતાં તેમને તેઓ મળવા ગયા. શાસ્ત્રજ્ઞ મામા ઘણા કાળે આવેલા ભાણેજને જોઇ બહુ પ્રસન્ન થયા. અન્ય સગાંવહાલાં પણ મળવા માટે આવ્યાં. તેમણે કહ્યું, 'અમારા સાંભળવામાં આવ્યું હતું કે તમે ચતુર્થાશ્રમ (સંન્યાસાશ્રમ) ધારણ કર્યો છે અને આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું છે. આપનાં દર્શનની ઘણાં લાંબા વખતથી ઇચ્છા હતી તે આજે પૂર્ણ થઇ. આથી ઘણો હર્ષ થાય છે. જ્ઞાનીજનો વૈરાગ્યવૃત્તિ રાખે છે, અને સંસારના તાપથી વિમુખ રહે છે.' મામા પદ્મપાદની આ રીતે પ્રશંસા કરી ને કહેવા લાગ્યા, કે 'આત્મજ્ઞાન સાધુ પુરૂષોના સહવાસ વિના પ્રાપ્ત થતું નથી. તમે એવું આત્મજ્ઞાન પ્રાપ્ત કરેલું હોવાથી અમારા ઉપર અનુગ્રહ કરી અમે કે જેઓ માયાજાળમાં ફસાયેલા છીએ તેને મુક્ત-દશા ઉપર લઇ જવા કેટલોક સમય અહીં રહો ને સદ્બોધ આપો. તમારા સહવાસથી અત્રેના મુમુક્ષુ જનોની ચિત્તવૃત્તિ પવિત્ર થશે. તમારા આવવાથી અમારૂં ઘર પવિત્ર થયું છે. અમારા અંતરપટમાં સુસંસ્કારો દાખલ થવાનો પ્રસંગ આવ્યો છે.' પદ્મપાદ કહેવા લાગ્યા, 'તમારૂં કહેવું યથાર્થ છે. પણ એ જેના ભાગ્યમાં હોય તેજ મેળવી શકે છે, માટે ગૃહસ્થાશ્રમ કાંઇ નિન્દિત ન કહેવાય. ગૃહસ્થો ઘણા જીવોનું પાલન કરે છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થી, અને સંન્યાસીઓનો નિર્વાહ ગૃહસ્થ

ઉપર હોય છે, એટલે ગૃહસ્થાશ્રમ કે ત્રણે આશ્રમનો આશ્રયદાતા છે. એ પ્રમાણે ગૃહસ્થાશ્રમ ધર્મને શ્રેષ્ઠત્વ આપીને સાંત્વના કરી. પદ્મપાદ તેમની કલ્યાણકારી યાચનાને માન આપી થોડું રોકાયા. તેમની પાસે એક પુસ્તક હતું તે જોઇ મામાએ પૂછયું, 'આ તમારી પાસે કયો ગ્રંથ છે.' પદ્મપાદ બોલ્યા 'એ શારીરક ભાષ્ય પર મારૂં રચેલું વાર્તિક છે.' મામાએ તે જોવા માગ્યું. પદ્મપાદે તે આપ્યું, ને મામાએ તેનું બારીક રીતે અવલોકન કર્યું. તેમાં પદ્મપાદની અસાધારણ બુદ્ધિ અને વિદ્વત્તા નિહાળીને પરિતુષ્ટ થયા. પણ તે ગ્રંથમાં પૂર્વ-મીમાંસક પ્રભાકરના મતનું બહુજ ખુબીથી ખંડન કરેલું જોઇ મનમાં હર્ષ અને ખેદ એકી સાથે થવા પામ્યા. વિદ્વત્તા પ્રત્યે હર્ષ અને ગુરુમતના ખંડન પ્રત્યે ખેદ. તેથી તેમને તે ગ્રંથ અરૂચિકર થઇ પડ્યો. મોટા પુરૂષો પોતાના વિચારો સામાને જાણવા ન દેવા માટે જેમ યુક્તિ પ્રયુક્તિ કરે છે તેમ મામાએ ઉપરનો આનંદ બતાવી વખાણ કરી તે ગ્રંથ પાછો આપ્યો.

પદ્મપાદે સેતુબંધ રામેશ્વરની યાત્રા જવા સમયે પોતાના મામાને કહ્યું, 'એ ગ્રંથ હું તમને સોંપી જાઉં છું. તમે એને જીવની પેઠે સુરક્ષિત રાખશો. હું પાછો વળતાં તમારી પાસેથી લઇ જઇશ.'

પદ્મપાદ યાત્રાએ જવા નીકળ્યા. તેમના ગયા પછી મામાએ વિચાર કર્યો, 'કે જો આ ગ્રંથ રહેશે તો મારા ગુરુના પક્ષને હાનિ થાય તેમ છે. હવે શું કરવું? છેવટે નિશ્ચય કર્યો, કે તેના કરતાં મારા ઘરનો નાશ થાય તો સારૂં, પણ એ ગ્રંથ રહેવા પામવો ન જોઇએ. જો એકલો ગ્રંથ બાળી દેવામાં આવે તો ચાહીનેજ આવું ખોટું કામ કર્યું કહેવાય ને દોષારોપણ

આવે, માટે દોષારોપણ ન આવવા માટે વિચાર કરી પોતાના ઘરને આગ લગાડી. એ રીતે ઘર સાથે ગ્રંથનો નાશ કર્યો. આ રીતે યુક્તિ વાપરીને ગુરુના મતનું ખંડન ન થવા દેવા માટે પ્રયાસ કર્યો.*

કેટલાક દિવસે યાત્રા કરી પદ્મપાદ પાછા વળ્યા, ને મામાને ઘેર આવ્યા; મામા ખેદયુક્ત વચનથી કહેવા લાગ્યા, 'તમે જે ગ્રંથ મને સોંપી ગયા હતા તે ઘરને આગ લાગવાથી તેમાં બળી ગયો છે. મારૂં ઘર સળગી જવાથી મને જે ખેદ થવો જોઇએ તેના કરતાં તમારો અમૂલ્ય ગ્રંથ બળી ગયો તેથી બહુ પરિતાપ થાય છે.' મામાની આ પ્રકારની ખેદજનક વાણી સાંભળી પદ્મપાદે આશ્વાસન આપતાં કહ્યું, 'ગ્રંથનો નાશ થયો છે, પણ મારી બુદ્ધિનો નાશ થયો નથી. જેથી થોડા સમયમાં હું ફરીથી તે ગ્રંથ રચી શકીશ.' મામાએ વિચાર કર્યો, કે મેં જે પ્રયાસ કર્યો તે આવા મનુષ્ય આગળ નિરર્થક થયો. આ તો ફરીથી તૈયાર કરી શકશે. આથી ભોજન સાથે એવો પદાર્થ પદ્મપાદને આપ્યો, કે તે ખાવાથી તેની વિચાર શક્તિ અને સ્મરણ શક્તિ કુંઠિત કરી.

કેટલાક દિવસ પછી પદ્મપાદને ગુરુશ્રીનાં દર્શન કરવાની ઉત્કંઠા થઇ, તેથી મામાને ત્યાંથી નીકળ્યા. માર્ગમાં તેમના સાંભળવામાં આવ્યું, કે ગુરુદેવ હાલ કેરલ દેશમાં આવ્યા છે. તેથી તેઓ તે તરફ જ્યાં શ્રી શંકરાચાર્ય બિરાજતા ત્યાં આવી પહોંચ્યા. પદ્મપાદે પોતાની થયેલી દશાની પરિસ્થિતિની સઘળી

* પરંપરાથી ચાલતી આવેલી લોકવાયકા ઉપરથી આ વાત પ્રસિદ્ધ થઇ હોય એમ જણાય છે.

હકીકત ગુરુશ્રી આગળ નિવેદન કરી અને કહ્યું, કે 'હું આ દુર્દશામાંથી મુક્ત થાઉં તેવો માર્ગ બતાવો.' દયાનિધિ શ્રી શંકરાચાર્યે સાંત્વના આપી કહ્યું, કે બનવાકાળ હતું તે બની ગયું. હવે તે સંબંધી શોક કરવો મિથ્યા છે. તમારૂં વાર્તિક નષ્ટ થયું નથી. તમે ઋષ્યશ્રૃંગ પર્વત ઉપર મારી પાસે ભાષ્યની જે પંચપદી ટીકા વાંચી સંભળાવી હતી, તે અદ્યાપિ મારી યાદગીરીમાંથી ગઇ નથી, માટે હું બોલું તે તમે લખી લો. ત્યાર પછી અપૂર્વ શક્તિવાળા આચાર્યશ્રીએ તે પંચપદી લખાવી. એ પંચપદી ગુરુમુખથી પદ્મપાદે શ્રવણ કરી અને લખી લીધી તેથી ગુરુ કૃપાવડે પૂર્વવત્ બુદ્ધિમાન થયા.

કેરલાધીશ રાજા રાજશેખર આ સમયે અહીં શ્રી શંકરાચાર્યનાં દર્શનાર્થે આવેલા. શ્રી શંકરના ચરણારવિંદમાં પડી સાષ્ટાંગ પ્રણામ કર્યા. આચાર્યશ્રીએ તેમની કુશળતા પૂછયા બાદ પૂછયું, કે 'આપે જે ત્રણ નાટકો બનાવ્યાં હતાં તેનો પ્રચાર થયો કે કેમ.'

રાજાએ ખિન્ન હૃદયે કહ્યું, 'તે મારા પ્રમાદ વશે નષ્ટ થયાં છે.' આચાર્યશ્રીએ કહ્યું, 'તેને માટે દુઃખી ન થાઓ. એ ત્રણ નાટકો હું બોલું છું તે તમે લખી લો.' ત્યાર પછી સ્વમુખે બોલી બતાવ્યાં. રાજાએ તે લખી લીધાં. તેમની યાદદાસ્ત પર વિસ્મિત થયા ને ઘણા પ્રસન્ન થયા. રાજા પ્રયાણ સમયે નમ્રભાવે બોલ્યા, 'હું આપનો દાસ છું કંઇ આજ્ઞા હોય તે ફરમાવશો.' આચાર્યશ્રીએ કહ્યું 'રાજન! મને તમારી પાસેથી કંઇ લેવાની ઇચ્છા નથી.' ત્યાર પછી રાજા રાજશેખર શંકરના ચરણમાં નમન કરી પોતાની નગરીમાં આવ્યા.

દિગ્વિજયી શ્રી શંકર.

શ્રી શંકરાચાર્ય પોતાના વિખ્યાત, જ્ઞાની શિષ્યો અને સુધન્વા રાજા સહિત દિગ્વિજય કરવાને માટે નીકળ્યા. પ્રથમ રામેશ્વર તરફ પ્રયાણ કર્યું. રસ્તે જતાં ઠેર ઠેર અન્ય ધર્મના અનુયાયીઓ જોડે વિવાદ કરતા, અને પોતાની શાંકર ધર્મની મહત્તા વધારતા. શાક્તમતવાળા જે દેવીભક્ત હતા છતાં સુરાપાન કરનારા હતા તેમને પણ વિવાદમાં જીતી લઇ અદ્વૈત મતને માનતા કર્યા. પછી શ્રી સેતુબંધુ રામેશ્વરનાં દર્શન કર્યાં આ સ્થાને પાંડય, *ચૌલ અને દ્રાવિડ લોકો દ્વૈતવાદીઓ હતા તેમને જીત્યા. ત્યાર પછી શ્રી શંકર ગણવપુરમાં આવ્યા ને ગણપતિનાં દર્શન કર્યાં. ગણવપુરના રહેવાસીઓએ પોતાના ગાણપત્ય સંપ્રદાયની અત્યંત પ્રશંસા કરીને આચાર્યશ્રીને તે સ્વીકારવા જણાવ્યું.

આચાર્યશ્રીએ તેમના મતનું ખંડન કરીને મદ્યપાનને નિષિદ્ધ ઠરાવ્યું, અને પરસ્ત્રી માત સમાનનો ઉપદેશ બરાબર સમજાવી અદ્વૈતમતનો ઉત્તમ રીતે બોધ આપ્યો. ત્યાર પછી શ્રી શંકર કાંચી (કાંજીવ્હરમ) નગરમાં પધાર્યા. ત્યાં તાંત્રિક લોકોને શાસ્ત્રવાદમાં પરાજીત કર્યા અને ત્યાં મોટું દેવસ્થાન બંધાવ્યું. પછી વિદર્ભદેશની રાજધાનીમાં આવી પહોંચ્યા. એ દેશમાં રહેનારા જે ભૈરવતંત્રને માનનારા હતા તેઓનો

---

* ચૌલ પ્રદેશ. દ્રાવિડ અને તૈલંગ દેશની મધ્યે આવેલ છે. ત્યાં કાવેરી નદી વહે છે. તાંજોર તેની રાજધાનીનું શહેર હતું. દ્રાવિડ મદ્રાસ પ્રેસીડેન્સીમાં એક પ્રસિદ્ધ પ્રદેશ છે.

પરાજય કરીને કર્ણાટક દેશ તરફ જવાની ઇચ્છા દર્શાવી. તે વેળા વિદર્ભરાજે આચાર્યશ્રી પ્રત્યે વિનંતિ કરી, કે 'ત્યાં જે કાપાલિકો વસે છે તે મહા દુષ્ટ વિચારના છે. તે આપના પ્રતાપને સહન કરી શકશે નહિ. વળી તેઓને વેદ તરફ બહુ ઇર્ષ્યાભાવ રહે છે માટે તે તરફ જવું ઉચિત ધારતો નથી.' આ પ્રમાણે સૂચન થયા છતાં, જે વિભૂતિ વિધર્મિનો નાશ કરવા નીકળી છે તે એમ સહજમાં અટકે કે ? તેમણે તો વિદર્ભરાજની વિનંતિને ન સ્વીકારતાં આગળ વધવાનોજ નિર્ધાર કર્યો અને તેમાં વળી સુધન્વા રાજાની સહેજ અનુમતિ મળતાં બમણા જોશથી આગળ વધ્યા.

કર્ણાટક દેશના નગરમાં આગમન થયાના સમાચાર સાંભળી ક્રકચ નામે કાપાલિકોનો મુખ્ય આગેવાન હતો તે તેમની પાસે આવ્યો. તેણે આવીને કહ્યું, કે અમારા ગુરુ ભૈરવની ઉપાસના કરવી જોઇએ. તેમના સંતોષ વિના મુક્તિ નથી. તમો માણસના માથાની ખોપરી અને મદ્યરૂપ વારિથી તેમની ઉપાસના કરો. આ પ્રકારનાં દુર્વચનો સાંભળી સુધન્વા રાજાને અત્યંત ક્રોધ ચઢયો. તેમણે પોતાના અનુચરોને આજ્ઞા કરી, કે અહીંથી તેને દૂર કરો. આથી ક્રકચ પોતાનું અપમાન સહન કરી શકયો નહિ. તે અત્યંત ક્રોધાયમાન થયો. પોતાના અનુચર સહ સામો થયો. બન્ને પક્ષો વચ્ચે મહા સંગ્રામ થયો. સુધન્વા રાજાના પરાક્રમે કાપાલિકો પરાજય પામ્યા. ક્રકચે પોતાના ઇષ્ટ દેવનું સ્મરણ કર્યું. ભૈરવ પ્રસન્ન થયા. કાપાલિકે પોતાની સવિસ્તર હકીકત નિવેદન કરી કે 'પ્રભો આપના ભક્તોનો દ્વેષ કરનાર આ શંકરાચાર્યનો વધ કરો.' એ અમારી

ઇચ્છા છે. ભૈરવે તેના આ વચન સાંભળી કહ્યું, કે 'મારી પ્રતિમૂર્તિરૂપ શ્રી શંકરાચાર્યનો તમે મહાન અપરાધ કર્યો. તમારાથી તેમને જરાપણ દુર્વચન ન કહેવાય.' આ શબ્દો સાંભળતાંજ કાપાલિક આશ્ચર્યમુગ્ધ મુદ્રાએ સામુંજ જોઈ રહ્યો. ઇષ્ટદેવની ફરજ હતી કે પોતાના શિષ્યોનો બચાવ કરવો અને પરધર્મિનો નાશ કરવો તેને બદલે પોતાનેજ ઠપકો. આથી પોતે ઘણોજ નાસીપાસ થઇ ત્યાંથી પલાયન કરી ગયો. ભૈરવ પણ ત્યાંથી વિદાય થયા. ત્યાર પછી ચાર્વાક મતાવલંબીઓ સાથે વિવાદ થયો. તેઓએ પોતાનો પરાજય કબુલ કર્યો. પછી સૌગત, બૌધ્ધ. જૈન અને ક્ષપણક મતાવલંબીઓ સાથે શાસ્ત્રોમાં વિવાદ થયા. એ સઘળા મતના પક્ષપાતીઓનો પરાભવ કર્યો. શંકરે પ્રયાગ તીર્થમાં પોતાનાથી વિરૂદ્ધ મતાવલંબીઓને પણ પોતાનો મત ગ્રહણ કરાવ્યો. ત્યાંથી શ્રી શંકર સૌરાષ્ટ્રમાં પધાર્યા. અહિં નીલકંઠ નામે એક પંડિત વસતો હતો. તે બહુ વિદ્વાન હતો, તેની સાથે વિવાદ થયો. આચાર્યશ્રીએ તેના મતને ખંડિત કરીને ત્યાંના પંડિતોને જીત્યા. ત્યાર પછી ત્યાંથી ફરતા ફરતા દ્વારકાપુરીમાં આવ્યા. આ સ્થળે અનેક સાંપ્રદાયિકોનો વાસ હતો. તેઓને પરાસ્ત કર્યા અને તેમને વશ કરી અદ્વૈત બોધ આપ્યો. પછી અવન્તિકા ઉર્ફે ઉજ્જયિની નગરીમાં ભટ્ટ ભાસ્કર નામે મહાપંડિત સાથે શાસ્ત્રવાદના તર્કવિતર્ક થયા. બન્ને વચ્ચે અત્યંત પ્રશંસનીય વિવાદને અંતે ભટ્ટ ભાસ્કરનો પરાભવ થયો. એ પ્રદેશમાં અદ્વૈતમતની સ્થાપના કરી. ત્યાર પછી અંગ, બંગ, દેશમાં અનેક પંડિતોને જીતી ગૌડ દેશમાં પધાર્યા.

ત્યાં મુરારિમિશ્ર, ઉદયન વગેરે પંડિતોને જીત્યા. બૌધમતાવલં-બીઓને જીતી વિજય મેળવ્યો.

આગળ જતાં આસામ પ્રાંત (કામરૂ દેશ)માં પધાર્યા. તે સ્થળે અભિનવગુપ્ત નામે એક પંડિત વસતો હતો. તેની સાથે વિવાદ શરૂ થયો. કેટલાક દિવસ પછી અભિનવગુપ્તનો પરાજય થયો. એ અભિનવગુપ્તે આચાર્યશ્રીના સ્થૂલ શરીરનો વિનાશ કરવા મંત્ર પ્રયોગ કર્યો. તેની અભિચાર ક્રિયાને લીધે આચાર્યશ્રી ભગંદર નામના વ્યાધિથી પીડાવા લાગ્યા. તોટકાચાર્યાદિ શિષ્યો-એ આ વ્યાધિના વિનાશ માટે ગુરુશ્રીને વિનંતિ કરી. ત્યારે શ્રી શંકરાચાર્યે જણાવ્યું કે વ્યાધિ બે પ્રકારના થાય છે. (૧) કર્મકૃત. (૨) ધાતુકૃત.

કર્મકૃત :—કર્મ ક્ષય થતાં કર્મજન્ય વ્યાધિનો ક્ષય થાય.

ધાતુકૃત :—ચિકિત્સાદ્વારા ઔષધોપચારથી ક્ષય થાય.

જન્માંતરના પાપથી વ્યાધિ થાય છે. તેનો ભોગથીજ નાશ થવા દેવો જોઇએ. મને જે વ્યાધિ થયો છે તે કર્મકૃત છે, એટલે તે પર ઔષધોપચાર ને ચિકિત્સા હું નિરર્થક માનું છું. ગુરુશ્રીનાં આ વચન સાંભળી શિષ્યો કહેવા લાગ્યા, 'હે પૂજ્ય આપ જે કહો છો તે સત્ય છે, પરંતુ રોગ નિવારણાર્થે હંમેશાં યત્ન કરવાની ખાસ આવશ્યકતા રહે છે. આપ તો મહાન પુરૂષ છો, એટલે આપને આપના શરીર પર મમતા રહે નહિ, પણ મહાત્મા પુરૂષો જગતના કલ્યાણાર્થે પોતાના શરીરનું રક્ષણ કરે છે. આપ શરીરની રક્ષા કરવા ખાતર અમને ઉપચાર કરવાની અનુમતિ આપો.' આચાર્યશ્રીએ શિષ્યોનો મનોભાવ જાણી લીધો. તેમના અત્યંત આગ્રહને લઇ અનુમતિ

આપી. શિષ્યોએ કુશળ વૈદ્યોને બોલાવ્યા ને ચિકિત્સા કરાવી. રોગ મુક્તિ માટે વૈદ્યો અનેક પ્રકારના ઔષધોપચાર કરવા લાગ્યા, છતાં તેમના કોઇ પણ ઉપચારથી આચાર્યશ્રીનો વ્યાધિ નષ્ટ ન થયો. તે નજ થયો, ઉલટો દિન પ્રતિ દિન વૃદ્ધિંગત થયો અને છેવટે ભયંકર રૂપ ધારણ કર્યું. વૈદ્યો મુંઝાવા લાગ્યા. ગુરુશ્રીની સ્થિતિથી સર્વ શિષ્યમંડળ અત્યંત શોક નિમગ્ન રહેવા લાગ્યું. એક દહાડો આચાર્યશ્રી વૈદ્યો પ્રતિ કહેવા લાગ્યા, 'હે પ્રિય વૈદ્યો! મારા રોગ નિવારણાર્થે આપ સૌ કોઇએ અતિ પરિશ્રમ લીધો. આપની બુદ્ધિ અનુસાર ઉપાયો શોધ્યા કર્યા' અને કરો છો, પણ નિષ્ફળ ગયા અને જાય છે, હવે આપનો કિંમતી સમય અહિં વ્યતીત થવા દેવો એ મને ઠીક લાગતું નથી. મારા દુર્દૈવે એ રોગ વધતોજ જાય છે, જેથી આપ સર્વ કોઇ પોતપોતાના સ્થાનકે વિદાય થાઓ, એ મારી સાચી સલાહ છે; કારણ કે જે ભાગમાં વૈદ્યો ન હોય તે દેશમાં રોગની પીડાનું પ્રાબલ્ય વધે છે, અને તે દેશમાં રોગાક્રાંત લોકોની સંખ્યા અધિક બનતી રહે છે. જે પીડિતો તમારી ચિકિત્સાના આધિન હશે તેઓ આપના વિના અતિ દુઃખ ભોગવતા હશે ને આપની રાહ જોતા હશે તમે વૈદ્યો ઇતર મનુષ્યોમાં અધિકતર ગણાઓ છો. જીવન દાતા તો નહિ પણ જીવન રક્ષક તો ખરાજ. હવે જવામાં જરા પણ વિલંબ કરો નહિ. મારો રોગ હવે અસાધ્ય બન્યો છે માટે અહીં રહેવું શ્રેયસ્કર નથી. તમારા સ્વસ્થાને જવામાં વિલંબ કરશો નહિ." તેમનાં આ વચનો માન્ય કરી તેમની આજ્ઞા મળતાં વૈદ્યો પોતાનાં સ્થાનકે વિદાય થયા. પછી આચાર્યશ્રી ધૈર્યથી અસહ્ય પીડા સહન કરવા લાગ્યા.

કેટલાક સમય પછી દેવોના વૈદ્ય અશ્વિનિકુમાર તે સ્થળે આવી પહોંચ્યા. તેઓ આચાર્યશ્રીને કહેવા લાગ્યા, 'હે સંન્યાસીઓમાં શિરોમણી ! પ્રભુ ! આપના શરીરને વિષે કોઇ દુષ્ટે અભિચારથી વ્યાધિ ઉત્પન્ન કર્યો છે, એટલે કોઇ પણ ઔષધિ આપને કરાર આપી શકશે નહી, જેથી પરિશ્રમ નિરર્થક છે.' એટલું કહી તેઓ ત્યાંથી વિદાય થયા.

દેવોના વૈદ્ય અશ્વિનિકુમારનાં આ પ્રકારનાં વચન સાંભળતાં પદ્મપાદના હૃદયમાં અત્યંત ખેદ થયો, હૃદય હલમલી ઉઠયું. હવે ગુરુશ્રીના રોગ નિવારણાર્થે શું કરવું તે સુઝયું નહિ. અંતે લોઢું લોઢાને કાપે એ ન્યાયે મંત્રથી ઉત્પન્ન થયેલા રોગના નિવારણમાં મંત્રબળથી સામનો કરવાનો નિશ્ચય કર્યો. શ્રી શંકરાચાર્યે તેમને તેમ કરવા નિષેધ કર્યો. પરંતુ પદ્મપાદનો ગુરુશ્રી પર અત્યંત પૂજ્યભાવ હોવાથી, તેમજ તેમનું અસહ્ય દુઃખ નજરે ન નિહાળી શકવાથી, તે તરફ દુર્લક્ષ્ય કરી મંત્ર પ્રયોગ શરૂ કર્યો. ગુરુશ્રી ઘણા રોગગ્રસ્ત હોવાથી તેમને વિશેષ કંઇ કહી શકયા નહિ. અમુક સમય પછી તેમના મંત્રજપના પ્રભાવે ગુરુશ્રી રોગમુક્ત થયા. તે રોગે અભિનવગુપ્તના શરીરમાં પ્રવેશ કર્યો, અને તેને અસહ્ય દુઃખ પ્રાપ્ત થયું. અંતે 'જેવું કરે તેવું ભરે, ને 'ખાડો ખોદે તે પડે.' એ કહેવત અનુસાર અભિનવગુપ્ત પીડા ભોગવી મૃત્યુ પામ્યો.

સ્વસ્થ થએલા શ્રી શંકરાચાર્ય એક દિવસ સંધ્યા સમયે પરબ્રહ્મની ઉપાસના કરીને પછી શિષ્યો પ્રત્યે કહેવા લાગ્યા, કે હવે આ કામરૂ-દેશમાંથી અન્ય સ્થળ ભણી આપણે વિચરીએ. આ સ્થળે આપણે બહુ કાળ વ્યતીત કર્યો. ત્યાર

પછી તેઓ શિષ્યોસહ મિથિલાપુરમાં પધાર્યા. અહિં તેમનું ઉત્તમ રીતે સ્વાગત થયું.

આ પ્રકારે જુદા જુદા સ્થળોએ પર્યટન કરી અનેક મતાવલંબી પંડિતો સાથે વિવાદ કરી દિગ્વિજ કર્યો અને અદ્વૈતમતનો પ્રચાર કર્યો.

થોડા સમય પછી એક મહાત્મા તેમને મળવા આવ્યા. શ્રીશંકરે તેમને પ્રણામ કરી યોગ્ય સ્વાગત કર્યું. તે મહાત્માએ શ્રીશંકર સાથે વેદ–વેદાંગ સંબધિ કેટલીક વાતચીત કર્યા પછી તેમણે નીચેના પ્રશ્નો પૂછયા?

૧ તમે કામ, ક્રોધાદિ જે નિત્યના દુશ્મનો છે તેમના પર વિજય મેળવ્યો છે?

૨ શાંતિ આદિ સદ્દગુણોને સેવ્યા છે?

૩ યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધ્યાન, ધારણા, સમાધિ એવા આઠ અંગોવાળા યોગની સાધના કરી શકો છો?

૪ તમારૂં ચિત્ત પરબ્રહ્મમાં લીન રહે છે?

એના ઉત્તરમાં શ્રીશંકર કહેવા લાગ્યા, કે 'આપની કૃપાએ કરી એ સઘળાથી હું સંપન્ન છું.' આ સાંભળી તે પ્રસન્ન થયા. પછી તેમણે જણાવ્યું, કે તમે વેદાંત ઉપર કરેલા ભાષ્યની ખ્યાતિ સાંભળી હું આપની મુલાકાત લેવાના ઉદ્દેશથીજ અત્રે આવેલો છું, તો હવે તમે મારી ઈચ્છા પૂર્ણ કરો. આવાં વચનો સાંભળી શ્રીશંકરે માંડૂક્ય ઉપનિષદ્દના ભાષ્યો સંભળાવ્યાં. તે સાંભળી શ્રીશંકરની અસાધારણ વિદ્વતા પર મહાત્મા બહુ પ્રસન્ન થયા ને વરદાન માગવાને કહ્યું. શ્રીશંકરે કહ્યું, મારૂં ચિત્ત નિરંતર બ્રહ્મતત્વમાંજ સદા લીન રહો એજ ઇચ્છુ છું. મહાત્મા તથાસ્તુ કહી ત્યાંથી વિદાય થયા.

સર્વજ્ઞપીઠે શ્રી શંકર.

એક સમયે શ્રી શંકરાચાર્ય પવિત્ર એવાં ગંગાજીમાં સ્નાન કરી બ્રહ્મમાં લીન થયા હતા. ત્યાં તેમના સાંભળવામાં આવ્યું, કે પૃથ્વીમાં જંબુદ્વીપ શ્રેષ્ટ છે, અને તેમાં કાશ્મીર નામનો પ્રદેશ અતિ રમણીય અને સ્વર્ગ તુલ્ય મનાય છે. એ પ્રદેશમાં શારદા દેવીનું એક સ્થાન છે. એ દેવીના મંદિરના મંડપને ચાર દ્વાર છે. મંડપની મધ્યમાં 'સર્વજ્ઞપીઠ' એ નામનું આસન છે. 'જે માણસ સર્વજ્ઞ અને અત્યંત પવિત્ર હોય તેજ એ આસન પર વિરાજી શકે છે. અન્ય કોઇથી ત્યાં પ્રવેશ થઇ શકતો નથી.' અત્યાર સુધીમાં પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર તરફના દ્વાર અનુક્રમે તેજ દિશાઓના સર્વજ્ઞોએ ઉઘાડ્યાં હતાં. માત્ર દક્ષિણ તરફ હજુ કોઇ સર્વજ્ઞ પેદા થયેલો નહિ હોવાથી જેમનું તેમ હતું. શંકરાચાર્ય પોતે દક્ષિણ તરફના હોવાથી તેમની કાશ્મીર જવાની હૃદયમાં ઇચ્છા થઇ. તે પ્રદેશ પ્રતિ પ્રયાણ કર્યું.

કેટલાક સમયે તેઓ દક્ષિણ દ્વારે આવી પહોંચ્યા. દ્વાર ઉઘાડી અંદર પ્રવેશ કરવા જતાંજ અનેક મતાવલંબીઓ તરફથી તેમને અટકાયત કરવામાં આવી. તેઓ કહેવા લાગ્યા, કે 'હે યતિવર! આપ પરીક્ષા આપ્યા પછી દેવીગૃહમાં દાખલ થઇ શકો છો. જ્યાં સુધી તમારી સર્વજ્ઞતા સિદ્ધ ન થાય, ત્યાં સુધી તમો દેવી સ્થાનમાં જઇ શકશો નહિ. ત્યારપછી આચાર્યશ્રી સાથે કણાદના, ગૌતમના, કપિલના વિગેરે અનેક મતવાદીઓના પ્રશ્નોત્તરો થયા. તેમના ઉત્તરો યથાયોગ્ય

આપ્યા. જેથી શ્રીશંકરનું સર્વજ્ઞપણું કબુલ થયું, અને શ્રીશંકરે દક્ષિણ દ્વારે અંદર પ્રવેશ કર્યો. શ્રીશંકરાચાર્ય પદ્મપાદનો હસ્ત પકડી મુખ્ય પીઠ પર બેસવા જાય છે તેવામાં દેવવાણી થઈ, કે તમે સર્વજ્ઞ છો, પરંતુ આ આસન પર કંઇ એકલું સર્વજ્ઞપણું કામ લાગતું નથી. શુદ્ધ પવિત્રપણાની પણ ખાસ અગત્ય છે. શ્રીશંકરે પ્રતિઉત્તર આપ્યો, કે "હે દેવી! આ શરીરે જન્મથી માંડીને અદ્યાપિ કાંઇ દુષ્કૃત્ય (પાપકર્મ) કર્યું નથી. એ વિષયમાં મને જરા પણ સંદેહ નથી. અમરક રાજાની કાયામાં પ્રવેશ કરીને કામશાસ્ત્રના અભ્યાસાર્થે અનુશીલ થયો. તે બીજા દેહે કાર્ય કર્યું માટે તે દેહના કર્મથી થએલા દોષનો આ દેહને લેપ થવો ન જોઇએ.

દેવીપીઠ પર બિરાજવાની શ્રીશંકરાચાર્યની યોગ્યતા છે, એમ મંદિરમાંથી ધ્વનિ થયો. જેથી શ્રીશંકરાચાર્ય આનંદથી સર્વજ્ઞ પીઠ પર બિરાજ્યા. સર્વત્ર સ્થળે આનંદ આનંદ થઇ રહ્યો. મંગલનાદો થવા લાગ્યા. ચોતરફ તેમનાં વિજયગાન ગવાવા લાગ્યાં. આ પ્રમાણે તેઓએ કાશ્મીર પ્રદેશમાં અદ્વૈત-મતનો પ્રચાર કર્યો. શંકરવિજય ગ્રંથમાં આ દિગ્વિજયનું રસમય વર્ણન આપેલ છે.

આચાર્યશ્રીનું સ્વર્ગારોહણ.

અત્યંત વૈરાગ્યવૃત્તિવાળા શ્રી શંકરાચાર્યે પોતાના શિષ્યોને ઋષ્યશ્રૃંગ આદિ મઠોની ગાદી પર સ્થાપન કર્યા. ત્યાંથી અન્ય શિષ્ય સમૂહ સાથે કાશ્મીરથી બદરીકાશ્રમ તરફ નીકળ્યા. માર્ગમાં હિમાલયની અલૌકિક લીલા નિહાળતા બદરીકાશ્રમે પધાર્યા. અહિં તેમણે નરનારાયણનાં દર્શન કર્યાં. પછી કેટલાક યોગી મહાત્માઓ સમીપ પોતે રચેલ વેદાંત ભાષ્યનું વ્યાખ્યાન કરી બતાવીને કેટલોક સમય ત્યાં રહી, તેમને જ્ઞાનોપદેશ આપી * કેદાર તીર્થમાં આવ્યા. અહિં લોકોને પુષ્કળ ઠંડીને લીધે ઘણું કષ્ટ પામતા નિહાળી એક ઉષ્ણ કુંડ યા નદીની ખાસ અગત્ય લાગી. એટલામાં એકાએક તે સ્થળે એક ઉષ્ણ પાણીનો ઝરો પ્રગટ થયો. જોયું મહાન પુરૂષોનું આત્મબળ? આ ઝરાને કોઇ 'તપ્તતોયા' નદી એ નામથી પણ સંબોધે છે.

---

* હિમાલયના પ્રદેશમાં કેદાર બહુ પવિત્ર ભૂમિ મનાય છે. અહિં ગરમીના દિવસોમાં પણ ઘણી ઠંડી રહે છે. કેદારેશ્વર ત્રણ બાજુએથી બરફથી ઢંકાએલા રહે છે. ઠંડીના સમયમાં ત્યાં રહેવું અસંભવિત છે. મંદિર મંદાકિનીના ઘાટ પર છે. ત્યાં જવા માટે માર્ગ બહુ વિકટ છે, તથાપિ ભાવિક અને જીજ્ઞાસુ ભક્તો તે સ્થળે જઇ દર્શન કરે છે. કેદારેશ્વર મંદિરમાં અંધકાર રહે છે. દિવાના પ્રકાશથી દર્શન થાય છે. યાત્રાળુઓ દિવામાં ઘી પૂરે છે. મૂર્તિ ચાર હાથ લાંબી ને દોઢ હાથ મોટી હોવાનું કહેવાય છે. કેદારનાથ પાસે 'ભૈરવજય' નામે પર્વત છે. પૂર્વે તે ઉપરથી કોઇ કોઇ લોક દેહત્યાગ કરતા. હવે બ્રિટિશ સલ્તનતમાં તે પ્રથા ઇ. સ. ૧૮૨૯ થી સદંતર બંધ થઇ ગઇ છે.

અહીંથી કૈલાસ પર્વતપર જઇ તેઓ અત્યાનંદ ભોગવવા લાગ્યા. એ રીતે કલિયુગના દોષોને તોડતાં પરમજ્ઞાની શ્રી શંકરાચાર્યની વય વર્ષ બત્રીસની થઇ. પોતાના અવતારનું શેષ કાર્ય પણ પરિપૂર્ણ થયું માની તેઓ નિર્વિકલ્પ સમાધિ લઇ આ મૃત્યુ-લોકનો ત્યાગ કરી સ્થૂલદેહથી મુક્ત બની પરબ્રહ્મમાં લીન થઇ ગયા. શ્રી શંકરાચાર્ય બત્રીસ વર્ષના અલ્પાયુષમાં સર્વ શાસ્ત્રમાં નિપુણ થયા હતા. દ્વૈતવાદીઓની અહંતા તોડી અદ્વૈત-વાદની સ્થાપના કરી, ને આર્ય ધર્મનો વિજય સિદ્ધ કરી બતાવ્યો. આ પ્રમાણે સમસ્ત જગત્માં તેઓએ અક્ષય કીર્તિ પ્રાપ્ત કરી. જો આવા મહાન પુરૂષ દીર્ઘાયુષ્ય હોત, તો તેઓ અન્ય કેવાં અલૌકિક કાર્ય કરત એ અકથનીય અને અકલ્પનીય છે. તેઓ પોતાનો કાળ અમૂલ્ય માનીને નિઃસ્વાર્થપણે જગત્નો ઉધ્ધાર કરવા પ્રયત્નશીલ રહે છે. એમ કરતાં અનેક પ્રકારનાં સુખદુઃખાદિ દ્વંદથી પીડા ઉત્પન્ન થાય તોપણ નિડરપણે તેઓ પોતાનું કાર્ય ઉત્તમ રીતે પાર પાડી શકે છે તેઓ " सर्वं खल्विदं ब्रह्म " માનનારા હોય છે. " करतल भिक्षा तरुतलवासः" આ પ્રકારે તેમનું ધ્યેય હોય છે.

ખરેખરા સંસાર વિરક્ત પુરૂષનું ભૂષણ તેજ કહેવાય છે. સંન્યાસી અગર દેશ સેવા કરનાર દેશભક્ત આવાં ઉત્તમ ચારિત્ર્ય અને જ્ઞાન જગત્ સમક્ષ મૂકીને જગત્નો ઉધ્ધાર કરવા સમર્થ બને છે. જે નિઃસ્વાર્થવૃતિથી અને નિડરપણે ધર્મને માટે યથાર્થ કાર્ય કરે તે શું સામાન્ય ગણાય?

શ્રી શંકરાચાર્યે મનુષ્યદેહ ધારણ કરી ઇતર મનુષ્યની માફક વર્તન ન રાખતાં બાલ્યકાળથીજ પોતાનું જીવન ઉત્તમ ચારિત્ર્યથી ભરપૂર અને અલૌકિક ગાળ્યું છે એ નિર્વિવાદ છે.

'પશુકી તો પનિઆ બની, નરકા કછુ ન હોય,
જો નર કરણી કરે તો નરકા નારાયણ હોય.'

એ કહેવત અનુસાર આ મહાન પુરૂષે કરી બતાવ્યું છે.

શ્રી શંકરાચાર્યે અવળે માર્ગે દોરવાયલી વ્યક્તિઓને સુપંથે વાળી છે, અને પોતે અનેક મતવાદીઓ સાથે ભિન્ન ભિન્ન પ્રકારના વાદવિવાદો કરી અજીંક્ય બન્યા છે. તેઓ મોહ માયાથી પર હોવાને લીધે તેમના નામથી આજે પણ કેટલાક મઠો સુપ્રસિદ્ધ છે. તેઓ તરફથી ધાર્મિક ઉપદેશ આપવાનું કાર્ય યોજાયલું હોય છે. 'કીર્તિ તણાં જે કોટડાં પાડયાં નવ પડંત.' તેમ આજે સેંકડો વર્ષો થઇ ગયાં છતાં લોકોના હૃદયમાં એમણે નિરંતર વાસ કર્યો છે તે એમની ઉત્તમતાનો પૂરાવો છે.

ધર્મ-અર્જુનનું રાજ્ય ગયું, શ્રી કૃષ્ણની દ્વારિકાપુરી સમુદ્રમાં અદૃશ્ય થઇ, પણ તેઓનાં નામો ને ગુણાનુવાદ આજે સર્વના મુખમાં વસી રહેલ છે. ખરેખર એ મહાન્ પુરૂષ સ્થૂલ દેહનો ત્યાગ કરી ગયા છે, પણ તેમનો અમર આત્મા આપણા સમીપમાંજ છે. એ ચિરંજીવ છે.

શ્રી શંકરાચાર્ય, મહાવીર, બુદ્ધ, રામાનુજ વગેરે દેવાંશી વ્યક્તિઓએ ગોળ કે વાડા બાંધ્યા નથી. મોટી મોટી ઇમારતો બાંધી નથી પણ તેમનાં ઉત્તમ કાર્યોથી લોકમાં પ્રસિદ્ધિ પામ્યા છે. સ્વદેશ એ પોતાનું ઘર, રાષ્ટ્ર એજ તેમના વારસ. એજ તેમની ભાવના હતી. તેમનાં સુકૃતને લઇ તેઓ વંદનીય છે.

શ્રી શંકરાચાર્ય પ્રણીત ગ્રંથોની નામાવળી

આદ્ય શંકરાચાર્યના સ્વરચિત ગ્રંથો કયા તે જાણવાની ખાસ અગત્ય છે. નીચેની હકીકત વાંચ્યા પછી મનુષ્યજન્ય સ્વભાવને લીધે એક શંકા જરૂર ઉઠવા સંભવ છે, કે આચાર્યશ્રી બત્રીસ વર્ષની અલ્પ જિંદગી ભોગવી સમાધિસ્થ થયા તો નિમ્ન લિખિત ગ્રંથો લખવાનો સમય કયારે મળ્યો? એ શંકાના નિવારણાર્થે ખુલાસો કરવો એ અનુચિત નથી. તેઓએ સોળ વર્ષે શારીરક ભાષ્ય તઇયાર કર્યાં પછી શૃંગેરીમઠમાં બાર વર્ષ વિશ્રાંતિ લીધી. તે અવધિમાં આ સર્વ ગ્રંથો રચેલા હોવા જોઈએ. ઓફ્રેટના કેટલોગમાં શંકરાચાર્યના નાના મોટા મળી ૨૭૧ ગ્રંથો આપ્યા છે. તેમાં કેટલાક નામોની પુનરુકિત છે, તથા તેમાં ખાસ કરી સ્તોત્રો તથા પ્રકીર્ણ ગ્રંથો છે. હાલ (Bibliography) માં શ્રી શંકરાચાર્યના ફકત સોળજ ગ્રંથો છે; એ પૈકી ઘણા બીજાઓના તથા અર્વાચીન પીઠાધીશના હોવાનું મનાય છે. ઇશ, કેન, કઠ, પ્રશ્નં, મુંડક, માંડુકય, ઐતરેય, તૈત્તિરીય, છાંદોગ્ય, બૃહદારણ્યક અને શ્વેતાશ્વતર. શંકરાચાર્યના આ અગીઆર ઉપનિષદો પર ભાષ્ય ઉપરાંત બ્રહ્મસૂત્ર તથા ભગવદ્ ગીતા પરનાં બે મળી તેર ભાષ્યો પ્રસિદ્ધિમાં આવ્યાં છે. એ નિઃસંશય છે. નૃસિંહ તાપનીય ઉપનિષદ પર ભાષ્ય, ઉપદેશ સહસ્રી વગેરે પ્રકીર્ણ ગ્રંથ તથા કેટલાક અન્ય સ્તોત્રો તેમનાજ છે એમ કહેવાય છે. અન્ય ગ્રંથોના વિષે ચોકકસ નિર્ણય થવાની જરૂર છે. આ સંશયનું નિરાકરણ કરવા શ્રીરંગમના 'વાણી વિલાસ' મુદ્રણાલયે શૃંગેરી પીઠાધીશ

શ્રી સચ્ચિદાનંદ શિવાભિનવ-નૃસિંહભારતી સ્વામીની દેખરેખ નીચે આદ્ય શંકરાચાર્યના બધા ગ્રંથોનો સમાવેસ નીચે જણાવેલાં ૨૦ પુસ્તકોમાં ઉત્તમ રીતે છાપીને પ્રસિધ્ધ કર્યો છે. આ ગ્રંથ-સંગ્રહમાંના ગ્રંથ છેઃ—

૧ શારીરક ભાષ્ય (પુ. ૧ થી ૩). ૨ ઉપનિષદ્ભાષ્ય. (પુ. ૪ થી ૧૦). ૩ ગીતા ભાષ્ય (પુ. ૧૧-૧૨). ૪ પ્રકીર્ણ ગ્રંથ (પુ. ૧૩ થી ૧૬). ૫ સ્તોત્રો (પુ. ૧૭-૧૮) અને ૬ પ્રપંચસાર (પુ. ૧૯-૨૦).

સદર સંગ્રહમાં પ્રકીર્ણ ગ્રંથ છે તેઃ—૧ વિષ્ણુસહસ્ત્ર-નામ ભાષ્ય. ૨ સનત્સુજાતીય ભાષ્ય. ૩ વિવેકચુડામણિ. ૪ ઉપદેશ સહસ્ત્રી. ૫ અપરોક્ષાનુભૂતિ. ૬ વાકયવૃત્તિ. ૭ સ્વાત્મ નિરૂપણ. ૮ આત્મબોધ. ૯ શતશ્લોકી. ૧૦ દશશ્લોકી. ૧૧ સર્વવેદાંત સિધ્ધાંત સાર. ૧૨ પ્રબોધ સુધાકર. ૧૩ સ્વાત્મ પ્રકાશિકા. ૧૪ મનીષાપંચક. ૧૫ અદ્વૈત પંચરત્ન. ૧૬ નિર્વાણ શબ્દ. ૧૭ અદ્વૈતાનુભૂતિ. ૧૮ બ્રહ્માનુચિંતન. ૧૯ પ્રશ્નોત્તર માલા. ૨૦ સદાચારાનુસંધાન. ૨૧ યોગ તારાવલી. ૨૨ ઉપદેશ પંચક. ૨૩ ધન્યાષ્ટક. ૨૪ જીવન્મુકતાનંદ લહરી. ૨૫ અનાત્મ શ્રી વિગર્હણ પ્રકરણ. ૨૬ સ્વરુપાનુસંધાન. ૨૭ યતિ-પંચક. ૨૮ હસ્તામલકીય ભાષ્ય. ૨૯ પંચીકરણ. ૩૦ તત્વોપદેશ. ૩૧ એક શ્લોકી. ૩૨ માયા પંચક. ૩૩ પ્રૌઢાનુભૂતિ. ૩૪ બ્રહ્મ-જ્ઞાનમાલા. ૩૫ લઘુ વાકયવૃત્તિ. ૩૬ નિર્વાણ મંજરી.

આ સિવાયના ઘણા અન્ય સ્તોત્રો તથા 'પ્રપંચસાર' નામનો ૩૩ ભાગનો સ્વતંત્ર ગ્રંથ આદ્ય આચાર્યનો હોવાથી છાપેલ છે. આ સર્વ ગ્રંથને અંતે 'શ્રી ગોવિંદ ભગવત્પૂજ્યપાદ

શિષ્ય શ્રી મચ્છંકરભગવતઃ કૃતૌ, એવો શેરો છે, તથા કેટલાક ગ્રંથોમાં ગોવિંદ ગુરુને નમસ્કાર પણ કર્યા છે.

આ સિવાયના ઉપર જણાવેલ હાલની 'સૂચી'માં જુદા જુદા ગ્રંથો જેવા કે વાક્યસુધા, આત્મોપદેશ અને ષટ્પદીનો સમાવેશ થાય છે. આ પૈકી કેટલાક ગ્રંથ તથા સ્તોત્રો બીજાના પણ કદાચ હોઇ શકે, પરંતુ હાલ તરત તો આ યાદી ખરી છે એમ માની ચાલવાને હરકત જેવું નથી. તદુપરાંત આચાર્ય શ્રીએ શૃંગાર વિષયક 'અમરુ શતક' (કામશાસ્ત્ર ઉપર) રચ્યું છે એવી લોકવાયકા છે.

આચાર્યશ્રીની વિચાર સરણી સરળ, ભાષા પ્રસાદયુક્ત અને શબ્દરચના અત્યંત મધુર છે. ગદ્ય તથા પદ્ય અત્યંત સુબોધક અર્થ ગંભીરતાપૂર્વક અને ચિત્તાકર્ષક જણાય છે. ક્લિષ્ટપણું અથવા સંદિગ્ધતાના દોષ એમના ગ્રંથમાં કોઇ પણ સ્થળે જણાશે નહિ એમ કહેવું એ અસ્થાને નહિ ગણાય. આ ગ્રંથ અભ્યાસીથી માંડી મહાપંડિત સુધીના તમામ આબાલવૃદ્ધોને સમાન ઉપયોગી થઇ પડયા છે.

શ્રી આદ્ય શંકરાચાર્ય ભગવાને પોતાની હયાતિમાં જે કાર્યો કર્યાં હતાં તે પૈકીનાં મુખ્ય મુખ્ય કાર્યો તો આપણા ધ્યાનમાં રહેવાં જ જોઇએ. તે કાર્યોની નોંધ બ્રહ્મીભૂત શ્રી શારદાપીઠાધીશ્વર શ્રી રાજરાજેશ્વર શંકરાશ્રમ શંકરાચાર્ય મહારાજના રચેલા **વિમર્શ** નામે ગ્રંથમાંથી નીચે પ્રમાણે આપીએ છીએ.

સાલ યુધિષ્ઠિર સંવતની લીધી છે.

વૈશાખ સુદ ૫ યુ. સં. ૨૬૩૧ શ્રી શંકરાવતાર.

ચૈત્ર	સુદ	૯	યુ. સં.	૨૬૩૬	યજ્ઞોપવીત.
કાર્તિક	,,	૧૧	,,	૨૬૩૯	સંન્યાસ.
ફાગણ	,,	૨	,,	૨૬૪૦	થી ૨૬૪૬ શ્રી ગોવિંદપાદ ગુરુનો ઉપદેશ. તે પછી બદરી આશ્રમમાં સોળ ભાષ્યોની રચના. શ્રી નારાયણની પ્રતિષ્ઠા. જ્યોતિર્મઠની સ્થાપના.
કાર્તિક	,,	૮	,,	૨૬૪૭	શ્રી બાદરાયણાચાર્યની સાથે કાશીમાં બ્રહ્મવિદ્યાના રહસ્યનો પ્રચાર. સનન્દનાચાર્ય ઉર્ફે પદ્મપાદાચાર્યે આશ્રય લીધો.
માર્ગશીર્ષ	વદ	૩	,,	૨૬૪૭	મંડનમિશ્ર સાથે વાદ વિવાદનો આરંભ.
ચૈત્ર	સુદ	૪	,,	૨૬૪૮	મંડનમિશ્રનું હારવું.
,,	,,	૬	,,	,,	સરસ્વતી (મંડનમિશ્રનાં પત્ની ઉભયભારતી) સાથે સંવાદ.
ચૈત્ર	વદ	૮	,,	,,	અમરક રાજાના દેહમાં પ્રવેશ.
કાર્તિક	સુદ	૧૩	,,	,,	પુનઃ પોતાના દેહમાં પ્રવેશ.
,,	વદ	૧	,,	,,	સરસ્વતીનું હારવું. આકાશમાર્ગે બ્રહ્મલોકમાં જતી

				સરસ્વતીનું ચિન્તામણિ મંત્ર વડે દ્વારકામાં આકર્ષણ.
કાર્તિક	વદ	૫	યુ. સં. ૨૬૪૮	દ્વારકામાં સરસ્વતીનું સ્થાપન.
,,	,,	૧૩ શ્રી	,, ,,	દ્વારકામાં શરદાપીઠનું સ્થાપન.
મહા	સુદ	૧૦		બૌધ્ધો વગેરેનો પરાજય. રૂદ્રમાળના આકારે ત્યાં મંદિર બાંધી તેમાં શ્રી દ્વારકાધીશ (શ્રી કૃષ્ણ) ની પ્રતિષ્ઠા કરી. સિદ્ધેશ્વરનું મંદિર બાંધ્યું. શ્રી ભદ્રકાળી યંત્રોદ્ધાર.
ફાગણ	સુદ	૯	,, ,,	શૃંગગિરિમાં મઠસ્થાપન.
ચૈત્ર	સુદ	૯	,, ,,	શ્રી મંડનમિશ્રને સંન્યાસ આપ્યો અને શ્રી સુરેશ્વરાચાર્ય એવો યોગપટ્ટ આપ્યો.
માગસર	સુદ	૧૦	,, ૨૬૪૯	સુધન્વા રાજાનો શિષ્ય તરીકે સ્વીકાર.
માહ	સુદ	૭	,, ,,	શ્રી સુરેશ્વરાચાર્યનો દ્વારકામાં શારદાપીઠપર અભિષેક.
વૈશાખ	સુદ	૩	,, ૨૬૫૦	દિગ્વિજય મહોત્સવ આરંભ.
શ્રાવણ	સુદ	૭	,, ૨૬૫૩	શ્રી તોટકાચાર્ય અને શ્રી
		તથા		હસ્તામલકાચાર્યનો શિષ્ય
આશ્વિન	સુદ	૧૧	,, ૨૬૫૪	તરીકે સ્વીકાર.

પોષ	સુદ	૧૫	યુ. સ.	૨૬૫૪	શ્રી હસ્તામલકાચાર્યનો શૃંગેરીપીઠ પર તથા તેજ દિને શ્રી તોટકાચાર્યનો જ્યોતિર્મઠમાં અભિષેક કરવાનો સંકેત કર્યો.
વૈશાખ	સુદ	૧૦	,,	૨૬૫૫	દિગ્વિજય દરમ્યાન પુરૂષોત્તમ ક્ષેત્ર (જગન્નાથપુરી) પ્રત્યે જવું. ત્યાંથી શ્રી જગન્નાથજીની કાષ્ટમૂર્તિનું સ્થાપન કરવું તથા તે પુરીની મર્યાદાનો પ્રબંધ. ત્યાં ગોવર્ધન મઠની સ્થાપના તથા શ્રી પદ્મપાદાચાર્યનો અભિષેક.
ભાદરવા	સુદ	૧૫	,,	૨૬૫૫ થી	દિગ્વિજય મહોત્સવ બૌદ્ધાદિ ૧૦૩૨ મતોનું ખંડન, સુધન્વાદિ રાજાઓ પ્રત્યે યથાયોગ્ય પ્રજાપાલન કરવાની આજ્ઞા, અનાદિ વર્ણાશ્રમવિહિત વૈદિક ધર્મ મર્યાદાની વ્યવસ્થા, સમગ્ર યોગના મહાત્મ્યને પ્રગટ કરવું, સમગ્ર લોકનું રંજન, એ
પોષ	વદ	०))	,,	૨૬૬૨ સુધી	

પ્રમાણે આ પૃથ્વી લોકનો
ઉદ્ધાર. તે પછી કાશ્મીર
દેશમાં શારદાપીઠવાસ.

કાર્તિક સુદ ૧૫ યુ. સં. ૨૬૬૩ શ્રી કૈલાસ ગમન.

શ્રી આદ્ય શંકરાચાર્ય મહારાજે દિગ્વિજય કરીને શ્રી સનાતન વેદધર્મનો પુનરુધ્ધાર કરીને તેનું સંસ્થાપન કર્યું, તેમજ તે ધર્મના પ્રચાર અને સંરક્ષણ માટે ઉપર જણાવ્યા પ્રમાણે ભારતવર્ષની દરેક દિશામાં એક એક મઠનું સ્થાપન કર્યું.

ચાર દિશામાં ચાર મઠનું સ્થાપન કર્યું તેની વિગત શ્રી શાંકર મઠામ્નાય ગ્રન્થમાં નિચે પ્રમાણે છે :—

प्रथमः पश्चिमाम्नायः शारदा मठ उच्यते ।
कीटवारः संप्रदायस्तस्य तीर्थाश्रमो शुभौ ॥ १ ॥
द्वारकाख्यं हि क्षेत्रं स्याद्देवः सिद्धेश्वरः स्मृतः ।
भद्रकाली तु देवी स्यादाचार्यो विश्वरूपकः ॥ २ ॥
गोमती तीर्थममलं ब्रह्मचारी स्वरूपकः ।
सामवेदस्य वक्ताच तत्र धर्मं समाचरेत् ॥ ३ ॥

ભાવાર્થ :—પ્રથમ પશ્ચિમામ્નાય તેનો શારદામઠ કહેવાય છે. કીટવાર સંપ્રદાય અને સંન્યાસીઓ તીર્થ અને આશ્રમ એવા શુભ નામવાળા હોય. તેનું દ્વારકા ક્ષેત્ર છે, અને સિધ્ધેશ્વર દેવ છે. તેની દેવી ભદ્રકાળી છે અને તેના આદ્ય આચાર્ય શ્રી વિશ્વરૂપાચાર્ય (શ્રી સુરેશ્વરાચાર્ય) છે. તેનું નિર્મલ ગોમતી તીર્થ છે અને એ મઠનો બ્રહ્મચારી 'સ્વરૂપ' એવા નામવાળો હોય છે. તે મઠનો વેદ સામવેદ છે. ત્યાં આચાર્ય પોતાના ધર્મને આચરે છે.

पूर्वाम्नायो द्वितीयः स्याद् गोवर्द्धनमठ स्मृतः ।
भोगवारः संप्रदायो वनारण्ये पदे स्मृते ॥ ४ ॥

पुरुषोत्तमं तु क्षेत्रं स्याज्जगन्नाथोऽस्य देवता ।
विमलाख्या हि देवी स्यादाचार्यः पद्मपादकः ॥ ५ ॥

तीर्थं महोदधिः प्रोक्त ब्रह्मचारी प्रकाशकः ।
ऋगार्ह्वयस्तस्य वेदस्तत्र धर्मं समाचरेत् ॥ ६ ॥

ભાવાર્થ :—બીજો પૂર્વામ્નાય તેનો ગોવર્ધન મઠ. તેનો ભોગવાર સંપ્રદાય અને સંન્યાસીઓનાં નામ વન અને અરણ્ય હોય છે. તેનું પુરુષોત્તમ ક્ષેત્ર અને જગન્નાથ દેવતા છે. તેની દેવી વિમળા નામે છે, અને તેના આદ્ય આચાર્ય શ્રી પદ્મપાદાચાર્ય છે. મહાસાગર તેનું તીર્થ કહેલું છે, અને તેનો બ્રહ્મચારી 'પ્રકાશ' એવા નામવાળો હોય છે. તે મઠનો વેદ ઋગ્વેદ છે. ત્યાં આચાર્ય પોતાનો ધર્મ આચરે છે.

तृतियस्तूत्तराम्नायो ज्योतिष्मान्हि मठो भवेत् ।
आनंदवारो विज्ञेयः सम्प्रदायोऽस्यसिद्धिकृत् ॥ ७ ॥

पदानि तस्य ख्यातानि गिरीपर्वतसागराः ।
बदरीशाश्रमः क्षेत्रं देवता च सएव हि ॥ ८ ॥

देवी पुन्नागरी ज्ञेया आचार्यस्तोटकः स्मृतः ।
तीर्थन्त्वलकनन्दाख्यं नन्दाख्यो ब्रह्मचार्यभूत् ॥ ९ ॥
तस्यवेदो ह्यथर्वाख्यस्तत्र धर्मसमाचरेत् ।

ભાવાર્થ :—ત્રીજો ઉતરામ્નાય તેનો જ્યોતિર્ મઠ અને તેનો સિદ્ધિકારક આનંદવાર સમ્પ્રદાય જાણવો. તેના સંન્યાસીઓનાં નામ 'ગિરિ', 'પર્વત' અને 'સાગર' કહેલાં છે. બદરીકાશ્રમ તેનું ક્ષેત્ર અને એના દેવ પણ શ્રી બદરીનાથજ છે. તેની દેવી

પુન્નાગરી જાણવી અને એના આદ્ય આચાર્ય શ્રી તોટકાચાર્ય છે. તેનું તીર્થ અલકનંદા છે, અને બ્રહ્મચારી ‘નન્દ’ એવા નામવાળો થાય છે. આ મઠનો વેદ અથર્વ વેદ છે અને ત્યાં આચાર્ય પોતાના ધર્મને આચરે છે.

चतुर्थो दक्षिणाम्नायः श्रृंगेरी तु मठो भवेत् ॥ १० ॥
भूरिवाराह्वयस्तत्र संप्रदायः सुशोभनः ।
पदानि त्रीणि ख्यातानि सरस्वती भारती पुरी ॥ ११ ॥
रामेश्वराह्वयं क्षेत्रं आदिवाराह देवता ।
कामाक्षी तस्य देवी स्यात्सर्वकामफलप्रदा ॥ १२ ॥
पृथ्वीधराह्व आचार्यस्तुङ्गभद्रेति तीर्थकम् ।
चैतन्याख्यो ब्रह्मचारी यजुर्वेदस्य पाठकः ॥ १३ ॥

ભાવાર્થ :—ચોથો દક્ષિણામ્નાય તેનો શૃંગેરી મઠ, ભૂરિવાર સંપ્રદાય છે. તેના સંન્યાસીઓનાં નામ સરસ્વતી, ભારતી અને પુરી છે. રામેશ્વર ક્ષેત્ર, આદિવારાહ દેવ, ને કામાક્ષી દેવી છે. તેના આદ્ય આચાર્ય શ્રી પૃથ્વીધરાચાર્ય એટલે શ્રી હસ્તામલકાચાર્ય છે. તુંગભદ્રા તીર્થ છે. તેનો બ્રહ્મચારી ‘ચૈતન્ય’ એવા નામવાળો હોય છે. તેનો વેદ યજુર્વેદ છે.

આ પ્રમાણે સ્થપાયલા મઠમાં તે તે મઠના આમ્નાય પ્રમાણે આચાર્ય પરંપરા અને સંન્યાસીઓ તથા બ્રહ્મચારીઓના યોગપટ્ટ ચાલ્યા. તે ઘણાં વર્ષો પર્યંત ચાલ્યા પછી તે પરંપરા પૈકી કેટલીકનો વિચ્છેદ થયો.

૧ ગોવર્ધન મઠના આચાર્યોની પરંપરા વિચ્છિન્ન થઇ ગઇ છે. તેમજ તેના વન અને અરણ્યક નામક યોગપટ્ટના દંડી સંન્યાસીઓની સંસ્થા લુપ્ત થઇ ગઇ છે. બ્રહ્મચારીઓની

સંસ્થા પણ અવ્યવસ્થિત દશામાં છે. તે મઠની ગાદી પર આચાર્ય તરીકે શ્રી શારદાપીઠના અધિકાર નીચેના તીર્થ પદવાળા દંડી સંન્યાસીને નીમીને ચલાવી લેવામાં આવે છે.

૨ પ્રાચીનમઠમાં જ્યોતિર્મઠની પરંપરા વિચ્છિન્ન છે. તે મઠની ગાદી આચાર્ય શૂન્ય છે.

૩ શૃંગેરીમઠમાં જે આચાર્યો સાંપ્રત સમયમાં ગાદી પર આવે છે, તેઓ એટલે જે આચાર્ય પીઠ પર આવે છે તેજ 'ભારતી' પદવાળા હોય છે. કુડલગી, સંખેશ્વર, કરવીર, વિરૂપાક્ષ, પુષ્પગિરિ એ શાખા મઠોમાં સાક્ષાત્ ગુરુદીક્ષાથી 'ભારતી' બનેલા દંડી સંન્યાસીઓ ગાદીઓ પર છે.

अंग वंग कलिंगाश्च मगधोत्कल बर्बरा ।
गोवर्धन मठाधीना देशाः प्राचीव्यवस्थिता: ॥

અંગ, વંગ, કલિંગ, મગધ, ઉત્કલ અને બર્બર. એ પૂર્વ બાજુના દેશો ગોવર્ધનમઠના અધિકાર નીચે છે.

सिन्धु सौवीर सौराष्ट्र महाराष्ट्रास्तथान्तराः ।
देशाः पश्चिमदिक्स्था ये शारदापीठ सात्कृताः ॥

સિંધુ, સૌવીર, સૌરાષ્ટ્ર (કાઠીઆવાડ) અને મહારાષ્ટ્ર તથા તેની પાસેના અન્ય પશ્ચિમ તરફના દેશો શારદામઠના અધિકાર નીચે છે.

आन्ध्र द्राविड कर्णाटकेरलादि प्रभेदत. ।
श्रृंगेर्यधीना देशास्ते ह्यवाची दिगवस्थिताः ॥

આન્ધ્ર, દ્રવિડ, કર્નાટક અને કેરલ. એ દક્ષિણ બાજુના દેશો શૃંગેરીમઠના અધિકાર નીચે છે.

कुरु काश्मीर काम्बोज पांचालादि विभागतः ।
ज्योतिर्मठवशा देशा उदीची दिगवस्थिताः ॥

કુરુ, કાશ્મીર, કામ્બોજ અને પાંચાલ ઉત્તર તરફના દેશો જ્યોતિર્મઠના અધિકાર નીચે છે.

દરેક પીઠનું વિશેષ મહાવાક્ય નીચે મુજબ છે :—

દ્વારકા 'स आत्मा तत्त्वमसि श्वेतकेतो'
(સામવેદ છાં. ૮–૭)

ગોવર્ધન 'प्रज्ञानं ब्रह्म'
(ઋગ્વેદ ઐતરેય ૯–૩)

જ્યોતિ મઠ 'अयमात्मा ब्रह्म'
(અથર્વવેદ માંડુક્ય ૨)

શૃંગેરી 'अहं ब्रह्मास्मि'
(યજુર્વેદ બૃહદારણ્યક ૧–૪–૧૦)

આ મહાવાક્યો એટલે દરેક પીઠનો Motto અથવા આદર્શ વાક્ય છે.

શારદાપીઠની ક્રમ પરંપરાની સૂચી.

દ્વારકાપીઠના સ્વામી શ્રી માધવતીર્થના દફતરમાંથી મળેલ પરંપરાની યાદી નીચે પ્રમાણે આપવામાં આવી છે.

૧	બ્રહ્મસ્વરૂપાચાર્ય*....	....૨૬૯૧ યુધિષ્ઠિર સંવત
૨	ચિત્સુખાચાર્ય	....૨૭૧૫
૩	સર્વજ્ઞાનાચાર્ય	....૨૭૭૪
૪	બ્રહ્માનન્દતીર્થ	....૨૮૨૩
૫	સ્વરૂપાભિજ્ઞાનાચાર્ય	....૨૮૯૦
૬	મંગલમૂર્તિ આચાર્ય	....૨૯૪૨
૭	ભાસ્કરાચાર્ય	....૨૯૬૫
૮	પ્રજ્ઞાનાચાર્ય	....૩૦૦૮
૯	બ્રહ્મજ્યોત્સ્નાચાર્ય....	....૩૦૪૦
૧૦	આનન્દવીરભાવાચાર્ય....	ફાગણ સુદ ૯ સંવત ૨૫ વિક્રમ
૧૧	કલાનિધિ તીર્થ	પોષ સુદ ૬ „ ૮૩ „
૧૨	ચિદ્વિલાસાચાર્ય	માર્ગશીર્ષ સુદ ૧૩ „ ૧૧૯ „
૧૩	વિભૂત્યાનન્દાચાર્ય........	શ્રાવણ વદ ૧૧ „ ૧૫૪ „
૧૪	સ્ફૂર્તિ નિલયપાદ........	આષાઢ સુદ ૬ „ ૨૦૩ „
૧૫	વરતંતુપાદ................	આષાઢ વદ ૩ „ ૨૪૯ „
૧૬	યોગારુઢાચાર્ય...........	માર્ગશીર્ષ વદ ૧૧ „ ૩૫૦ „
૧૭	વિજ્ઞાન ડિંડિમાચાર્ય....	પોષ વદ ૮ „ ૩૯૪ „
૧૮	વિદ્યાતીર્થ................	ચૈત્ર સુદ ૧ „ ૪૩૭ „

*પહેલા આચાર્ય શ્રી સુરેશ્વરાચાર્ય થયા જેમનો કાલ ૨૬૪૯ થી ૨૬૯૧ સુધી યુધિષ્ઠિર સંવત.

૧૯	ચિચ્છક્તિ દેશિકાહ્વ....આષાઢ સુદ ૧૨	સં.	૪૮૩	વિક્રમ
૨૦	વિજ્ઞાનેશ્વર તીર્થ........આશ્વિન સુદ ૧૫	,,	૫૧૧	,,
૨૧	ઋતંભરાચાર્ય...........મહા સુદ ૧૦	,,	૫૭૨	,,
૨૨	અમરેશ્વર ગુરુવાહ્વ....ભાદ્રપદ વદ ૬	,,	૬૦૮	,,
૨૩	સર્વતો મુખતીર્થ........પોષ સુદ ૪	,,	૬૬૯	,,
૨૪	સ્વાનંદ દેશિકાહ્વ........વૈશાખ વદ ૫	,,	૭૨૧	,,
૨૫	સમાધિરસિક............ફાગણ સુદ ૧૨	,,	૭૯૯	,,
૨૬	નારાયણાશ્રમ...........ચૈત્ર સુદ ૧૪	,,	૮૩૬	,,
૨૭	વૈકુંઠાશ્રમ...............આષાઢ વદ ૬	,,	૮૮૫	,,
૨૮	ત્રિવિક્રમાશ્રમ..........આષાઢ સુદ ૩	,,	૯૧૧	,,
૨૯	નૃસિંહાશ્રમ...........જ્યેષ્ઠ વદ ૪	,,	૯૬૦	,,
૩૦	ત્ર્યંબકાશ્રમ...........વૈશાખ વદ ૦))	,,	૯૬૫	,,
૩૧	વિશ્રવાશ્રમ............જ્યેષ્ઠ સુદ ૧	,,	૧૦૦૧	,,
૩૨	કેશવાશ્રમ..............મહા વદ ૫	,,	૧૦૬૦	,,
૩૩	ચિદંબરાશ્રમ...........માગશર વદ ૯	,,	૧૦૮૩	,,
૩૪	પદ્મનાભાશ્રમ...........જ્યેષ્ઠ સુદ ૧૫	,,	૧૧૦૯	,,
૩૫	મહાદેવાશ્રમ...........શ્રાવણ વદ	,,	૧૧૮૪	,,
૩૬	સચ્ચિદાનંદાશ્રમ........આશ્વિન વદ ૫	,,	૧૨૦૭	,,
૩૭	વિદ્યાશંકરાશ્રમ.........આશ્વિન વદ ૧૪	,,	૧૨૬૫	,,
૩૮	અભિનવ સચ્ચિદાનંદાશ્રમ વૈશાખ સુદ ૬	,,	૧૨૯૩	,,
૩૯	શશિશેખરાશ્રમ.........વૈશાખ સુદ ૧	,,	૧૩૨૬	,,
૪૦	વાસુદેવાશ્રમ............ફાગણ વદ ૧૦	,,	૧૩૬૧	,,
૪૧	પુરૂષોત્તમાશ્રમ.........મહા વદ ૫	,,	૧૩૯૪	,,
૪૨	જનાર્દનાશ્રમ..........ભાદરવા સુદ ૧૫	,,	૧૪૦૮	,,
૩૪	હરિહરાશ્રમ............શ્રાવણ સુદ ૧૧	,,	૧૪૧૧	,,

૪૪	ભવાશ્રમ................	વૈશાખ	વદ	૫	સં. ૧૪૨૧	વિક્રમ
૪૫	બ્રહ્માશ્રમ................	આષાઢ	સુદ	૯	,, ૧૪૩૬	,,
૪૬	વામનાશ્રમ.............	ચૈત્ર	વદ	૧૨	,, ૧૪૫૩	,,
૪૭	સર્વજ્ઞાનાશ્રમ..........	ચૈત્ર	વદ	૮	,, ૧૪૮૯	,,
૪૮	પ્રદ્યુમ્નાશ્રમ.............	ચૈત્ર	સુદ	૭	,, ૧૪૯૫	,,
૪૯	ગોવિંદાશ્રમ............	જેઠ	વદ	૪	,, ૧૫૨૩	,,
૫૦	ચિદાશ્રમ................	ફાગણુ	સુદ	૨	,, ૧૫૭૬	,,
૫૧	વિશ્વેશ્વરાશ્રમ.........	મહા	સુદ	૫	,, ૧૬૦૮	,,
૫૨	દામોદરાશ્રમ...........	ચૈત્ર	વદ	૫	,, ૧૬૧૫	,,
૫૩	મહાદેવાશ્રમ............	ચૈત્ર	સુદ	૧	,, ૧૬૧૬	,,
૫૪	અનિરૂદ્ધાશ્રમ..........	મહા	વદ	૪	,, ૧૬૨૫	,,
૫૫	અચ્યુતાશ્રમ............	શ્રાવણુ	વદ	૬	,, ૧૬૨૯	,,
૫૬	માધવાશ્રમ.............	આષાઢ	સુદ	૬	,, ૧૬૮૫	,,
૫૭	અનંતાશ્રમ............	ચૈત્ર	સુદ	૧૨	,, ૧૭૧૬	,,
૫૮	વિશ્વરૂપાશ્રમ..........	શ્રાવણુ	વદ	૨	,, ૧૭૨૧	,,
૫૯	ચિદ્ઘનાશ્રમ..........	મહા	સુદ	૬	,, ૧૭૨૬	,,
૬૦	નૃસિંહાશ્રમ...........	વૈશાખ	સુદ	૪	,, ૧૭૩૫	,,
૬૧	મનોહરાશ્રમ.........	ભાદરવા	સુદ	૯	,, ૧૭૬૧	,,
૬૨	પ્રકાશાનંદ સરસ્વતી....	આશ્વિન	વદ	૬	,, ૧૭૯૫	,,
૬૩	વિશુદ્ધાનંદાશ્રમ.....	વૈશાખ	વદ	૦))	,, ૧૭૯૯	,,
૬૪	વામનેશા.............	શ્રાવણુ	સુદ	૮	,, ૧૮૩૧	,,
૬૫	કેશવાશ્રમ............	કાર્તિક	વદ	૯	,, ૧૮૩૮	,,
૬૬	મધુસુદનાશ્રમ........	મહા	સુદ	૫	,, ૧૮૪૮	,,
૬૭	હયગ્રીવાશ્રમ.........				,, ૧૮૬૨	,,
૬૮	પ્રકાશાશ્રમ...........				,, ૧૮૬૩	,,

૬૯	હરશ્રીવાનંદ સરસ્વતી	સં. ૧૮૭૪	વિક્રમ
૭૦	શ્રીધરાશ્રમ...........	,, ૧૯૧૪	,,
૭૧	દામોદરાશ્રમ..........	,, ૧૯૨૮	,,
૭૨	કેશવાશ્રમ............	,, ૧૯૩૪	,,
૭૩	રાજરાજેશ્વર શંકરાશ્રમ	,, ૧૯૫૬	,,
૭૪	શ્રીમાધવતીર્થ........	,, ૧૯૭૦	,,
૭૫	શ્રીશાન્તાનન્દ........	,, ૧૯૭૬	,,

આચાર્ય–ગુરૂ પરંપરા.

શૃંગેરી મઠ:— ક્રમ પરંપરાની સૂચી.

શ્રીમત્ જગદ્ગુરુ આઠમા નરસિંહભારતીની આજ્ઞાએ સને ૧૮૭૯ માં સિદ્ધાંતની સુબ્રહ્મણ્ય શાસ્ત્રીએ તામીલ ભાષામાં પ્રસિદ્ધ કરેલી.

નામ	અભિષેક કાલ ઇ. સ. પૂર્વે		બ્રહ્મી ભાવ ઇ. સ. પૂર્વે	વર્ષ.
૧ શ્રી શંકરાચાર્ય	૧૮	થી	૧૨	૬
૨ સુરેશ્વરાચાર્ય	૧૨	થી	૭૭૩–૭૮૫	
૩ નિત્યબોધન ઉર્ફે સર્વ-જ્ઞાત્મ મુની	૭૩૩	થી	૮૪૮	૭૫
૪ જ્ઞાન ધન	૮૪૮	થી	૯૧૦	૬૨
૫ જ્ઞાનોત્તમ શિવાચાર્ય	૯૧૦	થી	૯૫૩	૪૩

૬	જ્ઞાનગિરિ	૯૫૩	થી	૧૦૩૮	૮૫
૭	સિંહગિરિ	૧૦૩૮	થી	૧૦૯૮	૬૦
૮	ઇશ્વરતીર્થ	૧૦૯૮	થી	૧૧૪૬	૪૮
૯	નરસિંહતીર્થ	૧૧૪૬	થી	૧૨૨૮	૮૨
૧૦	વિદ્યાતીર્થ ઉર્ફે વિદ્યાશંકર	૧૨૨૮	થી	૧૩૩૩	૧૦૫
૧૧	ભારતીકૃષ્ણતીર્થ	૧૩૩૩	થી	૧૩૮૦	૪૭
૧૨	વિદ્યારણ્ય	૧૩૮૦	થી	૧૩૮૬	૬
૧૩	ચંદ્રશેખર ભારતી ૧ લા	૧૩૮૬	થી	૧૩૮૯	૩
૧૪	નરસિંહ ભારતી ૧ લા	૧૩૮૯	થી	૧૪૦૮	૧૯
૧૫	પુરૂષોત્તમ ભારતી ૧ લા	૧૪૦૮	થી	૧૪૪૮	૪૦
૧૬	શંકરાનન્દ	૧૪૪૮	થી	૧૪૫૪	૬
૧૭	ચંદ્રશેખર ભારતી ૨ જા	૧૪૫૪	થી	૧૪૬૪	૧૦
૧૮	નરસિંહ ભારતી ૨ જા	૧૪૬૪	થી	૧૪૭૯	૧૫
૧૯	પુરૂષોત્તમ ભારતી ૨ જા	૧૪૭૯	થી	૧૫૧૭	૩૮
૨૦	રામચંદ્ર ભારતી	૧૫૧૭	થી	૧૫૬૦	૪૩
૨૧	નરસિંહ ભારતી ૩ જા	૧૫૬૦	થી	૧૫૭૩	૧૩
૨૨	નરસિંહ ભારતી ૪ થા	૧૫૭૩	થી	૧૫૭૬	૩
૨૩	નરસિંહ ભારતી ૫ મા	૧૫૭૬	થી	૧૫૯૯	૨૩
૨૪	નરસિંહ ભારતી ૬ ઠા	૧૫૯૯	થી	૧૬૨૨	૨૩
૨૫	સચ્ચિદાનંદ ભારતી ૧ લા	૧૬૨૨	થી	૧૬૬૩	૪૧
૨૬	નરસિંહ ભારતી ૭ મા	૧૬૬૩	થી	૧૭૦૫	૪૨
૨૭	સચ્ચિદાનંદ ભારતી ૨ જા	૧૭૦૫	થી	૧૭૪૧	૩૬
૨૮	અભિનવ સચ્ચિદાનંદ ભારતી ૧ લા	૧૭૪૧	થી	૧૭૬૭	૨૬
૨૯	અભિનવ નરસિંહ				

	ભારતી ૧ લા	૧૭૬૭	થી	૧૭૭૦	૩
૩૦	સચ્ચિદાનંદ ભારતી ૨ જા	૧૭૭૦	થી	૧૮૧૪	૪૪
૩૧	અભિનવ સચ્ચિદાનંદ ભારતી ૨ જા	૧૮૧૪	થી	૧૮૧૭	૩
૩૨	નરસિંહ ભારતી ૮ મા	૧૮૧૭	થી	૧૭૭૮	૬૧
૩૩	સચ્ચિદાનંદ શિવાભિનવ ઉર્ફે નૃસિંહ ભારતી ૧૪	૧૮૭૮	થી	૧૯૧૨	૩૪
૩૪	ચંદ્રશેખર ભારતી ૩ જા	૧૯૧૨	થી	હાલમાં ગાદીપર	

કાંચી મઠ :—

કાંચી મઠની ગુરુ પરંપરાને મુખ્ય આધાર પુણ્ય શ્લોક મંજરી અને સદાશિવ બ્રહ્મેન્દ્ર સરસ્વતી કૃત ગુરુ રત્નમાલિકા આ બે ગ્રંથ છે. આ પીઠપર આજ સુધી ૬૮ સ્વામી થયા. એમના મતે આદિ શંકરાચાર્યનો અવતાર ગતકલી ૨૫૯૩ નંદન સંવત્સર એટલે ઇ. સ. પૂર્વે ૫૦૯ માં થએલો. સાંપ્રત સમયના પીઠાધિકારી ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી ૬૮ મા છે.

(આપવામાં આવે છે તે યાદી પ્રત્યેક નામની પાસે સાંપ્રદાયિક મત પ્રમાણે અભિષેકકાલ સન મળવા પ્રમાણે જણાવેલા છે.)

ક્રમાંક નામ	ક્રમાંક નામ
૧ શ્રી શંકરાચાર્ય	૫ જ્ઞાનોત્તમ
૨ સુરેશ્વરાચાર્ય	૬ શુધ્ધાનંદ
૩ સર્વજ્ઞાત્મ શ્રી ચરણ	૭ આનન્દ જ્ઞાન
૪ સત્યબોધ	૮ કૈવલ્ય યોગી

ક્રમાંક	નામ	ક્રમાંક	નામ
૯	કૃપાશંકર	૩૨	ચિદાનન્દ ઘનેન્દ્ર (૬૬૮)
૧૦	વિશ્વરૂપ	૩૩	રુચિરાનન્દ (૬૭૨)
૧૧	ચિદ્દ્ઘન	૩૪	ચંન્દ્ર શેખરેન્દ્ર
૧૨	ચંદ્રશેખર	૩૫	ચિત્સુખેન્દ્ર
૧૩	સચ્ચિદ્દ્ઘન	૩૬	ચિત્સુખાનન્દેન્દ્ર
૧૪	વિદ્યાઘન	૩૭	વિદ્યાઘનમૌનિ
૧૫	ગંગાધર ગિષ્પતિ	૩૮	ધીર શંકરેન્દ્ર (૭૮૮)
૧૬	ઉજ્જવળ શંકર (૩૨૯)	૩૯	ચિદ્વિલાસ (૮૪૦)
૧૭	ગૌડ સદાશિવેન્દ્ર (૩૬૭)	૪૦	મહાદેવ (૮૪૩)
૧૮	સુરેન્દ્ર યોગી (૩૭૫)	૪૧	ગંગાધર (૯૧૬)
૧૯	અભિનય વિદ્યાઘન	૪૨	બ્રહ્માનન્દ(૯૫૧)
૨૦	મૂકં સકરેન્દ્ર	૪૩	ઘનાનન્દ
૨૧	ચન્દ્ર ચૂડેન્દ્ર (૪૩૭)	૪૪	ઘનપૂર્ણ બોધ
૨૨	પરિપૂર્ણબોધ (૪૪૭)	૪૫	પરમ શિવેન્દ્ર (૧૦૬૧)
૨૩	સચ્ચિત્સુખ (૪૭૧)	૪૬	બોધેન્દ્ર (૧૦૮૮)
૨૪	ચિત્સુખ (૫૧૨)	૪૭	ચંદ્રચૂડ યોગી (૧૦૯૭)
૨૫	ચિદાનન્દઘન	૪૮	અદ્વૈતાનન્દ બોધેન્દ્ર
૨૬	પ્રજ્ઞાઘન	૪૯	સુમહાદેવ (૧૨૦૦)
૨૭	ચિદ્વિલાસ	૫૦	સુખચંદ્રશેખર
૨૮	મહાદેવ	૫૧	વિદ્યાતીર્થ (૧૨૯૧)
૨૯	પૂર્ણબોધેન્દ્ર	૫૨	શંકરાનન્દ (૧૩૮૪)
૩૦	બોધેન્દ્ર	૫૩	સદાશિવેન્દ્ર
૩૧	બ્રહ્માનન્દ ઘનેન્દ્ર (૬૫૫)	૫૪	મહાદેવેન્દ્ર

ક્રમાંક નામ		ક્રમાંક નામ	
૫૫ ચંદ્રચૂડમૌનિ		૬૨ ચંન્દ્રશેખરેન્દ્ર	(૧૭૨૯)
૫૬ સદાશિવેન્દ્ર		૬૩ મહાદેવેન્દ્ર	(૧૭૮૯)
૫૭ પરમશિવેન્દ્ર		૬૪ ચંદ્રશેખરેન્દ્ર	(૧૮૧૨)
૫૮ આત્મબોધેન્દ્ર	(૧૫૮૪)	૬૫ મહાદેવેન્દ્ર	(૧૮૪૯)
૫૯ સદાશિવબ્રહ્મેન્દ્ર	(૧૬૦૦)	૬૬ ચંદ્રશેખરેન્દ્ર	(૧૮૮૯)
૬૦ બોધેન્દ્ર		૬૭ મહાદેવેન્દ્ર	(૧૯૦૦)
૬૧ આત્મપ્રકાશેન્દ્ર		૬૮ ચંદ્રશેખરેન્દ્ર	(૧૯૦૭)

ગોવર્ધન મઠ :—

કે. નારાયણ શાસ્ત્રીની રચેલી ગુરુપરંપરાની નામાવળી પરથી તૈયાર કરેલી જગન્નાથપીઠ પરના ૧૪૨ આચાર્યોની યાદી આપવામાં આવેલી છે. તેમના મતથી આદિ શંકરાચાર્યનો સમય ઇ. સ. પૂર્વે ૫૦૯ નો ગણાય છે.

ક્રમાંક નામ	ક્રમાંક નામ
૧ પદ્મપાદ	૧૦ શ્રીધર
૨ શૂલપાણિ	૧૧ માધવાનન્દ
૩ નારાયણ	૧૨ કૃષ્ણ બ્રહ્માનન્દ
૪ વિદ્યારણ્ય	૧૩ રામાનન્દ
૫ વામદેવ	૧૪ વાગીશ્વર
૬ પદ્મનાભ	૧૫ પરમેશ્વર
૭ જગન્નાથ	૧૬ ગોપાલ
૮ મધુરેશ્વર	૧૭ જનાર્દન
૯ ગોવિંદ	૧૮ જ્ઞાનાનન્દ

ક્રમાંક	નામ
૧૯	બૃહદારણ્યતીર્થ
૨૦	મહાદેવ
૨૧	પરમબ્રહ્માનન્દ
૨૨	રામાનન્દ
૨૩	સદાશિવ
૨૪	હરિશ્વરાનન્દતીર્થ
૨૫	બોધાનન્દ
૨૬	રામકૃષ્ણતીર્થ
૨૭	ચિદ્દાધાત્મ
૨૮	તત્વાક્ષર મુનિ
૨૯	શંકર
૩૦	વાસુદેવતીર્થ
૩૧	હયગ્રીવ
૩૨	શ્રુતીશ્વર
૩૩	વિદ્યાનન્દ
૩૪	મુકુંદાનન્દ
૩૫	હિરણ્ય ગર્ભતીર્થ
૩૬	નિત્યાનન્દ
૩૭	શિવાનન્દ
૩૮	યોગીશ્વર
૩૯	સુદર્શન
૪૦	વ્યોમકેશ
૪૧	દામોદર
૪૨	યોગાનન્દ
૪૩	ગોલોકેશ
૪૪	શ્રી કૃષ્ણાનન્દતીર્થ
૪૫	દેવાનન્દ
૪૬	ચંદ્ર ચૂડ
૪૭	હલા યુધ
૪૮	સિધ્ધસેવ્ય
૪૯	તારકાત્મા
૫૦	બોધાયન
૫૧	શ્રીધર
૫૨	નારાયણ
૫૩	સદાશિવ
૫૪	જયકૃષ્ણ
૫૫	વિરુપાક્ષ
૫૬	વિદ્યારણ્ય
૫૭	વિશ્વેશ્વર
૫૮	વિબુધેશ્વર
૫૯	મહેશ્વર
૬૦	મધુસૂદન
૬૧	રઘૂત્તમ
૬૨	રામચંદ્ર
૬૩	યોગીન્દ્ર
૬૪	મહેશ્વર

ક્રમાંક	નામ	ક્રમાંક	નામ
૬૫	ઓંકાર	૮૮	ગોવિન્દ
૬૬	નારાયણ	૮૯	વાસુદેવ
૬૭	જગન્નાથ	૯૦	ગંગાધર
૬૮	શ્રીધર	૯૧	સદાશિવ
૬૯	રામચંદ્ર	૯૨	વામદેવ
૭૦	તામ્રકતીર્થ	૯૩	ઉપમન્યુ
૭૧	ઉમેશ્વર	૯૪	હયગ્રીવ
૭૨	ઉદંડતીર્થ	૯૫	હરિ
૭૩	સંકર્ષણ	૯૬	રઘૂત્તમ
૭૪	જનાર્દન	૯૭	પુણ્ડરીકાક્ષ
૭૫	અખંડાત્મ	૯૮	પરશંકર
૭૬	દામોદર	૯૯	વેદગર્ભ
૭૭	શિવાનન્દ	૧૦૦	વેદાન્તભાસ્કર
૭૮	ગદાધર	૧૦૧	વિજ્ઞાનાત્મ
૭૯	વિદ્યાધર	૧૦૨	શિવાનન્દ
૮૦	વામન	૧૦૩	મહેશ્વર
૮૧	શંકર	૧૦૪	રામકૃષ્ણ
૮૨	નીલકંઠ	૧૦૫	વૃષધ્વજ
૮૩	રામકૃષ્ણ	૧૦૬	શુદ્ધબોધ
૮૪	રઘૂત્તમ	૧૦૭	સોમેશ્વર
૮૫	દામોદર	૧૦૮	બોપદેવ
૮૬	ગોપાલ	૧૦૯	શંભુતીર્થ
૮૭	મૃત્યુંજય	૧૧૦	ભૃગુ

ક્રમાંક	નામ	ક્રમાંક	નામ
૧૧૧	કેશવાનન્દ	૧૨૭	હૃષિકેશ
૧૧૨	વિદ્યાનન્દ	૧૨૮	દામોદર
૧૧૩	વેદાનન્દ	૧૨૯	ગોપાલાનન્દતીર્થ
૧૧૪	બોધાનન્દ	૧૩૦	ગોવિંદ
૧૧૫	સુતપાનન્દ	૧૩૧	રઘૂત્તમ
૧૧૬	શ્રીધરતીર્થ	૧૩૨	રામચંદ્ર
૧૧૭	જનાર્દન	૧૩૩	ગોવિંદ
૧૧૮	કામનાશાનંદ	૧૩૪	રઘૂનાથ
૧૧૯	હરિહરાનન્દ	૧૩૫	રામકૃષ્ણ
૧૨૦	ગોપાલ	૧૩૬	મધુસૂદનતીર્થ
૧૨૧	કૃષ્ણાનન્દ	૧૩૭	દામોદર
૧૨૨	માધવાનન્દ	૧૩૮	રઘૂત્તમ
૧૨૩	મધુસૂદનતીર્થ	૧૩૯	શિવ
૧૨૪	ગોવિંદ	૧૪૦	લોકનાથ
૧૨૫	રઘૂત્તમ	૧૪૧	દામોદર
૧૨૬	વામદેવ	૧૪૨	મધુસૂદનતીર્થ

શંકેશ્વર મઠઃ—

કરવીર મઠ સ્થાપન થતા પહેલાંની ગુરુપરંપરા કરવીર મઠમાંથી ને કહ્લાડમાંથી મળેલી જુની પ્રત પ્રમાણે નીચે આપવામાં આવી છે.

૧ શિવ, ૨ વિષ્ણુ, ૩ બ્રહ્મા, ૪ વસિષ્ઠ, ૫ શક્તિ, ૬ પરાશર, ૭ વ્યાસ, ૮ શુક, ૯ ગૌડપાદ, ૧૦ ગોવિંદયતિ,

૧૧ શંકરાચાર્ય, ૧૨ વિશ્વરૂપ, ૧૩ પૃથ્વીધર, ૧૪ ગંગાધર, ૧૫ ચિદ્ઘનભારતી, ૧૬ બોધઘન, ૧૭ જ્ઞાનોત્તમ, ૧૮ નૃસિંહયતિ, ૧૯ ઇશ્વરભારતી, ૨૦ વિદ્યાશંકર, ૨૧ કૃષ્ણયતિ, ૨૨ શંકરયોગી, ૨૩ મધુસૂદન ભારતી, ૨૪ સ્વયંજાત સચ્ચિદાનંદ, ૨૫ પુરુષોત્તમ, ૨૬ મધુસૂદન, ૨૭ જગન્નાથ, ૨૮ વિશ્વાનન્દ, ૨૯ વિદ્યારણ્ય ભારતી, ૩૦ જ્ઞાનોત્તમયતિ, ૩૧ ઇશ્વરભારતી, ૩૨ ઇશ્વરતીર્થ, ૩૩ વિદ્યાતીર્થ, ૩૪ વિદ્યારણ્ય, ૩૫ નૃસિંહ, ૩૬ ચંદ્રશેખર ભારતી, ૩૭ રામચંદ્ર, ૩૮ નૃસિંહ, ૩૯ વિદ્યાતીર્થ, ૪૦ શંકરાનન્દ, ૪૧ નૃસિંહ શંકરાનન્દ, ૪૨ નૃસિંહ ભારતી, ૪૩ શંકર ભારતી.

આદ્ય શંકરાચાર્યથી ૪૪ મા સ્વામી શ્રી વિદ્યાશંકર ભારતી પ્રથમ શંકેશ્વરમાં આવ્યા. ત્યાંથી આગળનો અનુક્રમ વિદ્યાનૃસિંહ ભારતી અને વિદ્યાશંકર ભારતી આ બેજ નામથી ચાલુ છે. તેની યાદી આપવામાં આવી છે.

૧ વિદ્યાશંકર ભારતી ઉર્ફે દેવ ગોસાવી

૨ વિદ્યાનરસિંહ ભારતી ઉર્ફે તૈલંગ સ્વામી

૩ વિદ્યાશંકર ભારતી ઉર્ફે લાટકર

૪ વિદ્યાનરસિંહ ભારતી ઉર્ફે કાશીકર

૫ વિદ્યાશંકર ભારતી ઉર્ફે અષ્ટકર

૬ વિદ્યાનરસિંહ ભારતી (વે. રામશાસ્ત્રી નૂલકર) શ્રા. શુ. ૧ શકે ૧૬૭૯.

[1]૭ શંકર ભારતી (યજ્ઞેશ્વર ભટ્ટ ભૂતનાલકર) મા. વ. ૩૦ શકે ૧૬૭૯.

૮ નરસિંહ ભારતી (હરિશાસ્ત્રી નાંદેડકર) જ્યે. વ. ૨ શકે ૧૬૯૫.

૯ શંકર ભારતી (બાબદેવ ભટ લાટકર) ચૈ. વ. ૭ શકે ૧૬૯૮.

૧૦ નરસિંહ ભારતી (યજ્ઞેશ્વર શાસ્ત્રી પુણેકર) ચૈ. વ. ૧૩ શકે ૧૭૧૬.

૧૧ શંકરભારતી (સરસ્વતી ભટ્ટજી બાટકર) ચૈ. શુ. ૧૧ શકે ૧૭૩૦.

૧૨ નરસિંહભારતી ઉર્ફે તૈલંગ સ્વામી દ્રવિડ સ્વામી અગર કર્કી સ્વામી (રામશાસ્ત્રી વાડીકર) ભાદ્ર વ. ૩૦ શકે ૧૭૩૩.

[2]૧૩ શંકરભારતી (ભૈરવદીક્ષીત કહ્રાડકર) વૈ. શુ. ૮ શકે ૧૭૫૯.

૧૪ નરસિંહભારતી (અપ્પા દીક્ષીત કહ્રાડકર) વૈ. વ. ૧૩ શકે ૧૭૬૮.

---

૧ શકે ૧૬૯૫ સાલમાં કોન્હેરાવ પટવર્ધને કરવીર મઠ સળગાવ્યો અને લૂટયો એટલા માટે આ સ્વામીએ વાળવા પાસે સિધ્ધેશ્વર સામે જીભને ખેંચીને પ્રાણ આપ્યો. અહિં દર સાલ યાત્રા ભરાય છે અને ઉત્સવ થાય છે.

૨ એમની કારકીર્દિમાં શંકેશ્વર અને શૃંગેરી વચ્ચે વાદ થયો તે કોલ્હાપૂરવાળાએ મટાડયો.

૧૫ શંકરભારતી (ગંગાધર ભટ્ટ જોશી ભીલવડીકર) ભા. શુ. ૭ શકે ૧૭૮૨.

[3]૧૬ નરસિંહભારતી (રઘુનાથ ભટ્ટ જોશી ભીલવડીકર) જે. વ. ૧૧ શકે ૧૭૮૯

૧૭ શંકરભારતી (હનુમંત ભટ્ટ જોશી) કા. વ. ૨ શકે ૧૭૯૫.

૧૮ નરસિંહભારતી (વ્યંકટ શાસ્ત્રી રામદાસી) ભા. વ. ૧ શકે ૧૭૯૯.

૧૯ શંકર ભારતી ઉર્ફે ગુરુસ્વામી (વાસુદેવ શાસ્ત્રી ભીલવડીકર) ચૈ. શુ. ૨ શકે ૧૮૦૭.

એમની કાર્કીદીમાં ઇ. સ. ૧૯૦૦. કોલ્હાપૂરનું વેદોકત પ્રકરણ ઉભું થયું ને તકરાર ઉભી થઇ અને બે શિષ્ય–શાખાઓ થઇ. પ્રથમ શિષ્ય કાશીનાથ બુવા બ્રહ્મનાલકર, તેમના શિષ્ય આત્મારામ શાસ્ત્રી જોશી તેમના શિષ્ય આત્મારામ શાસ્ત્રી પિત્રે અને તેમના શિષ્ય ડૉ૦ કુર્તકોટી એ કરવીર પર બેઠા. ગુરુ સ્વામીના બીજા શિષ્ય અથણીકર, તેમના શિષ્ય વાઇકર અને તેમના શિષ્ય શિરોળકર વાઇકર હાલમાં શંકેશ્વર પીઠ પર છે. છેલ્લી જોડીને બેલગામ ફ. કલા. કોર્ટમાં દાવો થયો હતો.

---

૩ એમની સામે પુના મુકામે પુનર્વિવાહના સશાસ્ત્રાર્થ સંબંધે મોટો જબરજસ્ત વાદ થયો. સં. ૧૭૯૨ ચૈ. વ. ૨ ઇ. સ. ૧૮૭૦ રોજે નિર્ણય પત્ર પ્રસિદ્ધ થયું. તેમજ ગણેશશાસ્ત્રી ગોળવલકરને વિલાયત જઇ આવ્યા પછી શ્રા. શુ. ૧૧ શકે ૧૯૭૪ એ પ્રાયશ્ચિત આપી શુદ્ધી કર્યા.

શ્રી શંકરાચાર્યનો સમય.

ખુદ આચાર્યના ગ્રંથો તો તત્વજ્ઞાન પરજ લખાયેલા હોવાથી તે સમયના સ્થળોનો, પુરૂષોનો કે વાતોના ઉલ્લેખો તેમાંથી કવચિતજ મળી શકે છે. પાટલીપુત્ર ને સ્નુઘ્ન શહેર, પૂર્ણવર્મા રાજા ને તામીલ કવિ 'સંબંધ'ના નામો મળવાથી કૈ. તૈલંગ પ્રભૃતીએ આચાર્યનો કાળ ઠરાવવાને પ્રયત્ન કર્યો છે. તેમજ કુમારિલ, પ્રભાકર, દિગ્નાગ ધર્મકીર્તિ, દેવર્ધિગણિ, સિદ્ધસેન દિવાકર વગેરે વૈદિક, બૌધ ને જૈન ગ્રંથકારોના મતોનું ખંડન કરેલું હોવાથી શંકરાચાર્ય તેમના પછીથી થયા એવું અનુમાન કરવામાં આવ્યું છે. આ ખંડનમંડનકારોનો અનુક્રમ નીચે પ્રમાણે છેઃ—

૧	વૈદિક–ગૌતમસૂત્રપર ભાષ્ય	ત્રીજા અને ચોથા સૈકામાં
૨	બૌધ–દિગ્નાચાર્ય પ્રમાણુ સમુચ્ચય....	પાંચમા ,,
૩	વૈદિક–ઉદ્યોતકાર વાર્તિક	છઠ્ઠા ,,
૪	બૌધ–ધર્મકીર્તિ ,, ...	સાતમા ,,
૫	જૈન–સમંતભદ્ર આપ્તમીમાંસા....	છઠ્ઠા અને સાતામા ,,
૬	વૈદિક–કુમારિલ ભટ્ટ તંત્ર વાર્તિક....	સાતમા ,,
૭	જૈન–અકલંક–અષ્ટસતિ	આઠમા ,,
૮	વૈદિક–શંકરાચાર્ય–ભાષ્ય	આઠમા અને નવમા ,,
૯	વૈદિક–સુરેશ્વરાચાર્ય–વાર્તિક	,, ,, ,,
૧૦	બૌધ્ધ–ધર્મોતરાચાર્ય–ટીકા...	નવમા ,,
૧૧	વૈદિક–વાચસ્પતિ અને ઉદયન....	અગીઆર અને બારમા ,,

ગ્રંથના પ્રમાણો વડે આ અનુક્રમ નિશ્ચિત ઠરે તો શંકરાચાર્યનો અવતાર કાળ સામાન્ય રીતે ઠરાવવાને સરળતા પડશે. દેવર્ધિગણિ, સિધ્ધસેન દિવાકર સમંતભદ્ર, અકલંક, વિદ્યાનંદ વગેરે સમકાલિન ઠરવાથી શંકરાચાર્યનો કાળ બહુજ ચોક્કસ થશે. હિંદુસ્તાનમાંના જૈન, બૌધ ગ્રંથોનું, ને અદ્વૈત ભિન્ન સંપ્રદાયોના ગ્રંથોનું પ્રકાશન થવું હજી ઘણું બાકી છે, તેમજ તિબેટ, ચીન, બ્રહ્મદેશ, સિંહલદ્વીપ, જાવા, સિયામ ત્યાંના ગ્રંથો પણ હજી અજ્ઞાતજ રહ્યા છે. આ દેશો માંહેલી રાજ્ય સત્તા સુસ્થિર થયે પ્રાચીન વિદ્યાનું પુનર્જિવન થશે, ત્યાર પછી ભરત ખંડનો યોગ્ય ઇતિહાસ તૈયાર થશે. શંકરાચાર્ય સંબંધે અમુક તામ્રપટ છે. પરંતુ તેના કાળની તેમજ અન્ય હકીકતની ચોક્કસતા થવાની ખાસ અયત્યતા છે. જુદા જુદા મઠોની ગુરુપરંપરાઓ પરસ્પર વિરોધી છે. તેથી તે પરથી કે કોઇ પણ સ્વામીના નામ ઉપરથી ઐતિહાસિક અનુમાન કરવું એ ભૂલ ભરેલું ગણાય. આદ્ય શંકરાચાર્યનું સવિસ્તર ચરિત્ર એ નામે જે અનેક શંકરવિજય ગ્રંથ પ્રસિધ્ધ છે, તેનો પણ અહીં વિચાર કર્યા વગર ચાલે તેમ નથી.

મદ્રાસ હાઇકૉર્ટના વકીલ નારાયણ શાસ્ત્રી બી. એ. બી. એલ. તેઓએ પોતાના "Age of Shanker" ગ્રંથના પહેલા ભાગમાં દશ શંકર વિજયનો ઉલ્લેખ કર્યો છે તે આ પ્રમાણે છે :—

૧ શ્રી ચિત્સુખાચાર્યે વિરચિત શંકર વિજય અથવા બૃહચ્છંકર વિજય.

૨ આનંદગિરીકૃત શંકરવિજય અથવા પ્રાચીન શંકરવિજય.

૩ વિદ્યાશંકર ઉર્ફે શંકરાનન્દકૃત શંકરવિજય અથવા "વ્યાસાચલીય."

૪ ગોવિંદનાથ કૃત શંકરવિજય અથવા "આચાર્યચરિત" અથવા કેરલીય શંકરવિજય.

૫ રાજચૂડામણિ દીક્ષિત–કૃત શંકરવિજય કે 'શંકરાભ્યુદય'

૬ અનંતાનંદગિરીકૃત શંકરવિજય, ગુરુવિજય, કે "આચાર્ય–વિજય."

૭ વલ્લીસહાય કવિ કૃત શંકરવિજય, કે "આચાર્ય દિગ્વિજય."

૮ સદાનન્દ કૃત "શંકર દિગ્વિજયસાર."

૯ ચિદ્વિલાસ–કૃત "શંકરવિજય વિલાસ."

૧૦ માધવાચાર્ય ઉર્ફે વિદ્યારણ્ય કૃત "શંકર દિગ્વિજય કે 'સંક્ષેપ શંકરવિજય."

ઉપર જણાવેલા દશ શંકરવિજય ગ્રંથ ઉપરાંત કેટલાક મઠોની પુણ્યશ્લોક મંજરી, ગુરુ પરંપરા સ્તોત્રો અને પ્રચલિત મઠામ્નાય સેતુઓ છે. "ગૌડપાદોલ્લાસ, હરિમિશ્રીય, પતંજલિ વિજય, બૃહદ્રાજતરંગિણી, હયગ્રીવવધ, મણિપ્રભા, ગુરુરત્ન માલિકા, સુષુમવિમર્શ વગેરે ગ્રંથમાં પણ શંકરાચાર્ય સંબંધે અનેક ઉલ્લેખ છે. પણ તે સર્વે ગ્રંથ પ્રસિદ્ધ થયા સિવાય તે પર કંઇ અનુમાન કરવું એ અયોગ્ય મનાય છે. જિન વિજય મધ્વ વિજય, મણિ મંજરી વગેરે વિરોધી ગ્રંથોમાં શ્રી શંકરાચાર્યની નિંદા કરેલી પણ જણાય છે. મધ્વવિજયમાં

શંકરાચાર્યને મણિમાન્ દૈત્યનો અવતાર ઠરાવ્યો ને વાયુનો અવતાર મધ્વાચાર્ય, એણે તેમનો પરાભવ કર્યાનું લખેલું છે. કેરલોત્પતિ ગ્રંથમાં શંકરાચાર્યની અનેક કથા છે, તેમાં આચાર્યના સમકાલિન કેરલ સિંહાસનસ્થ "ચેરમાન પેરુમલ્લ" રાજા મુસલમાન ધર્મ સ્વીકારી મક્કાની યાત્રા કરવા ગયો ત્યાં તે અબદુલ રહિમાન નામથી રહ્યો ને ઝફાર ગામે મરણ પામ્યો, એવી એક વાત છે. તે સત્ય હોય તો ઝફાર માંહેલી કબર ઉપર હિજરી ૨૧૬ એટલે ઇ. સ. ૮૨૧-૨૨ છે. તે ઉપરથી શંકરાચાર્યનો કાળ ઠીક નક્કી થઇ શકે.

ઉપર જણાવેલા દશ શંકર વિજય પૈકી માધવાચાર્યકૃત "શ્રી મચ્છંકર દિગ્વિજય" પુના આનન્દાશ્રમમાં અને આનન્દગિરી કૃત "શંકરજિય" કલકત્તાના "બિબલિ ઓથિક ઇંડિકા" ગ્રંથ-માળામાં પ્રગટ થયેલા છે. બાકીના આઠ હજી અપ્રકાશિત છે. આનંદગિરીના ગ્રંથમાં આચાર્યના ચરિત્રનું કથન વિશેષ અપાયું ફક્ત વિરોધી નથી. મતવાળાઓનું ખંડન કરેલું છે. આચાર્યશ્રી હિમાલયમાં બદ્રિકાશ્રમે નિર્વાણ થયા નથી. પરંતુ કાંચી (કાંજી વ્હરમ્) શહેરમાં થયા. આ એક વિશેષ હકીકત આ શંકરવિજયમાં છે. આ વિશેષ હકીકત સંબંધે કેટલાકોનો મતભેદ છે. આચાર્ય-ભાષ્યપર ટીકા કરનાર આનંદગિરી આચાર્ય પછી ચારસો પાંચસો વર્ષે થયા ને તે કાચી મઠની ગાદીપર હતા. તેજ જો આ ગ્રંથના કર્તા હોય, તો એ ગ્રંથ કાંચી અથવા કુંભકોણ મઠનો પક્ષપાતી છે, એ ઉઘાડું છે. વિદ્યાર-ણ્યનો દિગ્વિજય ગ્રંથ પુનામાં છપાયો હોવાથી આ પ્રાંતમાં વિશેષ પ્રસિદ્ધ છે અને તે સંબંધે પણ દ્રાવિડ સંશોધકોનો

મત વિરૂદ્ધ છે. બાકીના આઠ પૈકી અનંતાનંદગિરી એ આનંદગિરીજ હોવા જોઈએ; અને નં. ૭ વલ્લીસહાય, નં. ૮ સદાનન્દ અને નં. ૯ ચિદ્વિલાસ એ વિદ્યારણ્ય સ્વામીના પ્રમાણે શૃંગેરીમઠાનુયાયી હોવાથી, સદહું ત્રણે "વિજય" નું સ્વરૂપ સામાન્ય રીતે સરખુંજ મનાય છે. ચિદ્વિલાસનો ગ્રંથ સંવાદરૂપે અને નં. ૫ રાજ ચૂડામણિ કૃત શંકરાભ્યુદય પ્રશંસાત્મક કાવ્ય જેવુંજ અને નં. ૧ બૃહત શંકર વિજય' નં. ૩ વ્યાસાચલીય, ને નં. ૪ કેરલીય 'શંકરવિજય' એ ચરિત્રો માત્ર મહત્વના લાગે છે. ગોવિંદનાથનો કેરલીય 'શંકરવિજય' આચાર્યની જન્મભૂમિમાં લખાયલો હોવાથી વિશેષ વિશ્વસનીય ગણાય. ચિત્સુખાચાર્ય-કૃત "બૃહત્ શંકરવિજય" એ સર્વથી વધારે વિસ્તાર પૂર્વક ને પ્રાચીન હોઇ શંકરાચાર્યના સમકાલીન શિષ્યે લખેલો એમ મનાયાથી તેને સર્વ કોઇ પ્રમાણભૂત માને છે. પરંતુ સમગ્ર ગ્રંથ પ્રસિદ્ધ થયા. અંતે તેના કર્તા ચિત્સુખાચાર્ય કયા, એ વિષે નિર્ણય થવાની આવશ્યકતા છે. સદર 'વિજય' માં કર્તાએ આત્મચરિત્ર પણ આપ્યું છે. ગોકર્ણ ક્ષેત્રનો વિષ્ણુશર્મા નામે એક બ્રાહ્મણ પુત્ર બાલ્યકાળથી જ આચાર્યનો સહાધ્યાયી હતો, પછીથી જીંદગી સુધી તે તેમની પાસે સંન્યાસ લઇ રહ્યો, ને પછી તે દ્વારકાના શારદાપીઠ બ્રહ્મસ્વરૂપાચાર્યની પછી યુધિષ્ઠિર શકે ૨૬૯૧ (ઇ. સ. પૂ. ૪૦૯) વર્ષ ચૈત્ર વદી ૮ મે મઠાધિપતિ થયો. એ ચિત્સુખાચાર્ય બૃહત્શંકરવિજય ગ્રંથ ખરેખર તેમનો જ લખાયલો હોય, તો તે સમકાલિન શિષ્યે પ્રત્યક્ષ માહિતીથી લખાયલાને અત્યંત વિશ્વસનીય માનવો જોઇએ. એ ગ્રંથના ૧ પૂર્વાચાર્ય સત્પથ, ૨

શંકરાચાર્ય સત્પથ, અને ૩ સુરેશ્વરાચાર્ય સત્પથ એમ ત્રણ ભાગ છે. તે પૈકી માત્ર બીજોજ હાલ જણાય છે. શંકરાચાર્યના નામપર ચાલતા સર્વ પ્રકીર્ણ ગ્રંથ એમાં એકત્ર કરેલા લાગે છે ને પરથી તે કોઇ અર્વાચીન કર્તાએ કરેલો ગ્રંથ ચિત્સુખાચાર્યના નામપર ગોઠવી દીધો હોવો જોઇએ, એ શંકાસ્પદ છે. "ચિત્સુખી" અથવા "પ્રત્યક્ષતત્ત્વદીપિકા" એ પ્રસિધ્ધ ગ્રંથના કર્તા ચિત્સુખાચાર્ય નિઃસંશય અર્વાચીન હતા; કેમકે તેણે ઉદયન, ન્યાય લીલાવતિકાર વલ્લભ, વાચસ્પતિ વગેરે અર્વાચીન ગ્રંથોના ઉલ્લેખ કરેલા છે, ને માધવના 'સર્વદર્શન સંગ્રહ'પર વૃત્તિ લખેલી છે. સારાંશ કે આ દશે ગ્રંથોનું ઉત્તમ રીતે નિરીક્ષણ થયા પછી તેમાંથી જે યોગ્ય લાગે તે ખરૂં. બાકી અનુમાનથી નક્કી કરવું તે અયોગ્ય ગણાય. આ "વિજયો" પ્રમાણેજ પ્રત્યેક મઠના મઠામ્નાય અને ગુરુપરંપરા રુઢી પ્રમાણે ચાલતી આવી છે તેનું પણ તત્ત્વેષણ બુદ્ધિએ નિરીક્ષણ થવું જોઇએ.

આ મઠામ્નાયો કોણે રચ્યા, તે પ્રત્યેકમાં જુદાપણું શા માટે ? તેમાં પણ ખરા ને પૂર્વાચાર્ય કોણ હતા, અને તેમાં ભેદ કેવી રીતે ઉત્પન્ન થયો, આ વિષયો પર ઇતિહાસ સંશોધકોને બહુ વિચાર કરવો પડે તેમ છે. તેમજ પ્રત્યેક મઠોની ગુરુપરંપરા, તેમજ તેનો કાળ કેટલો વિશ્વસનીય તે પણ જાણવું જરુરી છે. આજ મળેલી હકીકતો પરથી જો અનુમાન કરીએ, તો આ સર્વ શંકરવિજય અને મઠામ્નાય વિદ્યારણ્યના સમયથી કે ત્યારબાદ તૈયાર થયેલા એમ માનવું પડે તેમ છે. તેરમાં સૈકાના પૂર્વેનો ખાત્રી લાયક ગ્રંથ હજુ સુધી જણાયો નથી.

શ્રી આદ્ય શંકરાચાર્યના જન્મકાળ ને નિર્વાણસ્થળ માટે ઘણા મતભેદ છે, પણ કેટલીક હકીકત નિર્વિવાદ તેમજ સર્વમાન્ય છે. તેમના પ્રાદુર્ભાવ પછીની હકીકત નીચે પ્રમાણે છે :—

अष्टवर्षे चतुर्वेदी द्वादशे सर्व शास्त्रकृत ।
षोडशे कृतवान् भाष्यं द्वात्रिंशे मुनिरभ्यगात ॥

આઠ વર્ષે પૂર્ણ વેદાધ્યયન, બાર વર્ષે શાસ્ત્રાધ્યયન, સોળ વર્ષે શારીરક ભાષ્ય રચના, અને બત્રિસમે વર્ષે નિર્વાણ, આ હકીકત મુખ્ય છે. ઉપરાંત પાંચમે વર્ષે ઉપવીત અને આઠમે વર્ષે સંન્યાસદીક્ષા લીધી હતી તે સર્વમાન્ય છે. બાલ્યકાળમાં પિતૃવિયોગ અને આઠમે વર્ષે સંસારવિરક્તતા થયાથી આચાર્યે બ્રહ્મચર્યમાંથી એકદમ સંન્યસ્ત ગ્રહણ કર્યું. ગૃહસ્થ ને વાનપ્રસ્થ આશ્રમો ધારણ કર્યા વગર તે સમયે કોઇથી સંન્યસ્ત ન લેવાતું; ખાસ કરી સંન્યાસ લેવો એટલે બૌધ્ધ ભિક્ષુનું અનુકરણ મનાતું હોવાથી, વૈદિકમાર્ગી તેને ગૌણ સમજતા, પરંતુ यद्हरेव विरजेत् तद्हरेव प्रव्रजेत्, ब्रह्मचर्या देव प्रव्रजेत् શ્રીશંકરે જાબાલશ્રુતિના આધારે પોતાના બાલ સંન્યાસનું મંડાણ કર્યું હતું. શંકરાચાર્યના આશ્રમગુરુ ગોવિંદયતિ હતા, ને આશ્રમ ઓંકાર માંધાતા ક્ષેત્રમાં કર્યો તે પ્રસિદ્ધ છે. પણ ગોવિંદયતિના સાક્ષાત્ પ્રસિધ્ધ ગુરુ ગૌડપાદાચાર્ય હતા કે નહિ તે માટે જરા શંકાની નજરે જોવાય છે; કારણ કે તેના કાળમાં બસો ત્રણસો વર્ષનું અંતર હોવાનું કહેવાય છે. ઇશ્વર કૃષ્ણની સાંખ્ય કારિકાપરથી ગૌડપાદ-કૃત ભાષ્યનું ચીની ભાષામાં ભાષાંતર છઠ્ઠા સાતમા સૈકાની શરૂઆતમાંજ છે. તેમજ ગૌડપાદના પૂર્વે શ્રીશંકર,

વિષ્ણુ, બ્રહ્મા, વસિષ્ઠ, શક્તિ, પરાશર, વ્યાસ અને શુક એવી ગુરુપરંપરા આપવામાં આવી છે. તે પણ પૌરાણિક કહેવાય છે.

આચાર્યે બદરિકાશ્રમમાં શાસ્ત્રાભ્યાસ કર્યો, વારાણસી ક્ષેત્રમાં ભાષ્ય રચના કરી ને ત્યાર પછી દિગ્વિજય કરીને છેવટે શૃંગેરીમાં કાયમનો નિવાસ કર્યો, આ હકીકતમાં ચોક્કસતા લાગે છે. દરમ્યાન સ્વદેશે જઇ માતુશ્રીને અંત્યસંસ્કાર કર્યાની બાબત પણ સત્ય જણાય છે. આ બાબતો સામાન્ય માણસોની પેઠેજ હોવાથી તેમાં કંઇ અસંભવિતપણું લાગતું નથી. શ્રીશંકરાચાર્ય ૩૨ મે વર્ષે નિર્વાણ પામ્યા. એમ બહુમત છે.

ગૌડપાદની પૂર્વે આઠ, નવમા ગૌડપાદ તથા દશમા ગોવિંદયતિ એમ દશ પૂર્વાચાર્ય અને અગીઆરમા શ્રીશંકરાચાર્ય થયા હતા.

શ્રી શંકર—જન્મભૂમિ નિર્ણય.

ભરતખંડમાં વૈદિક ધર્મનું પુનરુત્થાન કરનાર શ્રી આદ્ય શંકરાચાર્યનો જન્મ કાલટી ગામે થયો હતો. આ સ્થાનની માલિકી લગભગ બારસો વર્ષ સુધી ખ્રિસ્તી લોકોના હાથમાં હતી. વિદ્યારણ્યકૃત શંકર વિજયમાં કાલટી ગામનો ઉલ્લેખ કરેલો છે. પરંતુ કાલવશાત્ આ જન્મભૂમિની પરિસ્થિતિમાં બહુ ફેરફાર થયેલો હોવાથી તે વિષે નિર્ણય કરવાનું કામ

મુશ્કેલી ભર્યું થઇ પડ્યું હતું. કોચીન સંસ્થાનમાં શોરાનૂર અર્નાકયુલમ્ રેલ્વેના અંગમલ્લી સ્ટેશનથી પાંચ માઇલ દૂર પૂર્ણા ઉર્ફે પેરીયર નદી કિનારે કાલટી ગામ અને નીચે જણાવેલાં સ્થળો છે.

સતી (આર્યામ્બા) નિત્યપૂજા કરતાં તે વડવૃક્ષ, ને કૃષ્ણ મંદિર છે. તેની નજીક તે સાધ્વિની દહન ભૂમિ છે. ઉંડા પાણીના પ્રવાહવાળો ભાગ મહા ભયંકર જંગલમાંથી સને ૧૯૧૦ ના ફેબ્રુઆરીની ૨૧ મી તારીખે એટલે શાકે ૧૮૩૧ મહા સુદ ૧૨ ને રોજ શૃંગેરી પીઠસ્થ શ્રી સચ્ચિદાનંદ શિવાભિનવ નૃસિંહ ભારતીએ ત્રાવણકોર દરબારની સહાયતાથી તે સમયના ત્યાંના દિવાન વ્હી. પી. માધવરાવ ને મ્હૈસુરના માજી ચીફ જસ્ટીસ રામચંદ્ર અય્યરની મદદથી મહા પ્રયત્ને શોધી કાઢ્યું. પછી તે સ્થળે કુંભાભિષેક કરી શંકરાચાર્યની મૂર્તિ ને શારદામૂર્તિની પ્રતિષ્ઠા કરી, તેમજ નવો મઠ તથા વૈદિક પાઠશાળા સ્થાપન કર્યાં. ચાર લાખ રૂપીઆ ખરચ કરી નદી પર ઘાટ તથા વડવૃક્ષને ચોતરો, ને બે સુંદર ઇમારત વગેરે બંધાવ્યાં. પછી આજુબાજુમાં ધીમે ધીમે લોકોનો વસવાટ વધ્યો. બારસો વર્ષ જે સ્થળ ભયંકર હિંસક પશુઓનું નિવાસસ્થાન ગણાતું તે એક સુંદર ક્ષેત્ર નિર્માણ થયું. આ પ્રમાણે આ સ્થાનના પુનરુદ્ધારનું માન ઉપરના ત્રણ પુરૂષોને ઘટે છે. આ નવા સ્થાનની મુલાકાત વૈદિક ધર્માનુયાયીએ એક વેળા અવશ્ય લેવી ઘટે છે. આચાર્યનો જન્મકાળ, તથા નિર્વાણસ્થળ ને કાળ સંબંધે ઘણા મતભેદ છે.

શ્રી શંકરાચાર્ય જેવા સનાતન ધર્મ ઉદ્ધારક નંબુદ્રિ બ્રહ્મકુળમાં *આંધ્રદેશમાં થઈ ગયા. તેમના તરફથી બંધાવેલા બદરીનારાયણ મંદિરમાં પૂજારી તરીકે નંબુદ્રિ બ્રાહ્મણનીજ પ્રથા હતી અને છે; તેમની નિમણુંક ત્રાવણકોર સંસ્થાન તરફથી થાય છે. ઠંડીના દિવસોમાં બદરીનારાયણનું મંદિર બંધ રખાય છે, ત્યારે પૂજારીઓ નીચે જોશીમઠમાં આવી રહે છે. આંધ્રના લોકોમાં ઉત્તર તરફના આર્યોની બુદ્ધિ અને દ્રવિરોની સ્થિરતા, ગંભીરતા વગેરે વિવિધ ગુણો દેખાતા. તેમણે ઉત્તર તરફના મુસલમાનોની સવારીમાંથી તથા દક્ષિણ તરફના રાનટી અનાર્યોના ત્રાસથી આર્ય ધર્મનું રક્ષણ કર્યું હતું. દિગ્નાગ જેવા બૌદ્ધાચાર્યને શ્રી શંકરાચાર્ય જેવા સનાતન ધર્મ ઉદ્ધારક આંધ્રમાં થઇ ગયા. અન્ય ધર્મ પ્રચારકોની બુદ્ધિ એક માર્ગી હતી, પણ સર્વ સંગ્રહની અગાધશક્તિ શંકર સંપ્રદાય જેટલી બીજાઓમાં માલમ પડી નથી. કુશાગ્રબુદ્ધિ, વિદ્વત્તા, કલ્પકતા વગેરે ગુણો બીજે જણાયા છે પણ તર્ક-વિતર્કના સપાટામાં ફસાઇ ન જતાં સત્ય સિદ્ધાંત અચુક દેખાડી આપવો એ ફક્ત શ્રી શંકરાચાર્યને જ વર્યો હતો. બુદ્ધિનું સમતોલપણું એ જે પ્રાચીન આંધ્રોનો ને હાલના મહારાષ્ટ્રીઓનો વિશેષ ગુણ, તે શંકરાચાર્યના ગ્રંથમાં સારી રીતે જણાય છે. "नाहं पूर्वजो मूढ आसीदित्यात्मनाऽपि मूढेन भावितव्यमित्यत्र किंचिदस्ति प्रमाणम्" એક જ વાકયમાં શ્રી શંકરાચાર્યની વિચાર શ્રેણીની ગુરુ ચાવી છે.

---

* આંધ્રઃ-નર્મદા અને કૃષ્ણા તુંગભદ્રા નદીનો વચલો દેશ.

મઠોનો ગ્રંથ સંગ્રહ.

શ્રી શંકરાચાર્યના કાળની ચોકસાઇ કરવા આચાર્યશ્રીના મઠોની અંદર સંગ્રહ કરેલા ગ્રંથો ને કાગળપત્રોમાંથી અનેક ઐતિહાસિક જાણવાજોગ બાબતો મળી શકત પણ તે દુર્દૈવે નષ્ટ થઈ છે. હિંદુસ્તાનના વતની જેવા થઇ ગયેલા પરધર્મી હૈદર તથા ટીપુ સુલતાન જેવા મુસલમાન શાહ તરફથી મઠોને ત્રાસ ન થયો; ઉલટું તેઓએ તો શૃંગેરીમઠને મદદ તેમજ બક્ષીસ, પદવી વગેરે અર્પણ કરેલાં જ્યારે મઠોની અધોગતિના પાયાનાં મંડાણ તો પેશ્વાના બ્રાહ્મણ સરદારોમાંથી મંડાયાં છે, એ ખરેખર શોચનીય છે.

હરિપંત ફડકેના સૈન્યે દ્વારકામઠ સને ૧૭૭૫ માં લૂંટયો, ને કોન્હેરાવ પટવર્ધનના સૈન્યે કરવીર મઠ સને ૧૭૭૬ માં સળગાવી મૂકયો; પરશુરામભાઉના સૈન્યે કુડલગી-મઠનો સને ૧૭૯૧ માં નાશ કર્યો અને રઘુનાથ કુરૂંદવાડકરના સૈન્યે ૧૭૯૧ માં શૃંગેરીમઠનો વિધ્વંસ કર્યો. મઠોનો નાશ કરવાનું મુખ્ય કારણ દ્રવ્યલોભ. તે સમયમાં ગામના શેઠ સાહુકારો પોતાની પુંજી લુટાઇ જશે એ ભયથી મઠોનો આશ્રય લેતા. આ દ્રવ્ય ઉપર ઉપરોક્ત સજ્જનોનો ડોળો ફરકયો અને પરિણામે મઠોની વિપરીત દશા થઈ. ગમે તેમ હો પણ આ પ્રપંચ જાળથી જે મઠોના કાગળ પત્રોનો નાશ થયો તે કોઇ રીતે વસુલ થાય તેમ નથી.

જ્યોતિમઠનો નાશ થયો છે, ને જગન્નાથ મઠ નામશેષ છે. હંપી, શિવગંગા, વગેરે મઠ અર્વાચીન છે. કાંચી

અથવા કુંભકોણમ મઠના પીઠાધિકારી પ્રાચીન ગણાવે છે; પરંતુ તેમના પુરાવા બહાર આવ્યા નથી. સિવાય કાગળ પત્રો પણ સુરક્ષિત હશે કે કેમ તે પણ શંકાસ્પદ મનાય છે; કારણ આ મઠનું અનેક વેળા સ્થલાંતર થયાનું કહેવાય છે. કરવીર સ્વામીએ સતારામાં અને શૃંગેરી સ્વામીએ પુનામાં દાદ માગીને ઉપવાસ કરેલા ત્યારે સાતારકર તરફથી થોડીક નુકશાની ભરપાઇ થઇ પણ નાના ફડનવીસ, કુરુંદવાડકર, શિંદે, હોલ્કર એઓની પરસ્પર સ્પર્ધાથી દુષિત થયેલા વાતાવરણમાં શૃંગેરી સ્વામીને બીલકુલ દાદ ન મળી. આ સમયે બીજા સચ્ચિદાનંદ ભારતી સ્વામી શૃંગેરી ગાદી પર હતા. તેઓ ઇ. સ. ૧૮૧૪ માં સમાધિસ્થ થયા. પરંતુ તેમની હાયના પરિણામે ટુંક સમયમાં પેશવાઇની પડતી થઇ. કુદરતની ગેબી લાકડીનો અવાજ સંભળાતો નથી પણ કાર્ય તો કરે છેજ. ધર્મને નીતિનું ઉલ્લંઘન કરવાવાળાનું વર્ચસ્વ ઝાઝો સમય ટકી શકતું નથી. આ તત્ત્વ સમગ્ર રાજ કારણીય પુરુષોએ ધ્યાનમાં રાખવું આવશ્યક છે.

ધર્મક્રાંતિ.

ભરતખંડમાં ગૌતમબુદ્ધના સમયમાં પહેલી ધર્મક્રાંતિ કહેવાય છે. તે સમયે વૈદિક યજ્ઞયાદિથી લોકો કંટાળતા, જેથી તર્કશકિત ને બૌદ્ધિકવિચારોનું પ્રાબલ્ય વધ્યું હતું. બારસો વર્ષના પરિચયને અંતે કેવળ તર્કશકિતથી ધર્મજ્ઞાન પ્રસારવું અશકય લાગ્યુ. શબ્દ પ્રમાણો પર ફરી મીમાંસકોની પ્રવૃત્તિ થઇ અને પૂર્વમીમાંસાથી શબ્દ પ્રમાણોના નિયમો ઘડાયા.

આચાર્યે આ નિયમોનું પાલન કરી વેદાંતશાસ્ત્ર તૈયાર કર્યું. तत्तु समन्वयात्। અને शास्त्र योनित्वात्॥ આ બે સૂત્રો વેદાંતશાસ્ત્રનો પાયો કહેવાય છે. તર્કશક્તિ અપ્રતિષ્ઠિત એટલે અનિશ્ચિત હોવાથી સર્વ બ્રહ્મજ્ઞાનનો મુખ્ય આધાર ઉપનિષદ્ અને તે ઉપનિષદોના વાકયોનો 'સમન્વય' કરવો એ બ્રહ્મજ્ઞાનનો માર્ગ. આ સનાતન ધર્મનો સિદ્ધાંત સ્થાપન કરી શંકરાચાર્યે તાર્કિક વાદવિવાદોથી ચંચળ થએલી લોકોની બુદ્ધિને સ્થિર કરી. આ બીજી ધર્મક્રાંતિ કહેવાય છે. ત્યારપછી ઘણા મતો નીકળ્યા પરંતુ તે સર્વ શ્રુતિસ્મૃતિને અનુસરતાજ હતા. આઠમા સૈકા પછી બીજા બારસો વર્ષ ગયાં, ને પાશ્ચાત્ય જ્ઞાનના સંઘર્ષણે હવે ત્રીજી ધર્મક્રાંતિ થવાનો સંભવ જણાય છે. બુદ્ધો ને મહાવીરોએ શ્રુતિને બીલકુલ માની નથી. કેવળ તર્કશક્તિનોજ આશ્રય કર્યો. તેમની વિરૂદ્ધ શ્રી શંકરાચાર્યે શ્રુતિવાકયોના ફક્ત સમન્વય કર્યો ને ત્યાંથી અટક્યા. હવે અર્વાચીન શોધખોળે ઐતિહાસિક બુદ્ધિ ઉત્પન્ન થઇ છે. તર્કશક્તિ કે શબ્દપ્રયોગ એ બન્નેથી પર માનવી બુદ્ધિની નૈસર્ગિક પ્રવૃત્તિમાં ધર્મ કલ્પનાનો પાયો છે. પ્રત્યેક રાષ્ટ્રની વંશપરંપરા બુદ્ધિ પ્રમાણે તે રાષ્ટ્રનો ધર્મ બને છે. હવે એ તત્ત્વ આગળ આવવાનું છે. તાત્પર્ય, રાષ્ટ્રની પ્રગતિ સાથે તેના સ્વભાવના રૂપ ધર્મની પણ ઉત્ક્રાંતિ થાય છે. એવો નૈસર્ગ સિદ્ધ ધર્મ શાશ્વત રાષ્ટ્રીય ધર્મ થાય છે.

શંકરાચાર્યનો અદ્વૈતવાદ ને માયાવાદ સામાન્ય જન-સમૂહને નીરસ લાગવાથી તેને ભક્તિ સાથે સબંધ કરી આપવાની કલ્પના થઇ. જેને પરિણામે તત્ત્વજ્ઞાન મત ફેલાવનારા રામાનુજ, માધવ, વલ્લભાચાર્ય વૈષ્ણવજાતના અધિપતિ

હતા. તેઓએ ભક્તિયુક્ત બ્રહ્મજ્ઞાનના પંથો શરૂ કર્યા. તેઓ શંકરાચાર્યના અદ્વૈતમતની સામા હતા. શ્રી રામાનુજ સંપ્રદાયમાં લક્ષ્મણજીએ શ્રી રામચંદ્રની અપૂર્વ સેવા કરી હતી તેજ સેવા શ્રી રામાનુજજીએ સ્થાપિત કરેલ છે. શ્રી મધ્વ સંપ્રદાયમાં ભકિત ભાવજ મુખ્ય છે.

શ્રી વલ્લભ સંપ્રદાયમાં શ્રી કૃષ્ણની ભક્તિ મુખ્ય રાખી દાસ ભાવનાને પોષી છે. ટુંકમાં શ્રી શંકરાચાર્ય સિવાય ત્રણે આચાર્ય વર્ણવ્યા તે પૂજ્ય પૂજક ભાવનાના પોષક છે. શ્રી શંકરાચાર્ય શિવ સ્વરૂપ છે. તેમને જગદ્ગુરુનું વિશેષણ શ્રી વ્યાસ મહારાજે લગાડેલું છે, માટે શ્રી આદ્ય શંકરાચાર્ય મહારાજની બિરૂદાવળીમાં પણ 'શ્રીમજ્જગદ્ગુરુ' નું પદ છે અને તે યોગ્ય છે.

શ્રી શંકરાચાર્યે પોતાના સિદ્ધાંતમાં ભક્તિને ઉપાસના માન્ય રાખી પણ તેને ગૌણસ્થાન આપ્યું છે उत्पत्य संभवात् એ બાદરાયણ સૂત્ર ઉપરજ ભાષ્યમાં આચાર્યે ભાગવત ધર્મનો ઉલ્લેખ કર્યો ને ભકિતના પ્રકાર બતાવ્યાછે. આચાર્ય કહે છે, કે "દેવાલયમાં જવું, પૂજા સામગ્રી એકત્ર કરવી, પૂજા, જપ અને ધ્યાન" આ રીતે ભકિતના પાંચ પ્રકારો છે, તેને

श्रुतिस्मृत्योरीश्वर-प्राणिधानस्य प्रासिद्धवात्

એમ કહી તેનો સ્વીકાર કર્યો પછી એ કર્મ પ્રમાણે જ ચિત્ત શુદ્ધિનું સાધન છે, મુખ્ય ધ્યેય નથી એમ સિદ્ધ કર્યું. આગળ જણાવ્યા પ્રમાણે આઠમા સૈકાના અંતથી તે ચૌદમા સૈકા સુધી પાંચસો વર્ષ ભક્તિ સંપ્રદાયવાળા તરફથી અદ્વૈત-મત પર હુલ્લા થતાજ રહ્યા હતા, ને બૌધ ધર્મોત્તરાચાર્ય,

જૈન માણિકયનન્દીને નિંબાર્ક એ ટીકાકારોની પણ ઘણી ખટપટો ચાલતી હતી. ઉલટું સુરેશ્વરાચાર્ય, ચિત્સુખાચાર્ય, આનન્દગિરીને વાચસ્પતિમિશ્ર એઓ શ્રી શંકરાચાર્યના અદ્વૈતમતનું મંડન કરતા. આ પ્રમાણે દક્ષિણ પ્રાંતમાં પાંચસો વર્ષ મત સંપ્રદાયનું યુદ્ધ ચાલુ રહેલું. ઉત્તર હિંદુસ્તાનના વિધર્મી મુસલમાનોનો અમલ અમાસની ભરતી પ્રમાણે પ્રસરવા લાગતાં સનાતન ધર્મને ઉચ્છેદ થવાનો પ્રસંગ આવી પહોંચ્યો હતો. તરવારે લોકોનો ને કોદાળીએ મંદિરોનો સંહાર થવા લાગ્યો. આવા કટોકટીના પ્રસંગે બિચારા પંડિતો ને ટીકાકારોની ગણતરી કેટલી? મુસલમાનો નર્મદા સુધી આવી પહોંચ્યા, અલ્લાઉદ્દીનની ખાનદેશ પર સવારી થઇ, ને મલેકકાપુરની દેવગિરી, વારંગુલ ને મ્હૈસુર પ્રદેશમાં દ્વારસમુદ્રની જીતથી તુંગભદ્રા સુધી દિલ્હીના બાદશાહની સત્તા વધી. મુસલમાની ટોળી આવી પહોંચતાં દક્ષિણ પ્રાંતના લોકો સ્વધર્મ અને સ્વરાજ્યના રક્ષણાર્થે એકદમ ખળભળી ઉઠયા. એ સમયે શ્રી વિદ્યારણ્ય સ્વામીએ તેમને પ્રોત્સાહન આપી વિજય નગરનું એક સ્વતંત્ર રાજ્ય ઇ. સ. ૧૩૩૬ મા સ્થપાયું, ને તે દ્વારા એ ટોળીને પહેલીજ વખતે પાછી હઠાવી. ત્યાર પછી રામદાસ–શિવાજી મહારાજની જોડીએ પુનઃ ૧૭ મા સૈકામાં પાછી હઠાવી. ભરતખંડમાં હિંદુધર્મનું રક્ષણ કરવાનું પહેલું માન વિજયનગરને અને તે રાજ્ય સ્થાપન કરવામાં સહાય કરનાર શૃંગેરીપીઠાધીશને ફાળે જાય છે. શ્રી વિદ્યારણ્યસ્વામી અન્ય સામાન્ય શિષ્યોની પેઠે ગાદી પર આવ્યા પછીજ પ્રસિદ્ધિ પામ્યા ન હતા; પરંતુ તેમણે પૂર્વાશ્રમમાં મહા પંડિત તરીકે પ્રતિષ્ઠા સંપાદન કરી હતી, તેથી તેઓ કર્તૃત્વશાળી પુરૂષ

કહેવાયા. આ ઉભયના ચરિત્રની હકીકત જોઇએ તે પ્રમાણમાં ઉપલબ્ધ થતી નથી. તેમાં શ્રી વિદ્યાતીર્થ સંબધે તો બહુજ ઓછી મળે છે. આદ્ય આચાર્ય પછી સુરેશ્વર, નિત્યબોધન, જ્ઞાનઘન, જ્ઞાનોત્તમશિવ, જ્ઞાનગિરી, સિંહગિરી, ઇશ્વરતીર્થ અને નરસિંહતીર્થ એવા આઠ સ્વામી થયા. પછી દશમા વિદ્યાતીર્થ ઉર્ફે વિદ્યાશંકર ભારતી થયા. તેઓ સને ૧૨૨૮ માં પીઠારુઢ થયા, ને ૧૩૩૩ માં સમાધિસ્થ થયા એવું રાઇસ સાહેબ અને સૂર્ય-નારાયણરાવનું કહેવું છે, એટલે તેઓ ૧૦૫ વર્ષ પીઠ પર હતા. એઓ પૂર્વાશ્રમમાં સર્વજ્ઞવિષ્ણુ નામે પ્રખ્યાત પંડિત હતા. આ પરથી તેમનું આયુષ્ય ઓછામાં ઓછું દોઢસો વર્ષ માનવું પડે છે. પૂર્વાશ્રમના સર્વજ્ઞ વિષ્ણુ અને આશ્રમ પછીના વિદ્યાતીર્થ એ સુપ્રસિદ્ધ માધવાચાર્ય ને સાયણાચાર્યના ગુરુ થયા હતા, એવું એમના ગ્રંથ માહેલા ઉલ્લેખ પરથી જણાય છે. શૃંગેરી, દ્વારકા, જગન્નાથ ને બદરિકાશ્રમ એમ ચાર દિશાના ચાર, કાંચી ઉર્ફે કુંભકોણ પાંચમો. કુડલી, કરવીર ને મુલબાગલ એવા ત્રણ મળીને આઠ મુખ્ય મઠ હાલ પ્રસિદ્ધ છે. તે સિવાય માધવાચાર્યે સ્થાપેલા આઠ શાખામઠ છે. તેમાં પુષ્પ-ગિરી, શિવગંગા, હંપી વગેરેનો સમાવેશ થાય છે. એકંદર આચાર્યના સોળ મઠ કહેવાયા. તે સિવાય અન્ય નવા ફાંટા ફુટેલા છે તે જુદા. કુડલી, કરવીર ને દ્વારકામઠની શાખાઓ થઇ. તે શાખામઠના સ્વામીઓ હક્ક માટે લડ્યા. શ્રી શંકરાચાર્ય મહારાજે દેશમાં ધર્મ મર્યાદા અબાધિતપણે ટકાવી રાખવા માટે પોતે સ્થાપેલી સંસ્થાની પણ તેવીજ સુવ્યવસ્થિત પધ્ધતિ નિર્માણ કરી છે. તે શ્રી શાંકર મઠામ્નાય નામે ઓળખાય છે.

આઠમાં સૈકાથી ચૌદમાં સૈકા સુધીની ગુરુપરંપરાની નામાવળીમાં ગોટાળો થયો હોય એમ મનાય છે. પરંતુ શ્રી વિદ્યાતીર્થના પછીના કાળથી તેનો ક્રમ બરાબર જળવાયલો માલમ પડે છે. વિજયનગર રાજ્યની સ્થાપના થયા પછી સનાતન ધર્મનો પુનરુદ્ધાર થયો, ને આ મઠોની યોજના બરાબર અમલમાં આવી હોય એમ સંભવે છે. શ્રી શંકરાચાર્ય પછી પાંચસો વર્ષ વૈદિક મત પર દ્વૈત, વિશિષ્ટાદ્વૈત, લિંગાઇત એમ જુદા જુદા સંપ્રદાયવાળાઓના હલ્લા થયા. જેથી વૈદિક સંપ્રદાયમાં શિથિલતા આવેલી. પરંતુ ઉપર જણાવેલા મહા પુરૂષો થયા ત્યારે તેમણે વૈદિક સંપ્રદાયની પુનર્ઘટના કરી હતી. તેઓએ ભરત ખંડની ચાર બાજુ ચાર મહાક્ષેત્રો નિર્માણ કર્યાં, ને તે તે પ્રાંતોની ધર્મ વ્યવસ્થા તે તે પીઠાધીશ ને સુપરત કરી.

ગુરૂ પ્રણાલિકા.

ભરતખંડમાં પ્રાચીન કાળથી જ ગુરુનું મહાત્મ્ય "ગુરુઃસાક્ષાત્પર બ્રહ્મ." એ રીતે મનાતું આવ્યું છે.

શિષ્યના વિત્તનું હરણ કરનારા ગુરુઓ તો ઘણા છે, પરંતુ શિષ્યના સંતાપને હરનારા વિરલજ હોય છે. શિષ્યનાં હૃદયમાંથી અજ્ઞાનરૂપી અંધકાર નાશ કરીને જ્ઞાનદ્વારા દિવ્યચક્ષુ કરે એવા ગુરુનાં દર્શનથી શિષ્ય નિરંતર પ્રસન્ન રહે છે. જીવને શાંતિ મેળવવાનું ખરૂં સાધન ગુરુ શરણ. યસ્યદેવે

परामक्तिर्यथादेव तथा गुरौ। પરમાત્માને વિષે પરમભક્તિ હોય એવી જ પરમભક્તિ ગુરુ ઉપર જેની હોય છે તે પુરૂષ ઉત્તમતાને પામે છે. લોકોક્તિ એવી છે, કે " ગુરુ વિના જ્ઞાન નહિ." તેથી શ્રી શંકરાચાર્ય જેવા અવતારી પુરૂષે પણ સદ્‌ગુરુ ગોવિંદયતિનો સમાગમ થતાં ગુરુ દીક્ષા લીધી હતી. ગુરુ શિષ્યનો સંબંધ અનન્ય મનાય છે.

જેમ બીજા ઐતિહાસિક પુરુષોની વંશાવળી જાણવા ઇચ્છા થાય છે તેમ આવા સમર્થ વિદ્વાન આચાર્યોનાં ચરિત્રોને તેમની પરંપરા જાણીએ તો તેમાંથી પણ ઘણું શીખવાનું ને જાણવાનું મળે. ગુરુભક્તિની પ્રણાલિકા પૂર્વે શ્રી શંકરાચાર્યના સમયમાં હતી ને હાલ પણ છે. તેમાં કંઇ આશ્ચર્ય પામવા જેવું નથી. ગુરુ તેમજ તેમના ભૂતપૂર્વ ગુરુનું સ્મરણ, તેમના ચરિત્રનો નિત્યપાઠ અને બતાવેલા માર્ગે વર્તન, એ સચ્છિષ્યનું કર્તવ્ય કહેવાય છે. આજે મહારાષ્ટ્રમાં અન્ય સ્થળ કરતાં આવો બોધ ગ્રહણ કરવાવાળી ઘણી વ્યક્તિઓ નજરે પડે છે. પ્રાચીન કાળથી અર્વાચીનકાળ સુધી મોટા પરાક્રમી પુરુષો અને રાજા મહારાજાઓ પણ સારી વિદ્વાન વ્યક્તિનું શિષ્યત્વ ગ્રહણ કરી તેમની આજ્ઞાનું યથેચ્છ પરિપાલન કરતા આવ્યા છે. યામુનાચાર્યને અર્ધું રાજ્ય આપવાવાળા ચોલરાજા, દિવાકર મિત્રની સહાય લેનાર હર્ષવર્ધન તેમજ શ્રી વિદ્યારણ્ય સ્વામીની આજ્ઞાએ સ્વરાજ્ય સ્થાપનાર રાજા વીરબુક્વ, એવી ગુરુ–શિષ્યની જોડી ભરતખંડમાં અજરામર થઇ ગઇ છે. રામદાસ–શિવાજી મહારાજનું ઐતિહાસિક ઉદાહરણ પણ તેવું જ માનનીય છે.

विद्यारण्यज-शाङ्गंपाणितनयः सर्वज्ञविष्णुःश्रयन
सन्यासं गुरू चंद्रशखरमुते रास्थाय पीठीं गुरोः ।

येोगशास्यच चक्रराज वसतेँ दैन्याश्च सत्कौऽर्चने
श्रीमन्माधव-बुक्क-भारति प्रष्ठमहिष्ठैर्वृतः ॥

ગામ બિલ્વારણ્ય, પિતા શાર્ઙ્ગપાણી, પૂર્વાશ્રમી નામ સર્વજ્ઞવિષ્ણુ, ચંદ્રશેખર મુનિ ગુરુ, અને બુકરાય, માધવાચાર્ય ને ભારતીતીર્થ એ મુખ્ય શિષ્ય–એવું શ્રીવિદ્યાતીર્થનું વર્ણન થાય છે. એ સિવાય ૧ સચ્ચિદાનંદ, ૨ અદ્વૈત બ્રહ્માનંદ, ૩ સુખાનંદ, ૪ અદ્વૈતાનંદ, ૫ મહાદેવશિવ અને ૬ અદ્વૈતસુખાનંદ એ રીતે બીજા છ શિષ્યો હતા. તેમની છ પીઠો પર વિદ્યાતીર્થે યોજના કરેલી તે પૈકી અદ્વૈતાનંદનેજ આનંદાત્મ ને ભારતીતીર્થ એવા બીજાં સંજ્ઞાવાચક નામ હોવાથી શૃંગેરીપીઠ પર બેસાડવામાં આવેલા. આ વિદ્યાતીર્થ ઉર્ફે વિદ્યાશંકર કાંચીપીઠ પર ૭૩ વર્ષ રહ્યા હતા. તેમને માટે લોકોક્તિ એવી છે, કે તેઓ પરિભ્રમણ કરતા કરતા વસઇ નજીક વિમલ નિર્મળ ક્ષેત્ર પૂણ્યભૂમિમાં આવી પહોંચ્યા. આ સ્થળે તેઓ સમાધિસ્થ થયા હતા. વિદ્યાશંકરને પાછળથી દેવ તરીકે ઉપમા અપાઇ એવી ઉક્ત છે.

માધવાચાર્ય ઉર્ફે શ્રી વિદ્યારણ્ય રચિત શંકરજયમાં

प्रणम्य परमात्मानं श्रीविद्यातीर्थ रूपिणम् ।
प्राचीन शंकरजयेसारः संगृह्यते स्फुटम् ॥

ગુરુશ્રી વિદ્યાતીર્થરૂપી પરમાત્માને પ્રણામ કરી હું પ્રાચીન શંકરજયમાંનો સાર સ્પષ્ટપણે ગ્રહણ કરીને પ્રકટ કરૂં છું.

પોતાના ગુરુને વંદન કરતી વખતે ખુદ વિદ્યારણ્ય સ્વામીએ " विद्यातीर्थ महेश्वर " એ રીતે તેમનો મહેશ્વરની

ઉલ્લેખ અનેક વેળા કરેલો છે. શ્રી વિદ્યાતીર્થ સ્વામીને પણ આદ્ય શંકરાચાર્યની પેઠે લોકો ઇશ્વરાવતારજ માનીને તેમની પૂજા–અર્ચાઓ કરવા લાગ્યા. વિદ્યારણ્ય સ્વામીએ તેમની મૂર્તિ સ્થાપન કરી. એ મૂર્તિ પરથી રાજા રવિવર્માએ આદ્ય શંકરાચાર્યની તસવીર કાઢી ને તેની અનેક પ્રતો પ્રકટ થઇ, જે આજે ઘેર ઘેર જોવામાં આવે છે. આ તસવીર વસ્તુતઃ શ્રી વિદ્યાતીર્થની છે. મતલબ કે શ્રી આદ્ય શંકરાચાર્ય જેટલુંજ તાદાત્મ્ય આ મહાપુરૂષનું મનાયું છે. પહેલાં શ્રી વિદ્યાતીર્થને વિદ્યાશંકર કહેવાનોજ રિવાજ હતો; કારણ વિદ્યાશંકર આ નામ અમુક સમય પછી સામાન્ય થઇ પડેલું. શિવગંગા, કુડલગી અને કરવીરમઠ સ્થાપન કરવાવાળા સ્વામી બીજા વિદ્યાશંકર હતા, ને સંકેશ્વરમઠમાં પણ વિદ્યાશંકર અને વિદ્યાનરસિંહ એ ઉપનામોથી જ ઓળખવાનો વહીવટ પડ્યો હતો. શૃંગેરી મઠની ગુરુપરંપરામાં વિદ્યાશંકર નામથી માત્ર એકજ પુરૂષ માલમ પડે છે. સાધારણ રીતે તેમનો કાળ ચૌદમાં સૈકાના પહેલા અર્ધમાં ને વિજયનગર રાજ્યની સ્થાપના સમયે હતો એ નિશ્ચિત છે. આ શ્રી વિદ્યાતીર્થ કાંચીના કામકોટીપીઠ પર હતા કે નહિ તે વાદગ્રસ્ત પ્રશ્ન બાજુએ રાખીએ તોપણ શૃંગેરીપીઠનો જીર્ણોદ્ધાર ને વિજયનગર રાજ્યની સ્થાપના આ બે મહત્વની વાતો તેમની પ્રેરણાથીજ થઇ. વિદ્યાતીર્થ, ભારતીતીર્થ ને ત્યાર પછી વિદ્યારણ્ય સ્વામી શૃંગેરી ગાદીપર થયા. વિજયનગર સામ્રાજ્યની સહાયતાએ શૃંગેરીનો ઉત્કર્ષ થયો. આ હકીકત ઇતિહાસ પ્રસિદ્ધ છે.

માધવનું બીજું નામ વિદ્યારણ્ય. એમણે *શાકે ૧૨૫૩ માં સંન્યસ્ત દીક્ષા ગ્રહણ કરી અને શાકે ૧૩૦૮ માં સમાધિસ્થ થયા. એમનું વય આસરે ૮૦-૮૫ વર્ષનું કહેવાય છે. તેઓ ઇ. સ. ૧૩૮૦ થી ૧૩૮૬ સુધી ગાદીપર હતા. એમણે સને ૧૩૮૦ માં દેવપરાધ ક્ષમાપતન સ્તોત્ર કર્યું. તેમાં मया पंचाशीतेरधिकमपनीते तु वयसा એ રીતે ઉલ્લેખ કરેલો છે. આદ્ય આચાર્યે વેદાંત કેસરી ધર્મનું પૂનરુત્થાન કર્યું. જ્યારે શૃંગેરીપીઠસ્થ શ્રી વિદ્યાતીર્થ અને શ્રી વિદ્યારણ્ય સ્વામી આ બે મહાત્માએ તેનું સમર્થન કરીને શાંકર સંપ્રદાયના ઇતિહાસમાં આદ્ય આચાર્ય જેટલીજ યોગ્યતા પ્રાપ્ત કરી. ચૌદમા સૈકામાં તેમણે શાંકર સંપ્રદાયને રાષ્ટ્રીય સ્વરૂપ આપી તે દ્વારા હિંદુસ્તાનના ઇતિહાસને એક વિશિષ્ઠ વલણ લગાડી આપ્યું.

માધવાચાર્ય ઉર્ફે શ્રી વિદ્યારણ્ય સ્વામી તુંગભદ્રા નદી કાંઠે પંપાક્ષેત્રમાં રહેતા. તેમના પિતાનું નામ માયણ અને માતાનું નામ શ્રીમતી હતું. સાયણ અને લોકનાથ એ બે તેમના ભાઇઓ હતા. તેમાં સાયણ દક્ષિણના સંગમ રાજાનો મંત્રી હતો. સંગમ રાજાના પુત્ર હરિહર અને બુકવરાયે વિજયનગર વસાવ્યું હતું. માધવને સંતતિ સુખ સારૂં હતું. પરંતુ આ સંસારમાં કોઇ સંપૂર્ણ સુખી છેજ નહિ. કોઈ એક યા બીજી રીતે દુઃખી તો છેજ. વળી શ્રી અને સરસ્વતીનો એક સ્થળે સંજોગ કદી સંભવતો નથી. એ ન્યાયે લક્ષ્મીદેવીની અવકૃપા હતી. એક દિવસે કોઇ મહાત્માએ આવી માધવને ઇષ્ટ સિદ્ધિ અર્થે

*શાકે અને ઇ. સ. વચ્ચે ૭૮ વર્ષનો તફાવત રહે છે.

એક સ્તોત્ર આપીને કહ્યું, કે આનો તું નિત્ય પાઠ કરજે એટલે ઇષ્ટદેવની સિદ્ધિ થશે. માધવે તેમની સૂચનાનુસાર એ સ્તોત્ર–ગાયત્રી મંત્રના ૨૪ પુરશ્ચરણ સાંગોપાંગ કર્યાં છતાં સિદ્ધિ પ્રાપ્ત ન થઇ. અંતે કંટાળીને તે સર્વ વસ્તુનો ત્યાગ કરી સંન્યાસી થયા.

કુદરતની લીલા કંઇ અલૌકિક છે. જ્યારે જે વસ્તુનો નિશ્ચયાત્મક ત્યાગ થાય છે, ત્યારેજ તેનો અનાયાસે ભેટો થાય છે. પરંતુ જો તેમાં તે લપટાઇ ન જાય તો સાચો સંન્યાસ નહિં તો અધુરો, માટે ત્યાગ કરવા અગાઉ સંપૂર્ણ વિચાર કરી જોવો. જેનો ત્યાગ કર્યો તેનેજ પુનઃ ગ્રહણ કરે તો તેમાં સુખને બદલે દુઃખજ ઉત્પન્ન થવાનું, એ નક્કી માનવું. ભગવાં વસ્ત્ર ધારણ કરીને ઘેર ઘેર ભિક્ષા માગવા નીકળી પડયા એટલે કંઈ સંન્યાસ લીધો એમ ન માનવું. મનને કોઇ પણ બાબત પર ચલિત ન થવા દેવું તેજ ખરો સંન્યાસ.

માધવના સંબંધમાં જણાવવાનું કે તેમનો તો સાચો સંન્યાસ હતો. માધવે સંન્યાસ ગ્રહણ કર્યા પછી તેમના પર લક્ષ્મી દેવીની પૂર્ણ કૃપા થતી પણ તેઓ તો તેના સપાટામાંથી મુકત રહી શકયા.

દેવી ગાયત્રીએ તેમનો આ પ્રમાણેનો દૃઢસંકલ્પ જાણી લઇ તેમનામાં ચતુર્દશ વિદ્યાનો સંચાર કર્યો, ને ત્યાર પછી તેઓ વિદ્યારણ્ય સ્વામીના નામથી પ્રસિદ્ધિને પામ્યા. સંક્ષેપ શંકરજય ગ્રંથ કે જેની અંદર શ્રી શંકરાચાર્યનું જીવનચરિત્ર છે તે, અને માધવનિદાન નામે ઉત્તમ વૈદક ગ્રંથ તેમના રચિત છે. તદુપરાંત સર્વે વેદોપર ભાષ્ય કર્યાં છે. અન્ય ઉત્તમ ગ્રંથો પણ તેમના લખેલા છે. તેઓ સર્વશાસ્ત્ર નિપુણ હતા.

શ્રી નિર્મળ ક્ષેત્ર.

થાણા જિલ્લાના પશ્ચિમ કિનારે મહારાષ્ટ્રમાં સુપ્રસિદ્ધ એવા વસઇના કિલ્લાથી આશરે પાંચ માઇલ ઉત્તરે શ્રી નિર્મળેશ્વર એ નામે હિંદુ ધર્મનું એક પુરાતન ક્ષેત્ર છે. શ્રી વેદવ્યાસે પદ્મપુરાણ નામના ગ્રંથમાં એ નિર્મળ મહાત્મ્યનું ઉત્તમ રીતે વર્ણન કરેલું છે. તે પુરાણ પ્રસિદ્ધ હકીકતનું સંક્ષિપ્તમાં અહિં વર્ણન આપવામાં આવે છે. ભાવિકજિજ્ઞાસુઓને એ સ્થળ (ક્ષેત્ર) જોવાની ઉત્કંઠા થાય એ સ્વાભાવિક છે. હરિદાસ નામના એક મહારાષ્ટ્ર કવિએ પદ્મપુરાણમાંની એ કથાનું મરાઠીમાં સરળ ભાષામાં વિસ્તારપૂર્વક ભાષાંતર કરેલું છે.

આ ક્ષેત્રમાં શૃંગેરીમઠના શંકરાચાર્ય શ્રી વિદ્યાતિર્થ ઉર્ફે વિદ્યાશંકર ભારતીની સમાધિ છે. જેથી આ સ્થાનને માટે કંઇક માહિતી અત્રે જણાવવી એ અસ્થાને નહિ ગણાય. આ ક્ષેત્રમાં જવા આવવા માટે બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેના વસઇરોડ અગર નાલાસોપારા સ્ટેશન પર ઉતરીને જવાય છે.

વસઈરોડ સ્ટેશનેથી શ્રી નિર્મળેશ્વર પાંચ માઇલ છે, જ્યારે *નાલા સોપારાથી ફક્ત ૩ માઇલ દૂર છે. વસઇ રોડ તેમજ નાલાસોપારાના સ્ટેશનો પરથી મોટર સર્વિસ ચાલુ રહે છે. વસઇરોડ સ્ટેશનથી વિશેષ પ્રમાણમાં મોટર સર્વિસ

---

*નાલાસોપારાથી હાલનું સોપારા ગામ ૧ માઇલ સોપારાથી નિર્મળ ૨ માઇલ થાય છે.

ચાલુ રહે છે. અહિં કાર્તિક વદ નવમીથી ત્રયોદશી પર્યંત મોટો મેળો ભરાય છે. તે સમયે યાત્રાળુઓની મોટી મેદની સમાધિના દર્શનાર્થે આવ્યા કરે છે. નિર્મળ આ નાના સરખા ગામમાં વિમળ અને નિર્મળ નામે બે સરોવર હોવાથી પ્રદેશ રમણીય છે. તેમાંનું એક વિમળ નામના અસુરે કે જેણે ઋષિમુનિઓને અનેક રીતે ત્રાસ આપ્યો હતો, જેણે પાછળથી પરશુરામને પ્રસન્ન કર્યા હતા, જેથી અંતિમ અવસ્થાએ પરશુરામે તેની સદ્ગતિ કરી તેના નામ પરથી વિમલ સરોવર નામ અમર થયું છે, અને બીજું નિર્મળ સરોવર ત્યાંના શ્રી નિર્મળેશ્વર મહાદેવના નામથી પ્રસિદ્ધ થયું છે. આ નિર્મળ ગામમાં લોકોની વસ્તી બહુ ઓછી છે. હવા અને પાણી ઉત્તમ પ્રકારનાં મળવાથી યાત્રાળુઓ પ્રસન્ન રહે છે. શ્રી શંકરાચાર્ય સમાધિસ્થાન, શ્રી નિર્મળેશ્વરનું દેવાલય, શ્રી મહા વિષ્ણુ મંદિર, તેમજ અન્ય દેવ મંદિરો છે. અહિં પુજારી ગુજરાતી બ્રાહ્મણ પરાપૂર્વથી ચાલુ છે. પેશ્વાઇથી ચાલતું આવતું વર્ષાસન ના. અંગ્રેજ સરકાર તરફથી હાલમાં પણ અપાય છે.

અહિં પ્રતિવાર્ષિક ઉત્સવકાર્ય નિયત પ્રમાણે થયા કરે છે. કાર્તિક વદ દશમની તેમજ એકાદશીની રાતના દશના સુમારે દેવસ્થાનના સભામંડપમાં હરિકીર્તન થાય છે. દ્વાદશીને રોજ રાતના બારના સમયે દેવને પાલખીમાં પધરાવી વાજીંત્રો તેમજ દારૂખાના સહિત વાજતે ગાજતે તળાવની પ્રદક્ષિણા કરી સારાએ ગામમાં પાલખી ફેરવવામાં આવે છે. જે સમયે અસંખ્ય લોકોની મેદની દર્શનાર્થે ઘણીજ ઉત્સુક્તાવાળી નજરે પડે છે. મેળાના દિવસોમાં બંદોબસ્ત માટે નામદાર

અંગ્રેજ સરકાર તરફથી પોલીસ રાખવામાં આવે છે. પાલખી ફેરીને દેવસ્થાનમાં આવ્યા પછી તે દિવસે પણ ઉપરોક્ત સ્થાનેજ હરિકીર્તન થાય છે. કીર્તન તથા પાલખી ફેરવવા બદલ ઠરાવેલ વર્ષાસન પૂર્વે પેશ્વા સરકારના દરબારમાંથી મળતું તેવીજ રીતે હાલ નેક નામ અંગ્રેજ સરકાર તરફથી મળે છે. અસલથી અહીં એક અન્નક્ષેત્ર ચાલતું આવે છે. પેશ્વાઇમાં અને હાલમાં પણ તેના અંગે ઠરાવેલું વાર્ષિક વર્ષાસન આપવામાં આવે છે. પેશ્વાઇના સમયે આ અન્નક્ષેત્રની વ્યવસ્થા જોશી પુરંદરના ઘરવાળાઓ કરતા. પરંતુ હાલ ભીડેના કુટુંબીઓ તરફથી થાય છે. આ જાત્રા આસરે પંદર વીસ દિવસ રહે છે. આ પવિત્ર સ્થાનની આજુબાજુમાં નિમ્ન લિખિત સ્થળો પણ જોવાલાયક છે. વસઇનો કિલ્લો, સૂર્પારક (સોપારા), અગાશી, શ્રી વજ્રેશ્વરી, તુંગારેશ્વર, શ્રી ઉમાદેવી (ઉમરાળા), જીવદાની (વિરાર), શ્રી માતૃકા (માહિમ), મલંગઢ (કલ્યાણ), કોલવણીની મહાલક્ષ્મી (ડહાણુ).

થાણા જિલ્લાના પશ્ચિમ કિનારે વસઇથી આશરે પાંચ છ માઇલ ઉત્તરે સોપારા કે સોપારકા કરીને ગામ છે. તેની નજીકમાંથી હાલમાં એક જુના ખંડેરનો ટેકરો વા સ્તૂપ જડી આવ્યો છે. તે ખોદતાં તેમાંથી બુધનું પાત્ર નીકળી આવ્યું છે.

સોપારા પૂર્વે મોટી નગરી હતી. ઇ. સ. પૂર્વે ૨૫૦ થી ઇ. સ. ૧૨૬૫ સુધી અવરંત વા હાલના કોંકણ પ્રાંતની રાજનગરી હતી. વળી બૌધ, બ્રાહ્મણ અને જૈન ગ્રંથોમાં એને પવિત્ર નગરીમાં ગણેલી છે. અશોક રાજાએ પોતાના એક સાધુને અવરંતમાં મોકલ્યો હતો એમ લાગે છે.

ઘણું કરીને એમ પણ સંભવે છે કે સોપારા પશ્ચિમ ભરતખંડમાં મધ્યે છે, એટલે ત્યાંથીજ પશ્ચિમ ભારતમાં બૌદ્ધમતનો પ્રચાર થયો. ઘણાકનું એમ પણ માનવું છે, કે એ નગરી ગૌતમબુધ્ધનું જન્મસ્થાન હતું, માટે એ મહા પૂણ્યભૂમિ ગણાય છે. ઘણાક ગ્રંથકારનું એમ લખવું છે, કે ગૌતમબુધ્ધ જ્યારે ત્રીજી વાર લંકામાં પધાર્યા ત્યારે પોતે સોપારકામાં પધાર્યા હતા. બ્રાહ્મણ ગ્રંથકારોએ પણ એને પૂણ્યભૂમિ ગણી છે. મહાભારતમાં એક સ્થાને એમ લખ્યું છે, કે આ પૂણ્યસ્થળ સોપારકામાં શ્રી અર્જુન આવ્યા હતા. જૈન ગ્રંથકારોએ પણ એને પવિત્ર સ્થળમાં લેખવ્યું છે. પશ્ચિમભારતના ગુહા લેખમાંના છ લેખમાં સુપારકા સંબંધી લખાણ છે. કરલી ગુહાનો લેખ જે ઇ. સ. ના પહેલા સૈકામાંનો છે, તેમાં સોપારકામાંના નંદના પુત્ર ગૌતમીએ નાણાનું દાન આપેલું વર્ણવેલું છે. નાસિક ગુહાના પહેલા સૈકાના લેખમાં ઉષવદલ સોપારકામાંના એક ઘરના દાન વિષે લખે છે, અને એક બીજા લેખમાં તેજ સ્થાનના એક ભિક્ષુકને ૩૨૦૦૦ નાળીએરી આપ્યા વિશેનું લખેલું છે. નાનઘાટના લેખમાં સોપારાના કોઇ ગોવિંદદાસે દાન કર્યા વિષે લખેલું છે. એક સૈકા પછી કેનેરીની ગુહામાંના લેખમાં સોપારાના કોઇ વેપારીએ દાન કર્યાનું લખેલું છે, અને તેજ ગુહાના એક બીજા લેખમાં એ ગામનું નામ સાંકળ્યું છે. ટોલેમીએ* આરીઆક બંદરોની ટીપ કરેલી છે, તેમાં આ સ્થાનનું નામ પણ નોંધેલું છે. કાશ્મીરમાં ઇ. સ. ૧૧૫૩ માં પંડિતોની સભા થઇ હતી. તે

---

* ટોલેમી એ મીસર દેશનો રાજા હતો. આરીઆક એટલે પૂર્વનાં

સભામાં સુપારા તરફથી પણ એક પ્રતિનિધિ ગયો હતો. આ અને એજ પ્રકારની બીજી સાબિતી ઉપરથી જણાઇ આવે છે, કે સોપારા પૂર્વે વિશાળ નગર હતું. મોટું વ્યાપાર અને વિદ્યાનું સ્થાન હતું. અહિં દર બુધવારે તેમજ રવિવારે બજાર ભરાય છે.

સોપારા પાસેના ટેકરામાંથી એ પાત્ર નીકળ્યું, જેનું વર્ણન આગળ આવશે. તે ટેકરો ઇ. સ ૧૮૧૧ ના ડિસેંબરની આખર તારીખોમાં થાણા જિલ્લા ના કલેકટર ડબલ્યુ. ડબલ્યુ. લોક સાહેબના જોવામાં આવ્યો. એ "બુરદ રાજાનો કોટ" વા "કિલ્લો" એવા નામથી ઓળખાતો હતો. આ બુરદ વા વંશઠર્મકર રાજા વિષે અનેક પ્રકારની દંતકથાઓ એ ભાગમાં ચાલે છે. એ ટેકરો એટલો નાનો છે કે કોટ હોઇ શકે નહિ. પરંતુ તે બૌદ્ધ સમાધના સરખો તે સાહેબને લાગ્યો. ત્યારપછીના ફેબ્રુઆરીમાં મેo કાંબેલસાહેબ પંડિત ભગવાનલાલ ઇંદ્રજીતને પોતાની સાથે લઇને ત્યાં ગયા. તેમણે તે કોટ જોયો. પંડિતજીની એમ ખાત્રી થઈ કે એ બૌદ્ધ સમાધજ છે, અને તે કોઇએ હજી સુધી ખોદેલી હોય એવી જણાતી નથી.

એ ટેકરો ગોળ ડુંગરા સરખો છે. તેને જરા ઉભો ચઢાવ છે. નીચેથી ઉપર ચઢતાં આ તલેટીની મધ્યમાં એક ઘૂમટ છે. હાલમાં એ ઘૂમટ બેડોળ થઇ ગયેલો છે. એ ટેકરીની આસપાસ ઝાડીદાર વાડી છે. તેની બાજુએ અને તલેટી ઉપર મોટાં તાડનાં ઝાડ ઊગી નીકળેલાં છે. ટેકરાનો ઘેર આશરે ૫૦ વાર છે. નીચેનો ઢાળ આશરે ૧૭ ફીટ ઊંચો છે.

તલેટીની પહોળાઇ આશરે ૧૫ ફીટ છે અને ઘમટની ઉંચાઇ ૧૦ ફીટ છે. આ ઘૂમટ જરા દબાઇ ગએલો છે, અને તેની ઉંચાઇનો આશરે ૪ ફીટ જેટલો ભાગ જતો રહેલો છે. તેના બહારના ઢાંકણાની ઇંટો લોક તાણી ગયા હોય એમ જણાય છે. આ ટેકરો વા સ્તૂપની આસપાસ પથ્થરના કોટનો પાયો જણાય છે. તે ચોખૂણો આશરે ૧૮૦ ફીટ પહોળો અને ૨૫૦ ફીટ લાંબો હશે એમ સંભવે છે. એ સ્તૂપ ઉઘાડવા સારૂ પંડીતજીની દેખરેખ નીચે ખોદાણ કરવાનું શરૂ કર્યું. ચારે બાજુએ બેલદાર કામે લગાડી દીધા. આ બેલદારોએ સ્તૂપમાં આશરે ચાર ફીટ પહોળો માર્ગ નીચેથી ઉપર જતો તૈયાર કર્યો, એટલે ઉપરની તલેટીથી આશરે ૧ ફુટ નીચે યા ઘૂમટના મથાળાથી આશરે ૧૨ ફીટ નીચે એક ઇંટેર ઓરડી સરખુ દેખાયું. તે ઓરડી ૩ ફીટ ચોરસ માલમ પડી. ઓરડીનો ઉપલો ભાગ શંકુ આકારનો હતો. બે ત્રણ ફીટ ભીની માટીના થરની નીચે એક કાળા પથ્થરની ગોળાકાર પેટી નીકળી. આ પેટી આશરે દોઢ ફુટ ઊંચી અને બે ફીટ પહોળી હતી. આ પથ્થરની પેટી જાણે ઘંટીના બે પડની કોરો વાળી દઇ બનાવી હોય તેવી જણાતી હતી. તે બંને પડ બરાબર હતાં. પરંતુ ઘણાં ભારે હતાં, તેમ છતાં તેની કોરો સજ્જડ બેસાડેલી હતી. તે પથ્થર સરાણે ચડાવેલા હોવા જોઈએ એમ સંભવે છે. આ પેટીનું ઢાંકણુ ઉઘાડયું એટલે તેમાંથી ઇંડારોકું આશરે છ ઇંચ ઊંચું અને વચમાંથી આશરે ૧૮ ઇંચ ગોળ એવું એક તાંબાનું વાસણ નીકળ્યું. આ પથ્થરની પેટીની નીચે આશરે ૪ ઇંચ માટી હતી, અને તેની નીચે ઓરડીમાં

ઈંટ માટી લગભગ ૧૨ ફીટ લગી હતાં. તે બધાં કહાડી નાંખ્યાં. જે ૪ ઇંચ એકલી માટી હતી, તે પાછળથી એમ માલમ પડયું કે એ માટી ન હતી પરંતુ અબીલ હતું, પણ ભેજને લીધે માટી જેવું થઈ ગયું હતું. એ ઈંટ માટી વગેરે ખોદી નાંખતાં પથ્થરની પેટીની આશરે ૪ ફીટ નીચેથી એક દેડકો કૂદી નીકળ્યો. પંડિજીના મનમાં એમ થયું કે કેનેરી ગુહાના કુંડમાંથી જે દેડકા નીકળતા હતા તેના સરખો જ આ દેડકો હતો. આ સ્તૂપના પાયામાં વખતે કંઈ વિશેષ દ્રવ્ય હોય પણ ખરૂં પરંતુ ત્યાં સુધી ખોદયું નહિ.

ઉપર જે તાંબાનું વાસણ કહ્યું તેની આસપાસ આઠ મૂર્તિઓ હતી. એ દરેક મૂર્તિ આશરે ૪ ઇંચ ઊંચી અને ૨ ઇંચ પહોળી હતી. તેમાંની પૂર્વ તરફની તે પછી થનાર બુધ્ધની હતી. આ પ્રમાણે ગોઠવવાનો હેતુ એ હશે કે એ બુદ્ધ થશે ત્યારે પૂર્વ તરફથી આવશે. ત્યાં આવી આ સ્તૂપ ઉઘાડશે, અને પેટીમાંથી થઇ ગયેલા બુદ્ધનું પાત્ર લેશે. એ મૂર્તિ બોધિસત્વના સરખી છે. બેઠેલી, કમળ ઉપર જમણો પગ લટકતો, ડાબો થોડો વળેલો, જમણો હાથ દાન સ્થિતિમાં, અને ડાબો કોણીથી ઊંચો અને હાથમાં ત્રણ કમળ ફૂલવાળી એક શાખા પકડેલી હોય એવી સ્થિતિમાં હતો. શંકુ આકૃતિનો મુકુટ માથે હતો, મૂર્તિને જનોઇ પહેરાવેલું હતું, કાને વાળીઓ હતી, બાજુબંધ હતા, પોંચીઓ હતી, કડાં હતાં, અને કટિબંધ હતો. એની જમણી તરફ શાકય મુનિની મૂર્તિ હતી. તેનો ડાબો હાથ ખોળામાં હતો, હથેળી ખુલ્લી હતી, અને જમણો હાથ ઘૂંટણને અડકી જમીનને અડકેલો હતો. તેની

પીઠિકા આગળ પીપળાનાં ડાળાં હતાં. પછી બુદ્ધની મૂર્તિ હતી. એ આશીર્વાદ દેતી હોય એ સ્થિતિમાં હતી. ડાબો હાથ ખોળામાં, જમણો હાથ ઊંચો કરેલો અને તેની ખુલ્લી હથેળી આગળ કરેલી હતી. એની પીઠિકા વટવૃક્ષની જણાતી હતી, તેથી તે કશ્યપની હશે એમ સંભવે છે. બીજી મૂર્તિ પદ્માસન મુદ્રાસ્થિતિમાં હતી. તેના જમણા હાથની ખુલ્લી હથેળી ડાબી હથેળીમાં મૂકેલી હતી. તે મૂર્તિ કુકુચ્છંદની હોવી જોઇએ. તેને જમણે પડખે બીજી એક મૂર્તિ હતી. તેનો જમણો હાથ ખુલ્લો ખોળામાં હતો અને ડાબો જમીનને અડકેલો. પછી વિશ્વભુજા મૂર્તિ હતી. તેનો ડાબો હાથ ખુલ્લી હથેળીવાળો ખોળામાં મૂકેલો અને જમણો લટકતો દાન સ્થિતિમાં હતો. પછી સિખિની મૂર્તિ ધ્યાનસ્થ સ્થિતિમાં હતી. હાથ ખુલ્લા અને એકના ઉપર એક એમ ખોળામાં હતા. તેની પીઠિકા કમળફૂલ અને પત્રની હતી. છેલ્લી વિપસ્વની શિક્ષણ સ્થિતિમાં હતી. તેની પાછળ બંને પડખે અશોક વૃક્ષની ડાળીઓ હતી. તાંબાની પેટીમાંનો સિક્કો ક્ષત્રપ સિક્કાને ઘણોજ મળતો હતો. નાસિક અને કેનેરી ગુહાના લેખના અક્ષરને મળતા જુના નાગરી અક્ષરે લખેલી કહેવત લખેલી હતી. તેમાં લખ્યું હતું, કે "ચતુરપણનો કુંવર, ગૌતમીનો પુત્ર, યજ્ઞસતકર્ણીનો." ચતુરપણ એ રાજાના પિતાનું નામ છે; કેમકે તેની મા ગૌતમીનું નામ લખ્યા ઉપરાંત તે લખેલું છે. (સતકર્ણી રાજાઓ પિતાના નામથી નહિ પરંતુ પોતાની માતાના નામથી ઓળખાય છે.) એમ કરવાનું કારણ એટલુંજ લાગે છે, કે એ સિક્કો ક્ષત્રપ સિક્કાને વિશેષે કરીને મળતો આવે, કારણ ક્ષત્રપ સિક્કા ઉપર પિતાનું નામ કોતરેલું હોય

છે. રાજા બીજો ગૌતમી પુત્ર હતો તેનો સમય ઇ. સ. ૧૭૦ થી ૧૯૦.

આ ઉપર વર્ણવેલા તાંબાના વાસણમાં એક રૂપાંની પેટી હતી. આ રૂપાની પેટીમાં વળી એક પથ્થરની પેટી હતી. આ પથ્થરની પેટીમાં એક નાની ઘુમટદાર ગોળ સોનાની પેટી હતી. આ સોનાની પેટીમાં સોનાનાં ફૂલ (જે દિવસે પ્રથમ ચુકયાં હશે તે દિવસે જેવાં ચળકતાં હશે તેવાંજ ચળકતાં હતાં.) તથા ઢાંકેલાં તેર માટીના વાસણના કટકા હતા. તે કટકા પા ઈંચથી એક ઇંચિ સુધીની લંબાઈના હતા. આ લઘુ સુવર્ણના કટકાને આ પ્રમાણે સોનાની પેટીથી તે મોટા સ્તૂપ સુધી થઇ સાત પ્રકારનાં ઢાંકણ વડે આટલી બધી મહેનત કરી સંભાળથી સંરક્ષણ કરી રાખેલા છે. તેથી ખાતરી લાયક એમ અનુમાન થઇ શકે છે, કે એ કટકા ગૌતમબુદ્ધના પોતાના પાત્રના (જે બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવ્યા પ્રમાણે કાળી કે રાતી માટીનું હતું) હશે.

ઉપર જણાવેલી તાંબાની અને રૂપાની પેટીની વચમાં આશરે ૩૦૦ સોનાના ફૂલ હતાં. પરંતુ તે ઝાંખા થઇ ગએલાં હતાં. ભેગું અબીલ, જવાહીરનાં ૩૪ નંગ માકુત, પીરોજા મણી વગેરે—અને કેટલાક ભુરા અને આશમાની રંગના બીલોરના કટકા અને મણકા હતા. એ બધાં મળીને આશરે રૂા. ૧૦) કરતાં વધારે કિંમતના નહિ હોય. આઠ નવ પહેલ પાડ્યા વિનાના હતા, તે વિના બાકીના કંઠીની સેરના હશે એમ લાગતું હતું. એક બે ઉપર આકૃતિ પાડેલી હતી. એક ત્રિશૂળ, એક ઉપર મચ્છની જોડ, અને એક ઉપર અંકુશ.

આ જવાહીર ઉપરાંત એક ઇંચ ચોરસ સોનાનું પાતળું પતરૂં હતું. તે ઉપર બુદ્ધની મૂર્તિ ઉપસાવેલી હતી. એક રૂપાનો વાળો હતો. આ પાત્રની શોધ ઘણીજ કિંમતિ છે. આ સ્તૂપમાંથી અનેક પદાર્થ નીકળ્યા. પરંતુ તેમાંના સોનાની પેટીમાંના માટીના પાત્રના કટકાજ માત્ર ઘણા અગત્યના છે. એ કટકા શાક્ય મુનિના પોતાના ભિક્ષાપાત્રના છે એમ માનવામાં આવે છે. બૌદ્ધ મતમાં ઇશ્વરપૂજા નથી પરંતુ સાધુપૂજા યોજેલી છે. આ મતના સ્થાપન કરનાર ઉપરની પૂજ્ય બુદ્ધિ તેના શિષ્યો અને અનુયાયીઓ તરફ વિસ્તાર પામી. એ લોકે પણ જ્ઞાન સંપાદન કરવા પાછળ પૂર્ણ શ્રમ લીધો છે, અને માનવા પ્રમાણે તે નિર્વાણ પામ્યા છે. શ્રાવકો યા બુદ્ધનો ઉપદેશ સાંભળનારા શિષ્યો યા જૈન સાધુઓ આ પ્રકારના હતા.

સાધુ–પૂજ્ય બુદ્ધિમાંથી તેમની અવશેષ પૂજા અને તેમની મૂર્તિ પૂજા નીકળી. બૌદ્ધ સાધુઓનાં અવશેષ ત્રણ વર્ગના છે.

૧ શારીરિક અવશેષ. જેમ કેઃ–દાંત, વાળ અને અસ્થિ.

૨ તેમના ઉપયોગી પદાર્થ. જેમ કેઃ–લુગડાં, વાસણ, વગેરે.

૩ તેમના સંબંધથી પવિત્ર થયેલા પદાર્થ. જેમ કેઃ–પીપળાનું ઝાડ, પવિત્ર તળાવો, કેટલીક શિલાઓ અને તેમનાં પગલાં.

આસ્તિકોએ આ અવશેષ સાદા પથ્થરની, બિલોરની, રૂપાની યા સોનાની પેટીમાં ભક્તિભાવે સુરક્ષિત કર્યાં છે, અને પથ્થર વા ચૂનાગચ્છીથી ચણી લીધેલા સ્તૂપની નીચે સ્થાપિત અર્ધગોળ સ્તૂપ કરી રાખ્યાં છે. હવે આ પ્રકારના અર્ધગોળ સ્તૂ કરી રાખવાનું એ મતના લોકોને કયાંથી સુજયું? એ વિષે એમ

અનુમાન કરવામાં આવે છે, કે પાણી ઉપર થતા પરપોટાના આકાર ઉપરથી સ્તૂપનો આકાર તેના સરખોજ કરવો એમ સુજ્યું હશે; કેમકે પાણી ઉપરનો પરપોટો શૂન્યદર્શક ચિન્હ તરીકે ઘણા બૌદ્ધ ગ્રંથોમાં દર્શાવેલો છે. બૌદ્ધ ધર્મ નિરીશ્વરવાદી છે, એટલે એમાં પરપોટાની ઘણી જગો પસંદ કરી છે. ઉપર અવશેષના વર્ગ ત્રણ જણાવ્યા તેમાં આ પાત્ર બીજા વર્ગમાં આવે છે. આ બીજા વર્ગના સર્વે પદાર્થમાં પણ માત્ર ઘણુંજ પૂજ્ય છે; કેમકે એ ભિક્ષુક સ્થિતિ દર્શક છે.

સને ૧૮૮૪ બુદ્ધિપ્રકાશ માસિકમાંથી "બુધનું પાત્ર"

શ્રી વજ્રેશ્વરી.

વસઇરોડ સ્ટેશનેથી પૂર્વ બાજુએ વજ્રેશ્વરી ૧૮ માઇલ છે. સ્ટેશન પર ટ્રેનોના વખતે વજ્રેશ્વરી કે વજ્રાબાઇ જવાની મોટરો ભાડેથી મળે છે. તે લગભગ કલાકમાં પહોંચાડે છે. માર્ગની આજુબાજુ થોડેક સુધી મીઠાના અગરો, તથા ખેતરો, વૃક્ષની હાર તેમજ ડુંગરો નજરે પડે છે. આ સ્થળમાં આવેલા પ્રવાસીઓને અરણ્ય માર્ગનું દિગ્દર્શન થાય છે. લગભગ ચાર માઇલના અંતર પછી ગોખિવર નામનું સ્થળ આવે છે. ત્યાંથી એક બીજો માર્ગ તુંગાર પર્વત પર જાય છે. વજ્રેશ્વરીના માર્ગમાં નાના ગામડાં આવે છે. વસઇના મરાઠા સર સુબેદાર શંકરજી કેશવે અઢારમા સૈકામાં પોતે પોર્ટુગીઝો

પર મેળવેલા વિજયના સ્મારક તરીકે ટેકરી ઉપર આશરે ૪૦ પગથીઆની ઉંચાઇ પર શ્રી વજ્રેશ્વરીમાતાનું મંદિર બંધાવેલું છે. દૂરથી આ મંદિર જાણે તેની પાછળની ટેકરીના ખોળામાં બેઠેલું હોય એવું જણાય છે. મંદિરના સભામંડપમાં માતાની સન્મુખ એક સિંહનું પુતળું બેસાડેલું છે. શ્રી વજ્રેશ્વરી માતાની સિંદુરચર્ચિતમૂર્તિ લગભગ ૨ાા ફુટ ઉંચી છે. તેમના એક હાથમાં ખડ્ગ અને બીજા હાથમાં ગદા ધારણ કરેલ છે. શ્રી વજ્રેશ્વરીમાતાની બાજુમાં શ્રી રેણુકામાતા ને શ્રી કાલિકામાતાની મૂર્તિ છે. તે પણ લગભગ તેટલીજ ઉંચાઈની માલમ પડે છે. બાજુમાં શ્રી પરશુરામની મૂર્તિ છે. તે માતાજીની મૂર્તિઓ કરતાં ઉંચી જણાય છે. મંદિરના આગલા ભાગમાં એક ઉંચી દીપમાળ છે, તેની અંદરની બાજુએ ચઢવાને પગથીઆં છે. શ્રી વજ્રેશ્વરીમાં ધર્મશાળા પણ છે. અહિં ચૈત્ર વદ એકાદશીથી મોટી જાત્રા શરૂ થાય છે. ને ચૈત્ર વદ ૦)) ને રોજ રાતના સમયે અહિં પાલખી નીકળે છે, તે વેળાની આતસબાજી જોવાલાયક હોય છે. નવરાત્રીના દિવસોમાં યજ્ઞયાગાદિક ક્રિયા પણ થાય છે. મહાશિવરાત્રીને રોજ ઘણા લોકો કેનેરી, ઘારાપુરી, જોગેશ્વરી વગેરે સ્થળોએ જાય છે. તેમજ અહિં પણ ઘણા લોકો આવી સ્નાનાદિક ક્રિયા કરી દેવદર્શન કરે છે, અને કુદરતની લીલાનું અવલોકન કરે છે.

મંદિરની સામે સડકની ડાબી બાજુએ ઉના પાણીના કુંડો એ જવાનો માર્ગ આવે છે. કુંડો પાસેજ છે અને માર્ગમાં એક નાની નદી જણાય છે. આગળ જતાં મહાદેવજીના મંદિરના આંગણામાં પથ્થરથી બાંધેલા ત્રણ

મોટા કુંડો છે, જેમાંનું પાણી વત્તું ઓછું ગરમ રહે છે. નદી કિનારે પણ બીજા ત્રણ કુંડો બાંધેલા છે. આ કુંડોનું પાણી ઓછાવત્તા પ્રમાણમાં ગરમ રહે છે. એવું અનુમાન થઇ શકે છે, કે આ નદીને તળીએ કોઇ રસાયણિક પદાર્થ હોવો જોઇએ. જેને લીધે મંદિરથી લગભગ બે માઇલની આસપાસમાં અન્ય ઉના પાણીના કુંડો ઘણા નીકળેલા છે. એમ કહેવાય છે કે એક કુંડનું પાણી એટલું બધું ગરમ રહે છે, કે જેમાં ચોખાની પોટલી બાંધીને થોડીવાર રાખવામાં આવે તો ભાત તૈયાર થઇ જાય છે. આ સ્થળે વૈદ્ય ડૉકટરોની સલાહથી સંધિવા, અર્ધાંગવાયુ, પક્ષાઘાત તેમજ અન્ય રોગીઓ ઉપચાર માટે આવે છે. તેમને આ પાણી ઘણો ફાયદો કરે છે.

શ્રી તુંગારેશ્વર.

વસઇરોડ સ્ટેશનની પૂર્વ બાજુએ શ્રી વજ્રેશ્વરીના માર્ગે જતાં વચમાં ગોખિવર સ્થળેથી બીજો માર્ગ નીકળે છે તે તુંગપર્વત પર જાય છે. વસઇરોડ સ્ટેશનથી તુંગપર્વત નવ માઇલ છે. માર્ગ ચઢણનો છે. સ્ટેશન પર મોટરો મળે છે. પર્વત પર શ્રી તુંગારેશ્વર મહાદેવનું મંદિર છે. જે વસઇના મરાઠા સર સુબેદાર શંકરજી કેશવે આશરે ૨૦૦ વર્ષ પર બંધાવ્યું હતું. અહિં મહાશિવરાત્રીને રોજ મોટો મેળો ભરાય

છે. જે પ્રસંગે આસપાસના ગામોથી તેમજ મુંબઇથી પણ લોકો આવે છે. મંદિર આગળ ઉભા રહી ચોતરફ દ્રષ્ટિ કરીએ તો ઉંચા ડુંગરોજ જણાય. સ્થળ એકદમ શાંત તેમજ નિર્જન છે, જેથી એકલદોકલ જનારને ભયંકર લાગે. પરંતુ આ સ્થાન ખરેખર તપસ્વીઓની ભૂમિ જેવું જણાય છે. ગરમીની ઋતુમાં પણ અહિં ઘણી ઠંડી રહે છે. મંદિરની પાસે કુવો છે. શ્રી તુંગારેશ્વરની પૂજા માટે અહિં એક પૂજારીની ગોઠવણ છે. આ શ્રી તુંગારેશ્વર સબંધે હરિદાસ નામના એક મહારાષ્ટ્રી કવિએ પદ્મ પુરાણની કથાનું મરાઠીમાં સરળ ભાષાંતર "નિર્મળ મહાત્મ્ય" નામે કર્યું છે, તેમાં વર્ણવેલું છે. તે નીચે મુજબ છે:—

વિમલ નામે અસૂરે ઋષિમુનિઓને ઘણો ત્રાસ આપવા માંડ્યો હતો, ત્યારે શ્રી પરશુરામે તેની પૂંઠ પકડેલી જેથી તે ગભરાયો ને તુંગપર્વત પર જઇ ભરાઇ બેઠો. તેણે શિવજીની આરાધના કરીને ત્યાં એક શિવલિંગની સ્થાપના કરી. આ શિવલિંગ તેજ શ્રી તુંગારેશ્વર એમ લોકોક્તિ છે. પાછળથી વિમલાસૂરનો વધ શ્રી પરશુરામે નિર્મળ ક્ષેત્રમાં કર્યો. તે અસૂરે અંતિમ અવસ્થાએ શ્રી પરશુરામને પ્રસન્ન કર્યા, જેથી તેની સદ્ગતિ કરી અને તે અસૂરના નામ પરથી વિમલ સરોવર પ્રખ્યાત થયું.

જ્યોતિર્લિંગ.

જેમ દરેક પથ્થર માણેક નથી, દરેક હાથીના ગંડ સ્થળમાંથી મોતી ઝરતાં નથી, દરેક સ્થળે સાધુ પુરૂષો નજરે પડતા નથી, દરેક સ્થળે ચંદનના વન હોતાં નથી, તેમ ભગવાન શ્રી શંકરનું દરેક લિંગ જ્યોતિર્લિંગ ગણાતું નથી.

નર્મદાના કિનારા પરના કંકર એટલા શંકર ગણાય છે, પણ તે જ્યોતિર્લિંગ ન કહેવાય. જ્યોતિર્લિંગ તો આખા ભારતવર્ષમાં માત્ર બારજ છે. પ્રસ્તુત વિષય નવીન નથી, પરંતુ પૌરાણિક છે. આપણા શાસ્ત્રના અઢાર પુરાણો પૈકીનો શિવપુરાણ પણ એક મહા ગ્રંથ છે. તેમાં આ હકીકત સંપૂર્ણ રીતે આપેલી છે.

सौराष्ट्रे सोमनाथञ्च श्रीशैले मल्लिकार्जुनम् ।
उज्जयिन्यां महाकालमोङ्कार परमेश्वरम् ॥
केदारं हिमवत्पृष्टे डाकिन्यां भीमशङ्करम् ।
वाराणस्याञ्च विश्वेशं त्र्यम्बकं गौतमीतटे ॥
वैद्यनाथं चिताभूमौ नागेशं दारुकावने ।
सेतुबन्ध च रामेशं घुश्मेशञ्च शिवालये ॥

(શિ. પુ. જ્ઞા. સં. અ. ૩૮.)

ઉપરોક્ત શ્લોકોમાં પ્રત્યેક જ્યોતિર્લિંગનું નામાભિધાન તથા સ્થાન દર્શાવેલ છે. અનુક્રમ બરાબર સચવાએલ છે.

નામ.	સ્થાન.
૧ સોમનાથ	સૌરાષ્ટ્ર પ્રદેશ (કાઠીઆવાડ).

૨ મલ્લિકાર્જુન	કૃષ્ણા નદીપર શ્રી શૈલ પર્વ-તના શિખરે.
૩ મહાકાલેશ્વર	ઉજ્જૈન (ગ્વાલીયર).
૪ ૐકારેશ્વર ઉર્ફે અમરેશ્વર	નર્મદા કિનારા પર.
૫ કેદારનાથ	હિમાલય ઉપર કેદાર ખંડમાં
૬ ભીમાશંકર	ભીમા નદીપર ડાકીની જંગ તરીકે ઓળખાય છે.
૭ વિશ્વનાથ	કાશી.
૮ ત્ર્યમ્બકેશ્વર	ગોદાવરી કિનારે નાસિક પાસે
૯ વૈદ્યનાથ	વિહાર પ્રાંતમાં પરલી પાં ચિતાભૂમિ કહેવાય છે.
૧૦ નાગેશ્વર	દ્વારકા પાસે દારુકવન તરી ઓળખાય છે.
૧૧ રામેશ્વર	હિંદની છેક દક્ષિણે.
૧૨ ધુશ્મેશ્વર	દોલતાબાદ પાસે (નિઝામ)

અંતે માહાત્મ્ય તરીકે વર્ણવે છે, કે જે મનુ આ શ્લોકોનો નિત્યપાઠ કરે તેનાં સર્વ પાપો નાશ પામે અને મોક્ષ મળે છે. જે (શિવભક્તો) મનુષ્ય આ વીસ સદીમાં કદાચ પાપનો નાશ અને મોક્ષની પ્રાપ્તિને ન માન હોય તેને માટે થોડુંક કહેવાની રજા લઉ છું.

અખાડામાં કામ કરનાર વ્યક્તિને ખબર હશે, કે પોતા શરીરને સુદૃઢ અને ઘાટીલું બનાવવાને ઈચ્છતો જન પોતા

સન્મુખ કોઇ સારા મજબુત, યોગ્ય ભરાવદાર, તેજસ્વી અને આદર્શ પુરુષનો ફોટો રાખી પોતે એક મોટા આરસા સામે ઉભા રહી કામ કરે છે. આમ કરવાનો હેતુ પોતાની સામે જે પ્રતિક હોય છે તેના જેવો થવા દરેક ક્ષણે તેનો વિચાર રહે છે. આવી સતત ભાવના હોવાથી ભવિષ્યમાં રફતે રફતે પોતે પણ તેના જેવો જરૂર બને છે. એજ પ્રમાણે રોજ પાઠ કરવાથી (શિવજીની નામાવલી વાંચવાથી) તાત્કાલિક લાભ ભલે ન દેખાય, પણ નુકસાન તો નથી જ. એમ માની જો પોતે ચાલુ રાખે તો આશા છે, કે તેની ભાવના ધીમે ધીમે બદલાઇ હંમેશ સદ્‌વિચારમય થશે.

૧. સોમનાથ.

પ્રાચીન સમયમાં આપણા દેશમાં મોટે ભાગે પથ્થરની ઉભણી ઉપર લાકડાના મંદિરો બંધાતાં હતાં, એ સુપ્રસિદ્ધ છે. સોમનાથનું લાકડાનું મંદિર પ્રથમ વલ્લભી રાજાઓના વખતમાં બંધાયું હશે; કારણ તેઓ શિવભક્ત હતા; એમ એમના તામ્રપત્રો ઉપરથી જણાય છે. તે રાજામાંના કોઇએ સોમનાથનું દેવળ બંધાવ્યું હોય એમ સંભવિત છે. તે બંધાવનાર કોણ ? તેનો ઐતિહાસિક પુરાવો મળતો નથી. પરંતુ હાલ જે જગાએ પથ્થરનું નામશેષ દેખાય છે તેનો બંધાવનાર અણહીલવાડનો રાજા ભીમદેવ હતો. ત્યારપછી અનેક સુધારા વધારા થયા તે નીચે મુજબ છે.

વલ્લભી સમયથી સોમનાથની મહત્તાનાં વખાણ સર્વત્ર ફેલાયાં હતાં. પ્રભાસની પવિત્ર ભૂમિમાં સોમનાથ મહાદેવનું સુંદર શિવાલય હતું. અહિં દેશ પરદેશથી અનેક યાત્રાળુઓ આવતા હતા. ગુજરાતમાં ભીમદેવ રાજા રાજ્ય કરતો હતો. તે સમયે અફઘાનિસ્તાન્‌ના મુસલમાન બાદશાહ મહમદ ગિઝનવીએ સોમનાથની સમૃદ્ધિ અને ખ્યાતિ સાંભળીને તેને અનેકવિધ નુકસાન ઇ. સ. ૧૦૨૫ માં પહોંચાડેલું એ સર્વ વિદિત છે. જેને પરિણામે બનેલું ખંડિયેર હજુ મોજુદ છે. વલ્લભી અમલ પછી ગુજરાતના સોલંકી રાજાઓ પણ સોમનાથની ભક્તિમાં વલ્લભીઓથી કંઇ ઉતરે એવા ન હતા. સોમનાથના યાત્રાળુઓને વંથળીનો ગ્રહરિપુ આહીર (ભરવાડ) રાજા લુંટતો અને હેરાન કરતો. તેથી મૂળરાજે તેના પર ચઢાઇ કરી, તેને જીત્યો ને કેદ કર્યો. ગ્રહરિપુની સ્ત્રીની અતિ વિનવણીથી મૂળરાજે તેને મુક્ત કર્યો હતો. આ રીતે ગ્રહરિપુના ત્રાસથી યાત્રાળુઓને મુકત કર્યા હતા. મૂળરાજ પછી ચામુંડ અને દુર્લભ ગાદીએ આવ્યા. દુર્લભે ૧૨ વર્ષ રાજ્ય કર્યું. પછી તેના પોતાના ભત્રીજા ભીમદેવને ગાદી આપી. આ રાજાઓ પણ શિવના પરમભક્ત બની ગયા હતા. વલ્લભીઓના વખતનું મંદિર ગમે તેવું હોય, પણ ઇ. સ. ના દશમા શતકમાં તો મુસલમાન તવારીખ લેખકોએ વર્ણન કરેલું ભવ્ય મંદિર વિદ્યમાન હતું. મુસલમાન લેખક અલબીરુની પણ લખે છે. (જુઓ ટીપ.)

ટીપઃ—અલબીરુની લખે છે, કે કાશ્મીરથી ફુલ અને (ગંગોત્રીથી) ગંગાનું પાણી આવે છે. ખેપીઆની ગોઠવણ એવા પ્રકારની છે, કે હંમેશાં એક કાવડ પાણી આવ્યા કરે.

ઇબ્ને અસીરે (સં. ૧૨૧૬ થી ૧૨૮૫) સોમનાથનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે.

સંવત ૧૦૮૦ (ઇ. સ. ૧૦૨૪) માં મહમદે હિંદનાં ઘણાં શહેરો અને કિલ્લાઓ સર કર્યા તથા સોમનાથની મૂર્તિ તોડી. હિંદમાં આ પૂજ્યતમ મૂર્તિ માટે હિંદુઓ જાત્રા કરવા એકઠા થયાજ કરતા. આ મંદિરને દશ હજારથી વધારે ગાયો દાનમાં મળી હતી. રાજા મહારાજાઓ તરફથી અદ્ભુત અને અમૂલ્ય વસ્તુઓ ભેટ મળતી. પવિત્ર ગંગા નદી અને સોમનાથ વચ્ચે લગભગ ૧૨૦૦ માઇલનું અંતર હોવા છતાં હંમેશાં તેના પાણીથી મૂર્તિને સ્નાન કરાવવામાં આવતું. હંમેશાં અનેક બ્રાહ્મણોના હાથે આ મૂર્તિની પૂજા થતી. સમય પ્રમાણે અહિં નોબતો વાગતી. ગવૈયાઓ ગાયન કરતા તથા સ્ત્રીઓ નૃત્ય કરતી. આ બધાંને પગાર આપવામાં આવતો હતો. દેવળમાં રાત દિવસ ઘીના દિવાઓ બળ્યા કરતા હતા.

મુસલમાન તવારીખ લેખકોના કહેવા પ્રમાણે સાગના ૫૬ થાંભલાઓ ઉપર સોમનાથનું દેવાલય ઉભું હતું. મૂર્તિ અંધારા ઓરડામાં હતી. થાંભલા ઉપર ઉભેલું મંદિર તે સભામંડપ અને અંધારો ઓરડો તે ગર્ભગ્રહ. આ પરથી ઇંટ અને લાકડાનું મંદિર હશે એમ સ્પષ્ટ મનાય છે. થાંભલાઓમાં કિંમતી રત્નો જડવામાં આવ્યા હતાં. એના ઉપર કોતરકામ પણ બેનમુન હતું. તેની હાલ કલ્પના પણ થઇ શકે નહિ. દરેક થાંભલા ઉપર હિંદના જુદા જુદા રાજાનું નામ હતું.

સોમનાથનું લિંગ જમીનની બહાર પાંચ હાથ ઉંચું

હતું અને બે હાથ જમીનની અંદર હતું. આ લિંગની ગોળાઇ પણ ત્રણ હાથ જેટલી હતી. હાલ બરડામાં આવેલું બીલેશ્વરનું પુરાણું લિંગ જોવાથી સોમનાથનું લિંગ કેવું હશે એનો કંઇક ખ્યાલ આવી શકે છે. મંદિરના ગર્ભગૃહમાં મોટા મોટા ઘંટો લટકતા હતા. આ મંદિરને લગતી તિજોરીમાં દેવના અલંકારો, રત્નજડિત સુવર્ણની મૂર્તિઓ, તથા બીજી અમૂલ્ય વસ્તુઓ હતી. મહમદને મંદિરની લુંટમાંથી ૨૦ લાખ દિનાર કરતાં વધારે કિંમતનો માલ મળ્યો હતો એમ કહેવાય છે.

મહમદ ગિઝનવી જ્યારે સોમનાથ મહાદેવ પર ચઢી આવ્યો, ત્યારે ગુજરાતના રાજા ભીમદેવે બીજા રજપુત રાજાઓને મદદમાં લઇ તેને આગળ વધતો અટકાવવો જોઇતો હતો. તેને બદલે પોતે અણહીલવાડથી ભાગીને કંથકોટના કિલ્લામાં ભરાઇ ગયો અને લડાઇની તૈયારીઓ કરવા લાગ્યો. મહમદ દેવળની ઉડતી ભગવી ધજા નિહાળી સોમનાથ તરફ ધસ્યો. ઇ. સ. ૧૦૨૫ ના જાનેવારીની ૩૦ મીએ મહમદ સોમનાથ પહોંચ્યો. પચાસ હજાર હિંદુઓને કત્લ કરી સોમનાથ લુટ્યું. તેમજ પોતાનાથી બની શકયો તેટલો તેનો નાશ કર્યો અને લુંટેલી સમૃદ્ધિ લઇને તરતજ તે પાછો ગયો. જતી વેળા દાબી શાલીમને હાકેમ તરીકે નીમી ગયો હતો. મહમદ હિંદુસ્તાન બહાર પહોંચવા પહેલાં ભાવિક હિંદુઓએ એ મુસલમાન હાકેમને કાઢી મૂકયો અને સોમનાથના દેવળનો જીર્ણોદ્ધાર કરાવ્યો. આ જીર્ણોદ્ધાર ભીમદેવેજ કરાવ્યો હતો એમ કહેવાય છે. ભીમદેવે બંધાવેલા દેવળની સિદ્ધરાજ જયસિંહે ઈ. સ. ૧૦૯૩ માં

તથા વિજયેશ્વર કુમારપાળે ઈ. સ. ૧૧૬૮ માં મોટા પાયા પર મરામત કરાવી હતી. સૌરાષ્ટ્રના રાજાઓએ પણ અનેક સુધારા વધારા કર્યા હતા. આ મંદિર એવું મજબુત હતું, કે છેલ્લા ૯૦૦ વર્ષના કાળના ઘસારા સામે તેમજ એટલા વખતમાં થયેલા પાંચ મુસલમાની હુમલા સામે હજી એનો કેટલોક ભાગ ટકી રહ્યો છે.

ઇ. સ. ૧૨૯૭ માં અલ્લાઉદ્દીનના સરદાર અલફ્ખાને ગુજરાત જીત્યા પછી સોમનાથ લુટયું. સોમનાથ બીજીવાર લુંટાયું. ત્યારપછી જુનાગઢના રા' ખેંગાર ચોથાએ સોમનાથનો જીર્ણોદ્ધાર કરાવ્યો. વળી ઈ. સ. ૧૩૯૫ માં ગુજરાતના સુલતાન મુજફ્ફરશાહે, ને ઇ. સ. ૧૪૧૩ માં સુલતાન અહમદશાહે નાશ કર્યો. અલફ્ખાનની લુંટ પછી સોમનાથની (પાટણની) પહેલાંની જે જાહોજલાલી હતી તે પ્રાપ્ત ન થઈ. વેપાર ક્ષીણ થઇ ગયો, શહેરની વસ્તિ ઘટી ગઇ. જુનું દેવળ હાલ ખંડેર જેવું છે, તેની મધ્યમાં ઘણું મોટું સોમનાથ મહાદેવનું શિવલિંગ હતું એમ કહેવાય છે. આ પુરાતન દેવળ હાલ મુસલમાનોના તાબામાં ખરાબ સ્થિતિમાં જણાય છે. આ દેવળ જોવા માટે જુનાગઢના નવાબના અમલદાર પાસે મંજુરી મેળવવી પડે છે. હંમેશાં દેવળ બંધ રાખવામાં આવે છે. દેવળની પશ્ચિમ તરફ મુસલમાનોની એક મસ્જીદ છે. તેમજ પૂર્વ બાજુએ ગામમાં બે હનુમાનની મૂર્તિ છે, તે પુરાતન કહેવાય છે. જુના ખંડેરથી થોડે દૂર હાલનું નવું દેવળ ઇ. સ. ૧૪૬૫ માં ઇન્દોરનાં મહારાણી અહલ્યાબાઇએ બંધાવેલું છે. આ દેવળમાં સોમનાથ મહાદેવનું આશરે ૧ાા ફુટ ઉંચુ શિવલિંગ છે.

અહિંનો પુજારી દેવળમાં રહે છે. ના. ગાયકવાડ સરકાર તરફથી આ દેવળનો વહીવટ ચાલે છે.

સોમનાથની જાત્રાના બે માર્ગ છે. ૧ સ્થળ, ૨ જળ.

૧. **સ્થળમાર્ગ** :—રેલ્વે રસ્તે અમદાવાદથી વિરમગામ થઇને વઢવાણ, અને ત્યાંથી કાઠીઆવાડના પાટનગર રાજકોટ જવું પડે છે. ત્યાંથી જુનાગઢ થઇ વેરાવળ સ્ટેશને પહોંચાય છે. સ્ટેશનથી ગામ બે ત્રણ માઇલ દૂર છે. પરંતુ ત્યાંથી જવા માટે ટાંગા, ઘોડાગાડી, ટ્રામ વગેરે સાધનો મળી શકે છે.

૨. **જળમાર્ગ** :—મુંબઇથી કરાંચી જતી આગબોટ વેરાવળ બંદરે ઉભી રહે છે. સ્ટીમર પર ચઢવા ઉતરવાનો ત્રાસ તથા સમુદ્રની હવાથી તબીયત પર થતી અસર બાદ કરીએ, તો આ સગવડ ઉત્તમ છે; કારણ ટુંક સમયમાં અને થોડા પૈસે પહોંચાય છે. દેવળમાં પહોંચવાને તેના ગર્ભભાગમાં ૨૨ પગથીઆં ઉતરીને જવું પડે છે. ત્યાં અખંડ દીવાનાં પણ દર્શન થાય છે. દેવળ હાલ જીર્ણ ખંડિયેર સ્થિતિમાં જણાય, છે છતાં તેની કારીગરીથી દરેકને આશ્ચર્ય ઉત્પન્ન થયા વગર તો નહિ રહે. ભાંગ્યું ભાંગ્યું તોએ ભરૂચ.

૨. શ્રી મલ્લિકાર્જુન.

આ જ્યોતિર્લિંગ મદ્રાસ ઇલાકામાં કૃષ્ણા નદીના કિનારા પર આવેલા શ્રી શૈલ પર્વતના શિખરે બિરાજેલું છે. દક્ષિણમાં કેટલાક તેને 'કૈલાસ' ના ઉપનામથી પણ સંબોધે છે. આ શિવલિંગ મલ્લિકાર્જુન તરીકે પ્રસિદ્ધ છે. પુરાતન શોધખોળ કરનારા તેના મંદિરની રચના અને સુંદરતાથી આજે પણ કહી શકે છે, કે એ ઓછામાં ઓછા દોઢથી બે હજાર વર્ષ પૂર્વેનું હોવું જોઇએ. આ પવિત્ર સ્થાનની મહત્તા કંઇ આજ-કાલની નથી. કંઇક વર્ષોથી રાજા મહારાજાઓ પણ તેને પૂજતા આવ્યા છે. લગભગ ૪૦૦ વર્ષ પૂર્વે શ્રી વિજયનગરમ રાજ્યના અધીશ્વર મહારાજ શ્રી કૃષ્ણરાય ત્યાં દર્શને ગયા હતા. તેમણે એક સુંદર સભામંડપ પણ બંધાવ્યો હતો. તે રાજા પછી આસરે દોઢસો વર્ષે ફરીથી હિંદુ ધર્મનું સંરક્ષણ કરતા મહારાષ્ટ્રાધિપતિ શ્રી શિવાજી મહારાજ પણ ત્યાં ગયા હતા, અને તેમણે મંદિરને અંગે એક સુંદર ધર્મશાળા બંધાવી આપી હતી. ભાવિક ભક્તો માટે આ સ્થળે શિવલિંગ મળી શકે છે. મંદિર ભવ્ય છે. પાસેજ પાર્વતીજીનું મંદિર છે. શ્રી પાર્વતીને અહીં 'ભ્રમરામ્બા' કહે છે. આપણા ધર્મગ્રંથ જેવા કે મહાભારત, શિવપુરાણ, પદ્મપુરાણ આદિ ગ્રંથોમાં આ સ્થળનું સવિસ્તર વર્ણન વર્ણવેલું છે. તેમાંની એક હકીકતનું સંક્ષિપ્ત વર્ણન નીચે મુજબ છે.

પૂર્વે શિવ-પાર્વતીએ પોતાના બંને પુત્રો શ્રીકાર્તિકેય અને શ્રી ગણપતિને કહ્યું, કે તમારા બંનેમાંથી જે પૃથ્વી-

પ્રદક્ષિણા કરી વહેલો આવશે, તેને અમે તરત પરણાવીશું. માતાપિતાનાં વચન અનુસાર શ્રીકાર્તિકેય પૃથ્વી-પ્રદક્ષિણા કરવા નીકળી પડ્યા. શ્રીગણપતિએ માતાપિતાની સેવા કરી તેમની આસપાસ સાત પ્રદક્ષિણા કરી, જેથી શાસ્ત્રના આધારે પૃથ્વી-પ્રદક્ષિણાના ફળના અધિકારી બન્યા ને તેમનું લગ્ન થયું.

पित्रोश्च पूजनं कृत्वा प्रक्रान्ति च करोति यः ।
तस्यवै पृथ्वीजनं फलं भवाति निश्चितम् ॥

रु. सं. खं. ४ अ. १९

ઉપર જણાવ્યા મુજબ જો કોઈ વ્યક્તિ પોતાનાં માતાપિતાની ભાવપૂર્વક સેવા કરે ને તેમને સંતુષ્ટ રાખે, તો તે અમૂલ્ય ફળનો અધિકારી બને છે. માતાપિતાની સેવા એ પૃથ્વી-પ્રદક્ષિણા સમાન છે. એમ શ્રી ગણપતિજીએ શાસ્ત્ર સિદ્ધ કરી બતાવ્યું છે.

શ્રી કાર્તિકેયને પૃથ્વી-પ્રદક્ષિણા કરી આવતાં આ વાતની ખબર પડી, તેથી તેઓ રિસાઈને મલ્લિકાર્જુનથી ૧૨ ગાઉ દૂર ક્રૌંચ નામના પર્વત પર ચાલ્યા ગયા, ને અવિવાહિત-પણે જ રહી કુમારસ્વામી કે કાર્તિકસ્વામી નામથી પ્રસિદ્ધિને પામ્યા. જે પુરૂષ કાર્તિકી પૂર્ણિમાને દિવસે કાર્તિક સ્વામીનાં દર્શન કરે, તેમાં વળી કાર્તિકી પૂર્ણિમા ને કૃતિકા નક્ષત્ર હોય, તો તે દર્શનનું ઘણું મહાત્મ્ય છે. આ બનાવ પછી શિવ-પાર્વતીજી આ મલ્લિકાર્જુન સ્થાનમાં સ્થિત થયાં છે. આ સ્થળે જવાનો માર્ગ વિકટ, મુશ્કેલીથી ભરપૂર તેમજ કુદરતી સૌંદર્યથી પણ ખીચો ખીચ છે, જેથી અહિંની લીલોતરી નેત્રને ઠારે છે, અને વિહ્વલ મન શાંતિ અનુભવે છે. વચમાં વચમાં વિશ્રાંતિ

સ્થાનો આવે છે. ત્યાં યાત્રીઓ વિશ્રામ લે છે. રસ્તામાં પાણીનો ત્રાસ અત્યંત વેઠવો પડે છે. યાત્રીએ પાણીની સાવધાની રાખવી જોઇએ. ભાવિક યાત્રીઓ અનેક મુસીબતો વેઠીને પણ અહીં આવી દર્શનનો અલભ્ય લાભ મેળવે છે. મહાશિવરાત્રી ઉપર અહીં મોટો મેળો ભરાય છે. જ્યોતિર્લિંગનાં દર્શન કર્યા બાદ શ્રી શૈલ પર્વતની બીજી બાજુએ નીચે આવેલી કૃષ્ણા નદીને પાતાળગંગા નામથી ઓળખાવે છે. શાસ્ત્રમાં આ સ્થાનના સ્નાનપૂણ્યનું મહાત્મ્ય બહુ વર્ણવેલું છે.

માર્ગદર્શન :—જેને કલકત્તાથી જવું હોય તેણે બંગાલ-નાગપુર રેલ્વેમાં મુસાફરી કરી વાલ્ટીઅર જવું. વાલ્ટીઅરથી ૧૩૮ માઇલની યાત્રા કરવી. ત્યાંથી ગુન્ટકલ જવાવાળી નાની લાઇનમાં ૧૮૮ માઇલના અંતરે નન્દયાલ સ્ટેશને ઉતરીને પછી મોટરમાં ૨૮ માઇલ દૂર આત્માકૂર ગામે પહોંચવું. ત્યાંથી બળદગાડીની મુસાફરી કરવી. આ આત્માકૂરથી નાગાલૂટી ગામ ૧૨ માઇલ દૂર છે. અહિં મહાદેવ અને વીરભદ્ર સ્વામીનાં દર્શન થાય છે આ સ્થાનથી મલ્લિકાર્જુનનું સ્થાન ૨૧ માઇલ છે. હૈદ્રાબાદ રાજ્યમાં રહેવાવાળા નિઝામ-સ્ટેટ રેલ્વેદ્વારા કુરનૂલ સ્ટેશનેથી આત્માકૂર જઈ મલ્લિકાર્જુન જઇ શકે છે.

૩. શ્રી મહાકાલેશ્વર.

મહાકાલેશ્વર મહાદેવનું જ્યોતિર્લિંગ માળવા પ્રદેશમાં સુવિખ્યાત ઐતિહાસિક શહેર ઉજ્જયિનીમાં આવેલું છે. સદરહુ નગરી જેવી ઇતિહાસ પ્રસિદ્ધ છે તેવી શાસ્ત્ર પ્રસિદ્ધ પણ છે. આ વિશાળ ભારત વર્ષમાં આવેલી અયોધ્યા, મથુરા, માયા (હરદ્વાર), કાશી, કાંચી, અવન્તિકા (ઉજ્જયિની), દ્વારામતિ એ સપ્તપુરી પ્રસિદ્ધ છે. તે સપ્તપુરીમાંની એક આવન્તિકાપુરી તેજ આ ઉજ્જયિની. સ્કન્દપુરાણ ઉપરાંત મહાભારત, શિવપુરાણ આદિ ગ્રંથોમાં પણ તેનો મહિમા ઘણો ઉત્તમ રીતે વર્ણવેલો છે.

ઉજ્જયિની જેવી નગરી કે જે પરાપૂર્વથી પવિત્ર મનાતી આવી છે. જ્યાં શ્રી કૃષ્ણ અને બલરામજીએ સાંદીપનિ ઋષિને ત્યાં રહી વિદ્યાભ્યાસ કર્યો હતો, જ્યાં પરદુઃખભંજન વીર વિક્રમ જેવા મહારાજાની રાજધાની હતી, જેના દરબારમાં શિરોમણી કાલિદાસ, તથા મહાપંડિતો વિદ્યમાન હતા, એવી નગરીનાં ચરણ ચૂમતી ક્ષિપ્રા નદી પણ મહા તેજવતી અને પવિત્ર મનાય છે. એ પવિત્ર નદીમાં સ્નાનાદિ કર્મ કરવું આવશ્યક છે. દર બાર વર્ષે કુંભનો મોટો મેળો ભરાય છે. તેમાં જ્યારે વૃશ્ચિકના બૃહસ્પતિનો યોગ આવે ત્યારે કુંભનો મોટો મેળો ઉજ્જયિનીમાં ગણાય છે. સિંહના બૃહસ્પતિનો યોગ થતાં નાસિકમાં, અને કુંભના બૃહસ્પતિનો યોગ થતાં પ્રયાગમાં મોટો મેળો ભરાય છે. તે સમયે અનેક યાત્રાળુઓ તે તે સ્થાનની જાત્રા કરી કૃતકૃત્ય માને છે. શ્રી મહાકાલેશ્વર

જ્યોતિર્લિંગનો પ્રતિવાર્ષિક મેળો કાર્તિક શુદ્ધ પુર્ણિમાએ થાય છે. આ દેવાલય પાંચ માળનું મોટું વિશાળ છે. તેમાં શ્રી મહાકાળેશ્વરનું શિવલિંગ પણ કદમાં મોટું છે. પાસે માતા પાર્વતી તથા ગણેશજીની મૂર્તિ છે. આ સ્થાન પવિત્ર ક્ષિપ્રા નદીથી થોડે દૂર છે. યાત્રાળુઓ રામઘાટ પર તથા કોટીતીર્થ નામના કુંડમાં સ્નાન અને શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરે છે. પછી પાસે અગત્સ્યેશ્વર, કોટીશ્વર, કેદારેશ્વર, હરસિધ્ધ દેવી, (મહારાજ વિક્રમાદિત્યની કુલ દેવી) વગેરેનાં દર્શન કરતાં મહાકાલેશ્વર પહોંચે છે. નિત્ય પ્રાતઃસમયે શ્રી મહાકાલેશ્વરને ચિતા ભસ્મ અર્ચવામાં આવે છે. તે સમયના દર્શનનો લાભ પ્રત્યેક યાત્રાળુઓએ અવશ્ય લેવા યોગ્ય છે. તે સિવાય અન્ય દેવાલયો મહારાજા વિક્રમાદિત્યના સમયનાં હોવાનું કહેવાય છે. સ્નાન, જપ, તપ અને બ્રહ્મભોજનનો મહિમા અહિં વિશેષ જણાય છે. શહેરથી થોડે દૂર ભર્તૃહરિની ગુફા હોવાનું કહેવાય છે.

માર્ગદર્શન :—બી. બી. એન્ડ. સી. આઇ રેલ્વે, તથા જી. આઈ. પી. રેલ્વેનું જે નાગદા જંકશન છે, તે સ્ટેશનની નજીકમાં આ સ્થળ આવેલું છે. સ્ટેશન પાસે સિંધિઆ સરકારની એક સુંદર ધર્મશાળા ઘણી સગવડવાળી છે. આણંદથી ગોધરા થઇ ઉજ્જયિની જવા માટે ગાડી બદલવાની ને આગળ જતાં રતલામ સ્ટેશન પર ગાડી બદલવી પડે છે.

૪. શ્રી ઓઙ્કારેશ્વર.

માળવા પ્રાંતમાં નર્મદા નદીના કિનારા પર આવેલો પર્વત માન્ધાતા અથવા શિવપુરી નામથી પ્રસિદ્ધ છે. જે પર્વત નર્મદા નદીના બે ફાંટામાં ફંટાયલો હોવાથી એક ટેકરા જેવો ટાપુ બની ગયો છે. તે પર દ્વાદશ જ્યોતિર્લિંગમાંના ઓઙ્કારનાથ મહાદેવનું શિવાલય છે. ઓઙ્કારનાથ નાવમાં બેસીને જવાય છે. કિનારે ઘાટ બાંધેલ હોવાથી ઉતારૂઓને ચઢવા ઉતરવાની તકલીફ પડતી નથી. નાવમાં બેઠા પછી બન્ને બાજુનું દ્રશ્ય અલૌકિક માલમ પડે છે.

શ્રી ભગવાનના પરમભક્ત અમ્બરિષ અને મુચકુન્દના પિતા મહાપ્રતાપી અને સુવિખ્યાત એવા સૂર્યવંશી રાજા માન્ધાતાએ અહિં ઘણાં યજ્ઞયાગાદિક કાર્યો તથા તપ કરી શંકરને પ્રસન્ન કર્યા; તે સ્થળને હાલમાં ‘માન્ધાતા’ કહે છે. આ પર્વત પરનાં ઘણાંખરાં મંદિરો પેશ્વાએ બંધાવ્યાનું કહેવાય છે. મંદિરનું મુખ્ય દ્વાર ઉત્તર તરફ છે. ઓઙ્કારેશ્વર મંદિરમાં દાખલ થવા માટે બે ઓરડાઓમાં થઇ જવું પડે છે. અંદર અંધારૂં હોવાથી દિવાની ગોઠવણ રહે છે, તેથી દર્શન કરનારને અગવડતા પડતી નથી.

શ્રી ઓઙ્કારેશ્વરનું મંદિર પહાડ ઉપર છે. ઓઙ્કારેશ્વર જ્યોતિર્લિંગ સ્થાપિત નથી, પરંતુ પ્રાકૃતિક છે. શ્રી ઓઙ્કારેશ્વર લિંગ વિષે એક વિશેષતા એ છે, કે તે મંદિરના ઘુમટ નીચે નથી. શ્રી ઓઙ્કારેશ્વર જ્યોતિર્લિંગની ચારેબાજુ પાણી છે,

આ પર્વતને કેટલાક લોકો ઓઙ્કારરૂપ માને છે, અને તેની પ્રદક્ષિણા કરે છે. પ્રાચીન મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવનું મંદિર પણ દર્શનીય છે. પ્રદક્ષિણામાં અન્ય મંદિરોનો સમાવેશ થાય છે. જેને લીધે આ પર્વતનું દ્રષ્ય સાક્ષાત્ ઓઙ્કારરૂપ દેખાય છે. મંદિરમાં લિંગની સાન્નિધ્યમાં પાર્વતીજીની મૂર્તિ છે. અહિં મહાદેવજીને ચણાની દાળ ચઢાવવાનો મહિમા હોવો જોઇએ; કારણ કે લોકો ચઢાવે છે. રાતની શયન આરતિનું મહાત્મ્ય વિશેષ ગણવામાં આવે છે. મોરટક્કાથી ઓઙ્કારેશ્વર જવાના માર્ગમાં વચ્ચે એક મોટો પહાડ આવે છે. પૂર્વે આ પહાડ ઉપરથી કૂદીને નર્મદામાં પડી મોક્ષ મેળવવાની ઇચ્છા રાખવાવાળા કેટલાક આત્મહત્યા કરતા. ઇ. સ. ૧૮૨૪ માં અંગ્રેજ સરકારે સતી થવાનો રિવાજ બંધ કર્યો, તેની સાથે પ્રાણહત્યા થાય તેવો આ રિવાજ જેને 'ભૃગુપતન' કહેતા તેને પણ બંધ કર્યો. પગપાળા યાત્રા કરનાર યાત્રીઓનો માર્ગ પત્થર, કાંકરા અને રેતાળ જમીનવાળો હોવાથી તેમને વિશેષ કષ્ટ વેઠવું પડે છે.

શિવપુરાણમાં ઓઙ્કારેશ્વર તથા અમલેશ્વરનાં દર્શન તેમજ નર્મદા સ્નાનનું મહાત્મ્ય વિશેષ વર્ણવામાં આવ્યું છે. એકલા સ્નાનનુંજ મહાત્મ્ય છે એમ નહિ, પણ નર્મદાનાં દર્શનને પણ પવિત્ર માનવામાં આવેલ છે. નર્મદાના દક્ષિણ કિનારે બે નાની નાની ટેકરીઓ જણાય છે. એક ટેકરી 'બ્રહ્મપુરી' અને તેની પશ્ચિમે વિષ્ણુપુરી છે. આ બન્ને વચ્ચે કપિલ-ધારા નામે ધારા વહે છે જે નર્મદાને જઇ મળે છે. 'બ્રહ્મપુરી' અને 'વિષ્ણુપુરી'માં ઘણાં મંદિરો છે. 'બ્રહ્મપુરીમાં અમલેશ્વરનું શિવમંદિર, બ્રહ્મેશ્વર શિવલિંગ, અને બ્રહ્માની

મૂર્તિ છે. આ સ્થળ નદીના દક્ષિણ કિનારે વસ્તીવાળા ભાગમાં આવેલું છે. વિષ્ણુપુરીમાં વિષ્ણુ ભગવાનની મૂર્તિ અને અન્ય દેવોની મૂર્તિઓ છે. તેમજ કપિલેશ્વર મહાદેવનું સ્થાન છે. ઓમ્કારેશ્વર મહાદેવની જળાધારીનો સંબંધ નીચે નર્મદાજી સાથે કોઇ છિદ્રદ્વારા હોવાનું કહેવાય છે. તેથી ત્યાં પુજારીઓ ભેટ સમયે પોતાનો હાથ જળાધારી પર રાખે છે અને લોકો જળાધારી પર ભેટ ધરે કે તરત તે ઉપાડી લે છે. જો તેમ ન કરે તો તે સીધી નર્મદાજીમાં જાય. કાર્તિકી પૂર્ણિમાએ અહિં મોટો મેળો ભરાય છે. ઓમ્કારેશ્વરની પંચમુખી સુવર્ણ-પ્રતિમા સોમવારે જળવિહાર માટે નાવમાં ફેરવવામાં આવે છે. તે વેળા ઓમ્કારેશ્વર સાથે અમલેશ્વરનું નામ પણ બોલાય છે. અમલેશ્વરનું મંદિર નર્મદાજીના દક્ષિણના કિનારે છે પણ બેઉનું મહાત્મ્ય એક સરખુંજ ગણાય છે. નર્મદાજીની પ્રદક્ષિણા કરવાવાળા નાવમાં બેસી પ્રદક્ષિણા કરે છે.

માર્ગદર્શન :—ઉજ્જયિનીથી બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેની નાની લાઇનવાળી ગાડીમાં ઇંદોર જવું. ઇંદોર સ્ટેશને 'અજમેર-ખંડવા' જતી ગાડીમાં બેસીને મોરટક્કા સ્ટેશને ઉતરવું. ઉજ્જયિનીથી ૮૯ માઇલના અંતરે ને ખંડવાથી ૩૭ માઇલના અંતરે આ સ્થાન આવેલું છે. મોરટક્કા સ્ટેશન પાસે એક નાની ધર્મશાળા છે. સ્ટેશનેથી ઓમ્કારેશ્વરનું સ્થાન સાત માઇલ દૂર છે. સ્ટેશન ઉપર બળદગાડી અને મોટરગાડી મળી શકે છે. માર્ગ વૃક્ષોની ઘટાઓથી ઘેરાયલો હોવાથી તેમાં ઠંડક રહે છે. સાગના ઝાડોની હાર માર્ગની બન્ને બાજુએ નજરે પડે છે.

૫. શ્રી કેદારનાથ.

દ્વાદશ જ્યોતિર્લિંગમાં કેદારનાથ મહાદેવનું એક જ્યોતિર્લિંગ હિમાલય પર્વત ઉપર છે. બદરીનાથની યાત્રા કરનારે કેદારનાથનાં દર્શન અવશ્ય કરવાં જોઇએ, નહિં તો તે યાત્રા નિષ્ફળ જાય છે. (કેદારખણ્ડ)

આ જ્યોતિર્લિંગની સ્થાપનાનો ઇતિહાસ સંક્ષેપમાં એવો છે, કે હિમાલયના કેદાર પર્વતનું ઉંચુ શિખર સમુદ્રની સપાટીથી ૨૨૮૫૦ ફુટ ઉંચુ છે. અહિં ગરમીની ઋતુમાં પણ બરફ રહે છે, ને ટાઢ ઘણીજ પડે છે. શિખરની પૂર્વે અલકનન્દા નદીના સુરમ્ય તટ પર બદરીનારાયણ અવસ્થિત છે, અને પશ્ચિમે મન્દાકિની એમ બે નદીઓનો સમાગમ રૂદ્રપ્રયાગમાં થાય છે. એની સંયુક્તધારા ગંગોતરીથી નીકળી ભાગીરથી–ગંગાને દેવપ્રયાગમાં મળે છે.

સતયુગમાં કેદાર નામના રાજાએ આ સ્થળે ઘણાં વર્ષ સુધી તપ કર્યું હતું. તેના નામ પરથી આ તીર્થનું નામ કેદાર પડયું એમ કહેવાય છે. પૂર્વે વિષ્ણુના અવતાર મહા તપસ્વી નરનારાયણે આ સ્થાને શિવજીની આરાધના કરી હતી. તેમની આરાધનાથી શિવજી પ્રસન્ન થયેલા અને તેમની પ્રાર્થનાનુસાર આ સ્થાને જ્યોતિર્લિંગરૂપે નિવાસ કર્યો.

કેદારપુરીથી ઉત્તરે કેદારનાથનું સ્થાન છે. કેદારપુરી શિયાળાની ઋતુમાં બરફથી ઢંકાએલી રહે છે. કાર્તિકી પૂર્ણિમાથી પુજારી (પંડાલોક) લોકો કેદારનાથની પંચમુખી મૂર્તિ લઈ

નીચે 'ઉખીમઠ' જ્યાં રાવલજી (મહન્ત) રહે છે ત્યાં પધરાવે છે. છ મહીના પછી જ્યારે મેષ સંક્રાંતિ થાય છે, ત્યારથી બરફનો રસ્તો કાપીને પુનઃ જઇ મંદિરનો પટ ખોલે છે. મંદિર મન્દાકિનીના ઘાટ પર પહાડી ઢંગથી બનેલું છે. અંદર ઘોર અંધારૂં રહેવાથી દીવો બળ્યા કરે છે. યાત્રીઓ દીવામાં ઘી પૂરે છે. મંદિરની અંદર ચાર થાંભલા છે, અને મધ્યમાં ચાર હાથ લાંબુ અને દોઢ હાથ પહોળું શ્રી કેદારનાથનું અણુઘડ શિવલિંગ છે. યાત્રાળુઓ શિવને જળ ચઢાવી તેમને સ્પર્શ કરી ચંદન, અક્ષત, બિલ્વ–પુષ્પાદિ ચઢાવી પૂજા કરે છે. લિંગને ઘી લગાડે છે અને તેમને ભેટે છે.

મંદિરની આગળ સભામંડપ છે. તેની ચારે તરફ એકેક દરવાજો છે, અને વચ્ચે ચાર થાંભલા છે. મંદિરમાં દ્રૌપદી સહિત પાંચ પાંડવોની મૂર્તિઓ છે. સભામંડપની વચ્ચે પિત્તળનો નંદી છે. દક્ષિણદ્વારે મોટા મોટા ઘંટ છે. આસપાસ અન્ય દેવોની મૂર્તિઓ છે. મંદિરની પાછળ કેટલાક કુંડો છે, જેમાં આચમન તથા તર્પણ થાય છે.

કેદારનાથ પર્વતની પાસે 'ભૈરવઝાંપ' કરીને એક સ્થાન છે. અહિં પૂર્વે કેટલાક યાત્રાળુઓ બરફથી ગળીને કે ડુંગર ઉપરથી કૂદીને નીચે પડી પ્રાણત્યાગ કરતા. અંગ્રેજ સરકારે સતી થવાની તેમજ 'ભૃગુપતન'ની પ્રથાને બંધ કરાવી નાંખી છે.

માર્ગદર્શન :—બી. બી. એન્ડ સી. આઇ. રેલ્વેદ્વારા રતલામ, દિલ્હી થઈ સહરાનપુર, બકસર અને હરદ્વાર થઇ હૃષીકેશ જવાય છે. કેદારનાથ હરદ્વારથી ૧૫૦ માઇલના

અંતરે અને હૃષીકેશથી ૧૩૨ માઇલના અંતરે છે. હરદ્વારથી હૃષીકેશ સુધી રેલ્વે લાઇન તેમજ મોટર લોરીઓ જઈ શકે છે. હૃષીકેશથી કેદારનાથ જવાનો માર્ગ વિકટ છે. ત્યાંથી પગપાળા જવું પડે છે. યાત્રાળુ પાસેનો સામાન ઉંચકવા અહીં મજુર મળે છે. અશક્ત કે પૈસાપાત્ર યાત્રાળુ માટે અહિં કંડી, ઝપાન, આદિ સાધનો મળી શકે છે. ઝપાનનું ભાડું દોઢસો રૂપીઆ લે છે. યાત્રીઓને વિશ્રામ માટે ચાર ચાર માઇલના અંતરે માર્ગમાં વિશ્રામ સ્થાન આવે છે. માર્ગમાં હિમાચ્છાદિત માર્ગ પણ આવે છે.

૬. શ્રી ભીમશંકર.

દ્વાદશ જ્યોતિર્લિંગમાં 'ડાકિન્યાં ભીમશંકરમ્' એમ કહેવાયું છે, પણ ત્યાં ડાકિની સ્થાનનો કંઇ પત્તો જણાતો નથી. આ ભીમશંકર જ્યોતિર્લિંગ સહ્યાદ્રિ પર છે. અહિંથી ભીમા નદી નીકળે છે. ભીમશંકરના લિંગની આસપાસ પાણી વહ્યા કરે છે. મંદિર પાસે બે કુંડ છે, તે મહારાષ્ટ્રના રાજનીતિજ્ઞ નાના ફડનવીસે બંધાવ્યા છે. અહિંના લોકોનું કહેવું એવું છે, કે શ્રી શંકરે ત્રિપુરાસૂરનો વધ કર્યા પછી આ સ્થાને આવી વિશ્રામ લીધો હતો. અયોધ્યાના ભીમક નામે એક રાજાએ આ સ્થાને તપસ્યા કરીને શ્રી શિવજીને પ્રસન્ન કર્યા હતા, ને તેમના નામ પરથી આ

જ્યોતિર્લિંગ ભીમશંકર તરીકે પ્રસિદ્ધિને પામ્યું. અહિં શિવરાત્રી ઉપર મોટી યાત્રા ભરાય છે.

માર્ગદર્શન :— મુંબઇની પાસે પૂર્વ બાજુએ ૭૦ માઇલ, તેમજ પૂનાથી ઉત્તર તરફ ૪૩ માઇલ પર ભીમા નદીના તટ પર ભીમાશંકર જ્યોતિર્લિંગ આવેલું છે. મુંબઇથી પૂના જતાં નેરાલ સ્ટેશને ઉતરવું. નેરાલ સ્ટેશનની પૂર્વ બાજુએ ૧૬ માઇલ પર યાત્રા સ્થાન આવેલું છે. માર્ગ પહાડી તેમજ વિકટ હોવાથી યાત્રાળુઓને તકલીફ વેઠવી પડે છે. પહાડી માર્ગથી બચવા માટે નેરાલ સ્ટેશનથી આગળ નવમું સ્ટેશન તળેગાંવ આવે છે, ત્યાં ઉતરવું. તળેગાંવથી ભીમાશંકરનું સ્થાન ૨૪ માઇલ દૂર છે. તળેગાંવથી બળદ ગાડીનો માર્ગ ઠેઠ સુધી સરળ છે. પૂનાથી ભીમશંકર સુધીની મોટર મળી શકે છે.

૭. શ્રી વિશ્વેશ્વર.

હિંદુસ્તાનમાં જુનાં શહેરોમાં વારાણુસી (બનારસ) યા કાશી એક સુંદર શહેર તેમજ હિંદુઓનું પવિત્ર યાત્રાનું ધામ મનાય છે. વરૂણા અને અસી એ બે નદીઓ વચ્ચે આવેલું હોવાથી તેને વારાણુસી કહે છે. પ્રલયકાળમાં પણ જેનો નાશ નથી એવા પુણ્ય–પવિત્ર સ્થળે અગત્સ્ય આરાધનાથી, વસિષ્ઠ અર્ચનાથી, તથા વિશ્વામિત્ર તપથી વંદનીય ગણાયા. સર્વ તીર્થોમાં સન્તાપહારિ શ્રીકાશીતીર્થનું મહાત્મ્ય એવું છે,

કે માણુસના મૃત્યુ થવા સમયે તેના કાનમાં તારકમન્ત્ર ઉચ્ચારવાથી તે મોક્ષ (મુકિત) પામે છે.

विषयासक्तचित्तोऽपि त्यक्तधर्मरतिर्नरः ।
इह क्षेत्रे मृतः सोऽपि संसारे न पुनर्भवेत् ॥

વિષયાસકત ચિત્તવાળા, કે જે ધર્મથી બહિર્મુખ થયા હોય એવા પણ આ શ્રી કાશી ક્ષેત્રમાં મૃત્યુ પામે, તો તે મોક્ષગતિને પામે છે. આ મંદિરની સ્થાપના અથવા પુનઃ સ્થાપના શ્રી આદ્ય શંકરાચાર્યના સ્વહસ્તે થએલી મનાય છે.

મોગલ સમ્રાટ ઔરંગઝેબે પ્રાચીન મંદિરનો નાશ કર્યો, ને તે સ્થળે મસીદ બંધાવી. તે અદ્યાપિ કાયમ છે. મસીદ પાસે જે નકસીદાર થાંભલા છે તે જુના મંદિરના છે. પ્રાચીન શિવલિંગ કુવામાં પધરાવવામાં આવ્યું હતું. તે કુવો જ્ઞાનવાપી નામે પ્રસિદ્ધ છે. હાલનું મંદિર શિવનાં પરમભકત ઈંદોરનાં મહારાણી અહલ્યાબાઇએ બંધાવેલું છે. મંદિરના સભામંડપમાં મોટો ઘંટ છે. પંજાબ કેશરી મહાપ્રતાપી મહારાજા રણજીતસિંહે આ મંદિરના શિખર અને સભામંડપના ઘુમટ ઉપર સોને રસાવેલ પતરાં જડાવ્યાં છે. શ્રી વિશ્વેશ્વર મહાદેવનું લિંગ મોટું નથી. જળાધારી ચોરસ આકારની છે. દરેક ભકતને આ મહાદેવની પૂજા કરવાની છૂટ રહે છે. આ ક્ષેત્રમાં અનેક તીર્થો રહેલાં છે. જેમાંના મુખ્ય મુખ્ય નામો આપવામાં આવ્યાં છે. શ્રી વિશ્વેશ્વર, બિન્દુમાધવ, ઢુંડીરાજ ગણેશ, દણ્ડપાણિ, કાલભૈરવ (ગુહા), (ઉત્તરવાહિની) ગંગામાતા, અન્નપૂર્ણા માતા, અને મણિકર્ણિકા.

અન્નપૂર્ણા માતાનું મંદિર અક્ષય વડથી પશ્ચિમે ગલીમાં

છે, તે પહેલા બાજીરાવ પેશ્વાએ બંધાવેલું. અન્નપૂર્ણા માતાના મંદિરની પશ્ચિમે ગલીની અંદર ઢુંઢીરાજ ગણેશનું મંદિર છે. ઢુંઢીરાજની ઉત્તર બાજુની ગલીના એક મંદિરમાં દંડપાણીની મૂર્તિ ઉભેલી છે. ભૈરવનાથના મહોલ્લામાં એક મંદિર છે, જેમાં કાલભૈરવની મૂર્તિ છે. યાત્રાળુઓ મણિકર્ણિકાકુન્ડમાં સ્નાન કર્યા પછી મણિકર્ણિકા ઘાટ પર ફરીથી સ્નાન કરે છે. પછી શ્રી વિશ્વેશ્વર મહાદેવનાં દર્શને જાય છે. શ્રીકાશીમાં મુખ્ય પાંચ ઘાટ કહેવાય છે. તેમાં આ મણિકર્ણિકા ઘાટ બહુ પવિત્ર અને પ્રસિદ્ધ છે.

મત્સ્યપુરાણમાં જણાવ્યું છે, કે જપ, ધ્યાન અને જ્ઞાન રહિત તથા દુઃખોથી પીડિતો માટે માત્ર એક કાશી ગતિ સ્થાન છે. કાશીની ઉત્તરે ૐકારખણ્ડ, દક્ષિણે કેદારખણ્ડ ને મધ્યે વિશ્વેશ્વરખણ્ડ છે. વિશ્વેશ્વરખણ્ડ તેજ આ શ્રી વિશ્વેશ્વરનું પ્રસિદ્ધ મંદિર કહેવાય છે. કાશીમાં અનેક શિવલિંગો, સુંદર મંદિરો અને ઘાટો જ્યાં જુઓ ત્યાં નજરે પડે છે. અહિં સંસ્કૃત વિદ્યાનું જ્ઞાન પ્રાચીન સમયથીજ અપાય છે. વેદશાસ્ત્રજ્ઞ સમર્થ પંડિતો પણ ઘણા છે. વળી હાલમાં પંડિત માલવીયાજીના પ્રયાસે લાખો રૂપીઆના ખર્ચે હિન્દુ યુનિવર્સિટિ સ્થપાઇ છે, તેનો લાભ અનેકને મળે છે. આ યુનિવર્સિટિની વ્યવસ્થા ખાસ જોવા લાયક છે. કાશી ક્ષેત્રમાં ધર્મશાળાઓ પુષ્કળ છે. રસ્તાઓ સાંકડા, ગલીકુંચીવાળા ને ભૂલા પડાય તેવા છે. બજારોમાં સર્વ કંઇ વસ્તુ મળી શકે છે. અહિં વેપાર સારો ચાલતો જણાય છે. ખાસ કરીને અહિંનાં તાંબા–પિત્તળનાં ઉત્તમ કારીગરીનાં વાસણો અને જરીનું ભરતકામ બહુ વખણાય છે.

માર્ગદર્શન :—મુગલસરાઇ જંકશનથી કાશી જતી ગાડીમાં બેસવું. ત્યાંથી ૭ માઇલ દૂર કાશી છે. કાશીનું બીજું નામ બનારસ છે. અહિં શ્રી કાશી વિશ્વનાથનો વાસ છે.

૮. શ્રી ત્ર્યમ્બકેશ્વર.

નાસિક જિલ્લામાં શ્રી ત્ર્યમ્બકેશ્વર જ્યોતિર્લિંગનું સ્થાન આવેલું છે. અહિં દર બાર વર્ષે સિંહરાશિના બૃહસ્પતિનો યોગ થતાં કુંભનો મોટો મેળો ભરાય છે. નાસિક પંચવટીથી શ્રીત્ર્યમ્બકેશ્વર ૧૮ માઇલ પર છે. ત્ર્યમ્બક ગામની પાસે બ્રહ્મગિરિ નામે પર્વત છે. આ પર્વતમાંથી ગોદાવરી નદી નીકળે છે. તે કુશાવર્ત કુંડમાં ગુપ્ત થઇ નાસિકમાં આવે છે. એ દક્ષિણ પ્રદેશની ગંગા કહેવાય છે. સિંહસ્થના વર્ષમાં કુંભના મેળા સમયે અનેક યાત્રાળુઓ અને બાવાઓના સંઘ જાત્રાએ આવે છે. એ સમયે ગોદાવરીમાં સ્નાન-પૂણ્ય કર્યાનું મહાત્મ્ય ઘણું છે. ગૌતમઋષિએ પૂર્વે દુકાળ સમયે તપ કરી ગંગાજીને આણ્યાં, તેથી તેનું બીજું નામ ગૌતમી–ગંગા કહેવાય છે. કાશી પાસે જે ગંગા છે, તે જાન્હવી ગંગા કહેવાય છે. ગોદાવરીની જમણી તરફ દ્વાદશ જ્યોતિર્લિંગમાંના શ્રીત્ર્યમ્બકેશ્વરનું સ્થાન આવેલું છે. આ સ્થળે શિવજી ત્ર્યમ્બકેશ્વર નામથી પ્રસિદ્ધ થયા. આ શિવલિંગની પૂજા માટે નાહિધોઇ પવિત્ર વસ્ત્ર ધારણ કરેલું હોય એવા બ્રાહ્મણો જ દાખલ થઇ શકે છે. અન્ય ભાવિક ભક્તો માટે દર્શન કરવાની ખાસ અલાયદી ગોઠવણ છે. શ્રી ત્ર્યમ્બકેશ્વરનું સ્થાન પૂર્વાભિમુખ છે. સભામંડપમાં કાચબો છે, ને નંદિ

દેવળની સન્મુખ એક જુદા મંદિરમાં છે. શ્રી ત્ર્યમ્બકેશ્વર મહાદેવની જળાધારી જુદા પ્રકારની છે. જળાધારીની વચ્ચે ખાડો છે. તેમાં અંદરની બાજુએ નાનાં નાનાં ત્રણ શિવલિંગો છે, જે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તરીકે મનાય છે. જળાધારીના ખાડામાં નીચે ફાટો રહેલી છે. તેમાંથી હંમેશાં પાણીનો પ્રવાહ શ્રી ત્ર્યમ્બકેશ્વરના લિંગો પર થઈ વહ્યા કરે છે. નાનાસાહેબ પેશ્વા તરફથી આ મંદિર સને ૧૮૭૬ માં લાખો રૂપીઆના ખર્ચે તૈયાર થયું, ને તે ઉપર સોનાનો કળશ ચઢાવ્યો. અહિં શિવજીનો અમૂલ્ય મુગુટ અને લાકડાનો રથ જોવા જેવા છે. શ્રી ત્ર્યમ્બકેશ્વરના મુખવટાને પ્રત્યેક સોમવારે પાલખીમાં પધરાવી કુશાવર્તના કુંડ ઉપર લઈ જાય છે.

गंगाद्वारे कुशावर्ते नीलके बिल्वपर्वते ।
स्नात्वा कनखले तीर्थे पुनर्जन्म न विद्यते ॥

ઉપર જણાવેલ સ્થળ પવિત્ર મનાય છે, તેથી ત્યાં સ્નાનાદિક ક્રિયા કરવામાં આવે તો મોક્ષ મળે એવું મહાત્મ્ય બતાવે છે. ત્ર્યમ્બક ગામની પાસે બ્રહ્મગિરિ નામે પર્વત છે. તે પર્વત પર ચઢવાને સાડીસાતસો પગથીઆં બાંધેલાં છે. તેના શિખર પર ચઢવાને અશક્ત મનુષ્યો માટે ડોળીઓનું સાધન મળી શકે છે. કુશાવર્તકુંડ ત્ર્યમ્બક ગામની વચ્ચે છે. ગૌતમઋષિએ અહિં કુશ-દર્ભથી ગંગાજીનું આવાહન કરેલું, તેથી આ કુંડનું નામ કુશાવર્ત પડ્યું. કુંડની ચારે બાજુએ પગથીઆં છે. આજુબાજુએ ધર્મશાળા તેમજ દેવળો છે. અહિં યાત્રાળુઓ સ્નાન, દાન તથા શ્રાધ્ધાદિક ક્રિયાઓ કરે છે. કુશાવર્ત કુંડની પૂર્વે કનખલ તીર્થ નામે કુંડ છે. તેમાં પિંડો પધરાવવામાં આવે

છે. ગામની નજીકમાં એક નાની ટેકરી છે, જેને નીલ પર્વત કહે છે. ત્યાં બિલ્વતીર્થ છે, આ સ્થળે યાત્રાળુઓ નીલાંબિકાદેવી, દત્તમંદિર અને નીલકંઠેશ્વર મહાદેવનાં દર્શન કરવા જાય છે.

નાસિક ગોદાવરી કિનારે આવેલું છે. ગોદાવરી–ગંગામાં પાણી હંમેશ રહેતું હોવાથી અહિં યાત્રાળુઓ સ્નાન કરે છે. ગંગાની બન્ને બાજુએ પગથીઆં બાંધેલાં છે. બારકુંડો બંધાવેલા છે. તેમાં રામકુંડતીર્થમાં સ્નાન કર્યાનું માહાત્મ્ય વિશેષ ગણાય છે. રામકુંડ ઉપર ગંગાજીનું મંદિર છે અને તેની પાછળ ગોદાવરીનું મંદિર છે. ગોદારીનું મંદિર બાર વર્ષે સિંહસ્થનું વર્ષ આવે ત્યારે ઉઘડે છે, ને આખું વર્ષ ઉઘાડું રહે છે. આ મંદિરો પંચવટી તરફ આવેલાં છે. શ્રી રામચંદ્રજીએ વનવાસ ભોગવવા સમયે નાસિક–પંચવટી સ્થાનમાં નિવાસ કર્યો હતો. આ પંચવટી પવિત્ર અને પૂણ્ય ભૂમિ મનાય છે. અહિં કાળારામનું મંદિર વિશાળ છે.

પંચવટી, સીતાગુફા, પાંડવગુફા, તપોવન વગેરે સ્થળો જોવાં જેવાં છે. નાસિકના ગંગા–જમનાના લોટા અને તાંબા પિત્તળનાં વાસણો વખણાય છે.

માર્ગદર્શન:—મુંબઇથી (જી. આઈ. પી. રેલ્વે) ૧૧૭ માઇલના અંતરે નાસિકરોડ સ્ટેશન આવે છે ત્યાં ઉતરવું. અહિંથી પંચવટી છ માઇલ દૂર છે. સ્ટેશનપર વાહનનો બંદોબસ્ત થઇ શકે છે. ગામ આવતાં એક માઇલ અગાઉ માર્ગમાં મ્યુનિસિપાલીટીનું નાકું આવે છે. ત્યાં યાત્રાવેરો વસુલ કરવામાં આવે છે. પછી ગામમાં કે પંચવટી સ્થાને જવાય. આ સ્થળે નાસિકના

ગોર ચોપડા લઇ યજમાનની રાહ જોતા માલમ પડે છે. તેઓ આવનારનાં નામ, ઠામ અને ગામ વિષે કેટલી પૂછપરછ કરી આવનારનાં વડવાઓ પૈકી જે કોઇ તેમને ત્યાં ઉતર્યું હોય તે તપાસે છે, ને શોધી કાઢી તેમને યજમાન ગણી પોતાને ત્યાં ઉતારો કરાવે છે. તેમની યોગ્ય વ્યવસ્થા સાચવે છે. તે બાબત યજમાન તરફથી તેમને દક્ષિણા આપવામાં આવે છે.

નાસિકથી ત્ર્યમ્બક જવા માટે ઘોડાગાડીઓ, બળદ ગાડીઓ અને મોટરો મળી શકે છે. માર્ગ રમણીય કુદરતી સૌંદર્યથી ભરપુર અને ચિત્તને પ્રસન્ન કરે તેવો છે. શ્રી ત્ર્યમ્બકેશ્વરમાં પણ નાસિક મુજબ ગોર લોકો સામા આવે છે, ને ઉપર મુજબ યજમાનની વ્યવસ્થા સાચવે છે. નાસિક તેમજ ત્ર્યમ્બકેશ્વરમાં યાત્રાળુઓ ખાસ કરી ગોરને ઘેર કે ધર્મશાળામાં ઉતારો કરે છે. ત્યાં તેમને અગવડ પડતી નથી.

૯. વૈદ્યનાથ.

આ સ્થાન સન્થાલ પરગણામાં ઇ. આઇ. રેલ્વેના જસીડીહ સ્ટેશનની બ્રાન્ચ લાઇનમાં ૩ માઇલ ઉપર વૈદ્યનાથનું સ્ટેશન છે, તે છે. આ લિંગ સ્થાપનનો ઇતિહાસ એવો છે, કે પૂર્વે લંકાધિપતિ રાવણે હિમાલય ઉપર જઇ ઘોર તપસ્યા કરી, તેથી શિવજી તેના પર પ્રસન્ન થયા ને વરદાન માગવા કહ્યું. રાવણે 'અતુલ બળ મને પ્રાપ્ત થાઓ અને શિવલિંગ રૂપે પોતાના નગરમાં વસવુ' એમ વરદાન માંગ્યું. શિવજીએ તે કબુલ્યું, પણ સાથે સાથે એવું સૂચન કર્યું, કે આ

શિવલિંગ પૃથ્વી પર જે સ્થળે મૂકવામાં આવશે ત્યાં તે અચલ થઇ જશે. અંતે થયું પણ તેમજ. શિવલિંગ લઈ રાવણે લંકા તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં આ 'ચિતાભૂમિ'માં આવતાં તેને લઘુશંકાની ઇચ્છા થઈ. હવે શું કરવું? વિચાર કરે છે તેવામાં ત્યાં એક વિજુ નામનો ગોવાળ મળ્યો, તેને આ લિંગ આપ્યું અને કહ્યું, કે મારા આવતાં સુધી ઝાલી રાખજે. પછી લઘુશંકા માટે ગયો. આ ગોવાળથી તે લિંગનો ભાર લઇ ઉંભું ન રહેવાથી લિંગને નીચે મૂકી દીધું. તત્ક્ષણ શિવલિંગ ત્યાંજ ચોંટી ગયું. થોડીવાર પછી રાવણ આવ્યો અને શિવલિંગને પૃથ્વી પરથી ઉપાડવા માંડયું, પણ તે ત્યાંથી જરા પણ ડગમગ્યું નહિ. રાવણે લિંગ ઉપાડવા અતિ પ્રયાસ કર્યો પણ તે સર્વ નિષ્ફળ. આથી જતી વેળા તે શિવલિંગ પર પોતાના હાથનો અંગુઠો દબાવી ઘણો નિરાશ થઈ લંકામાં ગયો. પછી બ્રહ્મા, વિષ્ણુ, આદિ દેવતાઓએ આવી આ શિવલિંગની પૂજા કરી, ને તેમની સ્તુતિ કરવા લાગ્યા, કે આ જ્યોતિર્લિંગની સેવા કરનાર મહાન ફળોને પ્રાપ્ત કરશે. આ જ્યોતિર્લિંગ મહાદેવના દ્વાદશ જ્યોતિર્લિંગમાં વૈદ્યનાથ તરીકે પ્રસિદ્ધ થયું. વિજુ ગોવાળ આ શિવલિંગની નિત્ય શ્રદ્ધાપૂર્વક પૂજા કરતો હતો, તેથી શિવજી તેના ઉપર પણ પ્રસન્ન થયા હતા. આ સ્થાનનાં હવા પાણી ઘણાં સારાં હોવાથી અનેક રોગી રોગમુક્તિ કરવા અહિં આવે છે. સ્ટેશનથી થોડે અંતરે એક તળાવ છે. તેની ચારે તરફ ઘાટ બંધાવેલો છે. તળાવની પાસેજ ધર્મશાળા છે. મૂર્તિ ૧૧ આંગળ ઊંચી છે. જે આ શિવલિંગ ઉપર ગંગાજળ લાવીને ચઢાવે તે પરમપદને પામે એવું માહાત્મ્ય છે, તેથી ઘણાં યાત્રાળુ દૂરથી ખભા પર કાવડ મૂકી ગંગાજળ લઇ આવે છે.

આ સ્થાને ગુંદર ઘણો થાય છે. અહિંના લોકો રેશમના કીડાની સંભાળ લે છે. અહિંના જંગલની ઝાડીમાં મોટી હરડે, રૂદ્રાક્ષનાં ઝાડો, તેમજ અન્ય વનસ્પતિ સારા પ્રમાણમાં થાય છે. તેની શોધખોળ કેટલાક સાધુઓ કર્યાજ કરે છે. અહિંના જંગલોમાં હિંસક પ્રાણીઓ પણ રહે છે. શિવરાત્રિ ઉપર અહિં મોટો મેળો ભરાય છે.

માર્ગદર્શન:—કાશીથી લુકીશરાઇ જંકશન આવે છે. ત્યાંથી આગળ જસીડીહના સ્ટેશને ઉતરવું. પછી નાની બ્રાન્ચ લાઇનમાં ૩ માઇલ ઉપર વૈદ્યનાથ સ્ટેશન આવે છે.

——:o:——

૧૦. શ્રી નાગેશ્વર.*

દ્વાદશ જ્યોતિર્લિંગમાં નાગેશનું શિવલિંગ દારૂક વનમાં છે. આ વનમાં દારૂક નામે રાક્ષસ રહેતો. તે લોકોને અત્યંત ત્રાસ આપતો હતો. એક વેળા એક વૈશ્ય વેપારી યાત્રાળુઓ સાથે વહાણમાં બેસી મુસાફરીએ જતો હતો. તે વહાણ ઉપર દારૂક રાક્ષસે અકસ્માત આક્રમણ કર્યું, અને વહાણમાં બેઠેલા-

*દ્વાદશ જ્યોતિર્લિંગમાંના નાગેશ્વર જ્યોતિર્લિંગનું સ્થાન બીજે સ્થળે પણ છે, તેથી તે સંબંધે કંઇક પરિચય કરાવવો આવશ્યક છે. નિઝામ હૈદ્રાબાદ રાજ્યમાં અવઢાં ગામમાં નાગેશ્વર મહાદેવનું શિવાલય છે. પરંતુ શિવપુરાણના આધારે તો ઉપર બતાવેલા નાગેશ્વર જ ચોક્કસ હોવાનું સંભવે છે.

ઓને પકડી જઇ પોતાની હદમાં કેદ કર્યાં. આ વૈશ્ય વેપારી જે ઘણો ધર્માત્મા, સદાચારી અને શિવભકત હતો તે પણ સપડાઇ ગયો. તેને શિવ-પૂજન કરવાનો નિત્ય નિયમ હતો. તે કેદખાનામાં પણ શિવભક્તિ તથા શિવજીની માનસિક પૂજા કરતો અને અન્યને તે તરફ દોરવતો. દારૂકને આ હકીકતની જાણ થઇ, તેથી તે ક્રોધે ભરાયો, ને વૈશ્યને મારી નાંખવા આવ્યો. પરંતુ શિવજી જ્યોતિર્લિંગ રૂપે પ્રકટ થવાથી ભક્તનું રક્ષણ થયું. આથી તે વણીકને દિન પ્રતિદિન શિવજી પર અતિશય શ્રધ્ધા બેઠી, ત્યારથી આ નાગેશ નામે શિવલિંગ જ્યોતિર્લિંગ રૂપે પ્રસિદ્ધ થયું.

માર્ગદર્શન :—દ્વારકાથી બેટ દ્વારકાના રસ્તા ઉપર દ્વારકાથી ૧૨-૧૩ માઇલ દૂર પૂર્વ તરફ આ સ્થાન આવેલું છે. દ્વારકાથી મોટર તથા બળદ ગાડીનો પ્રબંધ થાય છે.

——:૦:——

૧૧. સેતુબન્ધ-રામેશ્વર.

દક્ષિણમાં શ્રી સેતુબન્ધ-રામેશ્વર નામે ઓળખાય છે. પ્રાચીન કાળમાં આ શિવલિંગની સ્થાપના શ્રી રામચંદ્રજીના હસ્તે થઇ હતી. શ્રી રામચંદ્રજી સીતાજીની શોધમાં લંકા પર ચઢાઇ કરવા સમયે અહિં આવ્યા. સમુદ્ર ઉપર સેતુબન્ધ બાંધતાં પહેલાં સમુદ્ર તટ પર વાલુકાના (રેતીના) શિવજી બનાવી શિવજીની આરાધના કરી હતી. સેતુ બાંધી તે ઉપરથી વાનર સેના લઇ શ્રી રામચંદ્રજી લંકા ગયા હતા. ત્યારથી રામેશ્વર જ્યોતિર્લિંગની સ્થાપના થઈ. પછી શ્રી રામચંદ્રજીએ લંકામાં

જઇ રાવણુ ઉપર વિજય મેળવ્યો, ને સીતાજીને લઇ પાછા ફર્યા.

આ શિવલિંગની સ્થાપના વિષે એક બીજી હકીકત એવી પણુ છે, કે શ્રી રામચંદ્રજી સીતાને લઇ પાછા ફર્યા, ને ગંધમાદન પર્વત ઉપર આવ્યા. તે સમયે મુનિઓ તેમને મળવા માટે આવ્યા. તેમને જોઇ શ્રી રામચંદ્રજીએ પૂછ્યું, પુલસ્ત્ય કુળનો નાશ કરવાથી મને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું છે, તો તે પાપ નિવારણાર્થે મારે શું પ્રાયશ્ચિત કરવું તે સમજાવો. મુનિયો કહેવા લાગ્યા, કે આપ શિવલિંગની સ્થાપના કરો, જેથી સર્વ પાપથી નિવૃત્ત થશો. શ્રી રામે તેમના કહેવાનુસાર મહાવીર હનુમાનજીને કૈલાસમાં જઇ શિવલિંગ લાવવાની આજ્ઞા કરી. હનુમાનજી ત્યાં થોડીવારમાં પહોંચ્યા. પરંતુ ત્યાંથી આવતાં તેમને ઘણો વિલંબ થયો. મુનિયો શ્રીરામને કહેવા લાગ્યા, કે મુહૂર્તનો પૂણ્યકાલ વીતી જવો ન જોઇએ. હવે શિવલિંગ સ્થાપન થવું જોઇએ. આથી શ્રી રામે જાનકીજીદ્વારાવાલુ (રેતી) નું શિવલિંગ બનાવરાવી તેની સ્થાપના કરી અને પૂજન કર્યું. પછી થોડીવારે હનુમાનજી શિવલિંગ લઈ આવ્યા. તેમને આ વાત જાણી ક્ષોભ થયો. તેઓ શ્રી રામ પ્રત્યે કહેવા લાગ્યા, કે હું લાવ્યો તે લિંગનું શું થશે? શ્રી રામચંદ્રજીએ કહ્યું, કે તમે જો આ સ્થાપિત કરેલા શિવલિંગને ઉખેડી નાંખશો, તો તે સ્થળે તમારૂં લાવેલ શિવલિંગ સ્થાપન કરીશ. હનુમાનજી પ્રસન્ન થયા. તત્ક્ષણુ ઘણા બળે કરી સ્થાપિત કરેલા લિંગને ઉખેડવા લાગ્યા, પરંતુ લિંગ વજ્રલેપ જેવું થઇ ગએલું એટલે પ્રયત્નમાં નિષ્ફળ નીવડ્યા. હનુમાનદ્વારા મંગાવેલા

લિંગને અસલની બાજુમાં સ્થાપિત કર્યું. તે શ્રીરામનાથેશ્વર તરીકે અને પ્રથમ સ્થાપેલ તે શ્રી રામેશ્વર તરીકે પ્રસિદ્ધ છે. શ્રી રામેશ્વર મહાદેવનું લિંગ આસરે એક હાથ ઉંચું છે. જળાધારી વસ્ત્રથી ઢાંકી રાખે છે. દર્શનની વ્યવસ્થા એવા પ્રકારની છે, કે શ્રી રામનાથેશ્વર શિવલિંગનાં દર્શન પ્રથમ કર્યા પછી શ્રી રામેશ્વરનાં દર્શન થાય. બાજુમાં પાર્વતીનું સ્થાન છે. અહિં યાત્રાળુઓને બહારથી દર્શન કરાવાય છે. બ્રાહ્મણોને અમુક હદ સુધી જવાની છૂટ આપે છે. રાતની આરતિ ધામધુમથી થાય છે. ઉત્સવ સમયે શિવ-પાર્વતીની છૂટી મૂર્તિઓ પાલખીમાં પધરાવી ફેરવવામાં આવે છે. ચાંદી સોનાનાં વાહનો છે. અંદર ઘણાં પવિત્ર તીર્થસ્થાનો છે. લગભગ ચોવીસ કુવા છે, તેમાં સ્નાન કરવાનું માહાત્મ્ય વિશેષ ગણાતું હોવાથી યાત્રાળુઓ તેમાં સ્નાન કરે છે. મંદિરની અંદર જે કુવાઓ છે તેના પાણી મીઠાં છે, અને બહારના કુવાનાં પાણી ખારાં છે. દક્ષિણ હિંદમાં મંદિરો ઘણાં ભવ્ય હોય છે. મંદિરનું પ્રવેશદ્વાર લગભગ ૮-૧૦ માળનું ઊંચું હોય છે. તેના પરનું કોતરકામ જોવા જેવું હોય છે.

માર્ગદર્શન:—મુંબઇથી મદ્રાસ. ત્યાંથી સધર્ન મરાઠા રેલ્વેદ્વારા સીધા રામેશ્વર જઇ શકાય છે. સ્ટેશનથી એક માઇલ દૂર રામેશ્વરનું મંદિર સમુદ્ર તટે છે.

૧૨. ઘુશ્મેશ્વર.

દ્વાદશ જ્યોતિર્લિંગમાંના ઘુશ્મેશ્વર શિવલિંગનું વર્ણન છેલ્લું છે. આ શિવલિંગ લગભગ અર્ધો હાથ ઉંચું છે. સભા-મંડપની આગળ નદી છે, તેને પાકો ઘાટ બાંધેલો છે. તેમાં સ્નાન થાય છે. યાત્રાળુઓ ગોરને ત્યાં ઉતારો કરે છે.

દક્ષિણ દેશમાં દેવગિરિ પર્વતની પાસે સુધર્મા નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તેની ઘુશ્મા નામની સ્ત્રી પતિવ્રતા અને શિવભક્ત હતી. તે પ્રતિદિન ૧૦૧ પાર્થિવ શિવલિંગોનું નિત્ય પૂજન કરતી. ઘુશ્માની તન્મયતાથી સર્વના કલ્યાણકારી એવા શિવજીએ આ સ્થાને નિવાસ કર્યો. ઘુશ્માના નામ ઉપરથી આ મહાદેવ ઘુશ્મેશ્વર તરીકે પ્રસિદ્ધિને પામ્યા છે. શ્રી આદ્ય શંકરાચાર્યે પણ શ્રી ઘુશ્મેશ્વર મહાદેવની સ્તુતિ નીચે મુજબ કરી છે:

इलापुरे रम्यविशालकेऽस्मिन् समुल्लसन्तञ्च जगद्वरेण्यम् ।
वन्दे महोदारतरस्वभावं घुश्मेश्वराख्यं शरणं प्रपद्ये ॥

માર્ગદર્શન:—નિઝામ–રેલ્વે લાઈન પર મનમાડથી ૬૬ માઇલ દૂર દૌલતાબાદ સ્ટેશન છે. ત્યાંથી ૧૨ માઇલ દૂર વેરૂલ ગામની પાસે આ સ્થાન આવેલું છે. સ્ટેશનથી બળદ ગાડીનું સાધનં મળે છે. મોટરદ્વારા જનારાને ઔરંગાબાદ સ્ટેશને ઉતરવું જોઈએ, જે દૌલતાબાદથી આગળનું સ્ટેશન છે.